4/25/2021

દીવાન બહાદુર મણિભાઈ જશભાઈ કચ્છ સમારક ગ્રંથમાળા નં. ૬.

# અકબર.

(રૂલર્સ ઑફ઼ ઇંડિયા સીરીઝમાંના પુસ્તકનો અનુવાદ.)

क-ही
३५ ९०
८५७
त्रिवेदी

કર્તા,

રા. રા. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી. બી. એ. એલએલ. બી.,

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી

રા. રા. હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી, અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કીમત આઠ આના.

શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય. અમદાવાદ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

૭૦૧
૩૬૪
૩૬૬

( સર્વ હક્ક ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને સ્વાધિન. )

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# દીવાન બહાદુર મણિભાઈ જશભાઈ કચ્છ સ્મારક ગ્રંથમાળાનો ઉપોદ્‌ઘાત.

દીવાન બહાદુર મણિભાઈ જશભાઈ કચ્છના દીવાન હતા ત્યારે તેમણે જે ઉત્તમ કાર્યો કર્યાં તેનું સ્મરણ રહેવા માટે તે દેશના લોકોએ એક ફંડ ઉભું કર્યું હતું તેની પ્રોમીસરી નોટો રૂ. ૮૭૫૦) ની લેઈ સન ૧૮૮૮ માં સોસાઈટીને સ્વાધીન કરવામાં આવી છે. તેની એવી શરત છે કે, તેના વ્યાજમાંથી અર્ધી રકમ ગુજરાતી પુસ્તકો રચાવવા માટે ઈનામ આપવામાં વાપરવી અને બાકીની અર્ધી રકમમાંથી પુસ્તકો ખરીદ કરી અમુક લાઈબ્રેરીઓમાં આપવાં. આ સરત પ્રમાણે આજ સુધીમાં આ ફંડમાંથી નીચેનાં પુસ્તકો રચાવી સોસાઈટી તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે.

૧ ઈંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ... ... ... ... ૨—૦—૦
૨ પ્રતિનિધિ રાજ્ય વિષે વિવેચન. ... ... ... ૧—૦—૦
૩ પ્રાચીન ભારત ભાગ ૧ લો.... ... ... ... ૦—૧૨—૦
૪ રૂશિયા. ... ... ... ... ... ... ૦—૬—૦
૫ લોકોપયોગી શારીરવિદ્યા. ... ... ... ... ૦—૪—૦
૬ અકબર. ... ... ... ... ... ... ૦—૮—૦

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઑફીસ.
તા. ૨૫ ફેબ્રુઆરી સન ૧૯૧૩.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# અકબર.

## પ્રકરણ ૧ લું.

### દિગ્દર્શન.

હિંદુસ્તાનમાં મુઘલવંશનું દઢ સ્થાપન કરનાર પ્રતાપી મહારાજા ( **અકબર** ) ના ચરિત્રનો આ ટુંકો હેવાલ કયા ધોરણ ઉપર લખાયેલો છે તે હું જરા સમજાવી લઉં ત્યાં લગી વાંચનારને ક્ષમા દૃષ્ટિ રાખવાની વિનંતી કરૂં છું.

આવા રાજ્યની પ્રથમ ધારણા **અકબરે** પોતે ઉદ્ભાવી નહતી. એના દાદા **બાબરે** હિંદુસ્તાનનો મોટો ભાગ જીત્યો હતો. પણ તે જીત્યા પછી તે તેના મરણ સુધી જે પાંચ વર્ષ ગયાં તેની અંદર રાજ્યવ્યવસ્થાકારનો પોષાક ધારણ કરવાની જરીયે તક તેને મળી નહતી. તેણે હરાવેલા તેના હરીફો તેમજ આ દેશના વતનીઓ પણ તેને એક વિજ્યાસક્ત વીર ગણી તેનામાં વિશેષ કાંઈ હશે એમ સમજતા નહતા. વખાણવા લાયક સામર્થ્યવાળો અને સશસ્ત્ર રહીને આખી જીંદગી ગાળેલી એવો તે ખરેખર પરમ સાહસિક નર હતો. પોતાના સમકાલીનોથી બહુ ચઢતી પ્રતિભાવાળો અને વિપત્તિના વિષમ બોધથી શીખાયલા એવા તેણે કાબુલમાંના પોતાના ગૉખમાંથી ફળદ્રૂપ હિંદુસ્તાનની અસ્તવ્યસ્ત સ્થિતિ જોઈને તેના પ્રદેશો ઉપર અનિવાર્ય બળથી ધસારો કર્યો હતો. આમ **બાબર** પોતાના વખતથી બહુજ આગળ વધેલો ઉદાર દીલનો માયાળુ અને વિચારે ઉન્નત હતો તોપણ હિંદુસ્તાનની સાથેના તેના સંબંધમાં તો તે એક વિજ્યાસક્ત વીર કરતાં વધારે કાંઈજ નહતો. પ્રત્યેક પ્રાંતોમાં મુખ્ય મુખ્ય સ્થળોનો કબજો કરીને રહેલી અને પોતપોતાનું સંભાળનારા એકેકા સેનાપતિથી અધિષ્ટિત મોટી છાવણીઓ નાંખીને રાજ્ય કરવાનો જે રસ્તો તેને પોતાની આખી જીંદગીમાં પરિચિત હતો, અને જે રસ્તો તેના અફ્ઘાન પૂર્વ પુરુષોએ હિંદુસ્તાનમાં દાખલ કર્યો હતો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



તે રસ્તા વિના બીજા કોઈ પણ વ્યવસ્થાતંત્ર વિષયે તેને વિચાર કરવાનો વખત મળ્યો નહતો. અને હિંદુસ્તાનમાં એક રાજ્ય ઉભું કરવું કે મધ્ય એશિયામાં એક રાજ્ય ઉભું કરવું એ બાબરની નીતિનું પ્રધાન ધોરણ હતું કે નહિ તેજ હજી એક પ્રશ્ન છે.

આ (ઉપર બતાવેલા) રાજ્યતંત્રમાં દેશના વતનીઓના કલ્યાણનો સમાવેશ નહતો. જો બાબર જીવ્યો હોત અને જીવીને તેના મોટા સામર્થ્યનો ઉપયોગ તેનાથી થઈ શક્યો હોત તો તેના પૌત્ર અકબરની પેઠે, તેને પણ, પરિણામ જોતાં આ રસ્તાનું પોલાપણું સૂઝત. આમાં ઘાટ સંબંધની એટલે રાજા પ્રજાનાં હિતાહિતને એક કરવારૂપી મુખ્ય ધોરણની ખામી છે; આનાથી પ્રેમ બંધન નિઃશંક થતું નથી; પૂર્વે બાંધેલા સારા ખોટા અભિપ્રાયોનું સમાધાન થતું નથી, અને ઉંડા મૂળ નાંખ્યા વિના આ તંત્ર ભાવિના તોફાનને વશ થઇનેજ રહે છે. આપણે બાબરને તેના આત્મલેખથી ઓળખીયે છીએ. આમાં તે પોતાના અંતઃકરણના રહસ્યો ખુલ્લાં કરે છે, પોતાના દોષો કબુલ કરે છે, પોતાના રાજ્યાદિના લોભ વિસ્તારથી દર્શાવે છે, અને તે ઉપરથી આપણે ધારી શકીયે કે જો તેને તક મળી હત તો તેને પણ આ બધું સૂઝત; પણ તેને તક મળવાનું લખેલું જ નહિ. પાણીપતની પહેલી લડાઈ કે જેથી તેને હિંદુસ્તાનના વાયવ્ય પ્રાંતો મળ્યા ત્યારથી તે તેના મરણ સુધીનો વખત એટલો ટુંકો હતો કે તેણે જે જીતો મેળવી હતી તેને નિર્ભય કરવાના અને તેમાં બીજા વધારાના પ્રદેશો ઉમેરવાના વિચાર સિવાય બીજો કોઈ વિચાર કરવાનું તેનાથી બની શક્યું નહિ. હિંદુસ્તાનમાં તેણે વિજયાસક્ત વીર તરિકે પ્રવેશ કર્યો. અને આગ્રામાં તેણે પાંચ વર્ષ સુધી રાજ્ય કર્યું તે દરમિયાન કાંઈ પણ વિશેષ વિજયાસક્ત જ રહ્યો.

બાબરને જે કામ વિસારે નાંખવાની જરૂર પડી હતી તે કામ કરવાને તેનો શાહજાદો હુમાયુ પ્રકૃતિથીજ નાલાયક હતો. તેનો સ્વભાવ ચઢાઉ અને અસ્થિર હતો. એની બુદ્ધિમાં યોજનાશક્તિનો અભાવ હતો; જેથી આ ફરજ અદા કરવાને નાલાયક હતો. તેણે ટકી શકે એવી રીતના રાજ્યના પાયામાં એક પણ પત્થર મુક્યા વિના આઠ વર્ષ સુધી રાજ્ય કર્યું. અને આ મુદતને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



અંતે જ્યારે રણક્ષેત્રમાં એકજ પરાજયના પરિણામમાં જેવી રીતે તેના અફ્ગાન પૂર્વ પુરુષોનાં રાજ્યો પડી ભાગ્યાં તેવી રીતે અને તેજ કારણથી, એટલે કે (જીતેલી) ભૂમિમાં કોઈ પણ જાતનાં મૂળના અભાવે, તેનું પણ રાજ્ય પડયું, ત્યારે સિંધુ નદીની દક્ષિણમાં બાબરે મેળવેલો બધો મુલક તેણે એક ધાએ ખોયો. અને તે સમયે તો, મોઘલના હાથમાંથી હમેશને માટે હિંદુસ્તાન ગયું એમ સ્પષ્ટ દેખાયું.

બાબરનો શાહજાદો પોતાના કરતાં એક વધારે શક્તિવાળા સેનાપતિથી પરાભવ પામ્યો અને એકદમ હુમાયુની જગાએ પોતાની પૂર્ણ સ્થાપના કરી. મોઘલ વંશના સદ્ભાગ્યે અને હિંદુસ્તાનના લોકોના એથી પણ વધારે સારા નશીબે આ સરદાર ભારે શક્તિવાળો પણ વંશ સ્થાપન કરવાના હુન્નરમાં ભૂતપૂર્વ અફ્ઘાન સરદારોના વિચારોના જેવાજ વિચારોનો વારસ થયેલો હતો. તેના રાજ્યતંત્રમાં હિંદુસ્તાનના કરોડો વતનીયોનાં મન મેળવવાની વાત પ્રવેશ પામી નહતી. તે પણ જે જે મુલકો જીતાયા તે તે મુલકોમાં છાવણીયો મૂકીનેજ રાજ્ય કરતો બેશી રહ્યો. આનું પરિણામ એ આવ્યું કે જ્યારે તે મરણ પામ્યો ત્યારે રાજ્યને સારૂ હરીફાઈ કરવા બીજા માણસો ઉભા થયા. થોડા વર્ષમાં તો અવ્યવસ્થા એટલી બધી વધી પડી કે સને ૧૫૫૪ માં એટલે કનોજની રણભૂમિમાંથી નાઠા પછી બરોબર ચૌદ વર્ષે હુમાયુએ ફરીથી સિંધુ નદી ઓળંગી અને ઉત્તર હિંદુસ્તાન પુનઃ મેળવ્યું. હજી તે જુવાન હતો તોપણ સ્થાયી રાજ્ય સ્થાપવાને માટે જેવો તે તેના પિતાની ગાદીએ બેઠો ત્યારે નાલાયક હતો તેવોજ આ વખતે પણ નાલાયક હતો.

તેણે કેટલાક લેખો પોતાની પાછળ મૂક્યા છે જે ઉપરથી એમ સિદ્ધ થાય છે કે જો તેની જીંદગી બચી હત તો તેણે પણ જે જુના ધોરણથી તેના પહેલાં થઈ ગયેલા આટલા બધા વિજેતાઓના હાથમાંથી અને પોતાના હાથમાંથી પણ રાજ્ય ગયું તેજ ધોરણે રાજ્ય ચલાવવાનો પ્રયત્ન કર્યો હોત. તેના મૃત્યુ પહેલાં થોડાજ વખત ઉપર તેણે હિંદુસ્તાનના રાજ્યતંત્રની એક યોજના ઘડી કહાડી હતી. તે યોજના પેલી મુકરર કરેલા કેન્દ્રસ્થળોમાં એક બીજાથી સ્વતંત્ર પણ બધી ઉપર બાદશાહની દેખરેખ રહે એવી જુદી જુદી છાવણીઓ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



નાંખવાનીજ હતી. બેશક જીતેલા મુલકને નિર્ભય કરવાને માટે તે ઉત્તમોત્તમ યોજના હતી. પણ છુટાછવાયા બધા ઇલાકાઓને અને ત્યાંના લોકોને સુસંબદ્ધ એકમય કરવાની કોઈ પણ યુક્તિનો આમાં અભાવ હતો.

જે અકસ્માતથી–પાણીપતની બીજી લડાઈ પહેલાં હુમાયુની જીંદગી ગઈ અને તે વખતે ચૌદ વર્ષના બાળક શાહજાદા અકબરને બાબરના રાજ્યનો ઉત્તરાધિકાર મળ્યો તે અકસ્માત આ વખતે દરેક રીતે હિંદુસ્તાનને શુભકારી હતો. હુમાયુ તેની આ દેશમાંથી લાંબા વખતની ગેરહાજરીમાં અને નશીબની સાથે તરફડીયાં મારવામાં ગાળેલાં આટલાં બધાં વર્ષોમાં નવું કાંઈ શીખ્યો નહતો તેમજ જુનું કાંઈ વિસર્યો નહતો. આ કુમાર જેને એનો અધિકાર મળ્યો અને જેણે હજી કોમળ વયનો છતાં પણ કોઇ સાધારણ માણસને આખી જીંદગી પર્યંત ચાલે તેટલાં સાહસો અનુભવ્યાં હતાં તથા નશીબના અનેક રંગો જોયા હતા, તેનામાં શું છે તે હજી જણાયું નહતું. તે અણકસાયેલો હતો. એની હજુરમાં અલબત એવો એક માણસ હતો કે જે તે વખતમાં સર્વોત્કૃષ્ટ લશ્કરી અમલદાર ગણાતો, પણ તેને રાજ્યનીતિનો ખ્યાલ તો તેને સોંપેલા આ સગીર વયના શાહજાદાના પિતાની અણઘડ નિશાળમાંજ થયો હતો. આ શાહજાદામાં બીજી કેટલીક મોટી શક્તિઓની સાથે યોજનાશક્તિ પણ હતી. પોતાના નામજાદા સરદારને તેણે જે થોડાં વર્ષો પોતાને નામે રાજ્ય ચલાવવા દીધું તેટલા વખતમાં પાછળના બધા રાજ્યવંશો શા કારણથી નશ્વર થયા અને શેને લીધે જમીનમાં મૂળની પેઠે ચોંટતાં અટક્યા તેના ઉપર ઉંડો વિચાર કર્યા કર્યો. જ્યારે પોતાની યોજનાઓ પાકી થઈ ત્યારે તેણે રાજ્યસૂત્ર હાથમાં લીધું અને એક વંશ સ્થાપ્યો. આ વંશ તેણે પાડેલા રસ્તાને વળગી રહ્યો ત્યાં સુધી આબાદ થયે ગયો અને સમાનભાવ અને સમાધાની જે તે રસ્તાના મુખ્ય ધોરણોમાંનું એક હતું તે ધોરણ જ્યારે ઉંચું મૂક્યું ત્યારેજ તેની પડતી થવા માંડી.

હું ધારૂં છું કે ઉપરનાં ટાંચણમાં મેં વાંચનારને સ્પષ્ટ બતાવી આપ્યું છે કે એક રીતે હિંદુસ્તાનમાં મુઘલ વંશનો સ્થાપનાર બાબર હતો પણ તેના ઉત્તરાધિકારીને તો તેણે વિજયાસક્તિજ વારસામાં આપી હતી. નફીજ,

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



હુમાયુ એજ વિચારનો વારસ થયો હતો અને તે વિચારને બીજા કોઈ વિચાર સાથે સંબંધ ન કરાવતાં એના પિતાએ મેળવેલું તે એણે ગુમાવ્યું. અલબત આખરે તેણે કાંઈક ભાગ પાછો મેળવ્યો પણ તે પણ વિજયાસક્ત વીર તરીકેજ. એના પૌત્રેજ જમીનમાં મૂળ નાંખ્યાં કે જે મૂળ ઊંડાં ગયાં, ઊગી નીકળ્યાં–અને જેનાં જીતાયેલી પ્રજાને સુખ અને સંતોષરૂપી–ઉમદા ફળ મળ્યાં.

આટલા વસ્તુના પૂર્ણ વિસ્તાર માટે આ આગળનાં પાનાં લખાયલાં છે. મને લાગે છે સ્વાભાવિક રીતેજ આ પુસ્તકના ત્રણ ભાગ થઈ જાય છે. હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરવાના વિચારને પુષ્ટ કરનાર અને આખરે તેની જીત મેળવનાર બાબરમાં પહેલો ભાગ રોકાયેલો છે. તે પ્રશંસાપાત્ર વીર પુરુષ હતો અને તે ગમે તે કાળમાં પસિદ્ધિ પામ્યો હત. જ્યારે તે અડતાળીસ વર્ષની અપકવ વયે મરી ગયો ત્યારે તે એક એવો લેખ મુકી ગયો છે કે જે વાંચવામાં આ ઓગણીસમા સૈકાના અંતમાં પણ રસ પડે અને બોધ મળે. એને માટે વધારે જગ્યા રોકવાનું મને વધારે અવશ્ય લાગ્યું છે તે એમ કે પૌત્રનાં કાર્યોમાં પિતામહનો જુસ્સો વેગ અને લક્ષણની સહજ ઉદારતા વાંચનાર લક્ષમાં લેવાને ચૂકે નહિ. હુમાયુ કે જેના ચરિત્રનો વાજબી રીતે પહેલા ભાગમાં સમાવેશ થવો જોઇએ તેના સંબંધમાં–તેની પડતીનું કારણ સ્પષ્ટ કરવાને તથા હિંદુસ્તાનમાંથી નાસતાં સિંધમાં જન્મેલા આ પુસ્તકના નાયકનું નાનપણ વર્ણવવાને જેટલું જરૂરનું લાગ્યું એટલુંજ લખ્યું છે.

આ ગ્રંથના બાકીના બે ભાગમાં **અકબર** વિષે લખાયલું છે. પણ અહિંયાં પણ મારા વિષયના મેં પેટા ભાગ પાડેલા છે. અવશિષ્ટ બે ભાગમાંના પહેલા ભાગમાં તે કાળના મુસલમાન ઇતિહાસ લખનારાઓના લેખમાંથીજ તેમને પ્રમાણ માની તેના વખતના રાજકીય બનાવોનું વર્ણન કર્યું છે. છેલ્લા પ્રકરણમાં **અકબર**નું એક મનુષ્ય તરીકેનું શબ્દચિત્ર આપવાનો મેં પ્રયત્ન કર્યો છે. **આઈ–ની–અકબરી**–અને બીજા ગ્રંથોનાં લખાણોને આધારે રાજ્યવ્યવસ્થાકાર તરીકે, વળી જે રાજ્યનીતિ કેટલેક દરજ્જે આપણને (ઇંગ્રેજોને) વારસામાં મળી છે તે નીતિના યોજનાર અને પ્રવર્તાવનાર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



તરીકે, અને પાંચસે વર્ષ સુધી ચાલી આવેલી તકરારોનું અને છેક કલ્પના આરંભથી ચાલ્યા આવેલા વહેમોનું સમાધાન કરનાર તરીકે તે કેવો હતો તે બતાવવાનો પ્રયાસ કર્યો છે. પતિ તરિકે, પિતા તરિકે અને ધર્મની બાબતમાં પોતાથી જુદા મતવાળા તમામ લોકો ઉપર શત્રુભાવ રાખવો એ વિચારની જેમાં ઉંડી છાપ પાડવામાં આવે છે, એવા બોધથી પૂર્ણ, ધર્મની કેળવણી પામ્યા છતાં પણ જેણે પોતાની બુદ્ધિને પૂર્ણ સ્વતંત્રતાથી ફેરવી અને એ બુદ્ધિનાજ ઉપદેશને અનુસરીને વર્તણુક ચલાવી—એવા એક સાધારણ મનુષ્ય તરિકે પણ મેં તેને વર્ણવ્યો છે. હું છૂટથી કહી દઉં છું કે આ પ્રકરણ આ પુસ્તકનો સર્વથી વધારે રસવાળો ભાગ છે. અને આની પહેલાં વાંચનારને અપ્રિય લાગે તેવું મેં જે લખેલું છે તે બાબત આની ખાતરજ વાંચનાર મને ક્ષમા કરશે એવી મારી વિનંતિ છે.

## પ્રકરણ ૨ જું.

### બાબરનું કુટુંબ અને તેનું નાનપણ.

સને ૧૩૩૬ ના એપ્રિલ માસની નવમી તારીખે **સમરકંદ**ની ઉત્તરે ત્રીસ માઈલ ઉપર આવેલા શહરસેબ્ઝમાં શુદ્ધ મુઘલ સત્વના **બીરબાઝ** નામના લોકોના સરદારને ત્યાં એક પાટવી કુંવર જન્મ્યો હતો. આ શાહજાદાનું નામ **તૈમુર** હતું અને તેના **માતુલવંશ**માં **જંધીસખાન** તેનો એક પૂર્વજ હતો. પોતાના જાતભાઇઓ ઉપર અમલ ચલાવે એવા ઉત્તમ ગુણોની તેને ઈશ્વરી બક્ષીસ હતી. આ ગુણોનો શ્રેષ્ઠ લાભ મળી શકે એવો ઉપયોગ કરવાને સારા નશીબે તેને પ્રસંગ આપ્યો. **જંધીસખાન**ના પુરુષ વંશજો ધીમે ધીમે નિર્બલતા અને પ્રમાદમાં બુડી ગયા હતા; અને સને ૧૩૭૦ માં તો બધા મરી પરવાર્યા હતા. આ વખતે **તૈમુર** ચોત્રીસ વરસનો હતો; તેણે ખાલી પડેલી ગાદી ઝડપી; અને નશીબના કેટલાક સારા નરસા રંગો વીત્યા પછી તે પૂરો પ્રબળ થયો, અને **ઓક્સસ** અને **જેક્ઝાર્ટીંગ** વચ્ચેના તમામ મુલકનો એકાતપત્ર રાજા થઇ **સમરકંદ**માં પોતાનું સ્થાપન કર્યું. પછી તેણે વિજયા-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

સક્તિની જીંદગીમાં પ્રવેશ કર્યો અને તેની વિજયાસક્તિનો અંત તેની જીંદગી સાથેજ આવ્યો. તેણે ટીબેટ પર્વતો–દક્ષિણમાં સિંધુ અને મકરાન અને ઉત્તરમાં સાઇબીરીયાની વચમાં આવેલા મુગલીસ્તાન ઉપર–તથા જેગ્ઝાર્ટીઝના નીચાણના પ્રવાહની ઉત્તરનો મુલક–આરલ સમુદ્ર, ડોન અને વોલ્ગા નદીના ઉમદા પ્રદેશ સહિત કાસ્પીયન સમુદ્ર અને યુગ્ઝાઇનના પ્રદેશના કેટલાક ભાગો–ઉપર–એટલે કીપચક ઉપર પોતાની સત્તા સ્થાપી. તેણે હિંદુસ્તાન જીત્યું અને ડાર્ડનલ્સ અને દિલ્હી વચ્ચેના મુલકના તમામ લોકોમાં પોતાના બળે આણ વર્તાવી. સને ૧૪૦૫ ની અઢારમી ફેબ્રુઆરીને દિવસે જ્યારે તે મરી ગયો ત્યારે દુનીઆમાં કોઈ દિવસ પણ નહિ થવા પામેલું એવું એક મોટામાં મોટું રાજ્ય તે મૂકી ગયો.

તેના મરણ પછી તેનું રાજ્ય જલદીથી છિન્નભિન્ન થઇ ગયું. અને તેના પ્રપૌત્ર અબુસૈદે તેમાંના કેટલાક ભાગનું ફરીથી બંધારણ કર્યું તોપણ અર્દિબીલ અગાડીના પર્વતોના સાંકડા રસ્તાઓમાં ઓચિંતો સપડાયાથી નિપજેલા આ બાદશાહના મરણથી અને તેના લશ્કરના પરાભવથી તેટલા રાજ્યના પણ તેના કુંવરો વચ્ચે પાછા તરતજ વિભાગ પડયા. આમાંના ઉમર શેખ મીરઝા નામના ત્રીજા કુંવરના ભાગમાં ફરઘાનાનો મુલક આવ્યો. જેનું બીજું નામ–રાજધાનીના શહેર ઉપરથી ખોકંદ પણ હતું.

આ ઉમરશેખ તે બાબરનો પિતા થાય. તે રાજ્યલોભવાળો અને મુલક વધારવાના નિશ્ચયવાળો હતો. પણ તેના કુટુંબના બીજા શાહજાદાઓને પણ તેવોજ લોભ હતો અને જ્યારે એક અકસ્માતના પરિણામે સને ૧૪૯૪ માં એ મરણ પામ્યો ત્યારે પોતે જેમાં રાજધાની કરી હતી તે અખસી નામના કીલ્લાને ઘેરો ઘાલેલો હોવાથી તે પણ કેદજ હતો.

આ વખતે તરતજ બાર વર્ષની વયે પહોંચેલો તેનો પાટવી કુંવર બાબર અખસીથી છત્રીસ માઇલ દૂર અંદીજાન અગાડી પડેલો હતો. શત્રુઓ તે શહેર ઉપર વધ્યા આવતા હતા. બાબરે તેનો બાપ મરી ગયો તેને વળતે દિવસે ( જુનની ૯ મી તારીખે ) કીલ્લાનો કબજો કર્યો અને ચઢી આવનાર સાથે ભાંજગડ કરાવવી શરૂ કરી. શત્રુઓના સૈન્યમાં અદેખાઈ અને કુસંપ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



નહત તો આ શ્રમથી તેને કાંઇ પણ ફળ થાત નહિ. પણ આ અદેખાઇ અને કુસંપે ફરઘાનાનો જેટલો મુલક અવશેષ રહ્યો હતો તેટલો બધો એ તેને નિર્ભયતાથી અપાવ્યો. પણ ખોજંદ મરઘીનન અને ઉરાત્યુપ એ ત્રણ મોટાં મથક એણે ખોયાં.

શત્રુઓ પાછા ફર્યાને બે વર્ષ થયાં ત્યાં સુધી તો આ કુમાર પોતાની સંપત્તિ દૃઢ કરતો અને લાગ તકાસતો શાન્તિથી બેસી રહ્યો. પછી સમરકંદમાં તોફાન જાગ્યાથી તે વખતના મધ્યમ એશિયાના એ મુખ્ય મથક ઉપર ધસારો કર્યો. સને ૧૪૯૭ ના નવેમ્બરમાં તેણે તે શહેરને વશ થવાની જરૂર પાડી. પણ પોતાના લશ્કરને આડે હાથે લુંટ ચલાવવાની તે રજા ન આપે તેથી તેના હજારો માણસો તેને છોડીને ચાલી નીકળ્યાં તોપણ તે ટકી રહ્યો. અને ફરઘાનાના મુલક ઉપર શત્રુઓ ચડયા છે એવા સમાચારે તેને કબજો છોડાવવાની જરૂર પાડી. તે ઉપડવાની તૈયારીમાં હતો ત્યારે સખત મંદવાડે તેને પથારીવશ કર્યો. અને આખરે જ્યારે ફરઘાના પહોંચ્યો ત્યારે તેણે સાંભળ્યું કે તેનું રાજનગર શત્રુને વશ થયું છે. ખરૂં જોતાં આ વખતે તે રાજ્ય વિનાનો રાજા થઈ રહ્યો. તેણે લખ્યું છે કે અંદીજાન બચાવવાને મેં સમરકંદ ખોયું અને હવે મને માલમ પડયું કે એકને સાચવી રાખ્યા વિના બીજું ખોયું.

તોપણ તેણે ખંતથી ઉદ્યમ જારી રાખ્યો, કાંઇક ઓછા થએલા મુલક વાળું પણ ફરઘાના પરગણું પાછું મેળવ્યું અને સમરકંદ ઉપર વળી બીજી વાર ધસારો કર્યો. પણ ઉઝબેક લોકોએ તેને ઘેરો ઉઠાવવાની ફરજ પાડી અને તે દરમિયાન શત્રુઓએ તેનો પોતાનો મુલક ચઢાઇઓ કરી જીતી લીધેલો હોવાથી બાબર પોતાની જન્મભૂમિ તરફ પાછો ફર્યો. ઘણાં સાહસો અનુભવીને અને નશીબ સાથે તરફડીયાં માર્યા પછી પાસે રહેલા ઘણા થોડા સૈનિકોની મદદથી પાછા ફરી સમરકંદ ઉપર છાપો મારવાનો યત્ન કરવાનો તેણે ઠરાવ કર્યો. આ સાહસ ઘણુંજ જોખમ ભરેલું હતું-કેમકે તેના તમામ સૈન્યની સંખ્યા માત્ર બસેંને ચાળીસ હતી. તેણે ધારેલો યત્ન કર્યો અને સખ્ત હાર ખાધી. ફરીથી તેજ યત્ન નવેસરથી કર્યો અને તેમાં તેને ફતેહ મળી. તે ખરે વખતે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

પહોંચ્યો. દૂર્ગરક્ષક સૈન્યમાંના છેલ્લા યોદ્ધાએ નમતી આપી કે તરતજ ઉઝ્બેક લોકોનો સરદાર પોતાના લશ્કરના મોખરાના યોદ્ધાઓ સાથે તે જગા ઉપર દડમજલ સવારીએ આવતો જણાયો.

તેને સખત હાર ખાઇ પાછા ફરવું પડયું. પણ બાબર પોતાની જીત સાચવી શકયો નહિ. વળતાં વસંતઋતુમાં ઉઝબેક લોકો જોરબંધ પાછા આવ્યા. તેમને નિષ્ફળ કરવાને શહેરની બહાર બોખારાના રસ્તા ઉપર બાબરે એક સંગીન સ્થળ ઉપર પડાવ નાંખ્યો હતો. તેની જમણી તરફ રહેલા સૈન્યને કોહીક નદીનું રક્ષણ હતું. જો આ સ્થળ ઉપર શત્રુની રાહ જોઇને તે બેસી રહ્યો હોત તો તો ઘણું કરીને તેણે શત્રુઓને પાછા હઠવાની જરૂર પાડી હોત. કારણ કે આ જગ્યા બળને ગાંઠે એવી નહતી. પણ જોશી લોકોએ લોભાવ્યાથી તે પોતાની મરજી વિરૂદ્ધ આ નદીના સામા કીનારા સુધી ઉઝબેક લોકો ઉપર હલ્લો કરવા સારૂ આગળ વધ્યો. ત્યાર પછી જે લડાઇ થઈ તેમાં પ્રથમ તેની લગભગ જીત થઇ પણ આખરે તેણે સખત માર ખાધો અને શહેરના કીલ્લાની અંદર ભરાઈ રહ્યો. અહિંયાં પાંચ મહીના સુધી તેણે ટકાવ કર્યો પણ પછી દુકાળને લીધે દબાઈ જવું પડયું. પોતાના અનુયાયીઓની સાથે તેને શહેર છોડવા દેવામાં આવ્યું. તેણે ઉરાત્યુપનો રસ્તો લીધો અને છેવટે ઉરા-ત્યુપના રાજ્ય કર્તા ખાને તેને આપેલા દેહકાત નામના ગામડા તરફ રવાના થયો. આ પછીનાં ત્રણ વરસ સુધી તો તેણે સાહસિક નરનીજ જીંદગી ભોગવી. તે હમેશાં આનંદી રહેતો અને અંતે જય મળશે એવી આશાથી ઉત્તેજિત થઈ, ઉત્સાહ અને દઢતાથી કામ કરતો. આજે દેશનિકાલ થઇ વેરાનમાં રહે તો કાલે કાંઇ સવારી કરી કોઈ ગાદી મેળવે. ફરઘાનાનો મુલક પાછો મેળવવાને તેણે ફરીથી પ્રયાસ કર્યો પણ તેને પાછા હઠવાની જરૂર પડી. પછી બસેં ત્રણસેં પંચરાઉ માણસોના ટોળા સાથે ખોરાસાન ઉપર સવારી લઇ જવાનો ઠરાવ કર્યો. દેખીતી તો આ ગાંડાઈ હતી, પણ એ ગાંડાઇ એ રીતિસર હતી. તેણે કેવી રીતે સવારી કરી અને તેનું શું પરિણામ આવ્યું તે આવતા પ્રકરણમાં કહીશું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



# પ્રકરણ ૩ જું.

## બાબરે કાબુલ મેળવ્યું.

આ વખતે કાબુલના રાજ્યમાં આપણે હાલમાં, પૂર્વ અફઘાનીસ્તાન કહીએ–એટલાજ મુલકનો સમાવેશ હતો; એટલે કાબુલ અને ધઝની પ્રાંતોજ હતા. હીરાત–મધ્ય એશિયામાં એક મોટામાં મોટા સ્વતંત્ર રાજ્યનું રાજ-નગર હતું. અને કંદહાર બેજોર સ્વાત અને પેશાવર ઉપર કાબુલ જોડે કંઈ પણ સંબંધ વિનાના સરદારોનો અમલ હતો. સપાટ ભૂમિ ઉપર વસનારી અને સીમાડાની ખીણોમાં રહેતી કોમોજ કાબુલના બાદશાહની આણ માનતી. શબ્બર જાતિ તો થોડી મુદ્દત ઉપરના તેમના વંશજોના જેવીજ સ્વતંત્ર અને સામી થનારી હતી. આ વખતે કાબુલમાં લગભગ અંધરેજ ચાલતું હતું. આ દેશના મર્હૂમ રાજા અબુસૈયદના એક પ્રપૌત્ર અબ્દુલ રીઝાક ઉપર કન્દહારના બાદશાહના એક શાહજાદા **મહમદમોકીએ** છાપો મારી તેને શહેરમાંથી બાહાર કાડી મુક્યો હતો. અને આ નવો રાજા ભવિષ્યના કાંઈ પણ વિચાર વગર આખી દુનિયાં ઉંઘતી હોય અને પોતાને તો કાંઇ જોખમ છેજ નહિ, એમ સમજીને નિઃશંક રાજ્ય કરતો હતો.

ઉપર કહેવાયું છે કે બાબરે પોતાની ભટકતી જીંદગીથી કંટાળીને ખોરાસાન ઉપર ચઢાઈ કરવાનો ઠરાવ કર્યો. આ હેતુથી એણે ઓકસસ નદી ઓળંગી અને તે પ્રદેશના રાજા સુલતાન ખુશરૂના શાહજાદા **બાકી** એની સાથે ભળ્યો એટલે તેણે **અજેર** ઉપર સવારી કરી અને થોડા દહાડા ત્યાં રહ્યો. પછી ખુશરૂની નોકરીમાં રહેલા મુઘલ લોકોએ ફિતુર કર્યું છે એવા સમાચાર સાંભળ્યાથી તેણે તે સ્થિતિનો લાભ લઇ શકાય માટે તલીકાન ઉપર ચઢાઇ કરી. આ બે સ્થળોની વચ્ચમાં ખુશરૂના મુઘલો તેના ભેગા ભળ્યા અને તેને ખબર મળ્યા કે બાકીના લશ્કરની સાથે સુલતાન ખુશરૂ કાબુલ જવા ઉપડયો છે. આ બે લશ્કરો રસ્તામાં એવાં લગોલગ આવી ગયાં કે બે સરદારોનો ભેટો થયો. પરિણામે ખુશરૂને છેક નમવું પડયું. અને તેનું લશ્કર ટોળાબંધ બાબરના પક્ષમાં આવ્યું. આ પ્રમાણે બળવાન થયેલા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



બાબરે કાબુલ ઉપર સવારી કરી તે શહેરને ઘેરો ઘાલ્યો અને સને ૧૫૦૪ ના અકટોબરમાં તે લીધું. નશીબના આ અણચિંતવ્યા ફેરફારથી પોતાને વારસામાં મળેલા અને પાછળથી ખોયેલા ફરઘાનાના રાજ્યનો જેની આગળ કંઈ હીસાબ નહિ એવા એક મોટા રાજ્યનો–એટલે કાબુલ અને ગઝનીનો હું બાદશાહ થયો એમ તેને ઓચિંતું માલમ પડ્યું.

આ નવી રાજ્યગાદી ઉપર પોતાની સત્તા કેટલી છે તે તપાસવા માંડયાને ઝાઝો વખત ન લાગ્યો ત્યાર પહેલાં તેને જેલમ નદીની દક્ષિણે એટલે હિંદુસ્તાનની હદમાં આવેલા **બેહર** નામના મુલક ઉપર ચડાઇ લાવવાનું આમંત્રણ મળ્યું. આ આમંત્રણ તેની પોતાની ઈચ્છાને એટલું બધું અનુરૂપ હતું કે ના ન કહી શકતાં તેણે જલાલાબાદનો રસ્તો લીધો. આ વખતે સને ૧૫૦૫ નો જાન્યુઆરી મહિનો ચાલતો હતો. સુલતાન–( અહિંઆં તે સુલતાન કહેવાતો હતો. ) બાબરે પોતાની તવારીખમાં એશિયાખંડના આ ઇશ્વરી બક્ષીસવાળા ભાગને જોઇને પોતાના મનમાં,–તેની પછી આવનારા તમામ વીર પુરુષોને બેશક પડેલી અને જેણે કરીને જોસભેર આગળ વધવાને તેમનો નિશ્ચય થયો કહેવાય, એવી જે છાપ પડી તે લખી મૂકી છે. તે લખે છે કે મેં કદી પણ ગરમ દેશો હજી જોયા નહતા. તેમજ હિંદુસ્તાનનો મુલક પણ જોયો નહતો. ત્યાં પહોંચતાં મેં એકદમ નવીન સૃષ્ટિ દેખી. વનસ્પતિ, વેલા, ઝાડ, જંગલી પ્રાણી વિગેરે સહુ તદન જુદુંજ હતું. મને ખરેખર અચંબો થયો. અને અલબત અજાયબી પામવા જેવું હતુંજ. પછીથી તે **ખૈબર** પાસને રસ્તે થઇને **પેશાવર** ગયો અને સિંધુ નદીને નહિ ઓળંગતાં **કોટાન-બંગશ-બનૂ** અને **દેશીદમન**ને રસ્તે થઇને સુલતાન ઉપર સવારી કરી. પછીથી થોડા દિવસ સુધી સિંધુ નદીની તેડે તેડે ચાલ્યો અને પશ્ચિમ તરફ વળીને **છોટીઆળી** અને **ઘઝની**ને રસ્તે કાબુલ આવ્યો. આ સવારીને બાબરની હિંદુસ્તાન ઉપરની પહેલી સવારીનું નામ આપવામાં આવ્યું છે. પણ આ સવારીમાં ફક્ત તે સીમાન્તે અડકીનેજ ચાલ્યો ગયેલો હોવાથી તપાસ કરવાને ફરવા નીકળ્યો હોય એવું આનું રૂપ હતું. અને તેમ હતું તોપણ આનાથી વધારે જોવાની આતુર ઇચ્છા તેના મનમાં પ્રબળ થઇ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



પણ હિંદુસ્તાનથી લોભાયેલ, જયની ઇચ્છાવાળા સર્વે પુરૂષોની પેઠે કન્દહારના સ્થળમાં પોતાનું નિઃશંક સ્થાપન કરવાની ખરેખરી જરૂર તેને પણ જણાઈ. પોતાના મુલકમાં જાગેલી ખટપટથી બીજી સવારીને જરા વિલંબ થયો. પણ જ્યારે તે ખટપટ શાંત થઇ ત્યારે કેટલીક બહારની બીનાઓ ઉપર લક્ષ આપવાની જરૂર લાગી. એનો જુનો શત્રુ શાઇબાની વળી ફરીથી સમરકંદ ઉપર રાજ્ય કરતો હતો અને કેટલીક બીજી નાની જીતો મેળવ્યા પછી બલ્ખને ઘેરો ઘાલવા આવ્યો હતો. હેરાતના સુલતાન હુસેન મીરઝાંએ આના પ્રયાણથી ગભરાઇને શત્રુ ઉપર ધસારો લઇ જવામાં મદદ માગવા સારૂ બાબરને દૂત મોકલ્યો. બાબરે તરતજ કહેણ સ્વીકાર્યું અને સને ૧૫૦૬ ના જુન મહિનામાં કાબુલથી નીકળી કુશમર્દ જઇ પહોંચ્યો અને ત્યાં સામગ્રી એકઠી કરવા અને તેનો સંગ્રહ કરવા સારૂ થોભ્યો. એ આ કામમાં રોકાયો હતો તેવામાં એને એવો સંદેશો મળ્યો કે સુલતાન હુસેન મીરઝાં મરણ પામ્યો છે. એ એકદમ આગળ વધ્યો અને આઠસેં માઇલ સુધીની એક કુચ પછી મરહુમ સુલતાનના શાહજાદાઓને અને તેમના લશ્કરને મુરઘાબ નદી ઉપર મળ્યો.

સુલતાનના બે શાહજાદાઓ સંયુક્તરાજ્યકર્તાઓ (Joint Rulers) તરીકે ગાદીએ બેઠા હતા. બાબર સમજી ગયો કે તેઓ રૂપાળા, ભણેલાગણેલા, બુદ્ધિશાળી પણ જનાની અને ચેનબાજીમાં પૂર હોઈ કઠણ શાઇબાનીની સામે દઢ રહેવાને અશક્ત છે. તેઓ હજી છાવણીમાં ચેનબાજી ઉડાવતા હતા, એટલામાં તો આણે તો બલ્ખ લીધું. કેટલાક વિવાદ પછી બે બાદશાહો એવા ઠરાવ ઉપર આવ્યા કે હાલમાં લશ્કરને વીખેરી નાંખવું અને વસંતમાં પાછા મળવું. શિયાળો બેસતો હતો. પોતાના ઠરાવની વિરૂદ્ધ બાબરને તેના આ બે યજમાનોની મુલાકાત લેવા હીરાત જવું એમ સમજાવવામાં આવ્યું. આ રાજ્યધાનીના વર્ણનમાં બાબરે પોતાના આત્મચરિત્ર-લેખનાં પાનાનાં પાનાં ભર્યાં છે. વીસ દિવસ સુધી તે હમેશાં નવી નવી જગાઓની મુલાકાત લેતો અને છેક ૨૪ મી ડીસેમ્બર સુધી તો ઘર તરફ કુચ કરવાનો ઠરાવ તેનાથી થયો નહિ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



આ તેની કુચ કેવી કસનારી, કેવી મુસ્કીલ અને કેવી અશક્ય હશે તેનો ખ્યાલ આપણા જે સૈનિકોએ સને ૧૮૭૯–૮૧ ની લડાઇમાં અફ્ઘાનીસ્તાનમાં નોકરી કરી હશે તેમનેજ પૂર્ણ રીતે આવી શકે. ઉનાળામાં વીસ મજલ જેટલું આ અંતર હતું. પર્વતોને ચીરીને પાડેલો રસ્તો; ઉનાળામાં તો એટલો બધો મુસ્કેલ નહિ પણ શીયાળામાં તો ભલભલાને ધીરજ ન રહે એવો હતો. આજ ઋતુમાં ચારે તરફ વરસતા બરફમાં બાબરે આ મજલ આરંભી. તે પંડેજ આગળ થયો અને ન માની શકાય એવા શ્રમથી પોતાના થાકી ગયેલા અને બેફીકરા સૈન્યને છેક ઝીરીનપાસની તળેટી સુધી દોરી લાવ્યો. અહીંઆં સ્થિતિ નિરાશાજનક હતી. જબ્બર વાવાઝોડું, ઉંડો બરફ અને માર્ગ એકી વખત એકજ માણસ નીકળી શકે એટલો સાંકડો, તોપણ બાબર આગળ ધસ્યે ગયો અને રાત પડતાં પડતાં કેટલાંક માણસોનો સમાસ થાય એવી એક લાંબી ગુફા આગળ આવી પહોંચ્યો. એના ચારિત્ર્યના સુલક્ષિત અંગરૂપે રહેલી ઉદારતાથી–એણે પોતાનાં માણસોને અંદર દાખલ કર્યાં અને હાથમાં એક કુવાડી લઇ તેણે પોતે પોતાની મેળે પોતાને માટે તે ગુફાના મુખ આગળ એક ખાડો ખોદી કહાડ્યો. એટલામાં અંદર પ્રવેશ પામેલાં માણસો જેમ જેમ આગળ જવા લાગ્યાં તેમ તેમ તે ગુફા તેમને મોટી લાગવા માંડી અને આખરે પચાસ સાઠ માણસોને આશ્રય આપી શકે એવી મોટી નીકળી. આ જાણી બાબર અંદર ગયો અને પોતાના માણસોની સાથે જે કાંઇ થોડો ઘણો ખોરાક હતો તે વહેંચી ખાધો. બીજે દિવસે સવારમાં બરફ પડતો બંધ થયો. તોફાન જરા શમ્યું અને લશ્કર જોસબંધ આગળ વધવા માંડ્યું. આખરે ફેબ્રુઆરીના અંતમાં તે કાબુલ પહોંચ્યો ત્યારે તેણે સાંભળ્યું કે શહેરમાં બળવો થયો છે અને પહરેગીર લોક નીમકહલાલ છતાં પણ હાલત ભયભરેલી છે. બાબરે આ પ્રસંગને બરોબર કેળવ્યો. પોતાના ઉપકારો સાથે કહેણ સંદેશા ચલાવી યોગ્ય હથોટીથી છાપો મારી તેણે તે જગ્યા પાછી મેળવી. બળવાખોરો તરફ તેનું વર્તન અત્યંત દયાપૂર્ણ હતું.

તે વર્ષના એટલે સન ૧૫૦૭ ના વસંત માસમાં ઉઝબેકનો સરદાર સાઇબાનીખાન જેણે પ્રથમ બાબરને સમરકંદમાંથી હાંકી કહાડ્યો હતો તેણે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



હુમલો કરીને બલ્ખ જીત્યું હતું અને પછી ખોરાસાન ઉપર ચડાઇ કરી હીરાત પણ સર કર્યું હતું. કન્દહાર જે કેટલેક અંશે હીરાતના રાજાઓના તાબાનું હતું તે સુલતાન હુસેન મીરઝાંના વખતના ત્યાંના સુબા મીરઝલતન બેગના શાહજાદાઓ બથાવી પડયા હતા. અને તેમણે શાઇબાની વિરૂદ્ધ બાબરની મદદ માગી હતી. તેને માન આપી બાબર કંદહાર ઉપર ચડયો. ત્યાં જતાં પદભ્રષ્ટ કરેલા સુલતાન હુસેનના વંશના નાસતા અનુચરો તેને મળ્યા. પણ તે કંદહાર પહોંચે ત્યાર પહેલાં તો શાઇબાનીખાંએ ઝુલનુનના છોકરા ઉપર અત્યંત દબાણ કર્યાથી તેમણે તેની સર્વોપરિ સત્તા સ્વીકારી. તેમણે આ વાત બાબરને સ્પષ્ટતાથી સમજફેર ન થાય તેવી રીતે જણાવી અને બાબરે હથી-યારના બળથી પોતાની દાદ મેળવવાનો ઠરાવ કર્યો.

એનું સૈન્ય સંખ્યાબંધ નહતું. પણ તેને પોતાના સૈન્યમાં અને પોતામાં ભરૂસો હતો. કંદહારમાં થયેલા ફેરફારની પ્રથમ સૂચના મળી તે જગાએથી એટલે–કિલાન–ઇ–ઘીલઝઈ–થી તરનક નદીના ઉતારની જગ્યા તરફ તે ચાલ્યો. ત્યાં અગાડી પોતાના વિચારોની ખાત્રી થઈ અને લડાઇનાજ ઢંગમાં–નદીને કિનારે કિનારે કન્દહારથી પાંચ છ માઇલ દૂર બાલાવલી સુધી આવીને કાલી-શદની ટેકરીમાં પડાવ નાખી રહ્યો. અહીંયાં એણે વિશ્રામ લેવાનું ધાર્યું અને તેના લૂંટારાઓને ખોરાક વગેરે શોધી એકઠો કરવા સારૂ મોકલ્યા. પણ આ લોકોએ છાવણી છોડી કે તરતજ તેણે આશરે પાંચ હજાર માણસોનું શત્રુનું સૈન્ય શહેરમાંથી પોતાના તરફ આવતું દીઠું. તેની પાસે હથીયારબંધ ફક્ત એક હજારજ માણસો હતાં. કારણ કે બીજાં બધાં તો લૂંટમાં રોકા-યલાં હતાં. તે સમજી ગયો કે વખત ફાંફાં મારવાનો નથી. પોતાના માણ-સોને બચાવ કરવા ઉભાં રહ્યાં હોય તેમ ગોઠવીને તે શત્રુના દળની રાહ જોતો બેઠો. પછી ઝુલનુના શાહજાદાઓએ બડી બહાદુરીથી મોખરે આવીને ધસારો કર્યો તે બાબરે પાછો વાળ્યો એટલુંજ નહિ, પણ શત્રુઓને નાસવું પડયું–અને શહેરમાં પહોંચતાં પહેલાં તો તેમને તેણે કાપી નાંખ્યા જેથી–તમામ ખજાના સહિત આખું શહેર એને તાબે થયું. આ શહેરની અંદરથી તેને જે જે મળ્યું તે બહુ અમૂલ્ય હતું પણ કંદહારમાં ન રહેતાં–બાબરે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

તે શહેરનો બચાવ કરવા પોતાના ભાઇ નાઝીર મીરઝાંને મૂક્યો—અને કાબુલ તરફ પાછો ફર્યો. સને ૧૪૦૭ ના જુલઈ માસની આખરે પુષ્કળ લૂંટ અને કીર્તિની સાથે તે કાબુલ પહોંચ્યો.

ત્યાં પહોંચ્યો કે તરતજ તેને ખબર મળી કે શાબાનીખાંએ કંદહાર ઉપર ચડી જઇ નાઝીર મીરઝાંને ઘેરી લીધો છે. હવે શું કરવું તેમાં એ ગુંચવાયો; કારણ કે રણભૂમિ શાઇબાનીની બરોબરી કરવાની એનામાં તાકાત નહતી. પણ સ્વભાવથી યુક્તિબાજ હોવાથી તે વખત એણે ધાર્યું કે આ વખતજ કંઇક સામાં પગલાં ભરવાં એ સૌથી વધારે અસરકારક થઇ પડશે. પણ સંદેહ ફક્ત એટલોજ રહ્યો કે સમરકંદને ભયમાં નાંખી શકાય એવી જગા ઉપર એટલે બદક્ષાન ઉપર પગલું ભરવું કે હિંદુસ્તાન ઉપર. છેવટે તેણે હિંદ ઉપર ચડવા ઠરાવ કર્યો. તેનામાં ઠરાવ ઉપર આવવાની શક્તિ પ્રબળ બુદ્ધિ જેવીજ પ્રબળ કામ કરવાની ચંચળતા હતી. કાબુલ નદીના પ્રવાહના અનુસારેજ કુચ કરતો તે સિંધુ નદી ઉપર ચાલ્યો. તોપણ જલાલાબાદમાં થોડા દિવસ રહ્યા પછી તેણે સાંભળ્યું કે કંદહાર શહેર શાઇબાનીને વશ થયું. તેની સવારીનો હેતુ નષ્ટ થયાથી આ સમાચાર સાંભળીને તે કાબુલ ભણી પાછો ફર્યો.

આ પછીનાં સાત વરસ અગત્યના બનાવોથી ભરપૂર હતાં તોપણ તે હું ટુંકામાં પતાવી દઇશ. સને ૧૫૦૭–૧૫૧૪ સુધીમાં ઉત્તર તરફ સવારી કરીને બાબરે ફરઘાના પાછું મેળવ્યું. ઉઝબેક લોકોને હરાવ્યા, અને બોખારા અને સમરકંદ વશ કર્યા. પણ ઉઝબેકોએ પાછા આવીને બાબરને દુળમળીક આગળ હરાવ્યો, અને આ બે શહેરોને છોડી જવાની તેને ફરજ પાડી. આને પાછા મેળવવાનો પ્રયાસ કરતાં તેને ફરીથી ધઝદિવન આગળ હાર ખવરાવી અને હીસાર[1] સુધી પાછો હાંકી કહાડયો. ત્યાં અગાડી જ્યારે કંઇ

---

૧ પૂર્વ દેશોના ઇતિહાસમાં હીસાર નામનાં બે શહેરો પ્રસિદ્ધ છે. એમાંનું એક દિલ્હીની ઉત્તરે સો માઇલ ઉપર આવેલું હિંદુસ્તાનમાં અને બીજું ઇરાનમાં અઝર બીજાન નામના ઇલાકામાં તકત ઈ. સુલેમાનથી ૨૦ માઈલ ઉપર આવેલું છે. આ હીસાર તો ઓકસસ નદીની એક શાખા ઉપર બલ્ખને ઇશાન ખુણે એકસોને ત્રીસ માઈલ ઉપર આવેલું તે છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



આશા ન લાગી ત્યારે તે સને ૧૫૧૪ ની શરૂઆતમાં કાબુલ પાછો ફર્યો.

વળી પાછો ટુંકામાં પતવવા જેવો આઠ વરસનો એક ગાળો આવ્યો. આ અરસામાં પર્વતમાં રહેનારા અફ્ઘાનોને તેણે હંફાવ્યા. સ્વાત લીધું અને એક તહ્નામાની રૂએ કંદહાર પાછું મેળવ્યું. ( સને ૧૫૨૨. ) એ શહેર અને એના તાબાનો તમામ પ્રદેશ તેણે પોતાના રાજ્યમાં ભેળી દીધો. આની અંદર હેલમંદ નદીની નીચાણની ઘણીખરી જમીનનો સમાવેશ થઈ જતો હતો.

તે દરમિયાન ઝુલનુનનો જ્યેષ્ઠ શાહજાદો શાહબેગ જેણે પ્રથમ કંદહાર ઉપર રાજ્ય કર્યું હતું, તેણે ચઢાઇ કરીને સિંધ જીતી લીધું હતું અને બક્કરને પોતાની રાજ્યગાદી બનાવી હતી. તે સને ૧૫૨૪ માં મરણ પામ્યો. નરસાપુરના સુબા શાહ હાસામ તૈમુરના કુટુંબના એક ભક્તિમાન્ સહચારી ઉમરાવે આ ખબર સાંભળ્યા કે તરતજ બાબરને તે દેશના બાદશાહ તરીકે ઉચ્ચાર્યો અને આખા સિંધમાં ખતબા રાજાને માટે નવાઝ બાબરના નામની પઢાવી. અલબત આમાં ઘણો ભાગ સામો થયો. પણ શાહહાસાને આખો પ્રાંત વશ કર્યો અને બાબરને સર્વોપરિ માનીને રાજ્ય ચલાવ્યું. આખરે સને ૧૫૨૫ માં તેને મુલતાન બોલાવ્યો. આ કિલ્લા ઉપર હલ્લો કર્યો અને એક લાંબા ઘેરા પછી તેણે તેને વશ કર્યું. ( સપ્ટેમ્બર ૧૫૨૬. )

આ અરસામાં હિંદુસ્તાનમાં મોટા બનાવો બનતા હતા. એજ વર્ષના એપ્રિલની ૨૯ મી તારીખે પાણીપતની લડાઇએ બાબરના હાથમાં હિંદુસ્તાન સોંપ્યું. હવે બાબરની હિંદ ઉપરની ચઢાઇનું વર્ણન કરવા માંડયા અગાઉ હિંદુસ્તાનના તે વખતમાં વર્તમાન રાજાઓની સ્થિતિ પણ ટુંકામાં બતાવવાની જરૂર છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

## પ્રકરણ ૪ થું.

## બાબરની હિંદુસ્તાન ઉપર સવારીઓ.

હિંદુસ્તાનના ઇતિહાસના પ્રથમ યુગમાં, એટલે છેક પુરાતન કાળથી તે અગીઆરમા સૈકાની શરૂઆતના મહમદ ગીઝનીની સવારી સુધીના સમયમાં, ઉતરવાની મારી મરજી નથી. તે સમયનું સવિસ્તર જ્ઞાન આપણને કંઇજ નથી. આપણે ફકત આટલુંજ જાણીયે છીયે કે સિંધુ નદીથી કેપકોમોરીન સુધી આ દેશમાં જુદી જુદી ભાષાઓ બોલતી કેટલીક ભિન્ન ભિન્ન જાતો વસતી હતી, બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈનના ધર્મો પ્રવર્તતા હતા, અને જુદા જુદા રાજાઓ વચ્ચે વખતો વખત માંહોમાંહે લડાઇઓ થતી હતી અને તે ઘણે ભાગે ધર્મહેતુક હતી.

ચાલતા તંત્રમાં ભેદ પાડવા પહેલવહેલી મહમદ ઘઝનીની સવારી ઈ. સ. ૧૦૦૧ માં આવી. પણ મહમદ અને તેની પછી આવનારા ઘઝની વંશના બાદશાહો દિલ્હી, રાજપૂતાના અને ગુજરાતના દૂરતમ સીમાન્ત સુધી પહોંચી વળ્યા હતા તોપણ પંજાબની આણી તરફ તેમણે ચિરસ્થાયી સત્તા સ્થાપી નહતી. સતલજના અગ્નિકોણનો પ્રદેશ હજી હિંદુ રાજાઓનાજ હાથમાં હતો પણ સને ૧૧૮૬ માં ઘઝનીના વંશનો ઘોર અથવા ઘુર નામના વંશે નાશ કર્યો. આ વંશ હીરાતની અગ્નિકોણમાં તે શહેરથી એકસો વીસ માઇલ દૂર કાબુલના રસ્તા ઉપર આવેલા પશ્ચિમ અફગાનિસ્તાનના એક ઘુર નામના જીલ્લાના કોઈ અફગાને સ્થાપ્યો હતો. ઘોરી વંશને ઠેકાણે વળી સને ૧૨૮૬ માં ખીલજી અથવા ઘીલજી વંશ આવ્યો. આ વંશના બાદશાહોએ દિલ્હી અને હાલમાં વાયવ્ય પ્રાંત ( હવે સંયુક્ત પ્રાન્ત ) ને નામે ઓળખાતા તેની આસપાસના પ્રદેશમાંના કેટલાક ભાગ ઉપર બહુ કીર્તિથી રાજ્ય ચલાવ્યું, તેમજ નર્મદા અને દખ્ખણ સુધી પોતાની આણ વર્તાવી. પણ તેમણે સને ૧૩૨૧ માં તર્કી ગુલામોમાંથી ઉત્પન્ન થયેલા તઘલક વંશને માટે જગા કરી. તઘલકોમાં એકીકરણની કળાનો અભાવ હતો. તેમના નવાણું વર્ષના રાજ્યમાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

તેમના ભૂતપૂર્વ બાદશાહોએ સર કરેલા કેટલાક પ્રાંતો દિલ્હીની ગાદીથી જુદા પડયા. સને ૧૩૯૮–૯૯ માં આવેલી તૈમુરની સવારીથી તેની લથડતી સત્તાને એક કારી ઘા વાગ્યો. ત્યાર પછી તે વખતના તે વંશના પ્રતિનિધિના હાથમાં મરતી મરતી બાર વર્ષ સુધી સત્તા રહી. પછીથી થોડા વખત સુધી રાજત્વનો હક ન ધારણ કરનારા એક વંશના હાથમાં ગાદી ગઇ. ઇતિહાસમાં સૈયદ વંશને નામે ઓળખાયેલા આ કુટુંબે ઉત્તર હિંદુસ્તાનમાં આશરે તેત્રીસ વર્ષ સુધી નામનું રાજ્ય કર્યું. પણ તે રાજ્ય કેવળ છિન્નભિન્ન હતું, અને લોદી જાતના એક બલવાન અફઘાને પોતાના હાથમાં સઘળી સત્તા જમાવવાને પ્રયત્ન કરવાની તક લીધી.

આ વખતે હિંદુસ્તાનમાં મુસલમાની રાજ્યે, કોઇ પણ એક સત્તાને અધીન રહ્યા વિના જુદા જુદા સરદારોનું જુદા જુદા જીલ્લાઓ ઉપરના રાજ્યનું રૂપ લીધું હતું. આ પ્રમાણે સને ૧૪૫૦ માં દિલ્હી તેની આસપાસની થોડી હદ સાથે સૈયદ વંશના એક પ્રતિનિધિના હાથમાં હતું. આ રાજધાનીની ચૌદ માઇલની અંદર અહમદખાં મેવાતમાં સ્વતંત્ર રાજ્ય કરતો હતો. છેક દિલ્હીની કોટની રાંગ સુધી પહોંચતો, શંભાળ અથવા હમણાં રોહિલખંડને નામે ઓળખાતો જીલ્લો દર્યાખાં લોદીને કબ્જે હતો. જાલેશ્વર આજનો ઇટાવા જીલ્લો તે ઈસાખાં તુર્કના હાથમાં હતો. ફરૂખાબાદના નામથી હાલ ઓળખાતો જીલ્લો રાજા પ્રતાપસિંગના, બીયાના, દાઉદખાં લોદીના, અને લાહોર દીપાલપુર તથા છેક પાણીપત સુધી સરહિંદનો મુલક બેહ્લુલખાં લોદીના હાથમાં હતો. મુલતાન, જુઆનપુર, બંગાળા, માળવા, અને ગુજરાત એ દરેકમાં જુદા જુદા રાજાઓ રાજ્ય કરતા હતા.

સૈયદ વંશ નાશ પામ્યા પછી પૂર્વમાં ઉપરમાંના ઘણાખરા જીલ્લાઓ ઉપર અને પશ્ચિમે બીહારની લગોલગ ઉત્તર તરફ આવેલા મુલક સુધી સુલતાન બેહ્લુલને નામે ઓળખાતો બેહ્લુલ લોદી પોતાની સ્વતંત્ર સત્તા જમાવવામાં વિજય પામ્યો. સને ૧૪૫૦–૮૮ એજ પુત્ર અને ઉત્તરાધિકારી સિકંદર લોદીએ બિહાર સર કર્યું અને મધ્ય હિંદુસ્તાનના કેટલાક ભાગ ઉપર ફરી વળ્યો. તેણે બંગાળા ઉપર હુમલો કર્યો. પણ બંગાળાનો મુલક

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



તો ત્યાંનો બાદશાહ અલ્લાઉદ્દિન રાખી રહે, તો તેને રાખી રહેવાની રજા આપી અને ફરીથી હુમલો નહિ કરવાનું વચન આપ્યું. સને ૧૫૧૮ માં જ્યારે તે મરી ગયો ત્યારે પંજાબને નામે હાલ ઓળખાતો મુલક, વાયવ્ય પ્રાંતો, જુઆનપુર, મધ્ય હિંદુસ્તાનનો ઘણોખરો ભાગ અને પશ્ચિમ બીહારનો મુલક તેણે પોતાના રાજ્યમાં ભેળી દીધો હતો. પણ ખરૂં જોતાં આ જમાવટ બધી નામનીજ હતી. લોદી સુલતાને જે અફઘાન અમીરોને જરૂર પડયાથી જુદા જુદા જીલ્લાઓની સુબેદારી આપી હતી, તે અમીરો એક જાતના માંડલિક રાજ્ય તંત્રથી બંધાયલા હતા છતાં પોતપોતાની સુબેદારીમાં સર્વે સ્વચ્છંદથી વર્તતા અને ફક્ત પોતાનાજ હુકમોનો અમલ થવાનો આગ્રહ રાખતા.

આ ગોઠવણનું પરિણામ એ આવ્યું કે જ્યારે સુલતાન સિકંદર મરણ પામ્યો ત્યારે આ સર્વ અમીરો આવી નામની તાબેદારી પણ સહન કરવાની વિરૂદ્ધ હતા. અને તેમણે એકઠા મળીને એવો ઠરાવ કર્યો કે સિકંદરના પુત્ર ઇબ્રાહીમ લોદીને માત્ર દિલ્હીનો મુલક આપવો અને મર્હૂમ સુલતાનનો જુઆન-પુર સિવાયનો બાકીનો બધો મુલક પોતપોતામાં વેહેંચી લેવો. આ જુઆ-નપુરનો જીલ્લો ઇબ્રાહીમના નાના ભાઇને દિલ્હીના એક માંડલિક પણ જુદા રાજ્ય તરીકે આપવાનો હતો. આના સંબંધમાં એમ જણાય છે કે જ્યારે આ દરખાસ્ત પહેલવેહેલી ઇબ્રાહીમની સમક્ષ રજુ થઇ ત્યારે કંઇ પણ ઉપાય નથી એમ સમજીને તેણે પ્રથમ તો હા પાડી, પણ તેના સગા ખાનજહાં લોદીના સમજાવવાથી એણે પોતાની કબુલત પાછી ખેંચી લીધી, અને જુઆનપુર તરફ ઉપડી ગયેલા પોતાના ભાઇને પાછો બોલાવ્યો. ભાઇએ પાછા આવ-વાની ના કહી. અંદર અંદર લડાઇ સળગી અને તેમાં ઇબ્રાહીમને જય મળ્યો. સન ૧૫૧૮ માં એનો ભાઇ પણ મરણ પામ્યો ત્યારે ઈબ્રાહીમે એના રાજ્ય-લોભી અમીરો ઉપર પોતાની સત્તા સ્થાપવાનો પ્રયત્ન કર્યો. જેઓ સામે થયા તેમને તેણે શમાવ્યા. પણ આ વિજયનો એણે એવો ક્રૂર ઉપયોગ કર્યો કે જેથી બેદીલી શાન્ત પડવાને બદલે નવાં હુલડો પેદા થયાં. બીહાર, અયોધ્યા, અને જુઆનપુરના અમીરોએ હથીયારનું શરણ લીધું. પંજાબ પણ એમનેજ પગલે પગલે ચાલ્યું. આ આંતર સંક્ષોભ બહુ જુસ્સાથી ચાલ્યો અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



બન્ને પક્ષને અવારનવાર જયપરાજય મળ્યે ગયા. આવે ખરે અણીને વખતે સુલતાન ઈબ્રાહીમના કાકા અલ્લાઉદ્દીને દિલ્હીની ગાદી મેળવવા બાબરની મદદ માગી. આ વખત બાબર કંદહારમાં શાન્તિ સ્થાપવામાં રોકાયલો હતો તેને આ વખતેજ લાહોરના સુબા દૌલતખાં તરફથી, કાબુલના બાદશાહને આથી પણ વધારે લલચાવે એવી માંગણી આવી. આ દૌલતખાંની ઇબ્રાહીમના સેનાપતિએ બહુ અવદશા કરી નાખ્યાથી તેણે પોતાની મદદે આવવા બાબરને અરજ કરી અને બદલામાં પોતાના બાદશાહ તરીકે તેને માનવાની કબુલત આપી. બાબરે હા પાડી અને એકદમ લાહોર તરફ કુચ કરી. હું ધારૂં છું કે મહમદ ઘઝનીની ચઢાઇ પછીના પાંચ સૈકાની દરમિયાન ખુદ હિંદુસ્તાનની સ્થિતિની ઉપરની નોંધથી એક પછી એક આવેલા જુદા જુદા વંશવાળા-માંના કોઇથી આ ભૂમિમાં ઊંડા મૂળ શા કારણથી ન નંખાયાં તે સ્પષ્ટ સમજાશે. ઘઝનવી ઘોરી તઘલક સૈયદ લોદી, એ બધા વંશો ફક્ત પોતાનાજ સ્વાર્થને માટે લડાઇમાં ઉતર્યા હતા. ગાદી ઉપર વિરાજતા બાદશાહના અમીરો પણ આ બાબતમાં બાદશાહને ડગલે ડગલે ચાલતા. આ પ્રમાણે હિંદુસ્તાનના બાદશાહોના સામંતો અને મોટાં મોટાં વતનખાનારા અમીરો સઘળા મુલકમાં ફરી વળ્યા હતા અને કેટલોક મુલક તો તેઓએ કબજે કર્યો હતો. બદલામાં તેઓને બાદશાહની કેટલીક નોકરી કરવાની હતી. પણ તે નોકરી બાદશાહની સત્તા અને જોરના પ્રમાણમાં તેઓ કરે કે ન કરે. ઈંગ્લંડમાં નોર્મન વિજય પછી જેમ બન્યું તેમ વિજેતા અને પરાજિત પ્રજાના સ્વાર્થો એક ન થયા. મુસલમાનો ભિન્ન કોમના લોકો ઉપર આપખુદીથી રાજ્ય ચલાવવા લાગ્યા. અને તે લોકો તેમને વશ રહેતા, કારણ કે તેમનામાં સામા થવાની શક્તિ ન હતી. એમના ઉપર સદ્‌ભાવ રાખીને અથવા તો એથી વધારે ગાઢા કોઇ બીજા સંબંધથી રાજ્યવંશ ઉપર તેમને પ્રીતિવાળા કરવાનો વિચાર કોઇને થયો ન હતો. વિજેતાઓ પરાયા લોકો તરીકે આવ્યા હતા, અને પરાયા લોકો તરીકેજ તેઓ રહ્યા. આને લીધે એમનો આ દેશનો કબજો ઉપર ઉપરનોજ રહ્યો. લોકોની મનોવૃત્તિઓમાં મૂળ ન નંખાતાં માત્ર તલવા-રથીજ પોતાનો કબજો સાચવી રાખવાનું તેમને પ્રાપ્ત હતું. આ વંશો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



એમની પછી આવનારા અકબરવાળા મોગલવંશથી આ બાબતમાં આવી રીતે જુદા હતા.

પાછળ જણાવેલી ( પ્રકરણ ત્રીજું ) ઉતાવળી મુલાકાત ન ગણતાં બાબરની હિંદુસ્તાન ઉપરની પહેલી સવારી સને ૧૫૧૯ માં થઈ. કેટલાક ઇતિહાસકારો કહે છે કે એજ વર્ષમાં એક બીજી સવારી પણ તે લાવ્યો હતો. પણ ઘણે ભાગે ફેરીસ્તા ખરૂં કહે છે કે આ કહેવાતી ચઢાઇ ઇસ્કફઝાઇ લોકો ઉપર હતી અને તેમાં તે છેક પેશાવર સુધી આવ્યો હતો પણ તેણે સિંધુ નદી ઓળંગી ન હતી. તોપણ સને ૧૫૨૦ માં તેણે એક ત્રીજી ચઢાઈ કરી હતી, એમાં કાંઇ શક નથી. આ વખતે સિંધુ નદી ઓળંગી હાલ રાવળપિંડી જીલ્લાને નામે ઓળખાતા મુલક સુધી તે આવી પહોંચ્યો. ત્યાંથી જેલમ નદી ઓળંગી શીયાલકોટ પહોંચ્યો. પણ તે શહેરને જેમનું તેમ રહેવા દઇ સૈયદપુર ઉપર સવારી કરી અને તે શહેર લૂટ્યું. તેવામાં પોતાની રાજધાની ઉપર ઝઝુમી રહેલા એક હુમલા સ્હામી જોગવાઇ કરવાને તેને કાબુલ જવું પડ્યું.

આ ચઢાઇની નિષ્ફળતાથી **બાબરને** હવે સંપૂર્ણ ખાત્રી થઇ કે કંદહારનો પૂરો બંદોબસ્ત કર્યા વિના હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરવામાં નિર્ભયતા યુક્ત ફતેહમંદી મળશે નહિ. આમ સમજી તેણે આ પછીનાં બે ત્રણ વર્ષ કંદહારના કીલ્લાનો અને ઘઝની અને ખોરાસાન વચ્ચેના મુલકનો પાકો બંદોબસ્ત કરવામાં ગાળ્યો. આ બંદોબસ્ત પૂરો થયો તેવામાંજ **અલ્લાઉદીન** લોદી અને લાહોરના **દોલતખાં** તરફથી પેલાં કહેણ આવેલાં અને **દોલતખાંના** કહેણે ચોથી સવારી માથે લેવાનો ઠરાવ કરાવ્યો. વળી એણે સિંધુ, જેલમ અને ચિનાબ નદીઓ ઓળંગી અને લાહોરથી દસ માઇલ સુધીમાં આવી પહોંચ્યો. અહીંયાં તેને લોદી વંશનું લશ્કર ભેટ્યું અને ત્યાંજ તે વિજયી થયો. લાહોર પડ્યું અને એના લશ્કરને એક ઇનામ રૂપ થઇ પડ્યું. પણ તે ત્યાં ચારજ દિવસ ટક્યો. અને આગળ વધી **દીપાલપુર** જઇ તે શહેર ઉપર હલ્લો કર્યોઃ આ ઠેકાણે તેને **દૌલતખાં** અને તેના પુત્રો મળ્યા. પણ આ લોકોએ મળેલા લાભથી અસંતુષ્ટ થઇ તેમના આ નવા સરદારની સામે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

કાવતરાં કરવા માંડયાં. દિલ્હીના રસ્તામાં સરહિંદ આગળ તેને આ કાવતરાની ખબર પડી તેથી તેણે તે વખત તો ત્યાંથી આગળ વધવું માંડી વાળ્યું અને કાબુલ તરફ પાછા ફરવાનો ઠરાવ કર્યો. અને તેને વિશ્વાસપાત્ર લાગ્યા એવા પોતાના સરદારોમાં પંજાબ વેહેંચી નાંખી તે ઠરાવ અમલમાં આણ્યો.

તેણે સીંધુ નદી ઓળંગી ન ઓળંગી તેટલામાં તો પંજાબમાં નવા કજીઆ ઉભા થયા. અલ્લાઉદીન લોદી જેને દીપાલપુરનો મુલક સોંપ્યો હતો તે **બાબર** પંડેજ હિંદુસ્તાન ઉપર હુમલો લાવવાનું માથે લેશે એવી આશાથી કાબુલ ભણી નાઠો. આ વખત **બાબર** હા પાડી શકે તેવું નહતું કેમકે ઉઝબેક લોકો બલ્ખને ઘેરો ઘાલતા હતા. તોપણ **બાબરે** તેને લશ્કર પુરૂ પાડયું અને પંજાબમાંના પોતાના સરદારોને તેને મદદ કરવાનો હુકમ કર્યો. પણ આખર સવારી નિષ્ફળ ગઇ અને ફરીથી એને દિલ્હીથી પંજાબ તરફ નાસવું પડયું. નાસતો નાસતો જે વખતે તે પંજાબમાં દાખલ થયો તે વખતે **બાબર** હિંદુસ્તાન ઉપર પાંચમી એટલે છેલ્લી સવારી લઇ આવવાની તૈયારી કરતો હતો.

* આ ચઢાઇનું કેવળ દિગ્દર્શન કરાવીનેજ મારે સંતોષ રાખવો પડશે. પોતાના શાહજાદા હુમાયૂંને સાથે લઇને **ખઈબર** પાસ ઉતરી તે પેશાવર આવ્યો. ત્યાં બે દિવસ વિશ્રામ લઇ તા. ૧૬ મી ડિસેમ્બરને દિવસે સિન્ધુ નદી ઓળંગી અને શીયાલકોટ ઉપર એકદમ ચાલ્યો. ત્યાં ડીસેંબરની ઓગણીસમીએ એ પહોંચ્યો કે એણે **અલ્લાઉદીન** હાર્યાના અને નાઠાના સમાચાર સાંભળ્યા. લગાર પણ ચકિત થયા વિના બીજે દીવસે સવારે શીયાલકોટ અને રાવી નદી ઉપર આવેલા કલાનોરની વચ્ચે સરખે અંતરે આવેલા પરસારોર આગળ કુચ કરતો તે આવ્યો. ત્યાંથી કલાનોર આવી રાવી ઓળંગી ત્યાંથી બીયાસ નદી ઓળંગીને મીલવત નામના જે મજબૂત કી-

---

* બાબર પોતાની તવારીખમાં આનો હેવાલ આપતાં લખે છે કે-થોડે થોડે લેતાં આખરે હિંદુસ્તાનના ઉમદા મુલકનો હું વિજેતા થયો. આ બધું મારા પોતાના બળથી નહિ તેમજ મારા બળથીજ પ્રાપ્ત થયેલા સારા નશીબે પણ નહિ પણ સર્વશક્તિમાન પ્રભુના કૃપા અને સદ્ભાવના ઝરાથી સિદ્ધ થયું છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



લ્લામાં તેનો પ્રથમનો સહાયક દૌલતખાં ભરાઈ પેઠો હતો ત્યાં આગળ આવી પહોંચ્યો. મીલવત તરતજ વશ થયું. પછી જાલંદર દુઆબમાં થઇ તે લખે છે તેમ દૃઢ નિશ્ચય રૂપ પેંગડામાં પગ મુકી અને સર્વશક્તિમાન પ્રભુ ઉપર વિશ્વાસ રૂપી લગામ હાથમાં લઈ, તે સતલજ સુધી વધ્યો અને રૂપર આગળ તે નદી ઓળંગી ત્યાંથી અંબાલ્લાને રસ્તે સીરાસવાને સામે કિનારે જમના નદી ઉપર આવ્યો. ત્યાંથી બે મજલ સુધી નદીને કિનારે કિનારે નીચાણમાં કુચ કરી બીજી મજલે તે દિલ્હીથી–વાયવ્ય કોણમાં–તેપન માઇલ ઉપર આવેલી પાણીપતની રણભૂમિ આગળ પહોંચ્યો. ત્યાં તે થંભ્યો અને છાવણી નાંખી. તા. ૧૨ મી એપ્રીલ સને ૧૫૨૬.

નવ દિવસ પછી ઇબ્રાહીમ લોદીએ બાબરની ગણતરી પ્રમાણે એક લાખ લશ્કર લઇ તેની ખાઇથી રક્ષિત થયેલી છાવણી ઉપર હલ્લો કર્યો. બાબર લખે છે કે સૂર્ય એક કાઠી જેટલે ઉંચે આવ્યો તે વખતે પહેલો હલ્લો થયો. અને મધ્યાહ્ન સુધી લડાઇ ચાલી. પરિણામમાં બાબરના દુશ્મનોએ સખત હાર ખાધી. આ લડાઇ દરેક રીતે નિર્ણયકારક હતી. બહાદુરીથી લડતાં લડતાં ઈબ્રાહીમ મરાયો. અને આખુ હિંદુસ્તાન વિજેતાને પગે આવી પડ્યું. તેજ દિવસે બાબરે દિલ્હી અને આગ્રાનો કબજો લેવાને પોતાનું લશ્કર મોકલ્યું. અને તા. ૨૪ મી એપ્રિલ અને ૪ થી મેને દિવસે અનુક્રમે આ બે કાર્યો સિદ્ધ થયાં.

## પ્રકરણ ૫ મું.

## હિંદુસ્તાનમાં બાબરની સ્થિતિ.

વાયવ્ય પ્રાંતમાંના બે મોટાં મથકોનો ધણી થઇને એક રાજ્યનીતિજ્ઞ પુરુષની દીર્ઘદષ્ટિથી બાબરે હિંદુસ્તાનનું યથાસ્થિત અવલોકન કર્યું. તેને તરતજ માલુમ પડ્યું કે હું ઉત્તર હિંદુસ્તાન એકલાનોજ માલીક થયો છું. અયોધ્યા, જુઆનપુર અને પશ્ચિમ બિહારના અગત્યના જીલ્લાઓ ઇબ્રાહીમની સામે થયા હતા. અને એ બાદશાહે આ હુલડખોરો સામું લશ્કર મોકલ્યું

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



હતું તોપણ તેને એમ ખાત્રીથી જણાયું કે બન્ને પક્ષ એકઠા થઇ એક અર્થેથી મારા–નવા આવનારા–ની સામે થશે. વળી **નસરતખાં**ના તાબામાં બંગાળા, **સિકંદરશાહ**ના વંશના હાથમાં ગુજરાત અને સુલતાન **મહમદ**ને સ્વાધીન માળવા, એ ત્રણે શક્તિવાન અને સ્વતંત્ર રાજ્યો હતાં. ચંબલ અને બનાસ નદીના સંગમ ઉપર આવેલા 'રન્થમ્બોર' ના કિલ્લાવાળો માળવાનો મુલક **કાળીસિન્દ** ઉપરનું સારંગપુર, એટલા ઉપર ભિલ્સ–જે બધાં તે વખતમાં ઘણાં પ્રખ્યાત ગણાતાં હતાં તે પેલા પ્રસિદ્ધ હિંદુ રાજા–રાણા **સંગે** પુનઃ પ્રાપ્ત કર્યાં હતાં. દક્ષિણ હિંદુસ્તાનમાં બાહ્મણી રાજ્યો સ્થપાઇ ગયાં હતાં અને વિજયનગરનો રાજા સ્વતંત્ર સત્તા ધરાવતો હતો. તે સિવાય મુસલમાન બાદશાહોને કોઇ પણ દિવસ નહિ નમેલા એવા રાયરાણાઓ ઘણા હતા.

પણ તેને તરતજ માલુમ પડયું કે આ બધા કિરીટેશ્વરોનું સ્વાતંત્ર્ય એ એનું મોટામાં મોટું વિઘ્ન નહતું. એનું વિઘ્ન તો એ હતું કે તેના પહેલા થઇ ગયેલા કોઇ પણ રાજ્યવંશીએ સમાધાન ઉપર નહિ આણેલી હિંદુ પ્રજા પ્રત્યેક નવા આવનારની વિરૂદ્ધ હતી. અર્સ્કીન લખે છે કે, ઉત્તર હિંદુસ્તાન હજી પોતાનું અસલ બંધારણ સાચવી રહ્યું હતું. ગામડાં અને પરગણાંઓની વ્યવસ્થા તથા બંદોબસ્તનો તંત્ર, તથા નાના નાના પણ ઘણા સરદારોના તાલુકાઓ એટલે સ્થાનિક રાજ્યોનો તંત્ર–જેમનો તેમજ હતો. અને રાજ્ય ફેરફારની વખતે લોકો પોતાના પ્રત્યક્ષ સત્તાધારી ઉપર રાજધાનીમાં રાજ્ય કરતા રાજવીરના કરતાં વધારે લક્ષ આપતા. ટુંકામાં એક સર્વસત્તાધીશ કેન્દ્રમાંથી સર્વત્ર ફેલાતી સત્તાવાળા દ્રઢબદ્ધ રાજ્યતંત્રથી અજાણ્યા હોઇને નવા કોઇ વિજેતાને અનધિકારી આગન્તુક માનવાની અને તેમના સામા થવામાં સ્વાર્થ સમજવાનીજ લોકોને ટેવ પડી હતી.

નવા વિજેતાના શીલ અને સ્વભાવથી અજ્ઞાન લોકોના મનમાં આવી રીતે ઉત્પન્ન થયેલા ભયને જુના રાજ્યને વળગી રહેનારા મુસલમાનોના કાવતરાંથી પુષ્ટિ મળી. આ લોકો એમ વિચાર કરવા લાગ્યા કે આ નવા મોઘલોનો જો વિજય થયો તો અમારો તો નાશજ થવાનો. તેથી તેમણે આ મધ્ય એશીયાના જંગલી લોકોની લૂંટફાટથી તથા કામવૃત્તિથી તમારાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

પવિત્ર દેરાંઓ કે તમારી વહુ દીકરી સલામત રહી શકશે નહિ એમ હિંદુ પ્રજાના મન ઉપર ઠસાવવામાં મણા રાખી નહિ. આવા ભયને વશ થઇને હિંદુ લોકો આ દયાળુ અને ઉદાર મનના વીરપુરુષથી ડરીને દેખાતા આવશ્યક જુલમોને વશ થવા કરતાં જંગલનિવાસનું દુઃખ પસંદ કરતા નાઠા.

બાબરનાં વિઘ્નોમાં વળી એક ઉમેરો એ થયો કે તેના લશ્કરમાં આ વખત એદીલી ફેલાઇ. લશ્કરનાં માણસો ઘણે ભાગે પૂર્વ અફઘાનીસ્તાનના શબર લોકો હતા. જ્યાં સુધી લડવાની આશા હતી ત્યાં સુધી તો આ લોકો પોતાના સેનાપતિની પાછળ પાછળ ખુશીથી આવ્યા. પણ પાણીપતની લડાઇથી તેમને ઉત્તર હિંદુસ્તાન તો મળ્યું હતું. દિલ્હીથી આગ્રા સુધીની કુચ તો એક ઉજ્જડ મુલકમાં થઇને કરવાની હતી. ઋતુ એવી હતી કે આખો દિવસ તાપ રહ્યાં કરે. અને સને ૧૫૨૬ નો તાપ તો સાધારણ વર્ષોમાં રહેતા તાપથી વિશેષ હતો. આપણા પીસતાળીસની સાલવાળા પ્રિન્સ ચાર્લીના પહાડી લોકોની પેઠે આ લોકો પણ બબડવા લાગ્યા. એમને એમની ડુંગરની ઝુંપડીઓમાં જવાની ઉત્કંઠા થઇ. ફક્ત સૈનિકોમાંજ આ એદીલી હતી એમ નહોતું. સરદારો પણ ફરિયાદ કરતા હતા. અને એમની ફરિયાદ આખરે બાબરને કાને ગઇ.

બાબર પોતાના વિજયથી ખુબ ખુશી થયો હતો. તાપ અને સૈનિકોની એદીલીથી એ એટલો બધો હેરાન નહોતો થઇ ગયો કે જેથી એશીયા ખંડનો અત્યંત સુંદર, અત્યંત ફળદ્રુપ અને સર્વથી ઉંચો મુલકની જીત મેળવ્યાનો સંતોષ ઊણો રહે. પોતાની ચમત્કારિક તવારીખમાં તેણે આ વિષયમાં વીસ મોટાં છાપેલાં પાનાં ભરાય એટલી જગા રોકી છે. આરંભમાં લખે છે કે "આ એક અત્યંત રમણીય દેશ છે. આપણા દેશોના પ્રમાણમાં આ એક જુદીજ દુનીયાં છે." તરતજ પોતાનો વિજય પૂરો કરવાને માટે બધી તૈયારીઓ કરવા માંડી "કાબુલનો રાજા" એ ઇલ્કાબ 'હિંદુસ્તાનનો બાદશાહ' એ ઇલ્કાબથી, નીચો ગણાયો. પાછા ફરવાની વાતજ નહતી. તેણે બધાં વિઘ્નો જોઇ રાખી સહુ સહુના ઉપાયો યોજી રાખ્યા હતા. તે એક ખરો ફલાભિલાષી માણસ હતો, અને તેથી ખરી રીતે જે તેને મોટામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

મોટું વિઘ્ન લાગ્યું તે, લશ્કરની બેદીલી, તેણે પ્રથમ હાથમાં લીધી. પોતાના ઉમરાવોની એક સભા તેણે બોલાવી અને તેમને પોતાની સ્થિતિ યથાસ્થિત બતાવી દીધી. કેટકેટલી અડચણોવાળી મજલો કાપીને અને કેટકેટલી લોહીની નીકો વેહવરાવનારી લડાઇઓ લડીને આ મોટા વિસ્તારવાળા દેશો કેવી રીતે મેળવ્યા હતા, એ બધું સંભારી આપ્યું. અને કહ્યું કે આને છોડીને પાછા ફરવું એ ખરેખર શરમની વાત છે. "મારા મિત્રમાં ગણાતા કોઇ માણસે હવે આવી દરખાસ્ત નહિ લાવવી જોઇએ. પણ તમારામાં એવો કોઈ માણસ હોય કે જે સમજી ન શકે અથવા પાછા ફરવાનું પોતાનું મન ફેરવી ન શકે એ ભલે જાય." આ ભાષણની ધારેલી અસર થઇ અને જ્યારે બોલવાનું બંધ થયું અને નવા ભેટાઓ અને તાજા વિજયો થવા લાગ્યા, ત્યારે બેદીલીની જગાએ ઉમંગ થયો.*

**વીર**પુરુષની દૃઢતાને એક બીજું પણ ફળ તરતજ મળ્યું. જ્યારે ત્યાંના નિવાસીઓ મુસલમાન સંસ્થાનકો અને હિંદુ જમીનદારો તથા વેપારીઓ એમ સમજ્યા કે **બાબર** કાયમ કબજો રાખવાનું ધારે છે ત્યારે તેમની ધાસ્તી શાંત પડી. દરમિયાન તેના ઉદાર અને ઉમદા દીલની ઘણી સાબીતીઓ મળી જેથી લોકોના સમસ્ત અભિપ્રાય ઉપર ઘણી અસર થઇ. ત્યાર પછી રોજ રોજ તેના વાવટા નીચે નવાં નવાં પરગણાં આવતાં ગયાં. ખેડૂતો અને દુકાનદારો પોતપોતાને ઘેર પહોંચ્યા અને **છાવણી**માં બધી વસ્તુઓની છત થઇ ગઇ. થોડોક વખત વીત્યા બાદ જુઆનપુર અને અયોધ્યામાં થયેલા તોફાનને શાન્ત પાડવા માટે ઇબ્રાહીમ લોદીએ મોકલેલા લશ્કરે

---

* પોતાના એક મિત્રને હિંદુસ્તાનનો તાપ અસહ્ય લાગવાથી **બાબરે** તેને ઘઝનીનો સુબો બનાવી દેશ મોકલી દીધો હતો. તે મિત્ર ઉપર જ્યારે **બાબરની** જમાવટ થઇ ત્યારે તેણે એક કવિતા મોકલી હતી જેનું નીચે પ્રમાણે ભાષાંતર થઇ શકે.

'હે **બાબર**! તું દયાવાન ઈશ્વરના ઔદાર્યને માટે સોસો ગણા ઉપકાર માન એણે તને સિંધ, હિંદ, અને બીજાં ઘણાં રાજ્યો આપ્યાં છે. જો તારાથી તાપ સહન ન થતો હોય અને ઠંડીની ઇચ્છા થાય તો તારે ફક્ત ઘઝનીની ઝાકળ અને ટાઢ સંભારવી.'

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

**બાબર**ની આણ માની. વખતો વખત પોતાના લશ્કરને વિચારપૂર્વક વ્યવસ્થાથી કામે લગાડીને તેણે રોહીલખંડનો મોટો ભાગ જીતી લીધો. જમના નદી ઉપર આવેલા **રાવેરી**ના અગત્યના થાણાનો કબજો કર્યો. અને ઇટાવા તથા ધોળપુરને ઘેરો ઘાલ્યો. પણ મધ્ય હિંદુસ્તાનમાં એને માટે વિઘ્નો તૈયાર થતાં હતાં, અને તે એવી દિશાએથી આવતાં હતાં કે જે વિષે **બાબર**થી બેદરકારી રાખી શકાય નહિ.

આ વિઘ્નો ચિતોડના રાણા રાણાસંગ તરફનાં હતાં. આ મોટા—દરેક રીતે મોટા—રાજવંશીએ પોતાના વંશપરંપરાના મુલકનો ઝાઝો ભાગ પ્રથમના મુસલમાન વીરપુરુષો પાસેથી કેવી રીતે મેળવ્યો હતો તે મેં પહેલાં વર્ણવ્યું છે. તેણે તેથી વિશેષ પણ કર્યું હતું. તેણે **બકરોલ** અને **ચતોલી**ની એ મોટી લડાઇઓમાં ઇબ્રાહીમ લોદીને હરાવ્યો હતો. અને આ સિવાય બીજા સરદારો સાથે સોળ લડાઇઓમાં જીત મેળવી હતી. **બાબર** હિંદુસ્તાનમાં આવ્યો ત્યાર પહેલાં એણે રંથમ્ભોરનો પ્રસિદ્ધ કિલ્લો મેળવ્યો હતો. પણ તે વખતથી તે અત્યાર લગણ એ પોતાના વિજયનો વિસ્તાર વધારતો જતો હતો અને આ વખતે જે સમાચારે **બાબર**ને બેચેન બનાવ્યો હતો તે એ હતા કે આ પ્રતાપી રજપૂત સરદારે **રન્થમ્ભોર**ની પૂર્વે થોડાક માઇલ ઉપર આવેલા કન્ડર નામના મજબૂત પહાડી કીલ્લાનો કબજો લીધો છે.

આ અને બીજાં વિઘ્નોના ઉપાયોનો નિર્ણય કરવા સારૂ **બાબરે** ચોમાસાના અંતના દિવસોમાં એક સભા મેળવી. આ સભામાં એવી ગોઠવણ થઈ કે એના અઢાર વર્ષની ઉમરના શાહજાદા હુમાયૂંએ[1] દુઆબ,

---

૧ પ્રખ્યાત તવારીખના પાને ૩૦૨–૩ માં હુમાયૂંએ લખેલી નીચેની નોટ જોવામાં આવે છે. પાણીપત તરફ જતાં રસ્તામાં આવેલા સરસ્વતીના ડાબા કિનારા ઉપર શાહઆબાદ નામની જગાએ—સને ૧૫૨૬ ના માર્ચની ૬ ઠ્ઠી તારીખે હુમાયૂંની દાહાડી ઉપર પહેલવહેલો અસ્ત્રો ફેરવાવવામાં આવ્યો. મારા માનવંતા પિતાજીએ પોતાની દાઢીને પહેલવહેલો અસ્ત્રો લગાવ્યાની તારીખ જણાવી છે. તેથી નમ્રતાથી તેમને અનુસરીને મેં પણ મારા સંબંધમાં બનેલી એ બીનાની યાદગીરી કાયમ રાખી છે. મને તે વખતે અઢાર વર્ષ થયાં હતાં. હવે તો મને છેતાળીસ વર્ષ થયાં છે અને હું મહમદ હુમાયૂં આ તવારીખની મારા પિતાના તેમના પોતાના હાથની લખેલી નકલ ઉપરથી મારે પોતાને હાથે નકલ કરૂં છું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

અયોધ્યા અને જુઆનપુર સર કરવા સારૂ પશ્ચિમ તરફ જવું. અને બાબરે પંડે સામાન્ય અને સમસ્ત દેખરેખ રાખવા સારૂ આગ્રેજ રહેવું. રાણા સંગના સંબંધમાં એવો ઠરાવ કર્યો કે જ્યારે પાસેના શત્રુઓ બરોબર વશ થઇ રહે ત્યારે તેની સાથે લડાઇ કરવી.

હુમાયૂંની સવારી પૂર્ણ ફતેહમંદ ઉતરી. બિહારની સરહદ સુધીનો તમામ મુલક એણે જીતી લીધો. સને ૧૫૨૭ મેની ૨૬ મી તારીખે એ પાછા આવ્યા તે પછી બાબરે બીઆના અને ધોળપુર સર કર્યાં, ગ્વાલીઅરનો કિલ્લો યુક્તિથી લીધો અને મુલતાન તાબે થયાના સમાચાર સાંભળ્યા. પછી સિંધુ નદીથી તે પશ્ચિમ બિહારની સીમા અને કાલ્પી તથા ગ્વાલીયરથી હિમાલય સુધીના મુલકનો કબજો દૃઢ કરીને તેણે ચીતોડના પ્રખ્યાત રાણા રાણાસંગ તરફ પોતાનું લક્ષ ફેરવ્યું. તારીખ અગીઆરમી ફેબ્રુઆરીને દિવસે તે રાણાસંગના લશ્કર સાથે ભેટો કરવા સારૂ આગ્રેથી ચઢયો. રાણો લોદી-વંશના મુસલમાન મદદગારોની સાથે આગળ વધીને બીયાસનાથી આશરે બાર માઇલ ઉપર અને ત્યાં થઇને જતાં આગ્રાથી આશરે બાસઠ માઇલ ઉપર આવેલા બીલાવર અગાડી પડયો હતો. બાબર સીકરી આજના ફતેહપુર સુધી વધ્યો અને ત્યાં મુકામ કર્યો. થોડીક ઝપાઝપીમાં તો રજપૂતો દરેક રીતે ફાવ્યા અને બાબરના સીપાહોમાં બહુ નાઉમેદી પેદા થઇ અને બાબર પણ આ વખતે પોતાની છાવણીને જેમ બને તેમ નિર્ભય કરીને અને મેવાત લૂંટવાને એક ટુકડી મોકલીને બેસી રહ્યો.

છાવણીમાં પૂરાઇ રહેલા, ચાલુ મામલાના વલણથી નાઉમેદ થયેલા અને બેસી રહેવાની જરૂર પડયાથી બેચેન થયેલા બાબરે પોતાની જીંદગીની બીનાઓ તપાસી. તેમાં તેણે યોગ્ય દીનતા અને પશ્ચાત્તાપની સાથે સ્વીકાર્યું કે–કોઈ દિવસ દારૂ નહિ પીવો, એવી એક કુરાનની સખ્તમાં સખ્ત આજ્ઞાનો મેં પૂરેપૂરો ભંગ કર્યો છે. તે તેણે તરતજ સુધારવાનો ઠરાવ કર્યો. પછી તેણે પોતાના સુવર્ણના દારૂના પ્યાલાઓ તથા રૂપાનાં જામો મંગાવ્યા અને પોતાની સમક્ષ તેના ચૂરેચૂરા કરાવી નાંખી કીમતી ધાતુ વેચવાથી જે મૂલ્ય ઉપજ્યું તે તમામ ગરીબ લોકોમાં વ્હેંચી દીધું. છાવણીમાં હતો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



તે બધો દારૂ પીવાને નાલાયક બનાવ્યો અથવા તો ઢોળી દેવરાવ્યો. તેના અમીરોમાંથી ત્રણસેં જણાઓ તેને પગલે ચાલ્યા.

આખરે જ્યારે તેને એમ લાગ્યું કે આમને આમ વધારે ટકી રહેવું અસંભવિત છે ત્યારે બારમી માર્ચે તે શત્રુઓની તરફ એ માઇલ આગળ વધ્યો, વળી થોભ્યો, અને બીજે દિવસે વળી લડાઈને માટે પસંદ કરી રાખેલી એક જગા સુધી તે આગળ વધ્યો. અહીંયાં તેણે લડાઇને માટે લશ્કર ગોઠવ્યું. સોળમી તારીખે રજપૂતો અને તેમના સહાયકો આગળ આવ્યા, અને લઢાઇ જાગી. બાબરે પોતાની તવારીખમાં આ લઢાઈનો એક આબેહુબ અને બેશક યથાર્થ ચિતાર આપ્યો છે. અહીંયાં તો એટલુંજ લખવું બસ છે કે તેને એવી તો પાકી જીત મળી કે બીજે દિવસે સવારમાં આખું રજપૂતાના એના પગમાં પડ્યું. તે એકદમ બીયાના તરફ ધસ્યો. ત્યાંથી મેવાડ તરફ ગયો અને એમ આખો મુલક તાબે કર્યો. વળી તેની આ ફતેહની અસર તેણે જીતેલી લડાઇઓમાંજ અટકી નહિ. દુઆબમાં જે શહેરો એની સામાં થયાં હતાં તેમાંનાં કેટલાક પોતાની મેળે નમ્યાં બાકીનાંને તેણે નમાવ્યાં. જ્યારે દુઆબ બરોબર શાન્ત થયો ત્યારે ચંદેરીના રાજાને સરદાર માનતાં મધ્ય હિંદુસ્તાનના રજપૂત રાજાઓની સામે તેણે હથીઆર બાંધ્યાં. જ્યારે ચંદેરીના કીલ્લા આગળ તે આવ્યો ત્યારે તેને એવા સમાચાર મળ્યા કે પૂર્વ તરફ મોકલેલા તેના સરદારોને લખનૌથી કનોજ ઉપર પાછા ફરવાની જરૂર પાડવામાં આવી હતી. આ સમાચાર અગત્યના છે એમ કબુલ કર્યા છતાં પણ એ ડગ્યો નહિ અને ચંદેરીનો ઘેરો ખંતથી ટકાવી રાખી થોડા દિવસમાં હલ્લો કરીને એ કિલ્લો સર કર્યો. આસપાસના મુલકને વશ કરીને તેણે પૂર્વ તરફ દડમજલ કુચ કરી. કનોજ આગળ તેના પરાજય પામેલા સરદારોને મળ્યો. ત્યાં આગળ ગંગા નદી ઉપર એક પુલ નાંખી લોદી પક્ષવાળા રહ્યા સહ્યા શત્રુઓને નસાડ્યા; લખનૌનો ફરીથી કબજો કર્યો, ગોમતી અને ઘોઘરા નદી ઓળંગી અને નિસ્તેજ થયેલા શત્રુઓને વિખરાઈ જવાની જરૂર પાડી. પછી તે આગ્રે આવ્યો અને રાજ્ય વ્યવસ્થાની ગોઠવણ જ્યાંથી મૂકી હતી ત્યાંથી પાછી હાથમાં લીધી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



પણ શાન્ત રહેવાનો વખત તેને મળ્યો નહિ. જુઆનપુરનો જૂનો મુસલ-માન પક્ષ બરોબર વશ થયો નહતો. જુઆનપુરની પાડોશના બિહારના ઉમદા રાજ્ય ઉપર હજી બીલકુલ અસર થઇ ન હતી. આ વખતે આ બે પરગણાંના મુસલમાન અમીરોએ એકઠા થઇને **બાબર**ની વિરૂદ્ધ રાણા **સંગ**ને મદદ કરનાર લોદી વંશના એક **શાહ**જાદાના હાથમાં બે જીલ્લાનું એક રાજ્ય કરી તેની લગામ સોંપવાનો ઠરાવ કર્યો. આ ખટપટ એટલી તો ગૂઢતાથી ચલાવવામાં આવી કે **બાબરે** તા. ૧ લી ફેબ્રુઆરી ૧૫૨૯ ને દિવસે આ રાજ્ય સ્થપાયેલુંજ જાણ્યું. આ વખતે તે **ધોળપુર** હતો. આ જગ્યા ઉપર તેને બહુ પ્રેમ હતો. અને ત્યાં બગીચા બનાવવામાં અને બીજી રીતે તે શહેરને સુંદર કરવામાં તે પોતાના અમીર ઉમરાવોની સાથે રોકાયલો હતો. તેજ દિવસે તે ત્યાંથી **આગ્રે** આવ્યો અને હાજર હતી તે ટુકડીઓ સાથે લઇને બીજેજ દિવસે ગંગા નદીના જમણા કીનારા ઉપર આવેલા **કરરા** પાસે ડાકડી ગામ આગળ પડેલા પોતાના શાહજાદા **અસ્કરી**ના લશ્કરને ભેગો થવાને ઇરાદે કુચ કરી. તે જગાએ તે તા. ૨૭ મીને દિવસે પહોંચ્યો અને નદીના સામે કિનારા ઉપર પડેલું **અસ્કરી**નું લશ્કર દીઠું. તરતજ તેણે જમણે કિનારે કિનારે પોતે જેમ ચાલે તેમજ ડાબે કિનારે તેને ચાલવાનો હુકમ કર્યો.

આ ઠેકાણે **બાબરને** જે સમાચાર મળ્યા તે એને દિલાસો આપે એવા નહતા. એક લાખભર શત્રુ **મહમદ** લોદીના વાવટા નીચે એકઠા થયા હતા અને તેનો પોતાનો **શેરખાં** નામનો એક સરદાર જેને રહેમીયતથી બીજા કરતાં શ્રેષ્ટ બનાવ્યો હતો તે હુલ્લડખોરોને મળી જઇ પોતાના જીલ્લાની સાથે બીનારસનો કબજો કરી બેઠો હતો. આ પવિત્ર શહેરથી છત્રીશ માઇલ ઉપર આવેલા ચુનાર ઉપર મહમદ લોદી ઘેરો ઘાલતો હતો.

**બાબર** તરતજ આગળ વધ્યો. અને **મહમદ** લોદીને ચુનારનો ઘેરો ઉઠાવવાની ફરજ પાડી. **શેરખાંને** બનારસ ખાલી કરવાની અને ગંગાનદી ઓળંગવાની—પાછા હઠવાની જરૂર પાડી. અને પોતે **કર્મણાસા** ઓળંગીને તેના ગંગા અને બકસર નદીના સંગમ આગળ ચૌસાથી કેટલે દૂર પડાવ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



નાંખ્યો. ત્યાંથી આગળ વધતાં છેક આરાહ આગળ પહોંચ્યો. ત્યાં સુધી તેણે શત્રુઓને પોતાની આગળ નસાડયા. પછી તેણે બીહારની પાદશાહી ગ્રહણ કરી. અને ત્યાં તેને ખબર મળી કે થોડાક સૈનિકોની સાથે મહમદ લોદીએ બંગાળાના રાજાનો આશ્રય લીધો છે.

બંગાલાનો રાજા નસરતખાં મહમદ લોદીની એક ભત્રીજીને પરણ્યો હતો. તેણે બાબર સાથે એવો સંકેત કર્યો હતો, કે કોઇએ એકમેકની સરહદ ઉપર ચઢાઈ કરવી નહિ. પણ આને ન ગણગારતાં તેણે સારન અથવા ચપરાનો મુલક સર કર્યો. અને પોતાના લશ્કરની સાથે ગંગા અને ઘોઘરા નદીના સંગમ ઉપર બચાવ કરવામાં ઘણી ઉપયોગમાં આવે એવી એક જગા ઉપર પડાવ નાંખ્યો. આ જગા છોડીને ચાલ્યા જવાની બંગાળાના લશ્કરને ફરજ પાડવાનો બાબરે ઠરાવ કર્યો. તેને તરતજ લાગ્યું કે આ કાર્ય સિદ્ધ કરવાને માત્ર એકજ રસ્તો છે અને તે જોર. એટલે તેણે પોતાના લશ્કરને છ ભાગમાં ગોઠવીને એવો હુકમ કર્યો કે ચાર ટુકડીઓએ શાહજાદા અસ્કરીની સરદારી નીચે ગંગાના ડાબા કીનારા ઉપર ચાલી ઘોઘરા નદીને ઓળંગવી અને પછી શત્રુના લશ્કર ઉપર ચઢી જઈ તેમને છાવણી છોડવવાની કોશીશ કરી ઘોઘરાના સામે વેણે એમની પાછળ પડવું. અને બાકીની બે ટુકડીઓએ પોતાની ખાસ સરદારી નીચે ગંગા નદી ઓળંગીને ઘોઘરાને પેલે પાર જવું અને શત્રુ ઉપર હલ્લો કરી તેમને પાયામાંથીજ કાપી નાંખવા. તા. ૬ ઠ્ઠી મેને દિવસે આ બધો સંજોગ મળ્યો અને તેમાં પૂર્ણ ફતેહ મળી. બંગાળાનું સૈન્ય સખ્ત હાર ખાઈ ગયું. અને દરેક રીતે સંપૂર્ણ વિજય થયો. પછી બંગાળા સાથે સલાહ થઈ. તેની સરતો એવી હતી કે હાલ પશ્ચિમ બિહારને નામે ઓળખાતો ઇલાકો બાબરને આપી દેવો. એમાંથી કોઇ પણ બાદશાહે બીજાના શત્રુને મદદ કરવી નહિ અને કોઇએ બીજાની સરહદમાં હરકત નાંખવી નહિ.

અહીંયા સુધી—જે તેજસ્વી પુરૂષનાં પરાક્રમો મેં ટુંકામાં ઉપર નોંધ્યાં છે તેના આત્મચરિત્ર ઉપરજ આધાર રાખવામાં આવ્યો છે. હવે થોડુંજ લખવાનું બાકી રહ્યું છે. બિહારમાં એની ફતેહમંદ સવારીમાંથી એ પાછો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

આવ્યો ત્યાર બાદ થોડી મુદતે તેની તબીયત લથડવા માંડી. આ વાત છાની રહી શકી નહિ. અને તમામ હકીકત આ વેળાએ બદકશાનના સુબા તેમના મોટા શાહજાદા હુમાયુંને પહોંચી. તેણે તેના નાના ભાઈ હીન્ડલને પોતાનો તમામ રાજ્યકારભાર સોંપ્યો અને પોતે ઉતાવળે આગ્રે આવ્યો. સને ૧૫૩૦ ની શરૂઆતમાં તે આગ્રે પહોંચ્યો ત્યારે તેને પ્રેમપૂર્વક આવકાર મળ્યો અને પોતાના રમતીયાળ ખુશમીજાજથી અને આનંદી વર્તનથી તેણ ઘણા દોસ્તદારો કર્યા. એ અહિંયા છ માસ રહ્યો એટલામાં તેનેજ ભયંકર મંદવાડ આવ્યો. મંદવાડ જ્યારે આખર થયો અને આ જુવાન શાહજાદાની આશા છોડવામાં આવી ત્યારે એક એવો બનાવ બન્યો કે જે બાબરની સ્વાર્થ વિમુખતા અને પ્રીતિમયતાનો અચૂક પુરાવો આપે છે. તેની તવારીખના પુરવણીના પ્રકરણમાં આ બનાવનું નીચે મુજબ વર્ણન આપ્યું છે.

"જ્યારે દવા તરફની આશા છુટી અને જ્યારે ઘણા બુદ્ધિશાળી "સખસો બાદશાહને શાહજાદાની ભયભરેલી સ્થિતિની વાત કરતા હતા, "ત્યારે અબુલઆકા નામના જ્ઞાન અને શુદ્ધતાને માટે સારી પેઠે માન "પામેલા એક સખસે બાદશાહને કહ્યું કે "આવી બાબતમાં સર્વ શક્તિમાન "પ્રભુ પોતાના કોઇ મિત્રની જીંદગીના બદલામાં કોઈ માણસ પોતાને અત્યંત "પ્રિય એવા પોતાની વસ્તુનો ભોગ આપે તો તે તેના બદલામાં સ્વીકાર"વાની કોઇ કોઇ વાર કૃપા કરે છે." બાબર તેજ વખતે બોલી ઉઠયો. "જેવો હુમાયૂંનો જીવ મને પ્રિય છે તેવોજ મારો જીવ એને પ્રિયતમ છે. "મારો જીવ હું આનંદની સાથે હુમાયૂંના જીવના બદલામાં અર્પણ કરૂં "છું." અને તેણે તે સ્વીકારવાની કૃપા કરવાની પરમેશ્વરને પ્રાર્થના કરી. "તેના સ્નેહી મંડળે તેને ઘણું સમજાવ્યો પણ તે પોતાના ઠરાવને "આગ્રહથી વળગી રહ્યો, મરણ પથારીએ સુતેલા શાહજાદાની ત્રણ"વાર પ્રદક્ષિણા કરી, આ વિધિ મુસલમાનો ભોગ આપતી વખતે કરે છે "અને પછી એકલો એકલો અંતઃકરણથી પ્રાર્થના કરવા લાગ્યો. થોડા "વખત પછી "હું લઇ જાઉં છું, હું લઇ ગયો છું" એમ બોલતો તે "સંભળાયો. મુસલમાન ઇતિહાસકારો લખે છે કે આજ–લગભગ આજ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



" ક્ષણથી હુમાયૂંની તબીયત સુધરવા માંડી અને જેમ જેમ તે સુધરતી ગઇ
" તેમ તેમ **પ્રમાણમાં બાબરની** લથડતી ગઈ. છેક ૧૫૩૦ ના અંત
" સુધી—તેનો મંદવાડ લંબાયો. તા. ૨૬ મી ડીસેમ્બરને દિવસે પોતાના
" ઓગણપચાસમા વર્ષમાં આગ્રા અગાડી ચારબાગ નામના પોતાના મહેલમાં
" તેણે પોતાના આત્માને પરમાત્માને સ્વાધીન કર્યો. તેના શબને એના અંત-
" કાળની સૂચના મુજબ કાબુલ લેવરાવ્યું અને શહેરથી એકાદ માઇલને છેટે
" એક સુંદર સ્થાનમાં દાટયું. "

દુનિયાંના પ્રસિદ્ધ વીર પુરૂષોમાં બાબરને ઊંચું સ્થાન મળશે. એનું ચરિત્ર એના ગુણમાંથીજ ઉદ્‌ભવ્યું હતું. મધ્ય એશીયામાં એક નાનું રાજ્ય નામનુંજ વારસામાં મળ્યા છતાં તે જ્યારે મરણ પામ્યો ત્યારે કરમણાસ અને ઑક્સસની વચ્ચેના તથા નર્મદા અને હિમાલયની વચ્ચેના તમામ પ્રદેશનો માલીક થયો હતો. તેનો સ્વભાવ આનંદી હતો. ઉદાર મનવાળો, સામા ઉપર વિશ્વાસ રાખનારો, અને આશાભેર રહેનારો હોઇને તે જેની સાથે સંબંધમાં આવતો તેની પ્રીતિ સંપાદન કરી શક્યો હતો. સૃષ્ટિમાં જે કંઈ સુંદર હોય તે તે શીઘ્રતાથી અને પૂર્ણ રીતે સમજી શકતો. તે જમા-નામાં અસાધારણ ગણાય એટલે દરજ્જે પોતાની અદ્‌ભુત બુદ્ધિને તેણે કેળવી હતી. તેનામાં પ્રીતિનો વાસ ઉંડો હતો, અને તાદશ કલ્પનાશક્તિની તેને ઈશ્વરી બક્ષીસ હતી. સંગ્રામ અને કીર્તિ તેને પ્રિય હતાં પણ શાન્તિના સમયના ઉદ્યોગો માટે તે બેદરકાર નહતો. પોતે વશ કરેલી કોમોની સ્થિતિ બાબત ઊંડી તપાસ કરવાનું તથા તેમને માટે સુધારાના ઉપાયો યોજવાના કામને તે પોતાની ફરજ ગણતો. બાગાયતનો, શિલ્પકળાનો અને સંગીતનો તેને ઘણો શોખ હતો. તે વળી કવિ હતો અને તે પણ જેવો તેવો નહિ. પણ તેની પ્રકૃતિની મુખ્ય કીર્તિ તો હાઈદર મીરઝાંએ કહેલી છે તેજ છે. તેણે પોતાનો અભિપ્રાય 'તારીખી રેશીદી' નામના ગ્રન્થમાં નીચે મુજબ જણાવ્યો છે. " તેના બધા ગુણોમાં તેનું ઔદાર્ય અને સૌજન્ય મુખ્ય હતાં." જો કે મોટાં પરાક્રમો કરવાને તે જોઇએ એટલો જીવ્યો પણ રાજ્યને સુવ્ય-વસ્થિત કરવાને માટે તેની જીંદગી ટુંકી પડી, તોપણ વિજયનું કામ આના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



જેવા શુદ્ધ સત્ત્વના પુરૂષને હાથ આવ્યું ન હતું.

**બાબર** ચાર દીકરા મૂકીને મરી ગયો. પહેલો એનો ઉત્તરાધિકારી હુમાયૂં મીરઝાં, બીજો કામરાન મીરઝાં, ત્રીજો હિન્દાલ મીરઝાં અને ચોથો અસ્કરી મીરઝાં. આમાંના હુમાયૂંને બાબરે મરતાં પહેલાં પોતાના પ્રધાનોની એક ખાસ બોલાવેલી સભામાં પોતાના ઉત્તરાધિકારી તરીકે ઓળખાવ્યો હતો, અને મરતી વેળાની સૂચનાઓ આપી હતી. જે વિષયો ઉપર તેણે ભાર મૂકીને કહ્યું હતું તે નીચે પ્રમાણે હતા. ઈશ્વિર તથા મનુષ્ય તરફની તમારી ફરજો અંતઃકરણપૂર્વક અદા કરવી. ઈન્સાફ પ્રમાણિકપણે અને શ્રમ લઇને કરવો. ગુન્હેગારોને યોગ્ય સજા ફરમાવવી. જેઓ અજ્ઞાન અને પશ્ચાત્તાપ કરનારા હોય તેમના તરફ કુંણી નજર અને દયા રાખવી. ગરીબ અને લાચાર હોય તેમનું રક્ષણ કરવું. આ ઉપરાંત હુમાયૂંને પોતાના ભાઇઓ તરફ મહેરબાનીથી અને માયાળુપણે વર્તવાનું ખાસ ફરમાવ્યું.

આ પ્રમાણે હિંદુસ્તાનમાં મુગલ વંશનો સ્થાપનાર પ્રતાપી પુરૂષ ભરજુવાનીમાં મરણ પામ્યો. જેણે વાયવ્ય પ્રાંતો તથા આ દ્વિપકલ્પના મધ્ય ભાગના કેટલાક જીલ્લાઓનો પોતાના વંશજો માટે **જીતીને,** ભોગવટાના હકથી માલીક કહેવરાવવાનો હક ઉભો કર્યો. એનામાં ઘણા ઉત્તમ ગુણો હતા. પણ પોતાના હિંદુસ્તાનમાં અત્યાર સુધી જુદા રહેલા પ્રાંતોને એકઠા કરી એક સુસંબદ્ધ રાજ્ય કરવા સારૂ જોઇતી વ્યવસ્થા દાખલ કરવાનો તેને વખત કે લાગ કંઇ મળ્યું નહિ. આવો પ્રતાપી છતાં રાજ્યનું બંધારણ દૃઢ થાય એવા કાયદાઓ ઘડવાની ઊંચી બુદ્ધિ તેનામાં સારી પેઠે હતી કે નહિ તેનો શક લેવા જેવું છે. કેમકે એનાં ચિન્હો એણે કોઇ પણ ઠેકાણે જણાવ્યાં નહતાં. કાબુલ તેમજ હિંદુસ્તાનમાં તેની પૂર્વેના વીરપુરુષોની રાજ્યપદ્ધતિને તે અનુસર્યો હતો. એટલે, મેળવેલા પ્રાંતો અને પરગણાંઓ પોતાના પક્ષવાળાઓમાં વેહેંચી નાંખ્યા, અને તેમને પોતપોતાના પ્રાંતોમાં મરજીમાં આવે તે રીતે રાજ્ય કરવા દેતા. મુખ્ય રાજ્ય કર્તાને અપરોક્ષ રીતે જવાબદાર રાખવાની પદ્ધતિ તેણે સ્વીકારી હતી. તેથી એમ બન્યું કે જ્યારે તે મરણ પામ્યો ત્યારે એને બાદશાહ તરીકે ગણનારા ઇલાકાઓ ફક્ત આવાજ બંધ-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



નથી એકઠા રહ્યા હતા. આગ્રા અને લખનૌ વચ્ચે કે દિલ્હી અને જીઆનપુર વચ્ચે કંઇ પણ સાધારણ પ્રસંગ નહતો. જુદી જુદી કોમોની વસતિવાળા ઇલિકાઓની સરહદો આગળ ભારે ટોલ " એજ એક નીશાની હતી. અને આ બધા મુલકોમાં સામાન્ય બંધન એટલુંજ હતું કે તેમના બધા ઉપર બાબરની સર્વોપરિ બાદશાહત હતી.

આવી રીતે બાબરે હુમાયૂંને એકત્રતાના કોઇ પણ બંધન વિનાના છૂટા છૂટા દેશોનો એક સમૂહ વારસામાં આપ્યો. આ બધા મુલકો વચ્ચે પોતાની જીંદગીમાં રચેલા ગૌણ પ્રાધાન્ય સંબંધ વિના બીજો કોઇ પણ સંબંધ નહતો. ટૂંકામાં, જ્યારે તે મરી ગયો ત્યારે બીજા બધા મુસલમાન વંશોની પેઠે મુગલ વંશે પણ હિંદુસ્તાનની ભૂમિમાં રાજ્યનાં મૂળ ઊંડાં નાંખ્યાં નહતાં.

## પ્રકરણ ૬ ઠું.

### હુમાયૂં–અકબરનું બાલ્ય.

બહાદુર આનંદી અને રસિક, સોબતી તરીકે પ્રેમી, ઊંચી કેળવણી પામેલો અને દયાવાન્ હુમાયૂં કાયમ રહે એવા ધોરણ ઉપર રાજ્ય સ્થાપવાને તેના પિતાના કરતાં ઓછો લાયક હતો. એના બધા સદ્‌ગુણોની સાથે તેમને ઢાંકી દે એવા તેનામાં કેટલાક અવગુણો હતા. તે નબળા મનનો અવિચારી અને અદૃઢ સ્વભાવનો હતો. પ્રબળ કર્તવ્ય બુદ્ધિનો અમલ એના ઉપર નહતો. એનું ઐાદાર્ય ઉડાઉપણાનું રૂપ ધારણ કરે એવું હતું. અને તેનો બેહદ પ્રેમ નબળાઇમાં અપભ્રષ્ટ થાય એવો હતો. અમુક વખતે કોઇ પણ ગંભીર પ્રસંગમાં પોતાનું તમામ ધ્યાન રોકવાની એનામાં શક્તિ નહતી. અને સર્વસ્પર્શી ધારા ઘડવાની એનામાં બુદ્ધિ પણ નહતી, તેમજ ઇચ્છા પણ નહતી. આ કારણથી એના પિતાએ વારસામાં આપેલી જીતેલી ભૂમિ ઉપર પોતાનું રાજ્ય જમાવવાને તે અત્યંત નાલાયક હતો.

તે ગાદીએ આવ્યો ત્યાર પછીનાં આઠ વર્ષનો સવિસ્તર હેવાલ આપવાની કાંઈ જરૂર નથી. એનો કારભાર એટલો બધો અણઘડ હતો અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



પોતાના તાબાની કોમોનાં અને પ્રેમ એણે એટલાં તો થોડાં સંપાદન કર્યાં હતાં કે ૧૫૪૦ ના એપ્રિલમાં તેના બાપ બાબરને વશ થયેલા પણ પોતાની સામે થયેલા અમીર શેરખાંસૂરે જ્યારે તેને કનોજ આગળ હરાવ્યો ત્યારે બધી ઇમારત તેના હાથમાં લાંબી થઈને સૂતી. તે પછી એ શેરખાં-સૂર શેરશાહ એવો ઇલ્કાબ ધારણ કરી ગાદીએ આવ્યો અને કેટલાંક સાહસો અનુભવ્યા પછી, સને ૧૫૪૧ ના જાન્યુઆરીમાં સિંધ દેશમાં સિંધુ નદી ઉપર આવેલા બક્કર બેટની સામે રોહરી આગળ નાસતો ભાગતો મુઠીભર અનુચરોની સાથે પોતાનો તમામ વારસો ગુમાવી હુમાયૂંએ પડાવ નાંખ્યો.

હુમાયૂંએ બધું મળીને સિંધમાં અઢી વર્ષ ગાળ્યાં અને તે દરમીયાન તેણે તે પ્રદેશમાં પોતાનું રાજ્ય સ્થાપવાની નિષ્ફળ કોશીશ કરી. આ તેની સિંધની યાત્રામાં એક બહુજ અગત્યની બીના બની. તે એ હતી કે સને ૧૫૪૨ ના ઓક્ટોબરની પંદરમી તારીખે એને એક પુત્ર જન્મ્યો. અને તેનું નામ તેણે જલાલ-ઉદ્-દીન-મહમદ અકબર પાડયું. હવે હું હિંદુસ્તા-નના ઇતિહાસના આ મોટા બનાવના કારણભૂત બનાવોનું બ્યાન આપું છું.

હુમાયૂંએ શેહવાનના ઉમદા મુલક ઉપર હુમલો કરી કબજે કરવાનું કામ પોતાના ભાઇ હિન્દાલને સોંપ્યું હતું પણ તેમાં તેનો બુરો ઇરાદો છે એમ અવિશ્વાસ લાવી સને ૧૫૪૧ માં જ્યારે પોતાનું લશ્કર બક્કરને ઘેરો ઘાલવામાં રોકાયું હતું ત્યારે સિન્ધુ નદીની પશ્ચિમમાં આશરે વીસ માઇલ ઉપર આવેલા પાટર અગાડી પોતાના એ ભાઈને મળવાનું તેણે નક્કી કર્યું. ત્યાં અગાડી હિન્દાલ પોતાના ભાઇને, પૂરી રીતે બાદશાહને યોગ્ય સન્માન આપવાને માટે પોતાના અમીર ઉમરાવોની સાથે તૈયાર હતો. પછી જે ઉત્સવ થયો તેના અંગમાં હુમાયૂંની ઓરમાન પણ હિન્દાલની સગી માએ એક મોટી મિજબાની આપી. તેમાં મહેલના સ્ત્રી મંડળને બોલાવ્યું. આ સ્ત્રી મંડળમાં હામીડા નામની એક હિન્દાલના ગુરૂ તરીકે રહેલા અમી-રની દીકરી ઉપર હુમાયૂંનું ખાસ લક્ષ ખેંચાયું. અને તેથી તેને એટલી બધી અસર થઇ કે શાહજાદીનો વિવાહ મળ્યો છે કે નહિ તેની તેજ સ્થળે તપાસ કરી. તેને જવાબ મળ્યો કે તેનું નક્કી તો થઇ ગયું છે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



પણ હજી કાંઇ વિધિ થયો નથી. હુમાયૂંએ કહ્યું કે જો એમ છે તો હું તેને પરણીશ. હિન્દાલે આ ઉતાવળે કરેલા ઠરાવની સામે વાંધો ઉઠાવ્યો. અને એવી બીક બતાવી કે જો આમાં તું દુરાગ્રહ કરીશ તો હું તને મદદ નહિ કરૂં. પછી બે ભાઇઓ વચ્ચે એવો કંકાસ થયો કે જેથી બન્ને વચ્ચે ઝેર થયાં. પણ હિન્દાલની મા આ લગ્નને અનુકૂળ હોવાથી તેણે કરેલી દલીલોએ હિન્દાલને હા કહેવરાવી અને તરતજ પૂરાં ચૌદ વર્ષની થયેલી હામીડાને હુમાયૂં પરણ્યો. થોડા દિવસ પછી આ સુખી જોડું બક્કર અગાડીની છાવણીમાં ગયું.

હુમાયૂંની યુક્તિઓ પેશ પહોંચવાનો વખત પ્રતિકૂળ હતો. તેની બધી યુક્તિયો નિષ્ફળ ગઇ. સને ૧૫૪૨ માં તેને પોતાની બાળક બેગમને સાથે લઇને મારવાડના રણ તરફ જીવ લઇને નાસવું પડ્યું. ઑગસ્ટ મહિનામાં તેઓ જેસલમીર પહોંચ્યાં. પણ ત્યાંના રાજાએ કાંઇ ધડો ન કર્યાથી તેમને મોટા રણની પાર જવાની જરૂર પડી. રસ્તામાં પાણીની તંગીને લીધે એમને ભયંકર દુઃખ વેઠવું પડ્યું. તોપણ હિમતથી સહન કરતાં કરતાં તેઓ બાવીસમી ઑગસ્ટને દિવસે રણને છેડે આવેલા અમરકોટ આગળ પહોંચ્યાં. ત્યાંના રાણાએ તેમની આગતાસ્વાગતા કરી અને ત્યાં આગળ અક્ટોબરની ૧૫ મી તારીખે હામીડા બેગમે અકબરને જન્મ આપ્યો. ચાર દિવસ ઉપર હુમાયૂંએ જન નામના જીલ્લા ઉપર ચડાઈ કરવાને અમરકોટ છોડ્યું હતું. જ્યારે વધામણીના ખબર એને મળ્યા ત્યારે તે વખતે એણે બોલેલા શબ્દો અત્રે ઉતારવા જેવા છે. તેનો આ વખતનો એક અનુયાયી લખે છે કે બાદશાહ બંદગી કરી રહ્યો કે તરત અમીર લોકોને દાખલ કર્યા અને તેઓએ તેને મુબારકબાદી આપી. પછી તેણે તઝકરટ–અલ–ક્રીયતના કર્તા ઇતિહાસકાર જોઉહરને બોલાવ્યો અને તેને હમણાં પોતે શું સોંપ્યું હતું તે જાણવા માગ્યું. તેણે કહ્યું–'ખુદાવિંદ બસેં શાહરૂખી ( ખોરાસાના સોનાના સિક્કા ) એક રૂપાનું કડું અને કસ્તુરીની કોથળીઃ આમાંની પહેલી બે ચીજો તેના ધણીને પાછી આપી છે.' આ સાંભળી હુમાયૂંએ કસ્તુરીની કોથળી મંગાવી અને એક ચીનાઇ તાસકમાં તેને તોડીને તેણે પોતાના ઉમરાવોને બોલાવ્યા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

અને શાહજાદાના જન્મના માન ખાતર બાદશાહ તરફની ભેટ તરીકે–કસ્તુરી વહેંચી. જોઉહર લખે છે કે આ બીનાએ પોતાનો સુવાસ આખા જગતમાં ફેલાવ્યો.

**શા**હજાદાના જન્મથી તરત તો તેના પિતાને કાંઇ શુભ ન થયું. સને ૧૫૪૩ ના જુલાઈમાં હુમાયૂંને સિંધ છોડવાની જરૂર પડી અને પોતાની બેગમ તથા શાહજાદાને લઇને થોડાક અનુચરોની સાથે કન્દહાર જવાને નીકળ્યો. તે જ્યારે શાલ આગળ આવ્યો ત્યારે તેને એવા સમાચાર મળ્યા કે તેનો ભાઈ **અસ્કરી** એક મોટું સૈન્ય લઇને બહુ નજીક આવ્યો છે અને નાસવાની જરૂર છે. તે પંડે અને તેની બેગમ તો તૈયારજ હતી. પણ એક વર્ષની ઉમ્મરનું નાનું બચ્ચું તે વખત ચાલતી તોફાની હવામાં ઘોડા ઉપર દડમજલ સવારી કરવાને કેવલ નાલાયક–તેનું શું કરવું તેના વિચારમાં પડયો. મારો ભાઈ–આ બાળકનો કાકો એક બચ્ચા સ્હામે લડાઇ નહિ કરે એવી પાકી ગણતરી કરીને તે એવા ઠરાવ ઉપર આવ્યો કે, તમામ સરસામાન તથા સાથેની બધી સ્ત્રીઓની સાથે એ બાળક ત્યાંજ રાખવું. તેમ કરીને તે દડમજલ સવારી કરતાં ઇરાનની સરહદ ઉપર સહીસલામત પહોંચ્યો. તેઓ ઉપડયાં કે તરતજ **અસ્કરી** મીરઝાં આવી પહોંચ્યો. પોતાનો ભાઈ નાશી છૂટયાથી ઉત્પન્ન થયેલી નાઉમેદીને થોડા મધુર શબ્દોથી છુપાવી અને તે બાળક શાહજાદા તરફ પ્રેમથી વર્ત્યો. તે કન્દહારનો સુબો હતો, ત્યાં તેણે તેને પહોંચડાવ્યો, અને પોતાનીજ બેગમના ખાસ હવાલામાં–જે સ્ત્રીઓ–એ શાહજાદાની આયાઓ ઉછેરનારીઓ હતી તેમને કાયમ કરીને સોંપ્યો.

બાળક શાહજાદો આ પૂરી સંભાળવાળા હવાલામાં સને ૧૫૪૪ નું આખું વરસ રહ્યો. પણ નવું વરસ બેઠું કે તરતજ તેની અવસ્થામાં ફેર પડયો. શાહ **તા**મ્હાસ્પે પુરા પાડેલા લશ્કરની મદદે તેનો પિતા પશ્ચિમ અફ્‌ગાનીસ્તાન ઉપર ચઢી આવ્યો અને રણની સોંસરા નીકળી સીધો કન્દહાર ઉપર આવતો હતો. આ પગલાથી ચમકીને હુમાયૂં રખેને પોતાના બાળકને પાછો લઇ લે, એવા ભયથી **કા**મરાને તે બાળકને **કા**બુલ ફેરવી દેવાનો તાકીદે હુકમ આપ્યો. જ્યારે **કા**મરાનનો આ વિષયનો સંદેશો લઇને તેના વિશ્વાસુ અમલદારો કન્દહાર પહોંચ્યા ત્યારે **અસ્કરી** મીરઝાંએ આ માંગણી સ્વીકારવી કે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



કેમ તે વિચાર કરવાને એક સભા બોલાવી. કેટલાકોને હુમાયૂંના દિવસો ચડતા લાગવાથી એવી સલાહ આપી કે વિશ્વાસલાયક અને દબદબા ભરેલા રસાલાની સાથે એ બાળકને હુમાયૂં પાસે મોકલી દેવો. બીજાઓએ એમ વિચાર કર્યો કે અસ્કરી મીરઝાં તેના મોટા ભાઇ હુમાયૂંની સાથે એટલો તો બેવફાઇથી વર્ત્યો છે કે પશ્ચાત્તાપ સૂચક કાંઇ પણ કામ કામમાં આવવાનું નથી. માટે એણે કામરાનની મહેરબાની કાયમ રહે એમજ વર્તવું એ વધારે સારૂં છે. આ પાછલી દલીલ ફાવી અને અસાધારણ સખ્ત શીયાળો હતો તોપણ આ બાળક શાહજાદાને અને તેની બહેન બક્ષીબાનુ બેગમને તેમના સેવકો સાથે કાબુલ મોકલાવી દીધાં. થોડીક મુશીબતો–જે દરમિયાન તેમની સાથે મોકલેલા રસાલાને વખતે આ લોકો બચવાનો પ્રયત્ન પણ નહિ કરે એવો ભય લાગ્યો હતો, તે વેઠયા પછી આ મંડળ કાબુલ સહીસલામત પહોંચ્યું. અને ત્યાં આગળ કામરાને બાબરની મહેરબાનીની બહેન ખાનઝાદા બેગમ નામની પોતાની ફોઇને આ ભત્રિજાને સોંપ્યો. આ બાળક શાહજાદાના નાનપણમાં જે આયાઓ અને સેવકો હતાં તેમને આ શુભનામી બેગમે સહુ-સહુના અધિકારમાં રાખ્યા અને પોતાની દેખરેખ નીચે થોડાક દિવસ એ શાહજાદો રહ્યો ત્યાં સુધી બહુ કોમળતાથી તેની કાળજી રાખી. કમનસીબે આ દેખરેખ બહુ થોડો વખત રહી. ૧૪૫૫ ના સપ્ટેમ્બરમાં હુમાયૂંએ કન્દહાર સર કર્યું એ સમાચાર સાંભળતાં કામરાન મોટા ગભરાટમાં પડી ગયો. એ વહેમી અને ઈર્ષ્યાખોર હતો. અને અકબરને હુમાયૂંની વિરૂદ્ધ ઉપયોગમાં આવી શકે એવું **તલીસમાન** ગણીને તે શાહજાદાને એની વડી ફોઇની પાસેથી ખસેડી **કુચકીલાન** નામના એક વિશ્વાસુ સેવકને સોંપ્યો. પણ તે દિવસોમાં એક પછી એક બનાવો ઝડપથી બનવા લાગ્યા. હુમાયૂં કન્દહારમાં પાયો રોપીને એક લશ્કર સાથે કાબુલ તરફ નીકળી પડયો, નવેમ્બરના પહેલા અઠવાડીયામાં તે શહેર આગળ દેખા દીધી પંદરમી તારીખે તે શહેરને વશ થવાની જરૂર પાડી. કામરાન ધઝની નાશી ગયો હતો, પણ હુમાયૂંને જે પુત્રથી આટલો લાંબો વખત વિખુટા પડયો હતો તેને મળવાનો સંતોષ થયો. વળતા વરસના વસંત સુધીમાં હામીદા બેગમ આવી પહોંચી નહતી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

પણ તે દરમિયાન કુચકીલાનને રજા આપવામાં આવી. અને શાહજાદાના પહેલાંના ઉછેરનાર નામે અતકાખાંને તેના અધિકાર ઉપર પાછો નીમ્યો.

થોડો વખત તો આ બાળક દમામમાં અને વૈભવમાં ગરકાવ થયો. પણ શીયાળો બેસતા પહેલાં હુમાયૂંએ બદખ્શાન પાછું મેળવ્યું હતું. અને આ વર્ષની ઠંડી મોશમ એણે એ ઇલાકામાં આવેલા કીલાઝફર આગળ ગાળવાનો ઠરાવ કર્યો. પણ ત્યાં જતાં રસ્તામાં એને એવો ભયંકર મંદવાડ આવી પડયો કે એના જીવની આશા મૂકાઇ. બે મહિના સુધી કેવળ પથારીવશ રહ્યા પછી તે સાજો થયો પણ દરમિયાન એનો અંત હવે નક્કી નજીક છે એમ સમજી એના ઘણાખરા અમીરો તેના ભાઇઓના પક્ષમાં ગયા. પોતાના સસરાએ પૂરી પાડેલી સેનાની મદદ લઇને કામરાને કાબુલ મેળવ્યું તથા કાબુલમાં રહેલા હુમાયૂંના શાહજાદા અકબરનો કબજો કર્યો. આ વિજેતાના પહેલા કાર્યમાંનું એક એ હતું કે શાહજાદાના અંગ ઉપરથી અતકાખાંને ખશેડયો અને એને ઠેકાણે પોતાનો એક માણસ નીમ્યો.

પણ હુમાયૂં જરા સતેજ થયો કે તરતજ તેણે રાજધાની મેળવવા સારૂ સવારી કરી. કામરાનની સર્વોત્તમ સેનાની એક ટુકડીને પરામાં હરાવીને એણે કોહ્–અબેઇનિ જ્યાંથી આખુ શહેર ખુલ્લું દેખાય છે, ત્યાં પડાવ નાંખ્યો, અને શહેર ઉપર તોપોના બહાર ચલાવવા માંડયા. થોડા દિવસ પછી તો આ અગ્નિ એટલો બધો સખ્ત અને એટલો તો નુકસાનકારક થયો કે કામરાને એ બંધ કરવાના ઇરાદાથી પોતાના ભાઇને એવું કહેણ મોકલાવ્યું કે જો તોપો બંધ નહિ કરો અગ્નિ ઘણોજ તીવ્ર હશે એવી એક જગામાં કિલ્લા ઉપર અકબરને ઉભો રાખીશ. હુમાયૂંએ તોપો છોડવી બંધ કરવાનો હુકમ આપ્યો. તોપણ ઘેરો તો એણે કાયમજ રાખ્યો અને તા. ૨૮ મી એપ્રિલે વિજય કરી નગરમાં પેઠો.

કામરાન પહેલી રાતેજ બદક્ષાન નાશી ગયો હતો. હુમાયૂં પણ તેની પાછળ ત્યાં ગયો. પણ પછીના શીયાળામાં એના કેટલાક જબરા જબરા અમીરો એના સ્હામા થયા અને એને છોડી કામરાનના પક્ષમાં ભરાયા. હુમાયૂંએ કેટલીક અવળી સવળી સવારીઓ કરીને સને ૧૫૪૮ ના ઉના-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ળામાં પોતાના ઉત્તરના મુલકનો બંદોબસ્ત કરવાને એક પાકો પ્રયત્ન કરવાનું નક્કી કર્યું. જુન મહિનામાં એ ઠરાવને અનુસારે એ અકબર અને અકબરની જનેતાને લઇને કાબુલથી ચાલ્યો. ગુલબન અગાડી પહોંચ્યા બાદ તેણે અકબર અને તેની માને કાબુલ પાછાં મોકલ્યાં અને પોતે તાલીકાન ઉપર ચઢી ગયો, અને કામરાનને શરણ આવવાની ગરજ પાડી. પોતાના ઉત્તર ભણીના મુલકનો બંદોબસ્ત કરીને એ બાદશાહ–આ વખતે એ ઇલ્કાબ તેણે ધારણ કર્યો હતો–કાબુલ પાછો ફર્યો.

પશ્ચિમ કુન્દુઝના મુલકમાં આવેલા બલ્ક ઉપર અજમાશ કરવા માટે ફરી તેણે ૧૫૪૯ ની ઉતરતી વસંતમાં કાબુલ છોડયું, અને ૧૫૫૦ નો શીયાળો ગાળવા વળી પાછો કાબુલ આવ્યો. હવે એક બહુજ વિચિત્ર બનાવ બન્યો. બલ્ખ ઉપર સવારી લઇ જવામાં કામરાન હુમાયૂં ભેગો ન ભળ્યો તેથીજ તેને પાછા ફરવું પડયું હતું. ત્યારબાદ કામરાન ઉઘાડી રીતે એની સામે થયો. ઑકસસ ઉપર એક નિષ્ફળ સવારી કરીને હુમાયૂં તરફ પોતાનું તેણે શરણ પત્ર મોકલી દીધું હતું. પછી હુમાયૂં આઠ વરસની ઉમરના અકબરને કાબુલનું રાજ્ય સોંપીને અને મહમદ કાસીમખાં બીલોલને એનો સંભાળનાર તરીકે નીમીને રાજધાનીના નગરથી પોતાના ભાઇને કેદ કરવા સારૂ ઉપડયો. આ વખતે એની હીલચાલ એટલી તો બેદરકારી ભરેલી હતી કે પ્રથમથી રચી રાખેલી યુક્તિ પ્રમાણે કામરાને કિપચકના ગિરિસંકટને ઉપલાણે છેડે તેના ઉપર છાપો માર્યો અને હુમાયૂંને નસાડયો. નાસતાં નાસતાં હુમાયૂંને સખત ઘા વાગ્યા તોપણ તે સીર્તનપાસની ટોચ સુધી સહીસલામત પહોંચી શકયો. ત્યાં આગળ તેને પ્રથમ કરતાં નિર્ભયતા વધારે હતી. દરમિયાન કામરાન કાબુલ ઉપર ચઢી તે શહેર કબજે કર્યું અને અકબર ત્રીજીવાર કેદી થઇને એના હાથમાં પડયો. આ સંકટને હુમાયૂં દીનપણે વશ થયો નહિ. પણ એના મિત્રોને એકઠા કરીને તે ફરીથી આ પર્વતોની પેલી પાર ગયો અને કાબુલપર સવારી કરી સુતરઝાદિન આગળ આવ્યો ત્યારે કામરાનનું લશ્કર તેની સાથે લડવાની તૈયારીમાં ઊભું રાખેલું તેણે દીઠું. સલાહ કરવા સારૂ નિષ્ફળ સંવ્યવહાર થોડા દિવસ સુધી ચલાવ્યા પછી હુમાયુંએ હલ્લો કરવાનો હુકમ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



આપ્યો. આના પરિણામમાં હુમાયૂંનો પૂર્ણ વિજય થયો અને કામરાન નાઠો. ક્ષણવાર તો હુમાયૂંને એમ ભય રહ્યો કે કામરાન નાસતાં પોતાના અકબરને સાથે લઈ ગયો હશે. પણ શહેરમાં દાખલ થતા પહેલાં અકતાખાન જેની સંભાળમાં અકબરને સોંપવામાં આવ્યો હતો, તેની સાથે તે છાવણીમાં આવી પહોંચવાથી તે ચિંતામુક્ત થયો. બીજે દિવસે એ શહેરમાં દાખલ થયો.

આ વખતનો હુમાયૂંનો જય પાકો અને ચિરસ્થાયી નીવડયો. ત્યાર પછી ઈનામો વહેંચાયાં અને તેમાં હુમાયૂં અકબરને ભૂલ્યો નહિ. અકબર ઉપર ચિર્ખ નામનો જીલ્લો—જાગીર તરીકે એનાયત કર્યો અને સીસ્તાનના હાજી મહમદખાંનને એનો કારભારી ઠરાવ્યો અને અકબરની કેળવણીની સંભાળ રાખવાનું પણ એનેજ સોંપ્યું. પછીના વરસમાં હુમાયૂંને હેરાન કરનારાં કારણો એક પછી એક લોપ થવા માંડયાં. અલબત એકવાર વળી કામરાને હથીયારબંધ દેખા દીધી હતી પણ તેમાં તેને એવા બળથી પાછો હઠાવવામાં આવ્યો કે એને શરણે આવવાની જરૂર પડી. (૧૫૫૩ નો ઑગસ્ટ) પછી એને દેશનીકાલ કરી મક્કે મોકલવામાં આવ્યો, અને ત્યાં તે ચાર વરસ પછી મરણ પામ્યો. બીજો ભાઇ અસ્કરી મીરઝાં જેની પ્રકૃતિમાંજ બેવફાઈનું સંમિશ્રણ હતું એમ લાગે છે તેનો સને ૧૫૫૧ માં મક્કે દેશનીકાલ કરવામાં આવ્યો હતો. તે હજી જીવતો હતો, પણ હવે કાંઈ ઇજા કરે એમ નહતું. આ પ્રમાણે એના ભાઇથી મુક્ત થયા પછી હુમાયૂંએ કાશ્મીર મેળવવાનો વિચાર કર્યો. પણ તેના અમીરો અને અનુચરો આવી સવારીની એટલા બધા વિરૂદ્ધમાં હતા કે કમરજીએ પણ તેને છોડી દેવાની જરૂર પડી. સિંધુ નદી ઓળંગીને પોતે કંઇક ઠંડો પડયો. સિંધુ અને જેલમની વચ્ચેના પ્રદેશમાં પડાવ નાંખીને પડયો હતો, તે દરમિયાન તેણે પેશાવરના કિલ્લા ઉપર મોટા પાયા ઉપર ફરીથી બાંધવા જેવાં સમારકામ કરવાનો હુકમ આપ્યો. આ વખતે પણ તે હિંદુસ્તાનની ચઢાઇના વિચારમાંજ હતો. અને ત્યાં અગાડી પોતાનું લસ્કર એ એકત્ર કરી શકે એવા ગિરિમાર્ગોની પેલી બાજુએ એક આશ્રય આપે એવા સ્થળનો કબજો કરવા ખાસ ઇંતેજાર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



હતો. કામ એવું તો ઝપાટાબંધ ચલાવ્યું કે સને ૧૫૫૪ ના છેલ્લા ભાગમાં કિલ્લો તૈયાર થયો. પછી એ કાબુલ પાછો ફર્યો. પછીના શીયાળામાં અને બેસતા વસંતમાં હિંદુસ્તાનમાં એવો અણીનો સમય આવ્યો કે જેથી પોતાની યુક્તિઓ અમલમાં લાવવાનો લાગ હુમાયૂંને મળ્યો.

## પ્રકરણ ૭ મું.

### હુમાયૂંની હિંદુસ્તાન ઉપર સવારી તેનું મૃત્યુ.

શેરખાંસુરે હુમાયૂંને સને ૧૫૪૦માં કનોજની લડાઇમાં હરાવ્યો અને પોતાના તે વિજયના પરિણામમાં બાબરે મેળવેલા તમામ મુલકનો બાદશાહ થયો. પછી તેણે તેમાં કેટલોક મુલક ઉમેર્યો હતો. તે સમર્થ પુરૂષ હતો. પણ જે બાદશાહને પદભ્રષ્ટ કરીને તે ગાદીએ આવ્યો તેના કરતાં વધારે સ્થૈર્ય સંપાદન કરવાની અથવા એકીકરણ કરવાની બુદ્ધિ તેનામાં નહતી. તેનો રાજ્યતંત્ર પણ છૂટી છવાઇ છાવણીઓ નાંખીને દરેક જીલ્લાની અને દરેક ઇલાકાની જુદી જુદી વ્યવસ્થા રાખવાનોજ હતો. સને ૧૫૪૫માં કલિંજરના ઘેરામાં તે મજબુત કિલ્લો તેને સ્વાધીન થયો કે તરતજ તે મરણ પામ્યો.

સુલતાન ઈસ્લામના નામથી પણ ઓળખાતો, તેનો બીજો દીકરો સલીમશાહ સૂર તેના પછી ગાદીએ આવ્યો અને સાત આઠ વરસ રાજ્ય કર્યું. તેના રાજ્યનો ઝાઝો વખત તેના હાથ નીચે જુદા જુદા જીલ્લાઓ ધારણ કરનાર અમીરોનાં કાવતરાંના ઇલાજ લેવામાં ગયો, તેથી એમ ધારી શકાય કે વારસામાં મળેલા રાજ્યતંત્રની દુર્બળતાનું તેને આછુંજ ભાન થયું હશે.* કુંળી વયના એક નાના બાળકને ઉત્તરાધિકારી તરીકે મૂકીને તે મરણ પામ્યો ત્યારે અમીરોનો હાથ ઉપર આવ્યો. આનું તાત્કાલિક પરિણામ એ થયું કે ત્રણ દિવસના નામના રાજ્ય પછી તે બાળક શાહજાદાનું ખૂન થયું અને તેના મામાએ ગાદી ઝડપી. તેણે મહમદશાહ અદેલ એવે ઇલ્કાબે સુલ્તાન

* જો સારી રીતે થયું હત તો જરૂર તેણે વ્યવસ્થાતંત્ર ફેરવી નાંખ્યો હત.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

તરીકે પોતાના નામનો ઢંઢેરો પીટાવ્યો. તે અજ્ઞાન, ક્રૂર, ધડા વગરનો અને હડહડતો વ્યભિચારી હતો. પણ સારે ભાગ્યે હેમુ નામના એક હિંદુનો પોતાની ગાદી સાથે સંબંધ કરાવ્યો હતો. આ હેમુ મૂળ તો મેવાતમાં આવેલા રેવારી નામના એક શહેરનો દુકાનદાર હતો. પણ એણે એવી ઉત્તમ શક્ત બતાવી હતી કે આખરે રાજ્યની તમામ સત્તા તેના હાથમાં ઠરવા દેવામાં આવી. તોપણ હેમુની શક્તિ શેરશાહે પોતાના શાહજાદાને વારસામાં આપેલા મુલકના વિભાગ થતા અટકાવી શકી નહિ. ઈબ્રાહીમખાંએ બીયાનામાં બળવો કર્યો. અને આગ્રા તથા દિલ્હીનો કબજો કરીને પોતાને સુલતાન કહેવરાવ્યો. સતલજના વાયવ્ય પ્રદેશના સુબા અહમદખાને પંજાબ ઝડપ્યું અને સિંકદરશાહ એવું નામ ધારણ કરી ત્યાંનો રાજા થઇ બેઠો. શુજાખાંને માળવાના રાજ્યનો કબજો કર્યો. બે હરીફ હકદારો પૂર્વ દેશોને માટે લડતાજ હતા. લડાઇ થઇ તેમાં તત્ક્ષણ તો સિકંદરશાહ ફાવ્યો. આગ્રાથી વીસ માઇલ દૂર ફરા અગાડી તેણે ઈબ્રાહીમખાંને હરાવ્યો. અને પછી દિલ્હી ઉપર સવારી કરી તે શહેર લીધું. જુઆનપુર અને બિહાર પાછાં મેળવવાને એક સવારી લઇ જવાની તે તૈયારી કરતો હતો, તેવામાં કાબુલથી આવતા ભયના તેને સમાચાર મળ્યા.

હવે પછીના બનાવો પરિણામ માત્રમાંજ અગત્યના છે. હુમાયૂં કાબુલથી સિંધુ નદી તરફ આવવાને સને ૧૫૫૪ના નવેમ્બરમાં ઉપડયો. ઉપડતી વખતે તે એક નાના લશ્કરનો સરદાર હતો. પણ જેમ જેમ તે આગળ વધતો ગયો તેમ તેમ તેનું બળ વધતું ગયું. અકબર તેની સાથે હતો. ૧૫૫૫ ના જાન્યુઆરીની બીજી તારીખે સિંધુ નદી ઓળંગીને હુમાયૂંએ રાવળપિંડીનો રસ્તો લીધો. ત્યાંથી પછી રાવીને પેલે કિનારે કલોનાર ઉપર ધસ્યો. ત્યાં તેણે પોતાના લશ્કરના વિભાગો કરી નાંખ્યા. પોતાના સર્વોત્તમ સરદાર બેરામખાંને જાલંધરમાં મોકલી પોતે લાહોર તરફ ઉપડયો અને ત્યાં પહોંચી પોતાની ખાસ મહેરબાનીના અબદુલ માલીને દીપલપુરનો કબજો કરવાને મોકલ્યો. દીપલપુર આ વખતે રાજધાની અને મુલતાન વચ્ચેના તમામ મુલક ઉપર અમલ કરતું એક અગત્યનું મથક હતું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

એક પછી એક બીનાઓનાં પરિણામો જલદીથી આવવા લાગ્યાં. સતલજ ઉપર મચ્છીવાડા આગળ સિકંદરશાહના સરદારોને બેરામખાંએ હરાવ્યા અને પછી સરહિંદ ઉપર ચાલ્યો. સિકંદર, એને ત્યાં આગળ કચરી નાંખવાની આશાએ પુષ્કળ બળની સાથે તે જગ્યા ઉપર ગયો. બેહરામ પોતાની મજબુતી કરીને પડી રહ્યો, અને મદદને માટે હુમાયૂંને લખ્યું. હુમાયૂંએ જુવાન અકબરને મોકલી દીધો અને થોડા દિવસ પછી પોતે પણ અનુસર્યો. તેઓ આવી પહોંચે ત્યાર પહેલાં સિકંદર પહોંચ્યો હતો પણ હુમલો કરતાં તે અચકાયો. આમ અચકાયાથી તેને નુકસાન ગયું. હુમાયૂં આવ્યો કે તરતજ તેણે એક મોટી લડાઇમાં ઝંપલાવ્યું. તેમાં તેની પાકી ફતેહ થઇ. સિકંદરશાહ સિવાલીકના પર્વતમાં નાઠો અને હુમાયૂં પોતાના વિજયી સૈન્યની સાથે દિલ્હી ઉપર ચઢયો. તા. ૨૩ મી જુલાઇને દિવસે તેણે દિલ્હી સર કર્યું અને એક ટુકડીને રોહિલખંડ ઉપર ધાડ પાડવા અને બીજીને આગ્રાનો કબજો કરવાને સારૂ મોકલી. પંજાબ સર કરવાને માટે અબુલમાલીને તેણે પ્રથમથીજ મોકલ્યો હતો.

પણ એનાં સંકટો હજી પૂરાં થયાં નહતાં. મહમદશાહ અદેલના સેનાધિપતિ અને મુખ્ય પ્રધાન હેમુ વાયવ્ય પ્રાંત ઉપર હુમલો કરનાર બંગાળાની ગાદીના જુઠા હકદારને યમુના ઉપર કાલ્પી અગાડી હરાવીને દિલ્હી ઉપર ચઢી આવવાની તૈયારી કરતો હતો. સરહિંદ અગાડી હારેલો સિકંદરશાહ પણ પંજાબમાં કાંઇક ચેતનનાં ચિન્હ બતાવવા લાગ્યો હતો. આ બધાં સંકટોની સામે હુમાયૂંએ પંડે દિલ્હી રહેવાનો ઠરાવ કર્યો અને બેરામખાંને અતાલીક અથવા સલાહકાર તરીકે નીમીને અકબરને પંજાબમાં બંદોબસ્ત કરવા સારૂ મોકલ્યો.

પહેલાં આપણે અકબરે શું કર્યું તે જોવું જોઇએ. ૧૫૫૬ ના જાન્યુઆરીની શરૂવાતમાં તે શાહજાદો સરહિંદ પહોંચ્યો. ત્યાં આગળ પોતાના પિતાની મહેરબાનીના માણસ અબદુલ માલીના ગર્વથી કંટાળેલા કેટલાક અમીરો તેને મળ્યા અને પીલોર અગાડી સતલજ નદી ઓળંગી કાંગરા જીલ્લામાં આવેલા સુલતાનપુર ઉપર સવારી કરી. અને ત્યાંથી સિકંદર-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



શાહની કેદ લેતાં તે હરીયાણામાં જઇ પહોંચ્યો. ત્યાં પહોંચ્યો તેજ સવારમાં તેના પિતાને થયેલા એક ભયંકર અકસ્માતની તેને ખબર મળી. એટલે આગળ વધવાનું મોકુફ રાખી બીજા સમાચારની રાહ જોવા સારૂ કલાનોર તરફ ચાલ્યો. તે ત્યાં પહોંચ્યો કે તરતજ હુમાયૂંના હુકમથી લખાયેલો એક પત્ર તેના હાથમાં મૂકવામાં આવ્યો, જેમાં ઉતાવળે આરામ થવાની આશા બતાવવામાં આવી હતી. પણ જરા વાર પછી બાદશાહના મૃત્યુના સમાચાર લઇ બીજો કાસદ આવ્યો. એકદમ અકબરના નામનો ઢંઢેરો પીટાવરાવ્યો.

ફક્ત તેર વરસ અને ચાર મહિનાના બાળકને માટે આ પ્રસંગ કસોટીનો હતો. અલબત પંજાબ તો તેના હાથમાંજ હતું. તેના નોકરોના કબજામાં સરહિંદ અને દિલ્હી હતાં, અને આગ્રા પણ હોય તો ના ન કહેવાય. પણ એને આટલી ખબર હતી કે એ ( પેલા ખોટા હકદાર ઉપર બીજી પણ જીત એણે મેળવી હતી. ) વિજયોથી ફુલાઈ ગયેલો હેમુ પચાસ હજાર પાયદળ અને પાંચસે હાથીના સૈન્ય સાથે આગ્રા ઉપર મહમદશાહ અદેલનો અમલ ફરીથી બેસારવાના સ્પષ્ટ ઇરાદાથી આવતો હતો. વળી એના સંકટમાં બીજો ઉમેરો થયો. થોડા દિવસ પછી પોતાના પિતાએ નીમેલો કાબુલનો સુબો સ્હામો થયાના સમાચાર સાંભળ્યા.

હુમાયૂં દિલ્હીની પોતાની પુસ્તકશાળાના ધાબાની નીસરણીને પહેલે પગથીએથી પડી જવાથી મરણ પામ્યો હતો. ચાર દિવસ સુધી એનો મંદવાડ પહોંચ્યો. આમાંનો ઝાઝો ભાગ એ બેભાન દશામાં રહ્યો અને તા. ૨૪મી જાન્યુઆરીને દિવસે સાંજે અડતાળીસ વરસની ઉમરે મરણ પામ્યો. રાજધાનીમાં રહેતા તમામ ઉમરાવોમાંથી સર્વોત્તમ ઉમરાવ, અને દિલ્હીની સુબાગિરીના અધિકારવાળા તાર્દીબેગખાંએ આ વખતે રાજ્યકાર્યની લગામ હાથમાં લીધી. પહેલવેહેલું હુંશીયારીનું કામ એણે એ કર્યું કે જ્યાં સૂધી જુવાન અકબરને નિર્ભયપણે રાજ્ય મળે એવી ગોઠવણ થઈ શકે ત્યાં સુધી હુમાયૂંની વાત એણે લોકોથી છાની રાખી અને અકબરને બધી હકીકત વિસ્તાર સાથે કાસદોથી જણાવી. પછી દશમી ફેબ્રુઆરીને દિવસે ઉમરાવો સાથે જુમામસીદમાં ગયો અને ત્યાં અકબરના નામની બંદગી કરાવી. ત્યાર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



બાદ તેણે તમામ રાજ્યચિન્હો આભૂષણો અને રાજમુકુટ, હજુરી અમલદારો, ખાસ બાદશાહના અંગરક્ષકો (તથા હુમાયૂંનો ભાઇ કામરાનનો શાહજાદો જે વખતે ગાદીનો હક કરે એવો સંભવ હતો). તેમની સાથે નવા બાદશાહના પંજાબ મધ્યેના મુકામ ઉપર મોકલાવી દીધાં. આટલું કર્યા પછી તેણે હેમુના હુમલા સામે પાયતખ્તનું રક્ષણ કરવાનાં પગલાં લીધાં.

## પ્રકરણ ૮ મું.

## પિતાની ગાદી માટે અકબરનો વિગ્રહ.

ઉપર જણાવ્યું છે કે પોતાના લશ્કરને મોખરે અકબર કલાનોરમાં દાખલ થતો હતો તેવામાં તેને તેના પિતાના મૃત્યુના સમાચાર મળ્યા. આ વખતે તેણે કાબુલના ફિતુરની વાત સાંભળી નહતી તેમજ તેના અતાલીક બેહેરામખાંએ દિલ્હી સામે હેમુની હીલચાલના સંભવ ઉપર કાંઈ વિચાર કર્યો નહતો. આથી પેહેલા થોડા દિવસ તો એમ જણાયું કે જેનો પરાભવ કરવાને તેના બાપે તેને પંજાબ મોકલ્યો હતો તે સિકંદરશાહ એકલોજ જાણે લડવા જેવો શત્રુ છે. આ નવાબ હજી હથિયારબંધ હતો અને કાશ્મીર તરફ ધીમે ધીમે ખસતો હતો. આ ઉપરથી જુવાન બાદશાહને અને તેના અતાલીકને આપણું પહેલું કામ પંજાબ નિર્ભય કરવાનું છે એમ જણાયું. અને તે અર્થ સાધવા માટે પહેલવહેલો સિકંદશાહનો કેડો લેવો જોઇએ એમ લાગ્યું. આ ધોરણને અનુસારે કલાનોરથી લશ્કર ઉપડ્યું અને સિકંદરશાહની પાછળ થઇ તેને સિવાલીકની ગિરિમાલામાં આવેલા માન્કોટના દુર્ગમાં આશ્રય લેવાની જરૂર પાડી. માનકોટનો દુર્ગ બહુ અભેદ્ય હોવાથી અને હિંદુસ્તાન અને કાબુલમાં બનતી પ્રતિકૂળ બીનાઓના સમાચાર મળવાથી તે કિલ્લો તોડવા સારૂ એક સૈન્ય ત્યાં રાખીનેજ સેનાપતિઓ સંતોષ પામ્યા અને જાલંધર તરફ પાછા વળ્યા.

આ વખત ખરેખર અણીનો હતો. કાબુલમાં ફિતુર થયું હતું એટલુંજ નહિ પણ ડગલે ડગલે વધતા જતા લશ્કર સાથે એક પણ ઘા માર્યા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



વિના હેમુએ આગ્રા સર કર્યું હતું અને દિલ્હી તરફ હઠતા દુર્ગરક્ષક સૈન્યની પાછળ પડયો હતો. એક દિવસ પછી એવા સમાચાર મળ્યા કે તેણે દિલ્હીની નજીક એક મુગલ લશ્કરને હરાવી તે દિલ્હીમાં દાખલ થયો છે, અને તાર્દીબેગ પરાભવ પામેલા લશ્કરના રહ્યા સહ્યા માણસોની સાથે સરહિંદ તરફ નાસી ગયો છે.

સંખ્યાબંધ મંત્રીઓ હોય ત્યાં હમેશાં ડાહાજ સલાહ મળે એમ ન સમજવું. હેમુના વિજયની વાત સાંભળી ત્યારે અકબરે તેના વિગ્રહકુશળ અમીરોની સભા બોલાવી અને તેમની સલાહ માંગી. માત્ર એકજ અપવાદે તેઓ સર્વેએ કાબુલનો આશ્રય લેવાની દલીલ રજુ કરી. અમને ખાત્રી છે કે આ પર્વતદુર્ગ આપને જરૂર મળશે. અને હિંદુસ્તાન ઉપર નવી ચઢાઈ કરવા લાયક શુભ પ્રસંગો આવે ત્યાં સુધી આપ ત્યાં રહી શકશો. આ સલાહની વિરૂદ્ધ બેરામખાંએ પોતાનો સતેજ અવાજ ઉઠાવ્યો. તેણે એકદમ સતલજ ઓળંગીને સરહિંદ આગળ તાર્દીબેગને મળી ત્યાંથી હેમુની સામે જરા પણ વખત ખોયા વિના ધસારો કરવાની સલાહ આપી. તેણે કહ્યું કે એ વાર મેળવેલી અને બે વાર ખોયેલી દિલ્હી ગમે તેમ થાય તોપણ પાછી મેળવવીજ જોઇએ. ભવિષ્ય નક્કી કરનાર દીલ્હી છે કાબુલ નથી. દિલ્હી સર કર્યા પછી કાબુલ સહેલાઇથી મેળવી શકાશે. અકબરનું સ્વાભાવિક વલણ અતાલીકની સલાહ સાથે મળ્યું અને સતલજ સોંસરી તરતજ કુચ કરવાનો હુકમ અપાયો.

અકબર અને બહેરામ ખરી રીતે સમજી ગયા કે હિંદુસ્તાનની શહેનશાહત અને કાબુલનું નાનું રાજ્ય એ બે વચ્ચે એમને પસંદગી કરવાની છે. હિંદુસ્તાનના પોતાના મિત્રો તરફથી એમને એવા સમાચાર મળ્યા હતા કે દિલ્હીની પુરવણીમાં પંજાબ સર કરવાની હેમુ તૈયારી કરે છે. હેમુની આગળ નીકળવું અને આરંભનું પગલું તેને ન ભરવા દેતાં પોતેજ ભરવું, (જે એશીઆના વતનીઓમાં મહા મોટું કામ ગણાય છે) તે વિજય મેળવવા માટે લગભગ અવશ્યનુંજ હતું. આમ વિચાર કરી અકબર જાલંધરથી ઓકટોમ્બરમાં ઉપડયો અને સતલજ નદી ઓળંગી, સરહિંદ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



શહેર આગળ પહોંચ્યો. ત્યાં તે દિલ્હીના ગઢ આગળ હારેલા અમીરો તથા તાર્દીબેગને મળ્યો. એમના આંહી પહોંચ્યા પછી જે સંજોગો બન્યા તેથી અતાલિકે ધારણ કરેલી નિરંકુશ સત્તાની અસૂયાનાં પ્રથમ બીજ અકબરના દિલમાં રોપાયાં. તાર્દીબેગ તર્કી ઉમરાવ હતો. અને હુમાયૂં અને બીજા ભાઇઓ વચ્ચેના વિગ્રહમાં એક કરતાં વધારે વાર એક પક્ષ મૂકી બીજા પક્ષમાં ગયો હતો તોપણ આખરે અકબરના પિતા હુમાયૂંના પક્ષનો થઇ રહ્યો હતો. જ્યારે હુમાયૂં મરણ પામ્યો ત્યારે તાર્દીબેગેજ પોતાની બુદ્ધિ અને વફાદારીથી કામરાનનો એક શાહજાદો તે વખતે દિલ્હીમાં હતો તોપણ અકબરને માટે લોહી વહેવરાવ્યા વિના રાજ્યપ્રાપ્તિ સિદ્ધ કરવાનો વિજય મેળવ્યો હતો. હેમુને હાથે હાર ખાધા પછી કેટલાક અમીરોના મત પ્રમાણે તેણે દિલ્હીનો કબજો જરા ન છાજતી ઉતાવળે છોડી દીધો હતો. પણ આ પ્રપંચકૌશલ્યની ભૂલ એ કાંઇ ગુન્હો ન કહેવાય. એણે સરહિંદમાં અકબરને માટે એક જબરૂં સૈન્ય તૈયાર કર્યું તો હતુંજ. પણ તાર્દીબેગ અને બૈરામખાનની આ ઈર્ષ્યા ધર્મભેદથી વધી પડી હતી. કેમકે મહમદના ધર્મના બે ભેદ શીયા અને સુન્ની તેમાં બૈરામ શીયા પંથનો અને તાર્દીબેગ સુન્ની મતનો હતો. આ ઉપરથી તાર્દીબેગ સરહિંદ આવ્યો ત્યારે બૈરામે એને પોતાના તંબુમાં બોલાવ્યો અને ત્યાં તેને ઠાર કરાવ્યો. આ અન્યાયના કર્મ માટે અકબર બહુજ નાખુશ થયો અને બૈરામ પોતાના કામનું વાજબીપણું સિદ્ધ કરવામાં ફતેહ પામ્યો નહિ. આપણે એમ અનુમાન કરીયે તો કરાય—કે ઉમરાવોની યોગ્ય અધીનતા સિદ્ધ કરવા સારૂ બંદોબસ્તના હકમાં આવું પગલું ભરવું જરૂરનું હતું, એવું કારણ બતાવવાનું બાહાનું તેણે કહાડ્યું હશે.

દરમિયાન, નવા ધારણ કરેલા 'રાજા' એ ઇલ્કાબથી ખુશી થતો અને સૈન્ય એકઠું કરતો હેમુ દિલ્હીમાં રહ્યો. પણ તેણે જ્યારે સાંભળ્યું કે અકબર સરહિંદ પહોંચ્યો છે ત્યારે તેણે પોતાનું તોપખાનું દિલ્હીની ઉત્તરે પાંત્રીસ માઇલ ઉપર આવેલા પાણીપત આગળ મોકલ્યું અને પાયદળ તથા ઘોડેસ્વાર લશ્કર સાથે પોતે તરતજ ત્યાં જવાનો ઇરાદો કર્યો. આણી તરફ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



અકબર પણ સરહિંદથી એજ દિશાએ જતો હતો; વિશેષમાં અલી–કુલીખાં–ઈ. શાઇબાનીની સરદારી નીચે દશ હજાર ઘોડેસ્વારનું સૈન્ય આગળથી મોકલવાનું સાવધ પગલું તેણે ભર્યું હતું. આ સરદાર તાર્દીબેગની સાથે હેમુની સામે દિલ્હી આગળ લડયો હતો અને તાર્દીબેગનું ઉતાવળથી પાછા હઠવાનું પગલું તેણે નિંધ્યું હતું. અલીકુલી પાણીપત સુધી પહોંચ્યો અને હેમુના લશ્કરની તોપો રક્ષકો વિનાની પડેલી જોઇને તેના ઉપર ધસી પડયો અને બધી કેદ કરી. આ તેજસ્વી પરાક્રમની કદર પીછાની તેને ખાનઝમાન બનાવવામાં આવ્યો અને તે દિવસથી આ નામથી તે ઈતિહાસમાં ઓળખાય છે. આ કમનસીબથી હેમુ બહુ નિરૂત્સાહ થઈ ગયો, કારણ એવું જણાવવામાં આવે છે કે આ તોપો તર્કીમાંથી મેળવેલી હતી અને તેના ઉપર બહુ માનની નજર રખાતી. તોપણ વિલંબ કર્યા વિના એ પાણીપત તરફ દડમજલ ચાલ્યો.

અકબર અને બેરામ સને ૧૫૫૬ ના નવેમ્બરની પાંચમી તારીખે પાણીપતની સપાટ ભૂમિ તરફ કુચ કરતા હતા, તેવામાં તેમણે તેમની તરફ આવતું હેમુનું લશ્કર દીઠું. આ જુવાન બાદશાહના મનમાં આ વખતે મને લાગે છે કે એવો વિચાર આવ્યોજ હોવો જોઇએ–કે બરોબર ત્રીસ વર્ષ ઉપર તેના પિતામહ બાબરે આ જમીન ઉપર લોદીવંશને કચરી નાંખી હિંદુસ્તાનનું રાજ્ય લીધું હતું. આ વખતે તેના સામું એક રાજ્ય છીનવી લેનારનું સૈન્ય આવતું હતું. જે એના બાપને હાંકી કહાડનાર સુરવંશની સાથે લગ્નથી સંબંધ ધરાવતો હતો. તેણે જાણ્યુંજ હશે કે આ લડાઇ આ સૈકાને માટે નિર્ણયકર્તા લડાઈ થવાની. પણ ગમે એટલો અગમચેતીવાળો એ હતો તોપણ એ એવો ભવિષ્યવેત્તા કયાંથી હોય કે એ એમ જાણે કે આ લડાઇ બસેં વર્ષ ઉપર પર્યંત કાયમ રહેનાર એક વંશની હિંદુસ્તાનમાં સ્થાપના કરવાનું આરંભ બિંદુ થશે. તેમ તે શી રીતે જાણી શકે તે વંશને નિસ્તેજ કરવા સારૂ ઉત્તરમાંથી બીજી એક ચઢાઈની અને બીજી પાણીપતની લડાઈની જરૂર પડશે અને તેનો સમૂળો નાશ કરવા એટલેન્ટિક મહાસાગરમાં આવેલા એક ટાપુમાં વસનારા પરદેશી લોકોને આવવું પડશે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

50/50

4/25/2021





**હેમુએ** પોતાના લશ્કરના ત્રણ વિભાગ પાડયા હતા. મોખરે મોભાદાર અમલદારને લઈ પાંચસેં હાથીઓ પોતાના માનીતા હાથી ઉપર સવાર થયેલ **હેમુ**ની પોતાની સરદારી નીચે ચાલતા હતા. પહેલો આગળ આવતા મોગલોની ડાબી ટુકડી ઉપર તે ધસ્યો અને તેને વિખેરી નાંખી; પણ તેના મદદગારો આ હુમલાને પાયદળની મદદ આપી ન શકયા, તેથી તે પાછો હઠયો અને **બેરામખાં**ની પંડની સરદારીવાળા મધ્ય સેના ઉપર પડયો. આ ચતુર સરદારે–આવી રીતનો હુમલો થશે એવી આગળથી ધારણા રાખીને પોતાના તીરંદાજોને હાથીની સવારીવાળાના મોં સામે તીર તાકી રાખવાનો હુકમ આપ્યો હતો. આમાંનું એક તીર **હેમુ**ની આંખમાં ભોંકાયું. તે પોતાના હોદ્દામાંજ પડી ગયો અને ક્ષણવાર તો બેભાન રહ્યો. પોતાના સરદારના પડવાથી અનુયાયીઓ ગભરાટમાં પડયા, હુમલો ધીરો પડયો, અને પછી વિરામ્યો. **બેરામખાં**ના લશ્કરે આ વિરામમાંથી તરતજ નાસભાગ નીપજાવી. **હેમુ**વાળો હાથી–આવત કપાઈ ગયેલો હોવાથી બીનમાવતે અનાયાસેજ જંગલ તરફ જવા લાગ્યો. **બેરામખાં**નો અનુયાયી અને દૂરનો સગો **શાહકુલી મહરામ**–ઈ–બહારલુ–નામનો એક ઉમરાવ આના ઉપર કોણ બેઠું છે એ જાણ્યા વિના આ હાથીની પાછળ પડયો. તેની લગભગ થઈ તેના ગળાની આસપાસ રાખેલું દોરડું પકડીને તેણે જોયું તો માલમ પડયું કે ઘાયલ થયેલો **હેમુ** પંડેજ એનો કેદી થયો છે. તેને તે **બેરામ** પાસે લઇ ગયો. **બેરામ** તેને જુવાન બાદશાહની પાસે લઇ ગયો. તેણે આખો દિવસ બહાદુરી અને સરદારી બતાવી હતી પણ વ્યૂહનું કામ પોતાના અતાલીકને સોંપ્યું હતું. પછી જે બનાવ બન્યો તેનું સમકાલીન લેખકો નીચે પ્રમાણે વર્ણન આપે છે. ઘાયલ સરદારને **અકબર**ની સમક્ષ રજુ કરતાં **બેરામખાં**એ કહ્યું કે આ આપની પહેલી લડાઇ છે. આ દુષ્ટ ઉપર આપની તલવાર સફળ કરો ‘ આ કામ યશ આપનાર થશે.’ **અકબરે** જવાબ દીધો–‘ એ મરી ગયેલા જેવો છે. એના તરફ હું શી રીતે હથીયાર ઉગામું ? જો એનામાં ભાન અને બળ હત તો હું મારી તલવાર અજમાવત.’ **અકબરે** ના કહેવાથી **બેરામે** પોતે એ કેદીને કાપી નાંખ્યો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



બેરામે પોતાના ઘોડેસ્વારોને છેક દિલ્હી સુધી જરા પણ વિશ્રામ વિના શત્રુનો કેડો લેવા મોકલ્યા. બીજે દિવસે મુકામ કર્યા વિના તેપન માઇલ ચાલીને મોગલ લશ્કર શહેરમાં દાખલ થયું. આ બનાવ પછી અકબરને કોઈ મોટો શત્રુ રહ્યો નહિ. તેનો પિતામહ ત્રીસ વરસ ઉપર જે સ્થિતિમાં હતો તેજ સ્થિતિમાં આ વખતે તે પણ આવી ચડયો. હવે જોવાનું એટલુંજ રહ્યું કે–એનો બાપ તથા દાદો જે તક ઝીલી શક્યા નહિ તે લાગનો આ કુમાર યોગ્ય ઉપયોગ કરશે કે કેમ? એની રાહ જોઇને જે કામ બેઠું હતું તેનું યથાર્થ સ્વરૂપ બતાવવાને માટે તે ગાદીનશીન થયો. તે વખતની હિંદુસ્તાનની સ્થિતિનું ટુંકું અવલોકન કરવામાં તથા બેરામખાંનના વહીવટમાં ચૌદ વર્ષના જુવાન કુમારને કેવો લાભ મળી શકે એવું હતું તે તપાસવામાં આગલાં બે પ્રકરણ રોકવાનું ધારૂં છું.

## પ્રકરણ ૯ મું.

### સોળમા સૈકાના મધ્ય ભાગમાં હિંદુસ્તાનની સામાન્ય સ્થિતિ.

મોગલ બાદશાહોની પૂર્વના અફઘાન બાદશાહોએ જીતેલા સતલજની દક્ષિણના રાજ્યનો હિંદુસ્તાનના રાજ્ય તરીકે લેખાવાનો કાંઈ હક નહતો. ખરી રીતે એ દિલ્હીનું રાજ્ય હતું. એટલે એમાં સને ૧૮૫૭ સુધી વાયવ્ય પ્રાંતોને નામે ઓળખાતા પ્રદેશોનો, બંગાળા ઇલાકાના હાલ પશ્ચિમ બિહારને નામે ઓળખાતા મુલકનો અને મધ્ય દેશો અને રજપુતાનાના કેટલાક પ્રદેશોનો સમાવેશ થતો હતો. તેમજ પંજાબ પણ એના પેટામાં હતું. ક્ષણભર તઘલખ વંશના બાદશાહો બંગાળા અને લગભગ આખા દક્ષિણ હિંદુસ્તાન ઉપર સામ્રાજ્ય ભોગવતા પણ ઉત્તરમાંથી પહેલવહેલી ચડાઇએજ હિંદુ રાજાઓને અણગમતી ધુરા કાહાડી નાંખવાનો લાગ આપ્યો. તેનો લાભ એઓએ લીધો અને એ ધુરા ફરીથી પાછી નંખાઈ નહતી. ગંગાના મુખથી તે ગોદાવરીના મુખ સુધીના વિસ્તારવાળું ઓરીસાનું તેજસ્વી રાજ્ય હમેશાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



પોતાનું સ્વાતંત્ર્ય સાચવી રહ્યું હતું. પશ્ચિમ હિંદુસ્તાન પણ થોડા વખત સુધી પરદેશી વીરપુરુષોની આણ માનતું બંધ થયું હતું અને તેનાં જુદાં જુદાં સંસ્થાનો થઇ રહ્યાં હતાં.

આ પ્રમાણે **અકબર** ગાદીએ આવ્યો ત્યારે હિંદુસ્તાનના પશ્ચિમ ભાગ ઉપર એટલે ગુજરાતના રાજ્ય ઉપર રાજ્ય કરતો અફઘાન વંશનો મુસલમાન બાદશાહ સ્વતંત્ર હતો. **હુમાયૂંએ** એ રાજ્ય ઉપર પોતાની છત જણાવી હતી. પણ એ હિંદુસ્તાનમાંથી નાઠો ત્યારે તે પાછું સ્વતંત્ર થયું હતું, અને ત્યાર પછી એને છેડવામાં આવ્યું નહતું. એના સીમાન્ત પડોશી માળવાના રાજ્ય સાથે પણ એણેજ લડાઈ ચલાવી હતી અને એમાં એને છેક નિષ્ફળતા મળી નહતી. એ માળવાના રાજ્યમાં પણ હાલના મધ્ય હિંદુસ્તાનના ઘણા ભાગનો સમાવેશ થતો હતો. **અકબર** ગાદીએ આવ્યો ત્યારે તે રાજ્ય પણ સ્વતંત્ર હતું. તેમ ખાનદેશ અને રજપૂતાનાનાં રાજ્યો પણ સ્વતંત્રજ હતાં. આ રજપૂતાનાના રાજ્યોની કંઇક સવિસ્તર નોંધ લેવી યોગ્ય લાગે છે.

પ્રસંગવશાત્ **રાણાસંગનાં** પરાક્રમોનું પૂર્વેના એક પ્રકરણમાં કંઈક સૂચન થઈ ગયું છે. **બાબરે** મેવાડને હંફાવ્યાથી એ દેશના બળ ઉપર ઘણી અસર થઈ હતી. અને જ્યારે **શેરશાહે હુમાયૂંને** હિંદુસ્તાનમાંથી કહાડી મૂક્યો ત્યારે તે દેશના રાજાઓને આખરે વિજેતાનું સામ્રાજ્ય કબુલ કરવાની ફરજ પાડવામાં આવી હતી. પણ **શેરશાહના** મરણ પછી જે ખટપટો ચાલી તે દરમિયાન તે સહુ સ્વતંત્ર થયાં હતાં અને **અકબર** ગાદીએ આવ્યો તે વખત રજપૂતાનાના રાજ્યોએ પોતાનો ઊંચો મરતબો સાચવી રાખ્યો હતો. બીજા રાજ્યોના સંબંધમાં ટુંકામાં આટલું કહેવું બસ છે કે જેપૂરના રાજ્યે **બાબરના** વખતમાંજ મુગલ બાદશાહને નમતી આપી હતી. તે વખતના રાજા **બહારમાએ** આ બાદશાહોને લશ્કરની મદદ આપી હતી અને **શેરશાહના** હરાવ્યા પહેલાં **હુમાયૂંએ** એને ' અમ્બરના રાજા ' એવો ઊંચો બાદશાહી ઈલ્કાબ બક્ષ્યો હતો. **અકબરે** પાણીપતની લડાઇમાં વિજય કર્યો ત્યારે **બહારમાનો** દીકરો **ભગવાનદાસ** ગાદીએ હતો. તે વખતમાં જેપુરના કરતાં જોધપુરનો મરતબો ઘણો ભારે હતો. ત્યાંના રાજા **બલદેવસિંહે**

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



શેરશાહને રણભૂમિમાં જેટલી તકલીફ આપી હતી તેટલી તેના બીજા કોઈ શત્રુએ આપી નહતી. તોપણ નાસતા હુમાયૂંને એણે શરણ આપ્યું નહતું. અકબર દિલ્હીની ગાદી ઉપર બેઠો ત્યારે તે જીવતો હતો, સ્વતંત્ર હતો અને રજપૂતાનાના રાજાઓમાં બલિષ્ઠ રાજા હતો. જેસલમીર, બીકાનેર અને રણના છેડાનાં રાજ્યો બધાં સ્વતંત્ર હતાં. સિંધ અને મુલતાન પણ તેમજ. મેવાત અને બુંદેલખંડ કોઈ બહારના રાજાને માનતા નહતા. પણ ગ્વાલીયર, ઓર્ચ્છા, ચન્દેરી, નરવાર અને પનાઉ એ બધાંને આગ્રાની સમીપ હોવાથી કાંઇક ખમવું પડયું હતું. અને પોતાની સત્તા બેસારનારાનો કોઈ વિજેતાને વખત મળતો તો તે પ્રમાણમાં તેઓ વધારે ઓછી ખંડણી ભરનારાં થઈ રહ્યાં હતાં.

પણ જે જીલ્લાઓ મહોમદન વિજેતાને પોતાના બાદશાહ રૂપે માનતા તેમનામાં પણ સંબંધનો અભાવ હતો. રાજા, સુલતાન, બાદશાહ, જે કહેવાતા હોય, તે, જુદા જુદા ઇલાકાઓના તથા તેમને સોંપેલા ઉમરાવના સરદારજ હતા. પોતાના મુલકમાં તેઓ સ્વતંત્ર રાજ્ય ચલાવતા. રણભૂમિમાં લશ્કરના તેઓ સરદાર રહેતા, પણ ઇલાકાઓની આંતર વ્યવસ્થામાં તે વચમાં આવતા નહિ. આ બધા ઇલાકાઓ વાતમાં તો નહિ પણ ખરૂં જોતાં સૌ સૌના સુબાઓના હાથમાં સ્વતંત્ર રાજ્યો હતાં.

સર્વ સંમત પ્રમાણ મુજબ આ વખતે મુસલમાન રાજ્યનાં સાત અષ્ટમાંશ ભાગની વસતિજ હિંદુઓની હતી. તેઓ સંતુષ્ટ હતા. બધાં રાજ્યો પોતપોતાની પ્રજાને સ્વધર્મનું આચરણ છૂટથી કરવા દેતાં. ફક્ત બીજા ધર્મની તમામ વસ્તી ઉપર નાંખેલો જઝીઆ વેરોજ તેમને આપવો પડતો. પણ રાજ્યના તમામ ખાતામાં હિંદુ તત્ત્વ બહુ બળવાન હતું. ઘણાખરા જીલ્લાઓમાં આ ધર્મની ઊંચી જાતોના પુરુષોના હાથમાં સુબાના હાથ નીચે વંશપરંપરાની સત્તા હતી. અને લડાઈના વખતમાં તેઓ પણ રણક્ષેત્રમાં નોકરી બજાવવા સારૂ પોતાના હિસ્સા પ્રમાણે લશ્કર પુરૂ પાડતા.

દરેક જીલ્લામાં આ પ્રમાણે એક સ્થાનિક લશ્કર જ્યારે જરૂર પડે ત્યારે સુબાને માટે તૈયાર રહેતું, પણ આ સિવાય અને આની સાથે કાંઈ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

પણ સંબંધ વિનાનું એક અમુક સંખ્યાનું બાદશાહી લશ્કર પણ રહેતું હતું. બાદશાહી એટલે આ લશ્કરનો પગાર સુલતાનને આપવાનો અને આની સરદારી સુલતાને નીમેલા અમલદારના હાથમાં રહેવાની. આ અમલદાર ઘણે અંશે સ્થાનિક સુબાથી સ્વતંત્ર હતો અને તે બાદશાહને સીધો જવાબદાર હતો.

વાતમાં તો ઇન્સાફની વ્યવસ્થા પરિપૂર્ણ હતી કારણ કે રાજ્ય કાયદાને વશ છે એ મુસલમાન ધોરણને અનુસારે ઇન્સાફ અપાતો હતો. ઇન્સાફ કરનારા કાજી લોકો હતા. અને તે ઇન્સાફ કુરાનને અનુસારે કરેલા ફેંસલાઓ એકઠા કરીને તારવી કહાડેલા એક સંગ્રહને અનુસરીને અપાતો. દીવાની એટલે કે રાજ્યની સલામતી સાથે કાંઈ સંબંધ ન હોય એવાં કામો કાજી ચૂકવતા. પણ ફોજદારી કામો એવાં માણસો પાસે જતાં કે જેમની કામ કરવાની રીત ખરી રીતે બીલકુલ અચોક્સ હતી અને જેઓ બાદશાહના નીમેલા અને બાદશાહના પગારદાર હોઈ કોઇ કોઇ વાર કાજીની સત્તામાં દરમિયાનગિરી કરતા હતા. તોપણ લોકોના સામાન્ય સંતોષ ઉપરથી બધું જોતાં આટલું બીનશક કહી શકાય કે ઇન્સાફ લોકોને સંતોષ રહે એમ અપાતો. કાળે કરીને પહેલવહેલા મુસલમાન આગન્તુકોના કુટુંબોનાં અને હિંદુ વતનીઓનાં હિતાહિત એક થઈ ગયાં હતાં અને તેઓ બન્નેને જે કાંઇ રક્ષણ થઈ શકે એવું રક્ષણ મેળવવા માટે, કાયદા સામું જોવાનું હતું.

ઘણી લડાઇઓ છતાં પણ લોકોની સામાન્ય સ્થિતિ—લોકોના લેખો ઉપર વિશ્વાસ રાખીએ તો, બહુ આબાદ હતી.

આપણે જે રાજ્યકારભાર ઉપર વિચાર કરવાનું કરીએ છીએ તેના સંબંધમાં આટલું આ ઠેકાણે જણાવવું અવશ્યનું છે કે હિંદુસ્તાનમાં પૂર્વે થઇ ગયેલા અફઘાન બાદશાહોએ ચલાવેલા રાજ્યતંત્રમાં બાબર કે હુમાયૂં કોઇએ કાંઇ ફેરફાર કર્યો નહતો. બાબર તેમના કરતાં વધારે સ્વાશ્રયી રાજ્યનીતિના પરિચયવાળો હતો. ફરઘાના, સમરકંદ કે કાબુલ જ્યાં હોય ત્યાં રાજધાનીમાં પોતે સર્વોપરિ ધણી હતો એટલુંજ નહિ પણ પોતે નીમેલા બહારના ઇલાકાઓના સુબાઓનો પણ પોતેજ શિરોમણિ હતો. આ સુબાઓ, આ જાગીરદારો અથવા જીલ્લાઓના સરદારો પોતપોતાની હદમાં સ્વતંત્ર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



જેવીજ સત્તાનો અમલ કરતા. પણ બાદશાહની મરજી મુજબ તેઓની એકથી બીજે ઠેકાણે બદલીઓ થઈ શકતી.

આજ રીતે બાદશાહી લશ્કર પણ બાદશાહના જીવાઈદારોનુંજ બનેલું હતું. અને તેમની સંખ્યામાં તેના સામંતો અને ખંડીયા રાજાઓના જીવાઈદારોથી તથા સર કરેલા ઇલાકાઓની વતની ટોળીઓથી ઉમેરો થતો હતો.

બાબર તેમજ તેના શાહજાદાનું રાજ્ય શુદ્ધ સ્વાયત્તસિદ્ધિનું હતું. રાજ્યનિયંત્રણા વિનાની સંસ્થાઓનું તો નામ પણ નહોતું. એક બાદશાહે પસાર કરેલા કાયદાઓ બીજો બાદશાહ રદ્દ કરી શકતો. સર્વત્ર અહંતા ઉત્કટપણે દેખાતી, ફતેહમંદ ફિતુર સિવાય બાદશાહની મરજી ઉપર બીજો દાબ નહતો. પણ જો બાદશાહો સમર્થ હોય તો ફિતુરની ફતેહ કેવળ અશક્યજ હોય.

હવે બાબરે હિંદુસ્તાનના જે ભાગો જીત્યા એ ભાગોમાં ચાલતી રાજ્યનીતિ તત્વ વિચારતાં ઉત્તરના દેશોમાં જે નીતિનો એને પરિચય હતો, તેના કરતાં જરા પણ જૂદી નહતી. એ તંત્ર ફેરવવા તરફ તેનું લક્ષ હોત હોત તોપણ એને વખત નહતો. એના ઉત્તરાધિકારીને વખત ન હતો તેમ મન પણ નહતું. એના મરણ પહેલાં જે તંત્ર એણે વિચાર કરીને ઘડી કહાડયો હતો તે હિંદુસ્તાનમાં ચાલતા આવેલા તંત્રથી મુદ્દાની વાતમાં જરા પણ આગળ વધેલો નહતો. એણે એના રાજ્યના છ મોટા વિભાગ કરવાનો અને દિલ્હી, આગ્રા, કનોજ, જુઆનપુર ( પાંડુ ) અને લાહોર એ એમનાં મુખ્ય મથકો બનાવવાનો વિચાર કર્યો હતો. આ બધાં શહેરોમાં એક વિશ્વાસુ સેનાપતિના હાથમાં મોટાં લશ્કરી થાણાં રાખવાનાં હતાં. આ લશ્કરો એવાં જબરાં રાખવાનાં હતાં કે કોઇને બીજાની મદદની જરૂર ન રહે. અને બાદશાહે આ બધા વિભાગોની વારાફરતી બાર હજાર ઘોડેસ્વારોની સાથે મુલાકાત લેવાની અને સ્થાનિક લશ્કરોને તપાસવામાં અને દરેક વિભાગની સામાન્ય સ્થિતિનું અવલોકન કરવામાં આમને એકત્રિત કરવાના. આ યોજના ખામીઓની ભરેલી હતી. પોતાના સેનાપતિઓ કરતાં બાદશાહ હમેશાં વધારે સમર્થ હોય તોપણ રાજ્યવ્યવસ્થાની આ રીત ખોટીજ કહેવાય. પણ જો એ ઓછો શક્તિમાન હોય તો તો આ તંત્ર એક વરસ પણ ચાલે નહિં.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

હુમાયૂંના અચાનક મરણે આ યોજનાને અમલમાં મુકવા ન દેતાં અટકાવી. ત્યાર પછી પેલા લડાઇના બનાવો બન્યા, જેના પરિણામમાં પાણીપતનો વિજય થયો. આ લડાઇઓએ બાબરે ત્રીસ વરસ ઉપર જે સ્થિતિનો અનુભવ કર્યો હતો તેજ સ્થિતિમાં **અકબરને** મૂકયો. તે વખતે વાયવ્ય પ્રદેશો, બિહાર અને મધ્ય હિંદના કેટલાક ભાગો ઉપર જય મેળવવાની તક મળી હતી. તે તકનો તેણે પૂર્ણ લાભ લીધો પણ હતો. **અકબરને** પણ પાણીપતની બીજી લડાઇથી એવોજ લાગ મળ્યો હતો. એની સાથે કટાકટીથી લડી શકે એવો એકજ શત્રુ હતો અને તેને એણે અહીંઆં હરાવ્યો હતો. ત્યારે હવે મુલક મેળવવા એટલોજ પુરુષાર્થ છે એમ ધારીએ તો એતું કામ હવે બહુજ સહેલું હતું. પણ એનું ખરૂં કામ એ હતું કે મેળવેલા વિજયો ચિરસ્થાયી કરવા; જુદા જુદા ઇલાકાઓને અને ભિન્ન ભિન્ન પ્રજાઓને એકત્ર કરવી; બાદશાહનો અમલ દરેક શહેરમાં અને દરેક જીલ્લામાં વ્યાપી રહે એવી કેન્દ્રાવલંબી એક રાજ્યરીતિ ઘડી કહાડી તે દાખલ કરવી. અને તે રીતિ કેન્દ્રાવલંબી છતાં પણ એટલી બધી સખ્ત ન રાખવી કે જે સ્થાનિક સંપ્રદાયો સ્થાનિક રીતરીવાજો અને સ્થાનિક વ્યવહારનો લોપ કરે. આ કામ એના દાદાએ અજમાવ્યુંજ નહતું. એજ કામ એના બાપને સુઝયું હત અથવા એની સમક્ષ કોઈએ રજુ કર્યું હત તોપણ અશક્યજ લાગત. પણ એમના રાજ્યવ્યવહારમાં આવા ક્રમને અભાવેજ સને ૧૫૨૬ માં પાણીપતને પ્રભાતે જીતેલું રાજ્ય ભૂમિમાં ઊંડા મૂળ નાંખ્યા વિનાનું, અવિચ્છિન્ન લશ્કરી વિજય ઉપરજ આધાર રાખીને રહે એવું એક પ્રચંડ ઝપાટાની સાથે ઉડી જાય એવું તથા ઘઝની, ઘોર ખીલજી, તઘલક, સૈયદ અને લોદી વંશના રાજ્યો કરતાં અંશમાત્રમાં પણ ચડતું નહિઃ એવુંજ રહ્યું, આના કરતાં વધારે સજ્જડ નહતું—એ વાત તો **શેરશાહના** હુમલાથી **બાબરે** સ્થાપેલું રાજ્ય એના પછીના રાજ્યમાં કેવી સહેલાઇથી પડી ભાગ્યું એ વાત ઉપરથી સિદ્ધ થાય છે. એકવાર આપણે એમ માનીએ કે **બાબર** અમર રહ્યો હત તો ઘણે ભાગે એણે **શેરશાહને** મારી કહાડયો હત, પણ એમ માન્યાથી મારી દલીલજ સાબીત થાય છે. **બાબર** બહુ સમર્થ સેનાપતિ હતો. તેમ **શેરશાહ** પણ તેવોજ હતો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



હુમાયૂં અદૃઢ અને કાર્યકુશળતા વિનાનો હતો અને સેનાપતિ તરીકે તો તે હીસાબમાં પણ નહતો. હુમાયૂં ઉપર વિજય મેળવનાર શેરખાંને બાબરે હઠાવ્યો હત એ શક્ય છે. પણ આ ઉપરથી એટલુંજ સિદ્ધ થાય છે કે બાબરે પ્રચારેલો રસ્તો જે એને જીંદગીભર પરિચિત હતો અને જે રસ્તાથી એણે ફરધાના અને સમરકંદમાં વારાફરતી ખોયાં તથા મેળવ્યાં; જેણે એને કાબુલ તથા થોડાં વર્ષ પછી હિંદ મેળવી આપ્યું: તેજ રસ્તો એટલે કે "બળીઆના બે ભાગ" વાળોજ રસ્તો હતો. ફરધાના, સમરકંદ, કાબુલ, પંજાબ, કે હિંદુસ્તાન કોઈ પણ ઠેકાણે એણે ઊંડાં મૂળ નાંખ્યાં નહતાં. એનાથી ઊંડાં મૂળ નંખાઇ શકે એમજ નહતું કારણ કે એનામાં અંકુર લાવવાની શક્તિ નહતી.

અને અત્યારે સને ૧૫૫૬ ના અંત ભાગમાં એક વાર મેળવેલું અને ખોયેલું તથા વળી ફરીથી મેળવેલું રાજ્ય, ચૌદ વરસ અને એક માસની ઉમરના વિપત્તિ અને અનુભવની શાળામાં ઉછરેલા, એક કુમારના હાથમાં આવ્યું. પાણીપતે એને હિંદુસ્તાન આપ્યું હતું. નાનો હતો તોપણ એને રાજ્ય મામલાઓનો ઘણો અનુભવ થઈ ગયો હતો. એનો બાપ વારંવાર એની સલાહ લેતો. એ વખતના સર્વોત્તમ સેનાપતિ બેરામના હાથ નીચે એને વ્યાવહારિક લશ્કરી કેળવણી આપવામાં આવી હતી. છ મહીના ઉપરની મુદ્દત સુધી તેણે પંજાબમાં અમલ ચલાવ્યો હતો. પણ હવે, વિજયાર્થી તરીકે તેમજ રાજ્યકાર્યભારી તરીકે એની કસોટી નીકળવાની હતી. આ બાબતમાં એના પિતાનું દૃષ્ટાંત તેમજ બેરામનું શિક્ષણ એને કાંઈ પણ કામમાં આવે એમ નહતું. આટલે સુધી જેટલું જણાયું છે તે દરમિયાન તો તેણે સંકટને સમયે જોઈતા ત્વરિત ઠરાવ કરવાની શક્તિના બીજનો અને દયા ઉપર વલણવાળા સ્વભાવનો દેખાવ આપ્યો હતો. હેમુને કાપી નાંખવાની એણે ના કહી હતી, પણ એની સમક્ષ હવે જે કામ પડ્યું હતું તેને માટે બીજા ગુણોની જરૂર હતી. હવેનાં એનાં કામોથી પડતા પ્રકાશથી આ કામને માટે એનામાં શું શું ગુણો હતા તે આપણે હવે તપાસીએ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

# પ્રકરણ ૧૦ મું.

## બેરામના રક્ષણમાં અકબરનું બાલ્ય.

**અકબરનું સ્વરૂપ** અકબરના પુત્ર શાહજાદા જહાંગીરે લખ્યું છે. 'અકબર જરાક ઉંચાઈ તરફના વલણવાળા મધ્યમ કદનો હતો, એનો ચેહરો ઘઉંવર્ણો હતો. આંખો તથા ભમરો કાળી હતી. શરીર મજબૂત, કપાળ વિશાળ, તથા છાતી ખુલ્લી હતી અને હાથ તથા પંઝા લાંબા હતા. એના નાકની ડાબી બાજુએ નાના વટાણાના કદનો એક માંસલ મસો હતો. જે બહુ રમણીય દેખાતો હતો અને સામુદ્રિકો એને બહુ શુભસંશી ગણતા અને કહેતા કે તે પુષ્કળ દૌલત અને વધતી જતી આબાદીની નીશાની છે. એનો ઘાંટો બહુ મોટો હતો અને એનું સંભાષણ ઘણુંજ સુંદર અને રમણીય હતું. એની રીતભાત અને વ્યવહાર બીજા માણસો કરતાં તદ્દન જુદાંજ હતાં. અનેએનો ચહેરો ઇશ્વિરી અનુભાવથી પૂર્ણ હતો.' બીજાં વર્ણનો પણ જરૂરની બાબતોમાં ઉપરના વર્ણનને પુષ્ટી આપે છે. એલ્ફિન્સ્ટન લખે છે તે મજબૂત બાંધાનો અને દેખાવડો માણસ હતો. પોતાનો ચહેરો તે હમેશાં સામા માણસને ગમે એવો રાખતો તેની રીત ભાત મોહક હતી, અને શરીર ઘણુંજ બળવાન હતું. અથાગ શ્રમ વેઠવાને તે સમર્થ હતો. ઘોડા ઉપર સવારી કરવાનો તેમજ ચાલવાનો, શીકાર કરવાનો, બંધુક તાકવાનો તથા બળ અને ચતુરાઈ વાપરવાની જરૂર પડે તેવી બધી કસરતોનો તે શોખીન હતો. સંકટ અને ભયને વખતે સમતાનો ત્યાગ ન કરતાં અત્યુત્તમ તેજથી પ્રકાશ કરે તેવી શાન્ત અને ઠંડી જાતની હિમ્મત એનામાં હતી. રાજ્યના ભલાને માટે અથવા સર્વસામાન્ય હિતને માટે એને જે જે વસ્તુઓ જરૂરની લાગતી તેને માટે યુદ્ધમાં ઉતરવાને માટે હમેશાં તૈયાર રહેતો તોપણ તેમાં તે આનંદ માનતો નહિ. ખરેખર જે રાજકીય ઉપચારોને એ પોતાની સત્તાના અડગ પાયા તરીકે ગણતો તેને ખીલવવામાં લાગુ રહેવાનું એ હજાર દરજ્જે પસંદ કરતો. એના મનમાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



લડાઇ એ એક ન ચાલ્યે કરવાનું અશુભ કર્મ છે એમજ હતું. એના આખા ચરિત્રમાં આપણે જોઇશું કે એણે એક એવી લડાઇ વ્હોરી લીધી નથી કે જે એની રાજ્યનીતિને પૂરી રીતે ખીલવવા અથવા એને સહી-સલામત રાખવા સારૂ એને જરૂરની લાગી ન હોય. એનો સ્વભાવ પ્રેમાળ હતો. એના મિત્રો તરફ એ વફાદાર હતો. બીજાના મનમાં પ્રીતિ ઉત્પન્ન કરવામાં બહુ દક્ષ હતો. લોહી વહેવરાવવાનો એને ત્રાસ હતો અને ન્યાયને દયાથી નરમ કરવાની તે હમેશાં ઉત્સુકતા રાખતો. વૈરના કરતાં ક્ષમા કરવાનું એ પસંદ કરતો, તોપણ અમુક પ્રસંગે વૈર લેવાની જરૂર પડે તો એ સખત થઇ શકતો અને પોતાના અંતઃકરણની ઉદાર વૃત્તિની સ્હામે થવાને તે પોતાના હૃદયને વજ્રસમ બનાવતો. બધા ઉદાર મનના પુરૂષોની પેઠે બીજાઓને ગમ્મત થાય એમ કરવાનો તેને શોખ હતો. આ રીતે ઉદારતા એ એના સ્વભાવનું એક અંગજ હતું. કોઈ અનુગ્રાહ્ય નાલાયક નીવડે તો તેને સુધા-રવાની તે ચિંતા રાખતો પણ પોતે અનુગ્રહ કર્યો તેને માટે દીલગીર થતો નહિ. દીવાની કારભાર તરફ તેનું સ્વાભાવિક વલણ હતું, અને પોતાના હાથથી અને હથીયારથી જે ઇમારત એ ચણતો હતો, તે ઈમારત લોકોની ઇચ્છાને અનુસરતી થાય એવી રાજ્યનીતિ ગોઠવવાનું–લડાઇનો ઘાટ રચવાના કરતાં વધારે પસંદ કરતો. મનુષ્ય જાત સાથે મૂળથીજ સંબંધ ધરાવતા આવેલા તમામ સવાલો જેવા કે ધર્મ સંબંધી, રાજ્યનીતિ સંબંધી, ન્યાય વ્યવસ્થા સંબંધી–બધા સવાલોમાં તેનું મન ખુલ્લું, અધીરા નિશ્ચયથી મુક્ત અને નવા સંસ્કારો ગ્રહણ કરવાને આતુર હતું. જન્મથી મુસલમાન અને તેજ ધર્મમાં ઉછરેલો છતાં તે બુદ્ધના, બ્રહ્મના, ઝોરોએસ્ટરના તેમજ જીસસના ધર્મવાળા જોડે છૂટથી અને સરખાઈથી વ્યવહરતો. એના ઉપર એવો અપવાદ આવે છે કે પાછલી ઉમરમાં વિદ્વાન માણસોને એ ધિઃકારતો અને કેટલાકને પોતાના દરબારમાંથી તેણે કહાડી પણ મૂક્યા હતા. આના સંબંધમાં–હકીકત એ છે કે એના દરબારમાં આવતા ધર્મવેત્તાઓ પોતાના મતોને જે જક્કથી, વહેમથી અને અપૂર્ણ વિચારકૃત નિશ્ચયથી વળગી રહેતા તે તેને ગમતું નહતું. એટલે એને જે ન ગમતું તે એમની ન્યૂનતા અને તેમનાં છિદ્રો હતાં; અને જેતામાં આ એઓ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



હદ ઉપરાંત હોય તેમને પોતાના દરબારમાં હાજર રહેવા ન દેતો. બીજી બાબતોમાં એ કેવો હતો તે વાંચનાર આ પુસ્તકના છેલ્લા પ્રકરણમાંથી શોધી કહાડશે. મને આશા છે કે ચૌદ વરસની ઉમરે બૈરામખાંની વ્યવસ્થા નીચે પાણીપતની લડાઈ જીતી વિશ્રામ લીધા વગર રણક્ષેત્રથી દિલ્હી જઇ ઉભો રહ્યો હતો, તે બાળક બાદશાહનાં લક્ષણો અને ગર્ભિત શક્તિનો કંઈક વિચાર આવે એટલું તો હું ઉપર લખી ગયો છું. એના સ્વભાવનું બળ કે એની બુદ્ધિનો વૈભવ આ વખતે કોઈ જાણનાર હશે તોપણ કોકજ હશે. બેશક એનો અતાલીક બૈરામ તો જાણતો નજ હતો કેમકે જો જાણતો હત તો તેણે સરહિંદ આગળ પોતાના તંબુમાં બોલાવી તાર્દીબેગને મારી નાંખ્યો નજ હત અને કેદ કરેલા હેમુના શરીરમાં પોતાની તલવાર ભોંકવાનું આ બાળક બાદશાહને સૂચવ્યું નજ હત. પણ બૈરામ તેમજ એના દરબારના અને સૈન્યના બીજા ઉમરાવો "હુમાયૂંનો શાહજાદો આપણે જેમ ચલાવીએ તેમ ચાલે એવો એક બાળક કુમાર નથી પણ આપણે જેને વશ રહેવું પડશે એવો આપણો ધણી છે" એ વાતથી ઝાઝો વખત અજાણ્યા રહ્યા નહિ.

અકબર એક મહિનો દિલ્હી રહ્યો. ત્યાંથી હેમુના વિખરાઇ ગયેલા લશ્કરની પાછળ પડવાને તથા તેઓ લઇ જતા હતા તે મોટો ખજાનો મેળવવાને એક સૈન્ય મેવાડમાં મોકલ્યું. આ નાની સવારીમાં શેરનના સરદાર પીરમહમદખાંએ સારો વિજય મેળવ્યો. તે આ વખતે બૈરામનો અનુયાયી હતો પણ પાછળથી તેના ઉપર એની ઇતરાજી થઇ હતી. પછીથી અકબર આગ્રા ઉપર ચડયો અને તે લીધું.

પણ સતલજની દક્ષિણના તેણે જીતેલા મુલકો જ્યાં સુધી પંજાબ દૃઢ ન હોય ત્યાં સુધી સલામત નહતા. આપણે ઉપર જોઇ ગયા છીએ કે એના વંશના કટ્ટા દુસ્મન સિકંદરશાહને માત્ર પાછો હઠાવીને તેણે માનકોટમાં છોડયો હતો પણ તેનો પૂરો પરાભવ કર્યો ન હતો. વળતા વરસના—સને ૧૫૫૭ ના—માર્ચમાં તેને એવા સમાચાર મળ્યા કે પંજાબમાં રાખેલા એના લશ્કરની આગલી ટુકડીનો સિકંદરશાહે લાહોરથી ચાલીસ માઇલ ઉપર પરાભવ કર્યો હતો. પંજાબમાંથી આવતા અમીરો કહેવા લાગ્યા કે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

માનકોટ અગાડી **સિકંદરશાહે** એક મજબૂત પાયો રોપ્યો છે તેથી ઘણો ગંભીર પ્રસંગ થઇ પડયો છે. કારણ કે રણમાં માર ખાય તોપણ અડચણો કરવાને માટે તે ત્યાંથી નીકળી શકે. વળી એના આ વિજયે એના પક્ષવાળાઓને ઉત્તેજન આપ્યું હતું. આ દલીલનું બળ **અકબરે** સ્વીકાર્યું. જો કાંઇ કરવું તો તે પૂરૂં કરવું—એ નિયમમાં એના રાજ્યનું મોટું બળ સમાયેલું હતું: અને તે નિયમનો ઉપયોગ કરવાનો તેણે નિશ્ચય કર્યો. તદનુસાર એ સીધો લાહોર તરફ ચાલ્યો અને લાહોરને સલામત જાણીને ત્યાંથી—એનો શત્રુ જ્યાં સ્થિર થઇ બેઠો હતો ત્યાં—જાલંધર ઉપર ઉપડયો. **અકબર** આવી પહોંચ્યો એટલે **સિકંદર** સિવાલીક તરફ હઠયો અને માનકોટ ઉપર આધાર રાખીને બેઠો. ત્યાં **અકબરે** એને ઘેરો ઘાલ્યો.

આ ઘેરો છ મહિના ચાલ્યો. પછીથી દુકાળથી પીડાયેલા તથા પોતાના માણસો નાસી જવાથી નબળા પડેલા **સિકંદરે** સલાહની સરતો માગવા સારૂ પોતાના કેટલાક ઉમરાવોને મોકલ્યા. **અકબરે** તેની વિનંતી સ્વીકારી અને એવી સરત કરી કે **સિકંદર** બંગાળામાં જઇને રહે, અને હવેથી બાદશાહ સાથે નહિ લડે એવી ખાત્રી સારૂ એના શાહજાદાને જામીનગીરીમાં બાદશાહને સોંપે. પછી તે કિલ્લો સર થયો અને **અકબર** લાહોર પાછો આવ્યો. ત્યાં ચાર મહીના ને ચાર દિવસ તે ઇલાકાના બંદોબસ્ત સારૂ રહ્યો અને પછી દિલ્હી તરફ પાછો ફર્યો. રસ્તામાં જાલંધર આગળ મુકામ કર્યો. ત્યાં **હુમાયૂંના** કાકાની એક દીકરી સાથે **બેરામખાનનું** લગ્ન થયું. આ લગ્ય **હુમાયૂંએજ** નક્કી કર્યું હતું. અને આવી બાબતમાં આ જુવાન બાદશાહ એના બાપની મરજીને કાયદારૂપે ગણતો. **અકબર** સને ૧૫૫૮ ના માર્ચની ૧૫ મી તારીખે દિલ્હીમાં દાખલ થયો. હજી વાસ્તવિક કારભાર બાદશાહના અતાલીક અથવા સંભાળ રાખનાર **બેરામખાંનાજ** હાથમાં હતો, અને ૧૫૫૮ અને ૧૫૫૯ એમ બે વર્ષ સુધી તે એ અધિકારમાં રહ્યો. જેની પાસે રાજ્યવ્યવહાર શીખવાને એને મૂકવામાં આવ્યો હતો, તેવા આ મોટા સેનાપતિની પ્રતિષ્ઠા એકદમ હલાવી નાંખવી એ એક નાના બાળકને માટે સહેલું કામ નથી. અને **અકબર** જો કે પોતાને નામે કરેલાં અતાલીકનાં ઘણાં કામો નાપસંદ કરતો તો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

પણ એની ધુરા કહાડી નાંખવા જેટલું બળ એનામાં નથી એમ વખતે તેને લાગતું હશે. પણ જે માણસોને અકબર પસંદ કરતો અને જેમણે કંઇ પણ કારણ વિના બેરામખાંનો ગુસ્સો વ્હોર્યો હતો તેવા માણસોને દમબેર કહાડી મૂકવાથી આ અત્યંત સ્વાવ્યત્ત પ્રધાનના ઉપરથી બાદશાહનું મન ધીમે ધીમે ઊઠી ગયું. બેરામે આટલું લક્ષમાં ન લીધું કે વર્ષે વર્ષે એના બાદશાહના સ્વભાવમાં રહેલાં તેજસ્વી લક્ષણો ખીલતાં જાય છેઃ અને જે ઉત્તમ ગુણોની એનામાં ઇશ્વિરી બક્ષિસ છે એની સાથે અનુભવ અને કામકાજનું જ્ઞાન વધતું જાય છે. એતો હજી એને "હું એનો અતાલીક છું, એનાં લશ્કરો ને મારી સરદારીએ વિજય મળ્યો છે, એનો રાજ્યકારભાર હું ચલાવું છું." એમ સમજી હજી એને એક બાળક રૂપેજ ગણતો. કાંઇ પણ દાબ વગર ચલાવેલા સત્તાના અમલથી તેવોજ અમલ કરવાની એને ટેવ પડી ગઈ હતી. અને અસાધારણ દૃઢતાવાળા સ્વભાવના પુરૂષોમાં દેખાતી આપઅખત્યારીથી એ પોતાની સત્તાનો અમલ હજી ચલાવ્યેજ કરતો હતો.

દરેક જુવાન રાજ્યકર્તાની આસપાસ એવા માણસો હોયછેજ કે જેઓ ખરી રીતે બાદશાહને વાપરવાની સત્તા જો કોઇ બીજો માણસ વાપરે તો એમાં બાદશાહનું તથા પોતાનું બહુજ દુઃખોત્પાદક અપમાન થાય છે એમ ગણે. આ માણસોના હેતુઓની તપાસ કરવાની કંઈ જરૂર નથી. ઘણી વાર તો બેશક સ્વાર્થીપણાથી અને કોઇકજ વાર શુદ્ધ અને નિઃસ્વાર્થ હેતુથી પણ આવા માણસો એમ ઇચ્છેછે કે રાજ્યની લગામ જુવાન અને ખરો ધણીજ પોતાના હાથમાં લે. રાજ્યસત્તા અને નિગ્રહાનુગ્રહ બેરામને હાથે જેમનું કાંઈ ભુડું થયું હોય અને જેઓ બાદશાહ તરફથી કંઇક અનુગ્રહની આશા રાખતા હોય પણ તે બેરામખાંને હાથે નહિં થાય, એમ ધારતા હોય, એવા બેરામને ધિઃકારનારા કેટલાક મનુષ્યો અકબરની હજુરમાં પણ હતા. બાદશાહના મન ઉપર જનાનામાંથી અસર કરવામાં આવી હતી. એ છેક પારણામાં ઝુલતો હતો ત્યારથી તે તખ્તનશીન થયો, ત્યાર સૂધી એની પાસે ને પાસે રહેલી એની ધાત્રી જે પાછળથી એના જનાનાની મુખ્ય અધિકારિણી થઇ હતી, તેણે પણ અકબરને સમજાવ્યું કે રાજ્યની લગામ હાથમાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



લેવાનો વખત હવે આવ્યો છે. **અ**કબરની તો મરજીજ હતી. એને અઢારમું વર્ષ ચાલતું હતું. એના બાપના વારસાનો કેટલોક ભાગ પાણીપતની લડાઈએ મેળવી આપ્યા પછી જે ચાર વર્ષો ગયાં તે વર્ષોને એણે પોતાના સ્વાભાવિક ગુણોને દૃઢ કરે અને ખીલવે એવી રીતે ગાળ્યાં હતાં. પણ એના મુખ્ય પ્રધાને વારંવાર બતાવેલી ક્રૂર અને તરંગી રીતભાતની વૃત્તિને એ જોતો અને ધિઃકારતો, તોપણ નાનપણથી પોતાના સંભાળનાર ઉપર ઉદાર દીલના માણસો જે સ્વાભાવિક પ્રીતિ રાખે છે તે પ્રીતિ **બૈ**રામને માટે તે રાખતો હતો. અનુભવથી **બૈ**રામના સ્વભાવમાં એને સમજણ પડી ગઇ હતી કે—એની સાથે જરા પણ તોડવું તે પૂરી રીતેજ તોડવું. એને એવી રીતે દૂર કરવો જોઇએ કે પછી કંઈ પણ સત્તાની આશા એ રાખી શકેજ નહિ. કાં બધી સત્તા કે કાં જરા પણ નહિ એજ એને માટે ખરો માર્ગ હતો. સને ૧૫૬૦ ની શરૂઆતમાં એવા ઘણા પ્રસંગો આવ્યા કે જેણે રાજ્યની લગામ પોતાના હાથમાં લેવાનો **અ**કબરને નિશ્ચય કરાવ્યો. પછી પોતાના પ્રધાનને આ ઠરાવ જણાવવાનો નિશ્ચય કરી તે આગ્રાથી દિલ્હી ગયો. **બૈ**રામે પંડેજ ઘણી વાર જે હરીફ અથવા ઉમરાવને એ ધિઃકારતો તેને દૂર કરવાની રીતનો દાખલો આપ્યો હતો. એની રીત તલવાર અને ખંજરની હતી. પણ આ જુવાન બાદશાહના સત્ત્વગુણી મનને આ રીત ધિઃકારવા યોગ્ય લાગી. અને–તે વખતના લેખો ઉપરથી આપણે જેટલી માહીતી એકઠી કરી શકીએ–તે પ્રમાણે આ જાતનો રસ્તો સૂચવવાની કોઇને હીમત પણ નહતી. એની માએ અને ધાત્રીએ જે રસ્તો એને સૂચવ્યો હતો તે એ હતો કે પ્રધાનને મક્કાની માન ભરી યાત્રાએ જવાનું કહેવું. અને તે એવી રીતે કહેવું કે એની અસર હુકમના જેવીજ થાય. **બૈ**રામે ઘણી વાર જાહેરમાં કહ્યું હતું કે બીજાના હાથમાં રાજ્યભાર નિર્ભયરીતે અર્પીને મોક્ષદાયિની મક્કાની યાત્રા કરવાનો મને વખત મળે એને માટે હું ઘણો આતુર છું. હથીયારથી કાંઈ પણ તોફાન ન થાય એને માટે કંઇક ચિંતા હોવાથી દિલ્હી આવીને તેણે એક જાહેરનામું કહાડયું. એમાં એણે જણાવ્યું કે મેં રાજ્યકારભાર મારા હાથમાં લીધો છે માટે મારા સિવાય કોઇની પણ આજ્ઞા માન્ય ગણવી નહિ. આ મતલબનો સંદેશો એણે **બૈ**રામને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

પણ મોકલ્યો અને એને મક્કે જવું એ હવે ઇચ્છવા લાયક છે એમ સૂચવ્યું. આ સંદેશો પ્હોંચ્યા પહેલા અકબરનો આવો ઠરાવ છે એમ બેરામે સાંભળ્યું હતું અને તે આગ્રા છોડીને પશ્ચિમ કિનારા તરફ ઉપડી પણ ગયો હતો. તે અલબત બહુ ગુસ્સે થયો હતો અને કાંઈ તોફાનનો પણ વિચાર કરતો હતો. કારણકે બીયાન આગળ આવતાં આવતાં ત્યાં અગાડી કેદ કરેલા કેટલાક તોફાની ઉમરાવોને એણે છોડી મૂક્યા. અકબરનો સંદેશો તેને ત્યાં જ મળ્યો અને ત્યાંથી તેણે રજપૂતાનામાં નગર તરફ પોતાની મુસાફરી શરૂ કરી. આ વખતે એની સાથે એના સગાંસંબંધી ઉમરાવો અને સૌ સૌના રક્ષકો એટલા જ જણ હતા. નગરથી આમાંના એક જણની સાથે એણે પોતાનો વાવટો પોતાનો નીશાન ડંકો અને અમીરાઈની બીજી બધી નીશાનીઓ 'બાદશાહના હુકમને હું વશ છું' એના ચિન્હ તરીકે મોકલાવી આપી. અકબરને એમ ખાત્રી કરી આપવામાં આવી હતી કે બેરામ નક્કીજ પંજાબને એના વિરુદ્ધ ઉશ્કેરશે. તેથી તે એક સૈન્યની સાથે તે તરફ ઉપડી ગયો હતો. અને જ્યારે આ રાજ્યચિન્હો—( અમીરાઈનાં ચિન્હો ) આવ્યાં ત્યારે તે રોહતક જીલ્લામાં ઝાજર અગાડી હતો. આ બધાં એણે મૂળ તો બેરામના એક અનુયાયી પણ હમણાં હમણાંમાં એ ઉમરાવની કૃપાથી ભ્રષ્ટ થયેલા એક માણસને બક્ષ્યાં અને તેને એના જૂના સરદારની પાછળ જવાને અને તેને મક્કે જવાના વહાણમાં બેસાડી આવવાનો હુકમ કર્યો. આ યોજનાથી બેરામ બહુજ ગુસ્સે થયો અને બીકાનેર તરફ પાછા ફરી પોતાનું કુટુંબ પોતાના દત્તક દીકરાને સોંપી—બાદશાહની સ્હામો થયો. પણ મોગલ બાદશાહની સામે ફિતુર કરનાર એક સખસની સ્થિતિ તે બાદશાહના વિશ્વાસુ પ્રધાનની સ્થિતિથી કેટલી જૂદી છે તે તેને તરતજ જોવું પડયું. દીપાલપુર પહોંચતાં એને એવા સમાચાર મળ્યા કે એનો દત્તક દીકરો બેવફા થઈ એની જ સામે થયો છે. તોપણ જાલંધર દુઆબ ઉશ્કેરવાનો નિશ્ચય કરી તે એ સુપ્રસિદ્ધ સ્થળ તરફ દમભેર ચાલ્યો. ત્યાં પંજાબના સૂબા અન્જાખાનના લશ્કર સાથે સરહદ ઉપર ભેટો થયો. લડાઇ થઈ તેમાં બેરામ હાર્યો અને લુધીઆનાની પશ્ચિમે ત્રીસ માઈલ ઉપર આવેલા સતલજના કીનારા ઉપર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

તીલવાર સુધી નાઠો. **અકબર**ના મદદગારે **બેરામ**ને ભેટીને હરાવ્યો, ત્યારે **અકબર** પણ **બેરામ**ની શોધમાં જ હતો. તે આ વખત **બેરામ**ની પાછળ પડ્યો અને એને એવી દશામાં આણ્યો કે **બેરામ** એને શરણ થયો અને માફ માગી. પછી એણે કરેલી મોટી સેવાઓ સંભારીને **અકબરે** એને માફી બક્ષી અને ખરચીમાં એક મોટી રકમ આપી મક્કાને રસ્તે મોકલ્યો. **બેરામ** ગુજરાત સુધી સહીસલામત પહોંચ્યો. ત્યાંના સૂબાએ એને સારો આવકાર આપ્યો અને ત્યાં હિંદુસ્તાન છોડવાની તૈયારી કરતો હતો તેવામાં–એક લોહાની અફઘાન–જેનો બાપ મચ્છીવાડાની લડાઈમાં મરણ પામ્યો હતો તેણે એને મારી નાંખ્યો.

દરમિયાન **અકબર** દિલ્હી આવ્યો હતો. ( તા. ૯ મી નવેમ્બર સને ૧૫૬૦ ) ત્યાં તેણે થોડા દિવસ આરામ લીધો અને પછી જે જે મુલકોને એકત્ર કરી એક મ્હોટું રાજ્ય બનાવવાનો એણે નિશ્ચય કર્યો હતો તે તે મુલકો જીતવાની અને એકતન્ત્ર કરવાની પોતે ઘડેલી યોજનાઓ અમલમાં મૂકવા આગ્રે ગયો. ખરૂં જોતાં અકબરનું રાજ્ય એ અર્થમાં એનું રાજ્ય આ વખતથી શરૂ થયું. તેનો **અ**તાલીક જેણે રાજ્યની તમામ સત્તા પોતાના એકલાના હાથમાં રાખી હતી તે ગયો અને દેશનું ભવિષ્ય હવે આ બાદશાહની બુદ્ધિ ઉપર જ આધાર રાખી રહ્યું.

## પ્રકરણ ૧૧ મું.

### અકબરના રાજ્યનો ઇતિહાસ.

પાણીપતની લડાઈની તારીખથી ગણતાં **અકબર**ના રાજ્યના છઠ્ઠા વર્ષમાં અને તેના સ્વાયત્ત રાજ્યના પહેલા વર્ષમાં હિંદુસ્તાનની સ્થિતિ સંક્ષેપમાં નીચે પ્રમાણે હતી. પશ્ચિમમાં ગ્વાલીયર અને અજમેરનો સમાવેશ કરતાં અને પૂર્વમાં લકનૌ તથા જોધપુરની હદ સુધી અલ્લાહાબાદ સમેત અયોધ્યાના બાકીના ભાગ સાથે જે પ્રદેશને આપણે હાલ વાયવ્ય પ્રાંતો કહીએ છીએ–તે તથા પંજાબ એટલું **અકબર**ને તાબે હતું. બનારસ, ચન્નર, અને બંગાળા તથા બિહારના ઈલાકા હજી સૂરવંશના સુલતાનોના અથવા બીજા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



અફ્ઘાન વંશના પ્રતિનિધિઓના હાથમાં હતા. આખું દક્ષિણ હિંદુસ્તાન તેમ આખું પશ્ચિમ હિંદુસ્તાન એ અકબરની આણ માનતા પ્રદેશોની હદ બહાર હતું.

બૈરામખાંની દેખરેખ નીચેના પાંચ વર્ષ દરમિયાન હિંદુસ્તાનના જુદા જુદા રાજાઓ તથા લોકોનાં મન સર્વ સાધારણ–એક મહારાજાના રક્ષણ નીચે એકતંત્ર શી રીતે કરવાં એ પ્રશ્ન ઉપર ઊંડો વિચાર અકબરે કર્યો હતો એમાં કાંઇ શક રહેવા સંભવ નથી. આ પ્રશ્ન ઉપર વિઘ્નભાર ભારે હતો. મુસલમાન પાદશાહોએ ચાર સૈકા સુધી રાજ્ય કર્યું તે દરમિયાન તે-મણે આ દ્વિપકલ્પમાં વસતી જુદી જુદી પ્રજાને એક તંત્રમાં જોડવાને કંઇ પણ પ્રયત્ન કર્યો ન હતો. પ્રત્યેક જણ તે કાળે ચાલતા લશ્કરી ધોરણે રાજ્ય કરે અને દરેક રાજ્ય વધારે બળવાળો કોઇ આવ્યો એટલે પડી ભાગે. આથી કરીને એક પછી એક આવતા વંશોની તેમજ વર્તમાનમાં ઐશ્વર્ય ભોગવતા વંશની ક્ષણિકતાનો નિશ્ચય લોકોમાં દાખલ થયો હતો એટલુંજ નહિ પણ છેક બંગાળાથી ગૂજરાત સુધી રાજ્ય કરી ગયેલા વંશોની શાખાના કેટલાક મિથ્યા રાજાઓ દેશમાં ચારે તરફ પથરાઇ ગયા હતા. આ સર્વે મોગલ બાદશાહને સર્વોત્કૃષ્ટ સત્તાનું એક ક્ષણિક અધિષ્ઠાન ગણતા અને નશીબને અનુસારે વખતે એમનામાંનો કોઈ અથવા કોઇ નવો પરદેશી અભિયોગી એની જગાએ આવશે એમ માનતા. રાજ્યની વાસ્તવિક ક્ષાણુકતાનો અભિપ્રાય હુમાયૂં કેટલી સહેલાઇએ પદભ્રષ્ટ થયો હતો એ વાતના સ્મરણથી વધારે દૃઢ થયો હતો. કેમકે કનોજ આગળ હાર્યા પછી મોગલોના તેર વરસના અમલનું કાંઇ પણ નિશાન રાખ્યા વિના, ભૂમિમાં જરા પણ ઊંડું એક પણ બીજ નાંખ્યા વિના એણે હિંદુસ્તાન છોડ્યું હતું.

આ બધી બનેલી વાતો અકબરે લક્ષમાં લીધી હતી. આ બધાં સ્મ-રણો રાજાઓ તથા પ્રજાના મનમાંથી ખસી જાય, દેશ એકત્ર થવા માટે જીતાય, જેમ જેમ જીતાય તેમ તેમ બધા વર્ગોને સ્વીકારવા યોગ્ય ધોરણો દાખલ થાય કે જેથી સર્વ પોતાને સર્વનો રક્ષણ કર્તા પિતા તરીકે ગણે, તેમનાં દુઃખો દૂર કરનાર અવશ્યની એક વ્યક્તિ તરીકે માને, પોતપોતાના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

અનાદિકાળથી ચાલ્યા આવેલા હક અને અધિકાર પ્રમાણે વર્તવામાં લોકોને અભય વચન આપનાર તરીકે લેખે; કોઈ ખરો વીરપુરુષ તે ગમે તે જાતનો હો, કે ગમે તે પ્રજાની વ્યક્તિ હો–તોપણ પોતાના હાથ નીચે સરદારી કરવાને હકદાર છે, એવું પ્રતિપાદન કરનાર તરીકે અને સર્વ વર્ણો માટે સમાન કાયદા અને સમાન ઇન્સાફ રાખનાર તરીકે લોક એને ગણે; અને એના તરફ એવી વૃત્તિ રાખવામાં સર્વે લોકો એક થાય: એ કેવી રીતે સિદ્ધ કરવું, તે માટે કેવી રીતે વર્તવું તે એના મનની વિચાર્ય વસ્તુ હતી. જેમ જેમ તેનું મન પાકું થતું ગયું તેમ તેમ એનાં ધોરણો આવાં થતાં ગયાં. ધર્માંધ મુસલમાન લેખકોએ એના ઉપર એની હયાતીમાં જ તેમ જ પાછળથી પણ એવો દોષ મૂક્યો છે કે સર્વ શક્તિમાન્ પરમ પુરુષના ગુણોનું પોતામાં અસ્તિત્વ માનવાનું તે અભિમાન રાખતો. આ અપરાધ એક જ અર્થમાં ખરો છે કે–જે દેશમાં અને જે કાળમાં ‘ બળીયાના બે ભાગ ’ એજ કાયદો ખરો મનાય, તે દેશમાં, તેવે કાળે, તે, હિંદુસ્તાનના લોકોમાં ઐક્ય, પરમત-સહિષ્ણુતા, ઇન્સાફ, અનુકમ્પા, અને સમાન હકો દાખલ કરવા સારૂ ઇશ્વરી સત્તાના આ દુનીયામાંના પ્રતિનિધિને રૂપે, ઇશ્વરનો પેગમ્બર હોય તેવી રીતે વર્ત્યો હતો.

આખા હિંદને એક રાજદંડની સત્તામાં લાવવાનો અને જે જે જૂદી જૂદી કોમોને પોતાના તંત્રમાં લાવવાની એની ઇચ્છા હતી તે તે કોમોને પોતાના પક્ષમાં લઈ લઇને આ કાર્ય ઘણે ભાગે સાધવાનો એનો પ્રથમ હેતુ હતો. તેના માર્ગની યથાર્થ સમજણ પડે તે સારૂ આ વિષયનું અંતરંગ અને બહિરંગ બન્ને દર્શન કરાવવું એ વધારે યોગ્ય ધાર્યું છે. તેથી આ પ્રકરણમાં તે વખતે હિંદનાં જુદાં જુદાં રાજ્યોને એક શાસન તળે લાવવાના એક પછી એક કરેલા પ્રયત્નોનો ઇતિહાસ હું પહેલો આપીશ. આગળનું પ્રકરણ આ વિષયના અંતરંગ સાથે ખાસ સંબંધ ધરાવશે.

આવા ગ્રંથમાં અકબરની હિંદુસ્તાન વિષેની બધી જીતોને વિસ્તારથી વર્ણવવી એ કંટાળા ભર્યું થઇ પડે તેથી નીચે પ્રમાણે ટુંકામાં લખવું જ બસ થશે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



પોતાના રાજ્યના છઠ્ઠા વર્ષમાં અને સ્વાવ્યત્ત રાજ્યના પહેલા વર્ષમાં તેણે માળવા પોતાના રાજ્યમાં ફરીથી જોડી દીધું. વર્ષ ઉતરતાં–ચનર અને કર્મનાસાની પશ્ચિમના મુલકના અફઘાન બાદશાહે કરેલા જોનપુર ઉપર હુમલો લઈ જવાના પ્રયત્નને એના સરદારોએ પાછો હઠાવ્યો અને અકબર પંડે કાલ્પીને રસ્તે જમના નદી ઓળંગી ગંગા નદીના જમણા કિનારા ઉપર અલ્લાહબાદની પાસે આવેલ કરહા સુધી આગળ વધ્યો. વર્ષ પૂરૂં થયું ત્યારે જોધપુરના રાજ્યમાં, જોધપુરથી ઇશાન કોણમાં છોતેર માઇલ ઉપર અજમેરની પેલી પાર આવેલા તે વખતે બહુ અગત્યના મર્ત નામના શહેરને ઘેરો ઘલાયેલો હતો. આ સવારીની બધી સૂચના અકબરે પંડે અજમેર રહેતો હતો ત્યાંથી આપી હતી, પણ તેનો અમલ કરવાનું સેનાપાતઓને સોંપ્યું હતું. રજપૂત દુર્ગરક્ષકોએ બહુ ઉત્સાહથી કિલ્લાનું રક્ષણ કર્યું પણ વળતા વરસના વસંતમાં દુર્ગરક્ષકો પોતાનાં માલમીલ્કત અને બીજી સંપત્તિ રહેવા દઈ માત્ર ઘોડા અને હથીયારો સાથે બહાર નીકળે એવી સરતે તે કિલ્લો સર થયો.

જે વર્ષમાં (૧૫૬૨) માં મર્ત પડયું તેજ વર્ષમાં અકબરના સરદારોએ માળવામાં આગળ વધતાં બીજગઢ અને તાપી નદી ઉપર આવેલ બુહરાનપુર એ બે નગરો પોતાના રાજ્યમાં ઉમેર્યાં. પણ આ લાભ પછી એક મહા સંકટ આવી પડયું. કારણ કે આ નગરોના અધિકારમાંથી ભ્રષ્ટ કરેલા સુબાઓ માળવાના બાદશાહ સાથે મળી ગયા અને તેમણે પોતાના અમલને ટેવાઈ રહેલા જમીનદારોની મદદ લઈ શહેનશાહના લશ્કર ઉપર મરણીયા થઇને હુમલો કર્યો. બુહરાનપુરમાંથી મળેલી લૂંટથી લાદેલા આ લોકોએ પૂરી હાર ખાધી. ક્ષણભરતો માળવા ગુમાવ્યું. પણ એક વર્ષ વીત્યા પહેલાં મુગલ સરદારોએ મોટાં લશ્કરોની મદદ સાથે પાછું મેળવ્યું. પેલો અફઘાન અમીર જે પ્રથમ માળવાનો સુબો હતો તે થોડીવાર રખડયા પછી અકબરને શરણ ગયો અને ઇતિહાસકારના શબ્દોમાં "નશીબના કોપમાંથી નાશી છુટવા શરણ માગ્યું." અકબરે એને એક હજારનો મનસબદાર બનાવ્યો અને થોડા વખત પછી એને બેહજાર માણસોના સરદારના મનસબ (હોદ્દા) ઉપર ચઢાવ્યો. અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



આખરે તે નવા શહેનશાહની નોકરીમાં જ મરણ પામ્યો. અહીંયાં વાંચનાર આટલું લક્ષ દેવા ચુકશે નહિ કે અકબરે શત્રુઓને કેવળ મરણીયા બનાવવાને બદલે માનમરતબો અને સારો હોદ્દો આપીને મેળવી લેવાનું ધોરણ આમ અમલમાં મૂક્યું. એનું કર્તવ્ય એકીકરણનું હતું. એથી પરાભવ પામેલા ઉપર એ હમેશાં ઉદાર રહેતો. એમના બળને–પોતાના બળથી વ્યતિરિક્ત એક બળ રહેવા ન દેતાં પોતાના બળમાં જ ભેળી દેતો. આરંભમાં એની વિરૂદ્ધ આચરણ કરવાની વૃત્તિવાળાઓને તે જણાવી દેતો કે 'મારાથી પરાભવ પામ્યાથી અથવા મને શરણ થયાથી તમારા માનમરતબામાં કાંઈ ઘટાડો તો નહિજ થાય પણ આખરે તેમાં વધારો થશે.' રજપૂતાનાના જૂદા જૂદા રજવાડા જોડેના એના આચરણોના વર્ણનમાં આપણે જ્યારે ઉતરીશું ત્યારે આ ધોરણના અમલની વધારે સ્પષ્ટતાથી નોંધ લઈશું.

અકબરના રાજ્યના આઠમા વર્ષના વસંતમાં એક દુઃખદ બનાવ બન્યો. જે સ્ત્રીએ એના બાલ્યમાં એની ધાત્રી થઈને કુંમળી વયમાં એની સંભાળ રાખી હતી તે સ્ત્રીની એ કેટલી બધી દરકાર અને પ્રીતિ રાખતો એ હું ઉપર સૂચવી ગયો છું.. બૈરામ સાથેની વર્તણુકમાં એ ઘણે દરજ્જે આની શીખામણ પ્રમાણે ચાલ્યો હતો. તેના નિર્વાહને માટે દરબારમાં ઉત્તમ પ્રકારની યોજના હતી અને એના બધા છોકરાઓને પણ અકબરે સારે ઠેકાણે નાંખી દીધા હતા. તોપણ એના મોટા છોકરાએ પોતાને જેમની બરાબર અથવા જેમનાથી ઊંચો ધારતો એવા માણસો પોતાની ઉપર ચઢી જવાથી તેમના ઉપરની ઇર્ષ્યાથી બળતાં અને સંભવ છે તેમ પોતાના જેવા બીજા માણસોથી ઉશ્કેરાઈને, મુખ્ય પ્રધાન જાહેર કચેરીમાં બેઠો હતો તે વખતેજ તેને મારી નાંખ્યો, અને એના તથા એના કુટુંબ ઉપર અકબરે હમેશ બતાવેલી મહેરબાની ઉપર વિશ્વાસ રાખીને અંતઃપુરના દ્વાર આગળ જઈને ઊભો રહ્યો. પણ આવા માણસને માટે અને આવા કર્મને માટે અકબરમાં દયા ન હતી. ખૂનીના કડકે કડકા કરાવવામાં આવ્યા અને કોટ ઉપરથી નીચેની ખાઈમાં એના શબને નંખાવી દીધું. એને ઉશ્કેરનારાઓ પોતાનો એમાં હાથ છે તે જણાઈ જવાની બીકે જમના નદીની પેલી પાર નાસી ગયા પણ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



તેઓને આખરે પકડયા અને આગ્રે મોકલી દેવામાં આવ્યા. ત્યાં તેમને આખરે મારી મળી. મુખ્ય ગુન્હેગારની માતા પોતાના પુત્રની આ વર્તણુકના શોકમાં ને શોકમાં ચાલીસ દિવસ પછી મરણ પામી.

થોડાક વખતથી પંજાબના કેટલાક ભાગની સ્થિતિ **અ**કબરને ચિંતાનું કારણ થઈ પડી હતી. ગખ્ખર નામની હમેશાં તોફાની જાતના સરદારોએ કોઈ દિવસ મુગલ શહેનશાહતને અંતઃકરણથી સ્વીકારી ન હતી અને તે દેશની વ્યવસ્થાના સંબંધમાં **અ**કબરે કરેલા હુકમોની અવગણના કરી હતી; એટલે, **અ**કબરે નીમેલા સુબાને માનવાની એમણે ના કહી હતી. ગખ્ખર લોકો આજના રાવલપિંડી જીલ્લાના ઇશાન ભાગ તરીકે ઓળખાવી શકાય તે ભાગમાં હાલ જ્યાં તેમના વંશજો રહે છે ત્યાંજ રહેતા હતા. પોતાનો હુકમ સરજોરીથી માન્ય કરાવવા સારૂં **અ**કબરે એક લશ્કર મોકલ્યું અને તે લશ્કર રસાકસીની થોડીક લડાઈ પછી બંદોબસ્ત કરવામાં ફતેહમંદ થયું.

ગખ્ખરના સરદારને કેદ કર્યો હતો અને તે એવી જ સ્થિતિમાં મરણ પામ્યો. એવી જ રીતે **અ**કબરે કાબુલમાં ઊભાં થયેલાં ફિતુરોને દબાવી દીધાં; અને હુમાયૂંની મહેરબાનીના **અ**બ્દુલ માલીએ ઉભા કરેલા એક તરકટને ત્વરાથી પ્હોંચી વળ્યો. આ **અ**બ્દુલ માલીના ફિતુરને **અ**કબરે વારંવાર દાબી દીધું હતું પણ આ વખતે તો તે મક્કાની હજ્જ કરીને અભિમાન ભર્યો પાછો આવતો હતો. એક બીજા બેદીલ ઉમરાવની સાથે એક યુક્તિ રચીને તે નારતુલ અગાડી બાદશાહી લશ્કરની એક ટુકડી ઉપર તૂટી પડયો અને તેનો નાશ કર્યો. એનો કેડો લેવા સારૂ **અ**કબરે એક લશ્કર મોકલ્યું. તે ત્રાસથી કાબુલ નાઠો અને ત્યાંથી **અ**કબર ઉપર પશ્ચાત્તાપના પત્રો લખી મોકલ્યા. આખરે એટલે વળતા વરસની શરૂઆતમાં **અ**બ્દુલ માલીને બદક્ષાનમાં કેદ કર્યો અને ત્યાં તેને મારી નાંખ્યો.

સને ૧૫૬૪ ની વસંત ઋતુ સુધીમાં, અલ્લાહાબાદની પૂર્વના મૂલકોમાં મુગલ સત્તા સ્થાપવાને **અ**કબરે જે યોજનાઓ કરી હતી તે અમલમાં મૂકી ન હતી. તે વખતમાં પૂર્વના મૂલકની કૂંચી મનાતું ચન્નર અંદેલ વંશના એક ગુલામના હાથમાં હતું. **અ**કબરના એક સેનાપતએ ડરાવ્યાથી આ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ગુલામે બાદશાહને તાબે થવાનો પત્ર લખ્યો. અકબરે પોતાના બે અમીરોને એ કીલ્લાનો કબજો લેવા મોકલ્યા અને તે તેમને તેણે સોંપી દીધો. ચન્નરનો કબજો મળવાથી નરસીંગપુરના જીલ્લાનું બારણું ઉઘડયું. આના ઉપર એક રાણી રાજ્ય કરતી હતી. જે ચૌરાગઢના કીલ્લામાં પોતાનો દરબાર ભરતી હતી. આની સામા અકબરનું લશ્કર ઉપડયું અને એક કટ્ટી લડાઈમાં એને હરાવીને હાલ હોશંગાબાદના જીલ્લાને નામે ઓળખાતો નરસીંગપુરનો મુલક શહેનશાહતમાં ભેળી દીધો. તે વર્ષના ઉનાળામાં શીકાર કરવાને બહાને મધ્ય દેશ તરફ અકબર ચાલ્યો. ત્યાં વરસાદ આવવાથી તે ચમકયો અને વીસ માઇલના ઘેરાવાવાળું તે વખતમાં ઘણું આબાદ શહેર નરવાર તે તરફ ચઢેલાં પાણી ચીરીને ચાલ્યો. તે શહેરની નજીકમાં થોડાક દિવસ શીકાર કરીને તે માળવા તરફ વધ્યો અને રાના તથા સારંગપુરમાં થઇને માહુની નૈઋતમાં છવીસ માઇલ ઉપર આવેલા માંડુ તરફ ચાલ્યો. અકબરે નીમેસો એક ઉસબેક ઉમરાવ માંડુનો સૂબો હતો. તે અંતરમાં સમજ્યો હતો કે મારાથી નાખુશ થવાનું અકબરને કારણ છે તેથી બાદશાહે મોકલેલા અભય સંદેશામાં વિશ્વાસ ન રાખીને અકબર પાસે આવ્યો તે વખત શહેર છોડીને પોતાના અનુચરોની સાથે નાઠો. અકબરે તેની પાછળ એક લશ્કર મોકલ્યું. તે ગૂજરાત સુધી તેની પુંઠે પડયું અને તેની પાસેથી તેના અશ્વો, હાથી, તથા બીબીયો છીનવી લીધી.

માંડુમાં અકબરને જે આવકાર આપવામાં આવ્યો તે બહુ જ સંતોષ ઉપજાવે એવો હતો. પડોશના નજીકના જમીનદારો બાદશાહને સલામ કરવા શહેરમાં ઉભરાયા અને દૂરના ખાનદેશના રાજાએ એને મુબારકબાદી આપવા એક એલચી મોકલ્યો. અકબરે આ એલચીનો આદરસત્કાર કર્યો. તે વખતના રીવાજોના એક લાક્ષણિક સ્વરૂપ જેવી વાત અહીંયા લખવી યોગ્ય છે. જ્યારે અકબરે તે એલચીને રજા આપતાં સત્કાર કર્યો ત્યારે તેણે ખાનદેશના રાજા ઉપરનું એક ફરમાન તે એલચીના હાથમાં મૂકયું. તેમાં એવી સૂચના કરી હતી કે બાદશાહની સેવામાં હાજર રહેવા યોગ્ય એની કોઇ શાહજાદી હોય તેને મોકલાવવી. એક દેશી ઇતિહાસકાર લખે છે કે આ કૃપાપૂર્ણ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



સંદેશો જ્યારે ખાનદેશના રાજાને મળ્યો ત્યારે તે ઘણો જ ખુશી થયો અને ખુદાવંદ અકબર બાદશાહ પાસે યોગ્ય રસાલો અને સરસામાન લઇને પોતાની એક પુત્રી મોકલી અને આમ કરવા દેવામાં તેના ઉપર બહુ કૃપા થઇ એમ એ સમજવા લાગ્યો. થોડાક દિવસ માંડુ રહ્યા પછી અકબર ઉજ્જન, સારંગપુર, સીપ્રી, નરવાર અને ગ્વાલીયરને રસ્તે આગ્રે ગયો. વળતા શીયાળામાં તેણે ઘણો વખત ગ્વાલીયરના મુલકમાં શીકાર કરવામાં ગાળ્યો. પશ્ચિમથી હિંદુસ્તાનમાં આવેલો કોઈ પણ એવો મુસાફર નહિ હોય કે જેણે રાતા પત્થરનો બાંધેલો–આગ્રાનો કિલ્લો સાનંદાશ્ચર્યથી જોયો નહિ હોય. અકબર ગાદીએ આવ્યો ત્યારે ત્યાં આગળ દેખાવમાં કદ્રુપો અને ખવાઇ જઇને ખંડેર જેવો દેખાતો એક ઈંટોનો કિલ્લો હતો. કેટલોક વખત થયાં એક મોટા રાજ્યના બાદશાહને યોગ્ય એક કિલ્લો આના ખંડેર ઉપર બાંધવાનો અકબરે ઠરાવ કર્યો હતો, અને ૧૫૬૫ ની વસંત ઋતુના અંતમાં એની ઘટના કરી અને જરૂરના હુકમો આપ્યા. એ કામ એક કાસીમખાં નામના વજનદાર અધિકારી–જેને અકબરે ત્રણ હજારનો સરદાર નીમ્યો હતો તેની દેખરેખ નીચે ચાલ્યું. આઠ વર્ષની અવિચ્છિન્ન મજુરી એ કીલ્લો બાંધવામાં લાગી અને ખરચ પાંત્રીસ લાખ રૂપીયા થયું. ઉપર કહ્યું તેમ તે રાતા પત્થરનો બાંધેલો છે. પત્થરો એક બીજાની સાથે મજબૂતાઈથી જોડેલા છે અને સોંસરી નીકળતી લોઢાની મેખોથી જડી લીધેલા છે. દરેક સ્થળે પાયો છેક પાણી સુધી પહોંચેલો છે.

આ વર્ષ પૂરૂં થતાં પહેલાં એક એવો બનાવ બન્યો કે જેથી અણચિંતવી આપત્તિને સમયે યોગ્ય ઠરાવ કરવાની અને ત્વરિત પ્રાતકારની યોજના કરવાની પોતાની પ્રકૃતિનો ઉપયોગ કરવાની અકબરને તક મળી. માંડુનો ઉઝ્બેક સૂબો જ્યારે અકબર તે શહેરની મુલાકાતે ગયો ત્યારે કેવી રીતે નાસીને સામે થયો હતો તે તથા અકબરે તેની પાછળ માણસો મોકલી તેને કેવી શિક્ષા કરી હતી તે પણ મેં ઉપર વર્ણવ્યું છે. આ ફિતુર તરફ અકબરની વર્તણુક જો કે અયોગ્ય રીતે સખત ન હતી તોપણ દરબારમાં તથા લશ્કરમાં રહેતા ઉઝ્બેક ઉમરાવોના મનમાં એથી એવી છાપ પડી કે બાદશાહ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

અમારી કોમને ચાહતો નથી. તેથી આમાંના ત્રણ ચાર ઉમરાવો અકબરને પાઠ આપવા એકઠા થયા. આ વર્ષની પાનખરમાં જૈનપુર જ્યાંના ઉઝબેક સુબાને આ લોકોએ પોતાના પક્ષમાં ભેળવ્યો હતો, ત્યાં આગળનું હુલ્લડ સળગી ઉઠયું. આ સમાચાર જ્યારે અકબરને મળ્યા ત્યારે તે હાથીનો શીકાર કરવામાં નરવાર આગળ રોકાયો હતો.

તેણે તરતજ પોતાના સમર્થમાં સમર્થ સરદારને તેના વફાદાર અમલદારોને મદદ કરવા સારૂ, ત્યાં આગળ મળ્યું એટલું લશ્કર લઇને, મોકલ્યો, અને પોતે આમની પાછળ મોકલવા સારૂં બીજું વધારે લશ્કર એકઠું કરવા લાગ્યો. દશ દિવસ પછી એ પોતે પણ ઉપડયો અને કનોજ આગળ પહોંચ્યો. ત્યાં અગાડી સામા થયેલા એક સરદારનું નમવું સ્વીકાર્યું અને વરસાદને લીધે નદીમાં આવેલાં પૂર ઉતરી જવાની વાટ જોતો દશ દિવસ સુધી ત્યાં થોભ્યો. ત્યાંથી આ ફિતુરીઓનો અગ્રેસર ઉમરખાં લકનૌ ઉપર ગયો છે એમ જાણવાથી એક નાના પણ ચુનંદા લશ્કરની સાથે તેની પાછળ પડયો અને ચોવીસ કલાક સુધી અવિરત કુચ કરીને બીજે દિવસે સવારે તે શહેર દૃષ્ટિગોચર કર્યું. જેમ જેમ તે પાસે આવતો ગયો તેમ તેમ હુલ્લડખોરો એટલી તો ત્વરાથી નાઠા કે બાદશાહ અને તેના રસાલાના ઘોડા આ લાંબા કુચમાં કેવળ થાકી ગયેલા હોવાથી તેમની પાછળ પડી શક્યા નહિ. દ્રોહી ઉમરાવે જુઆનપુરનું શરણ લીધું અને ત્યાં તેના સહયોગીઓને મળીને તે જગા છોડી નરહરના ઉતાર આગળ ઘોઘ્રા નદીને ઓળંગી છાવણી નાંખીને રહ્યો. અને ત્યાંથી તેમણે બંગાળાના રાજાની મદદ માગવા સારૂ એલચીઓ મોકલ્યા.

દરમિયાન. આ કલહનો લોહી વહેવરાવ્યા વિના અંત આણવાની આતુરતાવાળા સરદારથી અધિષ્ઠિત એક બાદશાહી લશ્કર આમની સમક્ષ આવીને ઊભું રહ્યું. બીજી તરફથી એક ઉગ્રકોપવાળા અને દૃઢ મનના સેનાપતિની સરદારી નીચે બીજું સૈન્ય રજપૂતાનાથી કુચ કરતું ચાલ્યું આવતું હતું. શાન્તિશીલ સેનાપતિએ આરંભેલી સલાહની ભાંજગડ પૂરી થવા આવી હતી, તેવામાં પેલો ઉગ્ર સરદાર આવી પહોંચ્યો અને આ ભાંજગડ છળ છે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



એમ કહી યુદ્ધ કરવાનો આગ્રહ કર્યો. પછી જે યુદ્ધ થયું તેમાં બાદશાહી સૈન્ય હાર્યું અને નાઠું, તે બીજે દિવસે શેરઘઢ આગળ એકઠું થયું.

આ લડાઈ થઇ રહી ત્યાર પહેલાં **અકબરે** રાજદ્રોહીઓની સાથે સંધિ કરવાની મંજુરી આપી હતી અને પોતાના લશ્કરનો તેમનાથી થયેલો પરાભવ સાંભળ્યો તોપણ તે પોતાના ઠરાવથી ડગ્યો નહિ. તેણે કહ્યું તેમની ચૂક હું માફ કરૂં છું. અને તેના અમીરોને પોતાના દરબારમાં પાછા જવાની સૂચના આપી. પછી પોતે ચન્નરના કિલ્લાને મજબૂત કરવાની યોજનાનો વિચાર કરવા સારૂ, મીરઝાપુરના જંગલોમાં હાથીઓનો શીકાર કરવા સારૂ અને જે રાજદ્રોહીઓને હથીયારબંધ રહેવા દઈ ક્ષમા આપી હતી તે હવે શું કરે છે તેની રાહ જોવા સારૂ, ચન્નર ગયો. આ પ્રયોગ ફરીથી કરવા લાયક નહતો કેમકે પોતાને મળેલા વિજયથી ફૂલાઇને તે દ્રોહી સરદારો નવેસર સામા થયા. પણ **અકબરે** પોતાના લશ્કરની ચતુરાઇથી કરેલી વ્યવસ્થાએ તેમને શરણ આવવાની જરૂર પાડી અને તેમને પાછા પોતાની મહેરબાનીમાં દાખલ કર્યા. આ વખતમાં બાદશાહી સરદારોએ બિહારમાં રોતાસનો કિલ્લો સર કર્યો અને ઓરીસાના રાજા પાસે સંદેશો લઇને મોકલેલા દૂતો ઉમદા બક્ષીસો લઈ પાછા આવ્યા.

સને ૧૫૫૬ ના વસંતમાં **અકબર** આગ્રે આવ્યો. હિંદુસ્તાનના ઇતિહાસકારો લખે છે કે આ શાન્તિના દિવસોમાં ચોગન નામની રમતમાં સંધ્યાકાળ ગાળવામાં એ મોટો આનંદ માનતો. ચોગન, એ આજની પોલોની રમત, હિંદમાંથી યુરોપમાં આવેલી છે. પણ **અકબરના** વખતમાં તો આખા જગતમાં હાલ રમાય છે, તેમજ તે રમત રમાતી. પણ હિંદુસ્તાનમાં દિવસનો પ્રકાશ મટી ગયા પછી તરતજ આવી પહોંચતા રાત્રીના અંધારામાં આ રમત રમવાની એક નવીન રીત શોધી કહાડવામાં આવી હતી. **પલાશ** નામનું એક જાતનું બહુ હલકુ અને ઝાઝી વાર બળતું લાકડું થાય છે તેના તે દડા કરાવતો અને પછી એમને આગ લગાડતો. એના વખતનો સહુથી તીક્ષ્ણ ચોગન રમનારો ગણાવાનું તેને માન હતું.

આ રમતગમતમાંથી કાબુલ અને પંજાબના ફતેહમંદ થયેલા હુલડોથી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

તે જાગ્યો. બનતી ઉતાવળે એ વર્ષના અંતમાં એ સતલજ ભણી ચાલ્યો. દશ દિવસમાં દિલ્હી પહોંચ્યો; ત્યાંથી સરહિંદ અને ત્યાંથી આનંદની સાથે લાહોર પહોંચ્યો. ત્યાંથી તેણે ફિતુરીઓને સિંધુની પેલી પાર હાંકી કહાડવા સારૂ પોતાના સરદારોને મોકલ્યા. આ કામ તેમણે સિદ્ધ કર્યું અને પાછા ફર્યા. કાબુલનું તોફાન પણ આજ વખતે શાન્ત પડ્યું. પણ બદલામાં વાયવ્ય કોણમાં આટલે બધે દૂર બાદશાહ હોવાથી જૌનપૂરમાં બળવો ઉઠ્યો. આટલું સ્પષ્ટ છે કે આ વખત સુધી એટલે ૧૫૬૬ સુધી હિંદુસ્તાનમાં સ્થાયી રાજ્ય શી રીતે સ્થાપવું એ પ્રશ્નને ફતેહમંદ રીતે હાથ લેવાને કોઇ બાદશાહ શક્તિમાન થયો નહતો. પાણીપતની લડાઇથી ગણતાં એના રાજ્યનું અગીઆરમું વર્ષ આ વખત પૂરૂં થતું હતું. અને આ દરમિયાન તેનાં મૂળ જમીનમાં એટલાં તો છીછરાં હતાં કે જો એને કોઇ અકસ્માત્ થાય તો ઉત્તરાધિકારનો સવાલ વળી તલવારથી જ નક્કી થાય. ૧૫૬૭ ની શરૂઆતમાં હજી એ લાહોરમાંજ હતો—અને ત્યાં શીકાર વગેરે મજા માણતો હતો. આ ગમતમાંથી વળી, જે ઉઝ્બેક લોકોને ક્ષમા આપી હતી તેઓ એની ગેરહાજરીનો લાભ લઈ ફરી સામા થયા છે એવા સમાચારથી તેને જાગૃત થવું પડ્યું. તેથી એણે ૨૨ મી માર્ચે લાહોર છોડ્યું અને આગ્રાની તરફ વળતી મુસાફરી આરંભી. સરહિંદમાં થાણેશ્વર આગળ પહોંચતાં જોગી અને સંન્યાસી એ બે તરેહના હિંદુ વૈરાગીઓની વચ્ચે શ્રદ્ધાવાન યાત્રાળુઓએ ધરેલું સોનું, રૂપું, જવાહીર તથા કાપડ વગેરેની માલકી સારૂ થતા કજીયાથી એને બહુ ગમત મળી. એના રાજ્યના અસ્થૈર્યની એક બીજી નીશાની દિલ્હીમાં એની રાહ જોતી હતી. કેમકે એક રાજકેદી, શહેરના સૂબાની ચોકસી ચૂકવીને નાસી ગયો હતો—અને સૂબો—બાદશાહની ઈતરાજી થશે એવા ભયથી—શહેર છોડીને નાઠો અને સામો થયો.

વળી જ્યારે આગ્રે પહોંચ્યો ત્યારે પણ આથી વધારે નિર્ભયતાભર્યા સમાચાર એને મળ્યા નહિ. કનોજની આસપાસનો મુલક હુલડની અંધાધુધીમાં હતો અને આટલું હવે સ્પષ્ટ થયું કે એના અમીરોમાંના ઘણા વિશ્વાસ પાત્ર નથી. આ સંકટમાં એ રાયબરેલી જીલ્લામાં આવેલા ભોજપૂર તરફ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

ચાલ્યો અને ત્યાંથી રાયબરેલી ગયો. ત્યાં હુલડખોરોએ કાલ્પી તરફ વધવાને સારૂ ગંગા નદી ઓળંગ્યાના સમાચાર મળ્યા. પુષ્કળ વરસાદ વરસવાથી આખા દેશમાં રેલ આવી હતી પણ **અકબરે** પોતાના કાર્યમાં સાવધ રહી પોતાના મુખ્ય લશ્કરને કરહા આગળ મોકલી દીધું. અને પોતે એક તરફ પરતાપગઢ અને બીજી તરફ અલ્લાહાબાદની સમાન્તરે આવેલા માણીકપુર તરફ ચુનંદી ટુકડીઓ સાથે ઉપડયો. પછી લડાઈ થઈ તેમાં અથવા ત્યાર પછી આ હુમલાના મુખ્ય વિજેતાઓ માર્યા ગયા. રણક્ષેત્રમાંથી **અકબર** અલાહાબાદ તરફ ગયો. તે આ વખતે તેના જૂના નામ પ્રયાગથી ઓળખાતું હતું. પછી બનારસની અને જૈનપુરની મુલાકાત લઈ ત્યાં સઘળો બંદોબસ્ત કરી આગ્રે પાછો ફર્યો.

પૂર્વ પ્રદેશ હવે અભય છે એમ સમજી **અકબરે** રજપૂતાના તરફ લક્ષ ફેરવ્યું. પશ્ચિમ હિંદુસ્તાનના આ મોટા ભાગના રાજ્યોમાં સૌથી વધારે જૂનો રાજા મેવાડનો રાણો ઉદેસીંગ હતો. આ માણસના સ્વભાવમાં નિર્બળતાની સાથે બેહદ હઠીલાઈ ભળી હતી. એનો મુખ્ય કિલ્લો ચિતોડનો પ્રસિદ્ધ દુર્ગ હતો. જે કિલ્લો સને ૧૩૦૩ માં **અલ્લાઉ–દીન**ને પગે પડયો હતો, તોપણ અભેદ્ય હોવાની પોતાની પ્રથમની આબરૂ એણે પાછી મેળવી હતી. બનાસ નદી ઉપર એક ઊંચી ચતુષ્કોણ ટેકરી ઉપર એ આવેલો છે. અને આ કિલ્લાની બહારની ભીંતનો ઘાટ ડુંગરીને ધાટે ઘાટે અનુસર્યો છે. એક ખરા અને વફાદાર સરદારની સવારી નીચે આશરે સાતહજાર ઉત્તમ રજપૂત લડવૈયા એનું રક્ષણ કરતા હતા. એમાં ખોરાક અને પાણી પુષ્કળ હતાં અને બધી રીતે લાંબો ઘેરો ખમી શકે એવો તે કિલ્લો હતો.

**અકબર** પોતે તે કિલ્લા આગળજ રહ્યો અને રાણો વિજયની આશા છોડીને જંગલમાં નાસી ગયો હતો તેથી આસપાસના પ્રદેશમાં જીતો મેળવવાના ઇરાદાથી એક બીજું લશ્કર બહાર મોકલ્યું. પણ જે જોસથી તે ઘેરાનું કામ દબાવ્યે ગયો તેવીજ હિમ્મત અને હઠીલાઇથી રજપૂત લોકો રક્ષણને વળગી રહ્યા. **અકબરને** આવા હઠીલા લડવૈયા કદી મળ્યા નહતા. જેમ જેમ એમની હઠીલાઇ વધતી ગઇ તેમ તેમ આનું અભિમાન અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

દૃઢ નિશ્ચય પણ વધતાં ગયાં. આખરે અર્થ સરે એવું ગાબડું પડયું છે એમ સમજાયાથી માર્ચ માસની એક રાત્રે **અકબરે** હુમલો કરવાનો હુકમ આપ્યો. ઊભો ઊભો બધી દેખરેખ રાખી શકે અને યોગ્ય પગલાં સૂચવી શકે એવી જગા ઉપર તેણે પોતાને માટે એક બેઠક કરાવી હતી. પોતાની બંદૂક હાથમાં રાખી એ બેઠો હતો ત્યાં તેણે એક સમર્થ સરદારની સરદારી નીચે બહાદૂર રજપૂતોને બાદશાહના લશ્કરને અંતઃકરણપૂર્વક આવકાર આપવાની તૈયારીમાં ગાબડા આગળ એકઠા થતા જોયા. એ ગાબડું અને પોતાની બેઠક વચ્ચેનો અંતર સીધી લીંટીએ બહુ થોડો હતો. માત્ર એક નદી જ વચમાં વહેતી હતી.

મશાલોના અજવાળાથી **અકબરે** રજપૂત સેનાપતિને ઓળખી કહાડયો અને તે પોતાની બંદૂકના લક્ષ્યમાં છે એમ માનતાં બંદૂક છોડી અને તરત જ તેને ત્યાં અગાડી જ ઠાર કર્યો. આ ભાગ્યશાળી લક્ષ્યવેધ બે લશ્કરો એક બીજાની પાસે આવતાં હતાં તેવે વખતે થયો અને એથી રજપૂતો એટલા તો નાહિમ્મત થઇ ગયા કે અણીને વખતે તેમણે તદ્દન નમાલું રક્ષણ કર્યું. પછીથી અલબત્ત તેઓ પાછા આવ્યા. અને જો કે જાત ભાગીને આ વખત પૂર્ણ પ્રયત્ન કર્યો પણ ગયેલો લાભ એમને મળી શક્યો નહિ. વ્હાણું વાયું ત્યારે ચીતોડ **અકબરના** કબ્જામાં આવી ગયેલું હતું. આ વિજયથી ઓશીંગણ થઇને ઘેરો ઘાલવા માંડયા પહેલાં લીધેલી બાધા મૂકવા સારૂ **અકબરે** અજમેરની ટેકરીની ટોચ ઉપર આવેલી હિંદુસ્તાનમાં પહેલા મુસલમાન ફકીર સીઇસ્તાનના માઇનુ–ઈ–દીન ચીસ્તીની દરગાહની યાત્રાએ પગે ચાલતે ગયો. હજી નાનપણની કેળવણીમાંથી એ મુક્ત થયો નહતો. અજમેર એ દશ દિવસ રહ્યો અને મેવાતને રસ્તે ત્યાંથી આગ્રે પાછો ફર્યો. વસંત અને ચોમાસું **અકબરે** આગ્રામાં ગાળ્યું. પછી જયપૂરમાં આવેલ ‘ રણથમ્ભોર ’ ના મજબૂત કિલ્લાને સર કરવાનો ક્રમ નક્કી કર્યો પણ એને માટે ઊભું કરેલું લશ્કર હજી રસ્તામાં હતું, તે વખતે ગુજરાતમાં એક તોફાન ઊઠયું અને તે પછી તરત જ તે તરફથી મધ્ય હિંદુસ્તાન ઉપર ચડાઈ કરવાની જરૂર પડી તેથી આ લશ્કર તે તરફ વાળવાની **અકબરને** જરૂર પડી. પછી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



બીજા લશ્કરની સાથે રણથમ્ભોર તરફ પોતે જાતે જ સવારી લઇ જવાનો નિશ્ચય કર્યો. આ તેણે વળતા વરસના ૧૫૬૯ ના આરંભમાં જ સિદ્ધ કર્યો. એ કિલ્લાને સર થવાની જરૂર પાડી કે તરત જ તે આગ્રા તરફ પાછો ફર્યો અને રસ્તામાં પેલા ફકીરની દરગાહની મુલાકાતે અજમેરમાં એક અઠવાડીઉં રોકાયો

આ વર્ષમાં તેણે ફતેહપુર સીક્રી સ્થાપ્યું, જેના વિભૂતિવાળાં ખંડેરો હજી સુધી મુસાફરને આશ્ચર્યમાં નાંખી દે છે. તબાકતનો કર્ત્તા આ વાત આ પ્રમાણે કહે છે. અકબરને પહેલા બે જોડંવાના પુત્રો થયા, તેમાંનો એકે જીવ્યો નહિ. એ વાત જણાવીને પછી કહે છે કે, આગ્રાની નૈઋતમાં બાવીસ માઇલ ઉપર આવેલા સીક્રી આગળ શેખ સલીમ ચીસ્તી કરીને એક સૈયદ રહેતો હતો તેણે તેને એક ચિરંજીવી પુત્ર થશે એવી આશીશ આપી હતી. આ આશીશ પૂર્ણ થવાની આશાથી અકબરે રણથમ્ભોરથી પાછા ફર્યા પછી તેની કેટલીક મુલાકાતો લીધી હતી–અને દરેક વખતે દશથી વીસ દિવસ સુધી રહેતો. આખરે તેણે એક કાંઇક ઢોળાવવાળી જમીનની ટોચે એક મહેલ બાંધ્યો, અને આ બાદશાહી મહેલની નજીક ફકીરે એક સુંદર મસજીદ અને મુસાફરખાનું બાંધવાનો આરંભ કર્યો. આ દૃષ્ટાંતથી ઉત્તેજીત થઈ ને દરબારના અમીરો પણ પોતપોતાને માટે મકાનો બાંધવા માંડયાં.

પોતાનો મેહેલ હજી બંધાતો હતો તેવામાં એની એક રાણીને ગર્ભ રહ્યો અને અકબર એને આ પવિત્ર ફકીરના નિવાસમાં લઇ ગયો. થોડા વખત પછી એણે ગુજરાત જીત્યું ત્યાર પછી આ કૃપાપાત્ર નગરને ફતેહપૂર એવું ઉપનામ આપ્યું. તે વખતથી ઇતિહાસમાં આ જગાને એ નામથી–ફતેહ-પુર સીક્રીથી ઓળખવામાં આવે છે. આ વર્ષના અંતની નજીકમાં પેલા ફકીરના જ નિવાસમાં તે રાણીએ એક શાહજાદાને જન્મ આપ્યો. તેનું નામ તે ફકીરના નામ ઉપરથી સલીમ પાડવામાં આવ્યું, પણ ઇતિહાસમાં એ આગળ ઉપર જહાંગીર બાદશાહના નામથી ઓળખાયો. એની જનેતા જોધપુરની રજપૂત રાજપુત્રી હતી. આ બનાવના સ્મરણાર્થે અકબરે ફતેહપુર સીક્રીને હમેશનું રાજનિવાસ બનાવ્યું. તેની આસપાસ એક

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



કિલ્લો બાંધ્યો અને બીજી કેટલીક રોણકદાર ઇમારતો બંધાવી. પછી તેણે અજમેરની ટેકરી ઉપર પેલા ફકીરની દરગાહની ફરીથી પગે ચાલીને યાત્રા કરી. ત્યાં ભક્તિ પુરઃસર બંદગી કરી દિલ્હી તરફ ગયો.

વળતા વર્ષની શરૂવાતમાં **અકબર** રજપૂતાનામાં ગયો અને જોધપુરમાં આવેલા નગોર આગળ મુકામ કર્યો. ત્યાં તેણે એ વખતમાં રજપૂતાનામાં સમર્થમાં સમર્થ રાજ્યના રાજાના તથા બીકાનેરના રાજા તથા તેની કુંવ-રની પ્રણાત સ્વીકારી. બીકાનેરના રાજાની વફાદારીના પીછાનની નિશાનીમાં **અકબરે** તેની પુત્રી લગ્નમાં સ્વીકારી. નગોર અગાડી તેણે થોડોક સમય તે વખતે તે પ્રદેશમાં પુષ્કળ જડી આવતા જંગલી ગધેડાઓનો શીકાર કરવાની ગમતમાં ગાળ્યો. અને પછીથી પંજાબમાં દીપાલપુર ગયો. ત્યાં તેણે એક ભબકાબંધ દરબાર ભર્યો અને ત્યાંથી નવું વર્ષ બેસતાં જ લાહોર ગયો. પછી પંજાબની વ્યવસ્થા કરીને આવતું વર્ષ ગૂજરાતની જીતમાં ગાળવાનો નિશ્ચય કરી તે ફતેહપુર-સીક્રી પાછો આવ્યો.

પશ્ચિમ હિંદુસ્તાનમાં આવેલા ગુજરાતના પ્રાન્તમાં, **અકબરના** વખ-તમાં, સૂરત, ભરૂચ, ખેડા અને અમદાવાદના જીલ્લાનો મુલક, હમણાના વડો-દરા રાજ્યનો મોટો ભાગ હાલની મહીકાંઠા અને રેવાકાંઠા એજન્સીઓવાળો મુલક, પંચમહાલ, પાલનપુર, રાધનપૂર, ખંભાત, ખાનદેશ અને કાઠીયાવાડનો મોટો દ્વિપકલ્પ એટલાનો સમાવેશ થતો હતો. જૂદી જૂદી હદોના આ જથ્થાનો ઘણા વખત સુધી ખરા અધિકારવાળો કોઇ એક માલીક ન હતો. એના જૂદા જૂદા જીલ્લાઓ પડી ગયા હતા અને વસ્તીના મોટા ભાગને પરાયા લાગે એવા મુસલમાન ઉમરાવો દરેક ઉપર રાજ્ય કરતા હતા. તેથી આ ભૂમિ અનવરત અંતઃક્ષોભની રંગભૂમિ થઇ રહી હતી—અમીર લોકો સાર્વભૌમ મેળવવાને માટે જોઇતાં સાધનો સારૂ બીચારા ખેડૂત વર્ગને દળી નાંખતા. કોઇકિ વાર પડોશના ઇલાકાના રાજાની નબળાઇના સમાચારથી ઉ-ત્તેજન પામી બીજા સરદારો ક્ષણિક સવારીઓ કરવા સારૂ એકઠા થતા. પરિ-ણામ એ આવ્યું હતું કે ગુજરાત અવ્યવસ્થાનું કેન્દ્ર થઇ પડયું હતું. લોકો ઉપર જુલમ ગુજરતા અને તેમનાપર રાજ્ય કરનાર નાના નાના ક્રૂર રાજાઓ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



બીજાને ભોગે પોતાને ફાયદો કરવાના નિશ્ચયવાળા થતા હતા. આ ગેરબંદોબસ્તનાં પરિણામ **અકબરને** પણ ઘણા વખતથી ખમવાં પડતાં હતાં, અને આ વખતે તેનો હમેશને માટે અંત લાવવાનો તેણે નિશ્ચય કર્યો.

**અકબરની** ગુજરાત ઉપરની સવારી એના રાજ્યનું સહુથી વધારે પ્રસિદ્ધ પરાક્રમ છે. તેણે એવો નિશ્ચય કર્યો હતો કે એની ગોઠવણમાં અથવા તો તે ગોઠવણ પાર ઉતારવામાં કાંઈ પણ ચૂક થવી જોઈએ નહિ. હિંદુસ્તાનના મોટા ભાગનો એ રાજ્યકર્ત્તા થયો ત્યાર પછી પહેલીજ વાર આ વખતે પોતાના અમીરો અને સામંતો તરફની, આ સવારીમાં જે વખત લાગવાનો સંભવ હતો તે દરમિયાન, તેને નિર્ભયતા લાગી હતી. સને ૧૫૭૨ ના સપ્ટેમ્બરમાં તે પોતાના લશ્કરની સાથે ફતેહપુર સીક્રીથી ઉપડયો અને જેપૂરથી અઢાર માઇલ ઉપર આવેલા સંગનેરને રસ્તે ઓક્ટોબરના મધ્યમાં અજમેર પહોંચ્યો. ત્યાં પેલા ફકીરની દરગાહની યાત્રા સારૂ બે દિવસ થોભ્યો અને રસ્તાની તપાસ રાખવાને દશ હજાર ઘોડેસ્વારનું એક સૈન્ય આગળ મોકલીને બાકીના બધા લશ્કરની સાથે તે જોધપુરની ઈશાનમાં પોણોસો માઇલ ઉપર આવેલા નગોર ઉપર ચાલ્યો. નગોર પહોંચતાં તેની પાસે એક દૂત આવ્યો. તે એવા સમાચાર લાવ્યો કે તેને એક પુત્ર-જે આગળ દાનીઆલને નામે ઓળખાયો તે-જન્મ્યો છે. ત્યાં તેણે પોતાના લશ્કરને જોઇતી ચીજો પૂરી પાડવાનો બંદોબસ્ત કરવામાં તેર દિવસ ગાળ્યા, અને ત્યાંથી ઝપાટાની સાથે આગળ વધતાં, નવેમ્બરમાં સરસ્વતી ઉપર આવેલા પાટણ આગળ પહોંચ્યો અને ત્યાંથી બીજે મહીને અમદાવાદ આવ્યો. આ બે સ્થળો વચ્ચેની એની મુસાફરીમાં ગુજરાતના સાર્વભૌમનો હક ધરાવતા સુલતાનની પ્રણતિ એણે સ્વીકારી હતી પણ તેની સત્તા માત્ર નામની જ હતી. તે વખતમાં ગુજરાતના મુખ્ય નગર અમદાવાદ આગળ અકબરે "પશ્ચિમ હિંદુસ્તાનના બાદશાહ" તરીકે પોતાનો ઢંઢેરો પીટાવ્યો.

પણ પોતાની સત્તા છોડી દેવાને નારાજ એવા ઘણા નાના સરદારોની સાથે કામ પાડવાનું હજી **અકબરને** બાકી રહ્યું હતું. આમાં ભરૂચ, વડોદરા, અને સુરતના હાકેમોનો સમાવેશ થતો હતો. તેથી અમદાવાદના મુલકમાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



બંદોબસ્ત રહે એવી ગોઠવણ કરી રહ્યા કે તરતજ **અકબર** ખંભાત જવા ઉપડ્યો અને ત્યાં પાંચ દિવસમાં પહોંચ્યો. ઇતિહાસકારો કહે છે કે અહીંયાં તેણે પહેલવહેલું સમુદ્રનું દર્શન કર્યું. એક અઠવાડીઉં ત્યાં રોકાઇને તે વડોદરા તરફ ગયો અને ત્યાં બે દિવસમાં પહોંચ્યો. ત્યાં આ મૂલકના બંદોબસ્તની બધી ગોઠવણ એણે પૂરી કરી. અમદાવાદને પાટનગર બનાવ્યું અને આગ્રેથી એની સાથે આવેલા એક ઉમરાવને ગુજરાતનો સૂબો બનાવ્યો. ત્યાંથી જ સુરત અને ભરૂચ સર કરવા સારૂ લશ્કર મોકલ્યું. દરમિયાન એને એવા સમાચાર મળ્યા કે ભરૂચનો રાજા એ શહેરના મુગલ પક્ષના મુખ્ય માણસનું ખૂન કરીને વગડામાં નાશી ગયો છે અને વડોદરેથી પંદર માઇલ ઉપર થઇને પસાર થયો છે. તે સાંભળતાંજ પોતાની પાસે તૈયાર હતું તેટલું લશ્કર લઈ **અકબર** તેની પાછળ પડ્યો અને એક નાની નદીને સ્હામે કીનારે સારસા આગળ નાંખેલા એના પડાવની દૃષ્ટિ મર્યાદામાં બીજી રાત્રે આવી પહોંચ્યો.

આ વખતે **અકબર** પાસે માત્ર ચાળીસ ઘોડેસ્વાર હતા. અને નદી ઉતરાય એવી હોવાથી બીજું મદદગાર સૈન્ય આવી પહોંચે ત્યાં સુધી પોતાના માણસોને સંતાડી રાખવાનો તેણે પ્રયત્ન કર્યો. પછી રાતમાં સાઠ જણા બીજા આવ્યા અને પોતાની સાથે આવેલા તે ગણતાં હવે એની પાસે સો માણસો થયાં, એટલે **અકબર** આથી દશગણાં માણસો ઉપર હુમલો કરવાને ઇરાદે તે નદી ઉતર્યો. હુલ્લડખોર સેનાપતિ–શહેરમાં હુમલાની રાહ જોવાને બદલે પોતાના સંખ્યાતીત લશ્કરને વધારે સુગમતા આપવાને મેદાન તરફ ચાલ્યો. **અકબરે** એક ધસારાથી ગામ વશ કર્યું અને પછી હઠ લઇ તેમની પાછળ પડ્યો. પણ એ મૂલકમાં બન્ને તરફ થોરીયાની વાડોવાળી નેળો હતી. અને **અક-બરના** ઘોડેસ્વારોને એવી જગામાં પાછા હઠાવવામાં આવ્યા કે ત્યાં ફક્ત ત્રણજ માણસો સાથે ઉભા રહી લડી શકે. શત્રુઓ વાડની બન્ને બાજુએ ઉભા હતા. બાદશાહ પોતાના માણસને મોખરે ઉભો હતો. પોતાની એક બાજુએ જયપુરનો બહાદુર રાજપુત્ર રાજા ભગવાનદાસ–જેની બહેનને પોતે પરણ્યો હતો તે અને બીજી તરફ તેનો ભત્રિજો અને ઉત્તરાધિકારી તે વખ-તનો એક તેજસ્વી લડવૈયો રાજા માનસીંગ–એ હતા. આ ત્રણે બહુ જોખ-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



મમાં આવી પડ્યા. કારણકે શત્રઓએ તેમના ઉપર ધસી આવવા સારૂ મહાભારત પ્રયત્ન કર્યો. પણ થોરીઆની વાડો જે અત્યાર સુધી એમને વ્યૂહ રચનામાં વિઘ્ન રૂપે થઈ પડી હતી તે હવે તેમનું રક્ષણકર્તા થઇ પડી. કારણકે શત્રુઓ એને વટાવી શક્યા નહિં. અને જ્યારે **ભ**ગવાનદાસે પોતાના ભાલાથી પોતાના સ્હામેના શત્રુને કતલ કર્યો અને **અ**કબર અને **મા**નસીંગે એ બીજાની પણ એજ વ્યવસ્થા કરી ત્યારે આ ત્રણે જણાઓએ શત્રુના ક્ષણિક ગભરાટનો લાભ લીધો અને આગળ કુદી પડી પોતાના બાદશાહ ઉપર આવી પડેલા જોખમને લીધે અમાનુષ શ્રમ લેવાને ઉત્તેજીત થયેલા પોતાના મરણીયા સીપાહીઓની મદદથી તેમને નસાડ્યા. હુલડખોરના અનુયાયિઓ—બાજી હાથથી ગયેલી છે એમ સમજી **અ**કબરના સિપાહોએ બતાવી તેવી દૃઢતા કે કાર્યપરતા બતાવી નહિ. જેમ જેમ લાગ મળ્યો તેમ તેમ તેઓ ખરતા ગયા અને હુલડખોરે પંડે પોતાના અનુયાયિઓને રઝળતા મૂકીને પોતાનાથી જેટલી બની તેટલી ઉતાવળથી રસ્તો લીધો અને અમદાવાદથી ડીસા અને ડીસાથી રજપૂતાનામાં આવેલા શીરોહી શહેરમાં પહોંચ્યો.

દરમિયાન ભરૂચ પડ્યું અને હવે ફક્ત સુરત રહ્યું. ઉપર વર્ણવેલી સવારીમાંથી પાછા ફરતાં **અ**કબર પંડેજ આ શહેર જે એના પુત્ર અને પ્રપૌત્રના વખતમાં અંગ્રેજ વેપારીઓને સારી પેઠે જાણીતું થઇ પડ્યું એના ઉપર ચડ્યો. તે કાળે વપરાતાં તોડવાનાં હથીયારોની અપેક્ષાએ સુરત મજબૂત હતું. પણ બાદશાહે બળથી ઘેરો ઘાલ્યો અને એક માસ અને સત્તર દિવસ સુધીના ધીરજભર્યા ટકાવ પછી દુર્ગરક્ષક લોકો ગળે સૂધી આવી ગયાથી શરણ આવ્યા. ગુજરાત પ્રાન્તના કાર્યભારનો બંદોબસ્ત પૂરો થઈ રહ્યો ત્યાં સુધી અકબર ત્યાં રહ્યો અને પછી આગ્રે પાછા ફરવાની કુચ શરૂ કરી. આ સવારીમાં નવ મહીના સુધી ગેરહાજર રહી સને ૧૫૫૩ ના જુનની ૪ થી તારીખે અકબર આગ્રે પહોંચ્યો.

**અ**કબર સુરતના ઘેરામાં રોકાયેલો હતો તેવામાં સાર્સ આગળ જે દ્રોહી સરદારને એણે હરાવ્યો હતો અને જે શીરોહી ગયો હતો તે તોફાન કરવાની હીલચાલ કરતો હતો. બીજા એક બેદીલ થયેલા અમીર ભેગો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ભળીને તે પાટણ ઉપર ચડયો અને ત્યાં આગળ બાદશાહી લશ્કર સાથે ભેટયો. આ ભેટામાં તે એમને હરાવાની તૈયારીમાં હતો તેવામાં એની ફોજ લૂંટફાટ સારૂ વિખરાઇ જતાં મુગલ લશ્કર પાછું એકઠું થયું અને પરાજયનો વિજય કરી નાંખ્યો. આ પરાક્રમના સમાચાર અકબરને સુરત આગળ જ મળ્યા. પેલા દ્રોહી સરદારે હજી પોતાનાથી બને એટલું તોફાન કરવાના નિશ્ચયથી રજપૂતાના સોંસરો પંજાબનો રસ્તો લીધો. રસ્તામાં બે ત્રણ હારો ખાધી પણ દરેક વેળા પોતાની જીંદગી જાળવી શક્યો અને લૂંટફાટ કરતો પાણીપત સોનપત અને કર્નાલ સુધી ચાલ્યો ગયો. પંજાબમાં એને બાદશાહી લશ્કરની સાથે ભેટો થયો, તેમનાથી હાર ખાધી અને પછી કેટલાંક સાહસો અનુભવીને મુલતાન આગળ એક માછીની ટોળીને હાથે એ ઘવાયો અને કેદ થયો—અને તે ઘાની અસરથી મરણ પામ્યો. આખરે આ વર્ષમાં મોગલ ફોજે જાલંધર દુઆબમાં આવેલો કાંગ્રાનો મજબૂત કિલ્લો લેવાનો યત્ન કર્યો પણ તે નિષ્ફળ ગયો. ઘેરો ઘાલતાં દુર્ગરક્ષકોને અણીના સમય ઉપર આણી મૂકયા હતા. પણ તેઓને આગળ પાછા હઠવું પડયું હતું. કાંગરા અકબરના પુત્રના રાજ્ય પહેલાં મુગલના હાથમાં આવ્યું નહીં.

ગુજરાતની જીત પૂરી થઇ છે અને લીધેલાં પગલાંથી લોકોનો વિશ્વાસ અને પ્રેમ મેળવ્યો છે એમ સમજી અકબરે ગુજરાત છોડયું હતું—પણ એકવાર રાજ્ય કરી ગયેલા માણસોના મનમાં રાજ્ય કરવાનો ઉત્સાહ કેટલો બધો હોય છે તેના ઉપર અકબરે પૂરો વિચાર કર્યો ન હતો. આગ્રે પહોંચ્યાને ઝાઝો વખત થયો ત્યાર પહેલાં તો પદભ્રષ્ટ થયેલા આ ઇલાકાના અમીરોએ લશ્કર ઊભું કરવા તથા દેશને દુઃખ દેવા માંડયું. આ સંકટને ઉગતુંજ દાબી દેવાનો નિશ્ચય કરીને અકબરે પશ્ચિમ હિંદુસ્તાન ઉપર એક બીજી સવારી તૈયાર કરી અને પોતાના લશ્કરને આગળ મોકલી પોતે એક વેગવાન ઊંટ ઉપર ચઢી લશ્કરને મળવા સારૂ એક રવિવારે પ્રભાતમાં ઉપડયો. નામની પણ લગામ ખેંચ્યા વિના જયપુર અને અજમેર વચ્ચે સીત્તેર માઇલ ઉપર આવેલા ટોડે પહોંચ્યો. ત્રીજા દીવસની પ્રભાતે એ અજમેર પહોંચ્યો. ત્યાં પેલા ફકીરની દરગાહ આગળ હમેશના રીવાજ મુજબ બંદગી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



કરી અને પછી સાંજને પહોર, ઘોડા ઉપર ચઢી, મુસાફરી પાછી શરૂ કરી અને પોતાના લશ્કરને ડીસાને રસ્તે પાલી આગળ ભેગો થયો. પાટણ આગળ તેના મદદગારોએ ઉભું કરેલું કેટલુંક લશ્કર એને મળ્યું. આ લોકો આગળ વધવા સારૂ બાદશાહની રાહ જોઇનેજ બેઠા હતા.

દ્રોહી સરદારોએ એકઠા કરેલા સૈન્યને મુકાબલે બાદશાહનું લશ્કર બહુ નાનું હતું પણ એનાં માણસો તે એના લશ્કરનાં ચુનંદાં માણસો હતાં. એની હીલચાલની સાતોપી પણ ઠીક મદદમાં આવી. એ જ્યારે એમની પાસે આવ્યો ત્યારે આ દ્રોહીઓએ એમ પણ જાણ્યું ન હતું કે બાદશાહે આગ્રા છોડયું છે. જ્યારે અકબર નવ દિવસમાં આગ્રેથી મુસાફરી કરીને એમના ઉપર આવી પહોંચ્યો ત્યારે ખરેખર તે લોકો અમદાવાદ આગળ પોતાના તંબુમાં ઊંઘતા હતા.

તે વખતનું યુદ્ધ ખરેખરૂં ધર્મયુદ્ધ હતું એમ તખ્ત–ઇ–અકબરીના કર્તાની નીચેની નોંધ ઉપરથી જણાય છે. “બાદશાહી લશ્કરમાં એવી વૃત્તિ હતી કે શત્રુ ઉપર અજાણ્યા તૂટી પડવું એ અકાર્ય છે. શત્રુઓ જાગ્રત્ થાય ત્યાં સુધી ખમવું જોઇએ. પછી ઢોલીઓને ઢોલ વગાડવાનો હુકમ આપ્યો. દ્રોહીઓનો મુખ્ય નાયક જેને પોતાના ચારોએ ચૌદ દિવસ ઉપર બાદશાહ આગ્રામાં હતો એવા સમાચાર આપ્યા હતા, તેણે હજી એમ માન્યું અને કહ્યું કે આ તો આપણી આગળ ઉભેલા માત્ર ઘોડેસ્વારોજ છે; બાદશાહનું લશ્કર ન હોય કારણ કે એમની સાથે હાથી નથી. તોપણ તેમણે યુદ્ધની તૈયારી કરી. બાદશાહ હજી યુદ્ધ ધર્મનો વિચાર કરતો હતો. તેણે જ્યાં સુધી તે તૈયાર થયો ત્યાં સુધી વાટ જોઈ અને પછી એકદમ ધસારો કરીને નદી ઓળંગી સામે કિનારે વ્યૂહ ગોઠવીને શત્રુ ઉપર ક્રૂર વાઘની પેઠે તુટી પડયો. મુગલ લશ્કરની બીજી ટુકડીએ એમને બે બાજુથી એકી વખતે ઘેરી લીધા. આ ધસારો અનિવાર્ય હતો. દ્રોહીઓએ પૂર્ણ હાર ખાધી. તેમનો સરદાર ઘવાયો, કેદ થયો.

એક કલાક પછી એક બીજું પાંચ હજાર માણસનું દુશ્મનનું સૈન્ય દષ્ટિગોચર થયું. તેમના સ્હામી પણ યોગ્ય વ્યવસ્થા થઇ ગઇ અને તેમનો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



સરદાર મરાયો. યુદ્ધમાં અને તેમની પાછળ પડવામાં એમનાં બે હજાર માણસો મરાયાં. પછી અકબર અમદાવાદ તરફ ચાલ્યો અને ત્યાં લાયક માણસોને ઇનામ આપવામાં અને ઇલાકાને હમેશને માટે નિર્ભય કરવાની ગોઠવણ કરવામાં પાંચ દિવસ રોકાયો. પછી તે ખેડા જીલ્લામાં મેમદાવાદ ગયો અને ત્યાંથી શીરોહી થઇ અજમેર ગયો. ત્યાં આગળ પેલા ફકીરની દરગાહની મુલાકાત લીધી. અને ત્યાંથી રાત અને દિવસ મુસાફરી કરી જયપુરથી ચૌદ માઇલ ઉપર આવેલા એક ગામડામાં મુકામ કર્યો. ત્યાં આગળ તેના સમર્થ અમલદાર અને આગળ ઉપર રાજ્યના દિવાન થનાર રાજા ટોડર-મલને તે મળ્યો અને ગુજરાતની મ્હેસુલ વગેરે બાબતની એની સાથે મસલત કરી. ત્યાંથી પછી તે ફતેહપુર સીક્રી ગયો. અને તેતાલીસ દિવસ બહાર રહી વિજય વર્તાવી ત્યાં પહોંચ્યો.

આખા હિંદને એક શાસન તળે લાવવાની એની યોજના આ વખતે એટલે સુધી સફળ થઇ હતી કે પોતાના રાજ્યના અઢારમા વર્ષની આખરે વાયવ્ય, મધ્ય અને પશ્ચિમ હિંદનો પંજાબ અને કાબુલ સમેતનો તે માલીક થયો હતો. પૂર્વમાં કર્મણાસ સુધી તેની આણ વર્તાતી હતી. તે નદીની પેલી પાસ બંગાળા અને બીહારના સ્વતંત્ર અને કેટલાંક સંજોગોમાં ભય ઉપજા-વનાર પ્રાન્તો આવી રહ્યા હતા. એટલે તેણે કાંઈ અણચિંતવ્યું આવી ન પડે તો પોતાના રાજ્યના ઓગણીસમા વરસમાં બંગાળા અને બંગાળાને ખંડણી આપતાં બીજાં રાજ્યો વશ કરવાનો નિશ્ચય કર્યો. આ સવારીમાં ઉપડતાં પહેલાં પેલી અજમેરની ટેકરી ઉપર આવેલી ફકીરની દરગાહની મુલાકાત લેવા તે ચૂક્યો ન હતો.

આ પાછળનાં પાનાંમાં અકબરની સવારીઓનું અને એના લશ્કરની સંખ્યા વગેરેનુ મેં ઘણું લખ્યું છે. પણ આ હીલચાલો શા ધોરણ ઉપર ચાલતી હતી તે વિષે મેં હજી કાંઇ પણ સૂચન કર્યું નથી. આપણા જમાનાના મા-ણસોના સ્મરણમાં પણ એવા લડવૈયા થઇ ગયેલા છે કે જેઓ લડાઈનું ખરચ લડાઇમાંથી પૂરૂં પાડે. આજ ધોરણ ઉપર—મુગલ સત્તા જ્યારે પડી ભાગવાની તૈયારીમાં હતી, ત્યારે હિંદુસ્તાન ઉપર ચઢી આવેલા ખોરાસાની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



અને અફઘાન જંગલી લોકોએ કામ લીધું હતું. પણ અકબરે આ ધોરણ સ્વીકાર્યું ન હતું. જે ઇમારત તે ચણતો હતો તે પૂરી નહિ થાય તો અદૃઢ અને પહેલાજ તોફાનથી પડી ભાગે એવી રહેશે એમ તે સારી પેઠે સમજતો. એ ઇમારત પૂરી કરવા સારૂ જોઇએ તેટલીજ લડાઇ લડવી એ તેનો નિશ્ચય હતો પણ તે બાદ કરતાં તે સ્વભાવથી લડાઇની વિરૂદ્ધ હતો. અને એટલી સંભાળ હમેશાં રાખતો કે જમીનદારો અથવા ખેડુતોને પોતાની અથવા પોતાના લશ્કરની હીલચાલથી નુકશાન વેઢવું પડે નહિ. આ ધોરણ અમલમાં લાવવા સારૂ એણે એવો હુકમ કર્યો કે જ્યારે અમુક કોઇ જમીનનો કટકો છાવણી નાંખવા સારૂ નક્કી કરવામાં આવે ત્યારે તેની આસપાસ આવેલી ખેડાયલી જમીનના રક્ષણ સારૂ સીપાઇઓ મૂકવા. વળી લશ્કર ઉપડે ત્યારે છાવણીવાળી જમીન તપાસી સરકારી વજેના હકમાં જે નુકશાન થયું હોય તે નક્કી કરવા સારૂ અમલદારો નીમતો. તબકત–ઈ–અકબરી વાળો ઇતિહાસ લેખક લખે છે કે એની દરેક સવારીમાં આમ કરવાનો રીવાજ પડી ગયો હતો. અને કોઈ કોઇ વાર તો આવી રીતે નીમેલા અમલદારોને રૂપીયાની થેલીઓ આપવામાં આવતી. જેઓ રૈયત અને ઇજારદારના દાવા નક્કી કરી તેમનું સમાધાન કરતા કે જેથી વજે ઉઘરાવનાર સાથે કાંઇ પણ તકરાર થવા પામે નહિ, આ યોજના જેને જરૂરની વિગતોમાં આપણે, ખરી રીતે મુગલના અખત્યાર ઉપર આવેલા પાશ્ચિમાત્યો, અનુસરીએ છીએ, તેનાથી–જેમની સરહદમાં થઇને લશ્કરને પસાર થવાની જરૂર પડતી તે લોકોને લડાઇનો ત્રાસ દૂર થતો.

અકબર હજી અજમેર આગળની પેલી ફકીરની દરગાહની બાર દિવસની મુલાકાત લે છે તે દરમિયાન બહાર અને બંગાળામાં ચાલતા વ્યવહાર સંબંધી તપાસ લેવી એ વધારે ઠીક પડશે.

મુગલ લોકોએ વાવવ્ય પ્રાંતો ફરીથી જીતી લીધા, તે વખત બંગાલ અને બીહારની ગાદીઓ એકઠી કરીને બેઠેલા અફઘાન રાજાએ થોડા વખત પછી અકબરની શેનશાહત કાગળ ઉપર સ્વીકારી હતી. પણ એ જેવી કાગળ ઉપર હતી તેવી કાગળ ઉપરજ રહી. એણે ખંડણી ભરી નહિ, તેમ બાદ-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



શાહને નમતી પણ આપી નહિ. **અકબર** ગુજરાત ઉપરની બીજી સવારીમાં હતો ત્યારે આ રાજા મરણ પામ્યો. તેના પુત્ર અને પ્રથમ ઉત્તરાધિકારિને અમીરોએ મારી નાંખ્યો અને આ લોકો જે આખા દરબારની અપેક્ષાએ એક નાના પણ મજબૂત વિભાગ માત્ર હતા તેમણે નાના ભાઈ દાઉદખાંને ગાદીએ બેસાડ્યો. પણ દાઉદ ફક્ત એશઆરામનીજ દરકાર રાખનાર માણસ હતો અને એ ગાદીએ આવ્યો તેથી લોદી વંશના એક સમર્થ અમીરે બીહારના શાહઆબાદ જીલ્લામાં આવેલા રોહતાસગઢ આગળ પોતાનો વાવટો ફરકાવ્યો અને સ્વતંત્રતા ધારણ કરી. પણ આ બે જણ વચ્ચે તરતજ સલાહ થઇ ગઈ. અને દાઉદે આનો તથા લોદી સરદારે પોતાના ઉપર મૂકેલા વિશ્વાસનો લાભ લઇને લોદીને પકડાવ્યો અને મારી નંખાવ્યો. **અકબરે** જૌનપુરના મુગલ સૂબાને બીહારના મામલા ઉપર નજર રાખવાની તથા વખત જોઇને કામ લેવાની સૂચના આપી મૂકી હતી તેથી ઉપરના સમાચાર મળ્યા કે તરતજ તેણે કર્મણાસા ઓળંગી અને ત્યાં મુગલ લોકો સાથે રણભૂમિમાં ભેટો થવા ઉપર ભરૂંસો ન રાખતાં દાઉદ ભરાઇ પેઠો હતો તે સ્થળે એટલે પટણાના કિલ્લાવાળા શહેર આગર આવી પહોંચ્યો. **અકબર** ગુજરાતમાંથી પાછો ફર્યો ત્યાર પછી તરતજ ઉપર પ્રમાણે અવસ્થા થઇ રહી હતી. આ સવારી પોતેજ દોરવી એવી ઇચ્છાથી પોતાના સહાયકને પોતે આવી પહોંચે ત્યાં સુધી આગળ કામ બંધ રાખવાનો હુકમ આપ્યો અને ઉપર લખેલ અજમેરની મુલાકાત જલદીથી લઇને એક લશ્કરની સાથે જળમાર્ગે અલ્લાહાબાદ ગયો. ત્યાં મુકામ ન કર્યો. પણ એમને એમ તરી રસ્તેજ મુસાફરી ચાલુ રાખી. બનારસ ગયો—ત્યાં પણ ત્રણજ દિવસ થોભ્યો અને વળી પાછો વહાણમાં બેસીને ગોમતી અને ગંગાના સંગમ આગળ પહોંચ્યો. ત્યાંથી સહાયક અમલદાર તરફના સમાચાર આવતાં સુધી પોતે ગોમતીને સ્હામે વેણે જૌનપુરનો રસ્તો લીધો.

ત્યાં જતાં રસ્તામાં પોતાના સહાયકનો પત્ર મળ્યો. જેમાં જેમ બને તેમ ઉતાવળથી આવવાની જરૂર બતાવી હતી. જુવાન શાહજાદાઓને તથા બેગમોને જૌનપુર તરફજ લઈ જવાની વહાણવટીઓને આજ્ઞા આપી પોતે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

પાછો ફર્યો અને ત્યાં પોતાનું લશ્કર પડયું હતું તે ઠેકાણે આવ્યો. તેમને હોડીઓની સાથે સાથેજ કીનારા ઉપર કુચ કરવાનો હુકમ આપીને ચૌસા જે જગ્યા વાંચનારને યાદ હોય તો-હુમાયૂંના શેરશાહને હાથે થયેલા પરાભવથી પ્રખ્યાત થઇ હતી–ત્યાં આવ્યો. અહીંયાં અકબરને એવી મતલબનો કાગળ મળ્યો કે દુશ્મનો પટનામાંથી એકદમ નીકળીને આપણા ઉપર તુટી પડયાથી આપણને-બહુ નુકશાન થયું છે. તેથી અકબર હજી જળ માર્ગેજ ઝડપથી વધ્યે ગયો અને સાતમે દિવસે પટણે–પોતાના લશ્કરને મળ્યો.

બીજે દિવસે યુદ્ધ મંત્રીઓની સભા મેળવી. આમાં એણે પોતાનો અભિપ્રાય જણાવ્યો કે કિલ્લા ઉપર ધમાલ કરવા પહેલાં આપણે પટણાની સામી બાજુએ ગંડક અને ગંગાના સંગમ ઉપર આવેલા હાજીપૂરનો કબજો કરવો એ વધારે ઉચિત છે. આ ક્રમ અમલમાં મૂકાયો અને હાજીપૂર બીજેજ દિવસે પડયું. આ વિજયથી અને ઉપરોધક સૈન્યના દેખીતા બળથી દાઉદ એટલો તો બ્હીનો કે તેજ રાત્રે તેણે પટના ખાલી કર્યું અને પુન પુનઃ સોંસરો ફતવા આગળ જ્યાં ગંગાનો ને તેનો સંગમ થાય છે ત્યાં નાઠો. બીજે દિવસે પ્રભાતમાં અકબર વાજતે ગાજતે શહેરમાં દાખલ થયો પણ દાઉદને કેદ કરવાને આતુર હોવાથી ત્યાં ફક્ત ચારજ દિવસ રોકાયો. પછી પોતાના અમલદારને લશ્કરની સરદારી સોંપીને પોતે તેજી ઘોડાવાળી એક ઘોડેસ્વાર ટુકડીની સાથે દુશ્મનની પુંઠે પડયો. ઘોડા ઉપર પુન પુન તરીને એ ત્વરાથી દાઉદના અનુચરોની પૂંઠે પડયો અને એક પછી એક દરીઆપુર આગળ ગણતરી કરી તે પ્રમાણે પાંસઠ હાથી પકડયા. દરીઆપુર આગળ વિશ્રામ લઇ પોતાના બે અમલદારોને આ કેડ શરૂ રાખવાનો હુકમ આપ્યો. ચૌદ માઇલ સુધી દડમજલ ચાલ્યા પછી તેમને એમ નક્કી થયું કે દાઉદે જુદો રસ્તો લીધો છે એટલે તેઓ પાછા ફર્યા.

પટણાની જીતથી અકબરને બીહાર મળ્યું. પછી ત્યાં અગાડી આ મુલકના રાજ્યનો બંદોબસ્ત કરવા માટે એ દરીયાપુર આગળ છ દિવસ રોકાયો અને જે વિજયી અમલદારે આ સવારીની યોજના કરી હતી, તેને મુખ્ય અધિકાર ઉપર નીમી બાકીની ગોઠવણ કરી લેવાનું એને સોંપી પોતે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



જૌનપુર તરફ પાછો ફર્યો. ત્યાં તે મુલકની વધારે સારી વ્યયસ્થા થાય તેવી ગોઠવણ પાકી કરવા સારૂ પોતે તેત્રીસ દિવસ રોકાયો.

આ હેતુથી તેણે જૌનપુર, બનારસ, ચન્નર અને નજીકના બીજા મહાલો લાગલાજ બાદશાહી ત્રીજોરીના હવાલામાં સોંપ્યા અને કરમણાસાની દક્ષિણે તાજા જીતેલા મુલકની જૂદી રાજ્યવ્યવસ્થા કરી.

આટલું કર્યા પછી તે આગ્રે જતાં રસ્તામાં કાનપુર પહોંચ્યો. ત્યાં એ ચાર દિવસ રહ્યો તેટલામાં બંગાળામાં રહેલા એનો સરદાર મોંધીર, ભાગલપુર, ગારહી, અને બંગાળાનું જૂનું અને પ્રસિદ્ધ હિંદુ પાટનગર ગૌડ સર કરી આગળ વધવાની તૈયારી કરે છે એ સમાચાર સાંભળ્યા. અહીંયાં એટલું ઉમેરીએ કે તે સરદારે **અકબર**નો ઠરાવ ઉત્સાહથી અમલમાં મૂકયો અને તે દાઉદની પાછળ દયા વિહીન થઇને પડયો. તેને બજહુરા આગળ હરાવ્યો અને આખરે કટક આગળ તેને શરણે આવવાની ફરજ પાડી. આ રાજવંશીને જીત્યાની સાથે બંગાળાની જીત પૂરી રીતે મેળવાઈ એમ ગણાય.

કાનપુર અગાડી આ શુભ સમાચાર સાંભળીને **અકબર** બહુ ખુશી થયો અને બંગાળાની સવારી હવે ખરી રીતે પૂરી થવા આવી છે એમ સમજી પોતે દિલ્હી તરફ ગયો. ત્યાં થોડા દિવસ શીકારમાં ગુજારીને ફરીથી પાછો અજમેરની મુસાફરીએ રસ્તામાં શીકાર કરતો કરતો ચાલ્યો. નારનુળ આગળ તેણે પંજાબ અને ગુજરાતના સૂબાઓની મુલાકાત લીધી અને સર્વત્ર લોકોના હૃદયમાં એના રાજ્યે મૂળ રોપવા માંડયાં છે એ જાણી પ્રસન્ન થયો. આ ઉમરાવોની સાથે વાતચીત કર્યા પછી તે અજમેર ગયો. પેલા ફકીરની દરગાહનાં દર્શન કર્યાં અને જોધપુરના જંગલમાં આવેલા એક નાના સરદારનો બળવો દાબી દેવરાવી પોતે પોતાના ફતેહપૂર સીક્રીના મનગમતા નિવાસ ઉપર પાછો ફર્યો. એની બધી મુસાફરીઓમાં એણે જોયું હતું કે તેના મુલકનો ઘણો ભાગ પડતર પડી રહ્યો છે. આ અનિષ્ટ હકીકતનું કારણ જમીનની જાત અથવા લોકોનું આળસ ન હતું. જમીન તો ઉમદા હતી. આ વિષયનો તાગ લઇને **અકબર** એવા નિશ્ચય ઉપર આવ્યો કે તેમાં વાંક વહિવટનો છે. કેમકે ગરીબ લોકોને જમીન ખેડવી બહુ ભારે પડે એવો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

કર જમીન ઉપર નાંખવામાં આવ્યો છે. આ સંકટનો એવો કંઇ રસ્તો શોધી કઢાય કે જેથી પહેલા વર્ષનો નફો સરકાર અને ખેડુત બન્નેને મળે તો દૂર થાય એમ તેને લાગ્યું. આ વિષયની ચારે તરફથી તપાસ કરીને તેણે એવી ગોઠવણ કરી કે દરેક જીલ્લાનાં બધા પ્રગણાંની તપાસ કરવી. અને જેટલી જમીન ખેડાયાથી એક કરોડ ટકાની મહેસુલ આવે એટલી એટલી જમીનના ભાગ પાડવા અને તે ઉપર ‘ કરોડી ’ એવા નામનો એક પ્રમાણિક અને ચાલાક અમલદાર નીમવો. તીજોરીના કારકુનો અને હીસાબ રાખનારાઓએ આ અમલદારો સાથે બધી ગોઠવણ કરવી અને સહુ સહુને સહુ સહુની જગાએ મોકલવા. જ્યાં ત્રણ વર્ષની મુદ્દતમાં પડતર જમીનની સ્થિતિ પેદાશ કરે એવી, તપાસ રાખીને અને ધ્યાન દઈને બનાવવી અને સરકારને માટે મહેસુલ એકઠી કરવી. આ યોજના અમલમાં મૂકાઈ અને તેમાંથી ધારેલા લાભો મળ્યા.

એક અપવાદ બાદ કરતાં દરેક રીતે **અ**કબરના રાજ્યનું ઓગણીસમું વરસ આ ઊગતા સામ્રાજ્યને માટે આબાદી ભરેલું હતું. વાયવ્ય, મધ્ય અને પશ્ચિમ હિંદમાં બંગાળા અને બીહારના મૂલકો ઉમેરાયા. ખરૂં જોતાં વિંધ્યાચળની ઉત્તરના તમામ મુલકમાં હુમાયૂંના શાહજાદાની આણ વર્તાવા લાગી. આ બધી સામાન્ય આબાદીમાં જે અપવાદ કહ્યો તે પશ્ચિમ હિંદુસ્તાનમાં ચાલેલા ભયંકર દુષ્કાળ અને મરકીરૂપ હતો. દાણાના ભાવ મનાય નહિ એટલા ચડી ગયા. અને ઘોડા તથા ગાયોને ઝાડોની છાલો ખવરાવવી પડતી. આ દુકાળ તથા રોગચાળો છ મહિના સુધી ચાલ્યો.

તે પછીના એટલે સને ૧૫૭૫ ની સાલના વરસની શરૂઆતનો ભાગ **દા**ઉદનો કેડો લેવામાં અને ઓરીસા જીતવામાં રોકાયો. મેં ઉપર જણાવ્યું છે કે મુગલમારી અને જાળેશ્વરની વચ્ચે આવેલા બાજહૂરા આગળ તેને હરાવામાં આવ્યો હતો. અને પછી છેક કટક સુધી એની પાછળ પડી ત્યાં આગળ ઘેરી લઈ એને શરણ માગવાની જરૂર પાડી હતી. એની સાથે થયેલા તહનામામાં એવી સરત કરી હતી કે એણે **અ**કબર બાદશાહને નામે અને એની વતી, ઓરીસા પ્રાંતનું રાજ્ય કરવું. આ વખતે પણ આપેલું વચન દાઉદે પાળ્યું નહિ. ત્યાં એણે સામા થવાની પહેલીજ અનુકૂળ તક લીધી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

અને બે વરસ પછી મુગલ સરદારે એને એક મોટી લડાઇમાં હરાવ્યો. એને કેદ કરવામાં આવ્યો અને એના આ રાજદ્રોહની શિક્ષા તરીકે રણભૂમિ ઉપ-રજ એનું માથું ધડથી વેગળું કર્યું. તોપણ થોડા વખત સુધી બંગાળા અને ઓરીસા ઉપર મુગલ કારભારીઓને બારીક તપાસ રાખવાની અને ત્વરિત પગલાં ભરવાની જરૂર પડી.

આ વર્ષની એક બીજી અગત્યની બીના ફતેહપુર સીક્રીમાં બાદશાહે એક ઇબાદતખાનું એટલે વિદ્વાન, શક્તિવાન અને વિદ્યા રસિક માણ-સોને મળવાને માટે એક મહેલ બંધાવ્યાની હતી. આ મહેલને ચાર દિવાન-ખાતાં હતાં. પશ્ચિમ તરફનું સૈયદોને એટલે પેગંબરના વંશજોને વાપરવાનું હતું. દક્ષિણ તરફનું વિદ્વાનો એટલે જેમણે અભ્યાસ કરીને જ્ઞાન મેળવ્યું હતું તેમને માટે, ઉત્તર તરફનું ડહાપણ અને ઇશ્વિરી પ્રેરણાથી પૂજ્ય ગણાય તેવા બક્ષીસ વાળા માણસોને માટે, પૂર્વનું દીવાનખાનું જે દરબારી અમીર ઉમ-રાવો તથા અમલદારોને આમાંના કોઈ વિષયમાં રસ પડતો હોય તેમને માટે હતું. જ્યારે આ મકાન પૂરું થયું ત્યારે બાદશાહે દર શુક્રવારે ત્યાં જવાનો તથા આ દીવાનખાનાઓમાં રહેનાર સાથે જઇ વાતચીત કરવાનો રીવાજ પાડયો. દરેક દીવાનખાનામાં વસનારાઓ પોતાનામાંના એક જણને બાદશાહ-ના લક્ષને તથા ઔદાર્યને સર્વથી વધારે યોગ્ય ગણે તેને બાદશાહની પાસે રજુ કરતા. આ મુલાકાતોને પ્રસંગે પુષ્કળ બક્ષીસો વહેંચાતી અને કોઇ અતિથિ ક્વચિતજ ખાલી હાથે જતો. આ મકાન આ વર્ષના અંતમાં પૂરું થયું.

તે પછીના વર્ષમાં રજપૂતાનામાં ગડબડ ઉભી થઈ આ નામથી ઓળખાતી હદમાં આવેલા બધા રાજાઓમાંથી માત્ર મેવાડના રાણાએ અકબર સાથે વિવાહસંબંધ બાંધવાની ના કહી હતી. પોતે અમર દેવ-તાઓના વંશના છે એમ માની આવો સંબંધ બાંધવો એ એને બહુ હલકું કામ લાગ્યું. હજી તો પોતાને ટકવાનાજ વાંધા હતા તેવામાં તેણે વેવીશાળની ના કહી. જોધપુરનો રજપૂત રાજા જેને એ બહુ ધિઃકારતો તે આવો સંબંધ બાંધ્યાથીજ પુષ્કળ મહેસુલ આપતા ચાર પ્રાંતો મેળવી બહુ આબાદ થયો છે એમ જોયું તોપણ તેણે ના કહી. અકબરની સત્તાની અ-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



વગણના કરી તેણે હઠ પકડી સને ૧૫૬૮ માં મેવાડના રાણા ઉદયસિંહે પોતાની રાજધાની ખોઇ અને રાજપીંપળાના જંગલમાં નાસી જઈ ત્યાં ૧૫૭૨ માં દેહ છોડયો.

એના પુત્ર પ્રતાપસિંહે પોતાના પિતાની બધી જક અને પ્રતાપી પિતામહ રાણાસંગના ઘણાખરા ઉમદા ગુણો અને વારસામાંજ મેળવ્યા હતા. તે રાજધાની વિનાનો, સંપત્તિ વિનાનો હતો; તેનાં સગાંવ્હાલાં તેમજ નાતજાતના માણસો એના કુટુંબના આવા દુર્ભાગ્યથી નિરુત્સાહ થઇ ગયેલા હતા. તોપણ મુસલમાનની સાથે સંબંધ કરવાની બાબતમાં એણે ના કહી તેથી તે બધા તેના ઉપર સદ્ભાવ રાખતા હતા. આ સ્થિતિમાં પ્રતાપસિંહે અરવલ્લી પર્વતોમાં આવેલા કમ્બલમીર આગળ પોતાની સ્થાપના કરી, અને ફરીથી લડાઇ કરવાના હેતુથી તે દેશમાં વ્યવસ્થા કરવાનો પ્રયાસ કર્યો. અકબર ૧૫૭૬–૭૭ માં વાર્ષિક મુલાકાતે અજમેર ગયો હતો, તેવામાં પ્રતાપની આ યોજનાના સમાચાર અકબરને કાને પહોંચ્યા હોય એમ જણાય છે. તેણે તરતજ પોતાના વિશ્વાસુ રજપૂત સરદાર જયપુરવાળા ગુજરાતમાં પાંચહજાર ઘોડેસ્વારોની સામે પોતાની બાજુએ લડનારા માન-સિંહને તેની સ્હામે મોકલ્યો. બે સૈન્યોનો હલદી ઘાટ આગળ ભેટો થયો. લડાઇ થઇ તેમાં રાણાએ કટ્ટી હાર ખાધી અને તેને જ્યારે એમ લાગ્યું કે બાજી હાથથી ગઇ ત્યારે અરવલ્લીના ડુંગરોમાં ભરાયો. એને કોઇ પણ તરેહની મદદ મળતી અટકાવવા સારૂ અકબરે એક નાનું સૈન્ય એની પાછળ મોકલ્યું. આ સૈન્યને એવી સૂચના હતી કે આગળ જતાં દેશને ઉ-જડ કરતા જવું. અકબર પંડે મેવાડમાં દાખલ થયો અને એની રાજ્યવ્ય-વસ્થા નક્કી કરી અને પાછો માળવા તરફ ચાલ્યો. ત્યાંની પશ્ચિમ સરહદ ઉપર પડાવ નાંખીને બુરાનપુરની આસપાસના મુલકના રાજ્યની વ્યવસ્થા કરી અને ગુજરાતની વ્યવસ્થામાં સુધારો કર્યો. આ કામમાં એણે ૧૫૭૭–અને ૭૮ એ બે વર્ષો ગાળ્યાં. પછી તે પંજાબ તરફ ઉપડયો.

પંજાબ જતાં હિંદુસ્તાનમાં હાલ જે લોકો સર્વોપરિ સત્તા ચલાવે છે તેમના મનને સારો લાગે એવો એક એક સંજોગ બન્યો. એ દિલ્હી પહોંચ્યો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

અને ત્યાંથી પણ આગળ ચાલતો હતો તેવામાં કોઈ એક હાજી—જે યુરોપ પણ જઈ આવ્યો હતો તે બાદશાહને જોવાને માટે કેટલોક સુંદર સામાન અને ઝીણું કાપડ સાથે લાવ્યો હતો. ઇતિહાસકાર માત્ર આટલુંજ લખે છે અને યુરોપના કયા ભાગમાંથી એ વસ્તુઓ આવી તથા તેથી બાદશાહના મન ઉપર શી છાપ પડી તે આપણી કલ્પના ઉપરજ રાખી છે. અકબર પંજાબમાં બહુજ થોડો વખત રહી દિલ્હી પાછો ફર્યો; પછી અજમેરની વાર્ષિક મુલાકાત લીધી અને ત્યાં ફક્ત એકજ રાત રહીને માત્ર નવ માણસના રસાલા સાથે ઘોડા ઉપર એક દિવસના સો માઇલ લેખે મુસાફરી કરતો ત્રીજા દિવસની રાત્રે ફતેહપુર સીક્રી પહોંચ્યો.

વળતું વરસ સને ૧૫૮૦ નું, તે આટલા માટે જાણવા લાયક છે કે તે વર્ષમાં અકબરનું રાજ્ય અપૂર્વ આબાદી પામ્યું. બંગાળા શાન્ત પડ્યું એટલુંજ નહિ પણ બાદશાહી તીજોરીમાં પૈસા મોકલવા માંડ્યા. મેવાડના બાદશાહની પાછળ બાદશાહી લશ્કર હજી પડેલુંજ હતું પણ હિંદના બીજા કોઇ પણ ભાગમાં ખાંડાંનો ખખડાટ સંભળાતો ન હતો.

પોતાની મુસાફરીઓમાં અકબરે એક વાત ધ્યાનમાં રાખી હતી કે જૂદા જૂદા પ્રાન્તોની સરહદ ઉપર લેવાતી જકાત જ્યાં સુધી તે સહુ ઉપર જૂદા જૂદા રાજાઓ રાજ્ય કરતા હતા ત્યાં સુધી તો વાજબી હતી પણ હવે જ્યારે બધા પ્રાન્તો એકતંત્ર નીચે આવ્યા તો પછે એ જકાતની અસર પૂર્વની ભિન્નતા કાયમ રાખવાનીજ રહી. તે ઉપરથી ૧૫૮૧ માં તેણે આવી જકાત પોતાના રાજ્યમાંથી કહાડી નાંખી. એજ હુકમથી જજીઆ વેરો—જે મહમદનો ધર્મ નહિ માનનારી તમામ પ્રજા ઉપર અફઘાન બાદશાહે નાંખ્યો હતો તે રદ કર્યો. આ બાદશાહનો ઉમદા વિચાર હતો કે વિચારમાં સર્વે સ્વતંત્ર જોઇએ. પોતાની પ્રજામાંની દરેક વ્યક્તિ પોતપોતાની રીતિ મુજબ અને પોતપોતાની શ્રદ્ધા મુજબ ઇશ્વિરોપાસના સુખેથી કરે. પોતાના દેહાન્ત સુધી તેણે આ ધારણાનો અમલ કર્યો. આ વર્ષની સર્વથી વધારે અગત્યની રાજકીય બીના એ હતી કે બંગાળાના કેટલાક બેદીલ ઉમરાવોએ બળવો કર્યો પણ બહુ એકદીલીથી કામ નહિ લીધેલું તેથી તેઓને હાર ખાઇ વિખેરાઇ જવું પડ્યું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

આવતા એટલે ૧૫૮૨ ના વરસમાં પોતાના ભાઇ મહમદ હકીમ મીરઝાએ કાબુલથી કરેલી ચઢાઇને પાછી હઠાવવા માટે **અકબર** પોતાના લશ્કરની સાથે પંજાબમાં ગયો. **અકબર** પાણીપત પહોંચ્યો ત્યાર પહેલાં બળવાખોર ભાઇ લાહોર આવી પહોંચ્યો હતો. પણ **અકબર** ચઢયો છે એ સમાચાર સાંભળી તેના મનમાં એમ ખાત્રી થઈ કે મારી સવારી નિષ્ફળ જશે. એટલે એ લાહોરથી પાછો હઠયો અને તેણે કાબુલ આગળ પડાવ નાંખ્યો. **અકબર** સરહીંદ, કલાનોર અને રોતાસને રસ્તે એની પાછળ પડયો. પછી હાલ જ્યાં અટક છે તે જગા આગળ સિન્ધુ નદી ઓળંગતી વખતે ત્યાં આગળ એક કિલ્લો બાંધવાનો હુકમ આપતો ગયો.

પછી તે પેશાવર તરફ ગયો અને ત્યાંથી પોતાના શાહજાદા મુરાદની સરદારી નીચે લશ્કરના એક વિભાગને કાબુલ સર કરવા માટે મોકલ્યું. મુરાદ જુવાન હતો. ઊંચો અને પાતળો હતો, રંગે કાળો હતો પણ દારૂનો વ્યસની હતો. અને વ્યસનના પારણામમાં એ અને એનો ભાઇ શાહજાદો દાનીયાલ આખરે મરણ પામ્યા. બહુજ ત્વરાથી ચાલતાં તે પોતાના કાકાને ખુદ કાબુલ આગળ ભેટયો અને ત્યાં તેનો પૂર્ણ પરાભવ કર્યો. **અકબર** એની સાથે મદદ સારૂ સૈન્ય લઈને તેની પાછળ પાછળજ આવતો હતો અને તેના પછી ત્રણે દિવસે કાબુલમાં દાખલ થયો. ત્યાં ત્રણ અઠવાડીયાં રહ્યો. પોતાના ભાઇને માફી બક્ષી અને ત્યાંનું રાજ્ય તેનેજ સોંપી પોતે ખૈબરને રસ્તે લાહોર આવ્યો અને પંજાબના રાજ્યનો બંદોબસ્ત કરીને દિલ્હીને રસ્તે ફતેહપુર સીક્રી આવ્યો. ઈતિહાસકાર લખે છે કે આ વખતે એ ઇન્સાફ કરતો, ઇનામો આપતો, અને લોક હિતના કામની વ્યવસ્થા કરતો, થોડોક વખત ફતેહપુર સીક્રી રહ્યો.

આવતું વરસ આખું એ અહીંયાં રહ્યો એ સ્પષ્ટ છે. બંગાળામાં હજી બળવો ધુંધવાતો હતો. પણ બાદશાહના ત્યાંના પ્રતિનિધિ બહુ સમર્થ અમલદારો હતા. તેઓ વારંવાર બધી હકીકત જાહેર કરતા અને તેટલીજ વાર તે પણ તેમને સૂચનાઓ લખાવી મોકલતો. આ વખતની એદીલી બહુ ગંભીર ન હતી. પણ એનાથી હેરાનગતી બહુ પહોંચતી અને મહેસુલ ઉઘરાવવામાં બહુ નડતી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



સને ૧૫૮૪ ના આરંભમાં **અકબર** ફતેહપુર સીક્રીમાંજ હતો. આ વર્ષની મુખ્ય બીનાઓ નીચે પ્રમાણે હતીઃ–બંગાળામાં શાન્તિ થઈ. ગુજરાતમાં એક બળવો આસીરગઢ અને બુહરાનપુરના સુબાનો બળવો–દક્ષિણમાં તોફાન અને **અકબર**ના ભાઇ-તે વખતના કાબુલના સૂબાનું મૃત્યુ. ઉપરના બળવાઓ બધા શાન્ત પાડવામાં આવ્યા અને કાબુલ ઉપર એક નવો સૂબો મોકલ્યો. વર્ષ પૂરૂં થયું ત્યારે રાજ્ય ઉપર આબાદીનો વર્ષાદ વરસતો હતો.

આ બાદશાહનું રક્ષણ સ્વીકારનારા મિત્રોમાં–જયપુરનો રાજા ભગવાનદાસ દૃઢમાં દૃઢ હતો. એણે પંડે **અકબર**ની લશ્કરી નોકરી યશસ્વી રીતે બજાવી હતી એટલુંજ નહિ, પણ તેનો ભાઈ **માનસીંગ** **અકબર**ના લશ્કરમાં મોટી સરદારીમાં હતો. આ સમયે આ રાજપુત્ર પંજાબનો સૂબો હતો. આના કુટુંબમાંથી **અકબરે** પોતાના શાહજાદા સલીમ જે પછીથી **જહાંગીર** બાદશાહ થયો તેને માટે બેગમ પસંદ કરી અને લગ્નની ધામધુમ ફતેહપુર સીક્રીમાં કરવામાં આવી અને બહુ આનંદ વર્તાયો. આ બાદશાહના વખત સુધી તો રજપૂત રાજાઓ મુસલમાન બાદશાહો સાથે વિવાહ સંબંધની નાજ પાડતા હતા. પણ **અકબર**ની એવી ઇચ્છા હતી કે બધું ભેળી દેવું. અને ધર્મ અને જાતમાં ફેર હોય તેણે કાંઇ માણસમાં ફેર નથી પડતો એ જે એનો મુખ્ય મુદ્દો તેનો અમલ કરવાની પણ ઈચ્છા હતી. પણ એને ઘણા વ્હેમોનો પરાભવ કરવાનો હતો અને છેક છેવટ સુધી પણ મેવાડના રાણાનો હઠીલો ટકાવ તે જીતી શક્યો નહિ.

બીજા બધા રજપૂતો વધારે અનુકૂળ હતા. **અકબર**ને તેમણે હિંદુસ્તાનમાં પૂર્વે કોઈ દિવસ નહિ સાંભળેલા એવાં ધોરણોનો સ્થાપનાર ગણ્યો. એની દૃષ્ટિમાં, હિંદુ રાજામાં કે ઉઝબેક મુસલમાનમાં, ગમે તેમાં દેખાઈ આવે, પણ ગુણ તે ગુણજ હતો. પરાક્રમી માણસની જાત અથવા તેનો ધર્મ–ઊંચા હોદ્દાઓ ઉપર નીમાવવામાં અથવા મોટું માન મેળવવામાં આડે આવતાં નહિ. તેથીજ ભગવાનદાસ, માનસીંગ, ટોડરમલ અને એવા બીજા માણસોને મુસલમાન શહેનશાહની છાયા નીચે, પોતપોતાના વંશપરંપરાગત રાજ્યોના સ્વતંત્ર રાજ્યકર્તા તરીકે જે માન એમને મળે તેના કરતાં અતિ ઘણું માન

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



મળ્યું. તેઓ બાદશાહી પ્રાંતો ઉપર રાજ્ય કરતા અને બાદશાહી લશ્કર ઉપર સરદારી કરતા. એઓને બાદશાહના ગુહ્ય મંત્રમાં સામેલ રાખવામાં આવતા કેમકે તેનો મુખ્ય હેતુ–પૂર્વની બધી તકરારો અને એક બીજા ઉપરના વહેમો તોડી નાંખી પોતાના તંત્રમાં દાખલ થાય તેવા સ્થાનિક રાજાઓની ખરીસત્તા જરા પણ ઓછી કર્યા વિના, જે પ્રાંતો આજ સુધી એક બીજાથી જૂદા અને શત્રુતાના સંબંધમાં હતા તેમને એકઠા કરવાનો અને કોઇને પણ માન મરતબામાં નુકશાન ન થાય એવી રીતે એક સર્વોપરિ માલીક નીચે સંયુક્ત કરવાનો હતો.

આ હેતુ પાર પાડવામાં એક ઉપાય અકબરે કામે લગાડયો તે એ હતો કે પોતાની સાથે તેમજ પોતાના કુટુંબમાં દેશી રાજાઓની કન્યાઓનો વિવાહ સંબંધ કર્યો. તે જાણતો હતો કે લગ્ન જેવું બીજું કાંઇ સમીકરણનું સાધન નથી. રજપૂત બાદશાહોને એટલું લાગ્યા વિના રહેલુંજ નહિ કે ગાદીના વારસ સાથે અને કેટલીકવાર ગાદીની સાથે પોતાનો સંબંધ થાય તેથી તેમની પોતાની સ્થિતિ પણ નિર્ભય બને છે. અકબરના રાજ્ય પહેલાંની હિંદની સ્થિતિ ઉપર જ્યારે તેઓ વિચાર કરે અને જુએ કે પૂર્વના પાંચ સૈકાના મુસલમાન વિજયોથી હિંદમાં કજીઓ અને કંઇ પણ ગ્રંથિને અભાવે ગેરબંદોબસ્ત દાખલ થયો હતો; અને આ મનુષ્ય–તેમની સાથે એક અનુભવ વિનાનો અને રાજ્ય કરવાની કળામાં અણકસાયેલ કુમાર તરીકે આવ્યા છતાં પણ જ્યાં જ્યાં પોતાનો જય થયો ત્યાં ત્યાં બંદોબસ્ત સદ્વ્યવસ્થા સમાનભાવ અને ન્યાય દાખલ કરતો ગયો: વળી એના વિજયો પણ એટલા માટેજ થતો કે આવાં ધોરણો દાખલ કરાય; અને જાતિભેદ અથવા ધર્મમાં મતભેદને લીધે એ કાંઇ પણ તફાવત ગણે નહિ: એવો જ્યારે તેઓ વિચાર કરે–ત્યારે ઇશ્વરના અવતારને માનવાવાળા તેઓ–અકબરની રીતભાતમાં સામાન્ય મનુષ્ય કરતાં વિશેષ કંઇક ઇશ્વિરી સર્વજનહિતકારિતા દેખેજ એ સ્વાભાવિક છે.

એનો સમાનભાવ એટલો નીખાલસ હતો, એનો વિશ્વાસ એકવાર મૂકયા પછી એટલો તો સંપૂર્ણ હતો એનાં નીતિતત્વો એટલાં તો મોટાં અને ઉદાર હતાં કે જન્મધર્મના ભેદ એના આસપાસના પ્રસંગોની વિષમતાઓ છતાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



અને આટલા બધા દુરાગ્રહોની વચ્ચે રજપૂતરાજાઓ એના મોહનમંત્રને વશ થયા. અને જ્યારે અકબરે બદલામાં હિંદુ વિનાના બધા અશુદ્ધ અને અસ્પર્શ્ય છે, એ સિદ્ધાન્તને ઊંચે મૂકવાનું તેમને કહ્યું ત્યારે નવા તંત્રના પાયારૂપ મનાતા અભેદ ધર્મના મોટા ધોરણની વિરુદ્ધ આવતા એ દુરાગ્રહને એક વિના બધાએ મૂકી દીધો. આ ધોરણની હદ માત્ર એટલીજ રહી કે અનુદાર મતના બીજી જાતના લોકો જોડે લગ્નસંબંધ ન કરવો. આટલું કરવાથી પોતાના દેશને શાન્તિ અને આબાદી આપનાર તથા એમને પોતાને માન અને અભિમાન આપનાર રાજ્યતંત્ર મજબૂત થશેજ એ એમને ગળે ઉતર્યું.

અકબરના રાજ્યના એકત્રીસમા વર્ષની શરૂઆતમાં કાબુલમાં પોતાના ભાઇ મરી ગયાના, બદક્ષાનની સરહદ ઉપર આવેલા પ્રાંત ઉપર ઉઝબેક લોકોની ચઢાઇ થઈ આવ્યાના તથા કાબુલ ઉપર પણ ચઢી આવવાનો તેઓ ઈરાદો રાખતા હતા, એ સમાચાર એને મળ્યા. આ પ્રસંગ ગંભીર હતો અને અકબરના ધારવા પ્રમાણે પોતાની હાજરીની જરૂર પડે એવો હતો. એટલે નવેમ્બરના મધ્ય ભાગમાં તે એક લશ્કર સાથે પંજાબ તરફ ઉપડયો, અને બીજા મહિનાના અંતમાં સતલજ પહોંચ્યો, અને ત્યાંથી સીધો રાવળપિંડી તરફ ચાલ્યો. ત્યાં કાબુલનો મામલો એના હિતને અનુકૂળ થવાનો સંભવ છે. એવા સમાચાર મળવાથી તે અટકના નવા કિલ્લા તરફ ગયો અને ત્યાંથી ભગવાનદાસની સાથે એક લશ્કર કાશ્મીરની જીત મેળવવા, બીજું બલૂચી લોકોને દંડ દેવા, અને ત્રીજું સ્વાત લોકોની સામે હીલચાલ કરવા માટે મોકલ્યું. આ ત્રણ સવારીમાંની છેલ્લી સવારી દુર્ભાગ્ય નીવડી. યુસુફ-સાઈ લોકોએ મુગલનો પ્રથમનો હુમલો પાછો વાળ્યો, એટલુંજ નહિ, પણ જ્યારે અકબરે પોતાના ખાસ સોબતી બીરબલની સાથે એક મોટું મદદ-ગાર સૈન્ય મોકલ્યું, અને તે હુમલો કરનાર સૈન્યને ભેટયું, ત્યારે તેને પણ પાછું હઠાવ્યું. આ ભેટામાં આઠ હજાર માણસો મરાયા. અને બીરબલ પંડે પણ મરાયો. આ હાર મુગલ લોકોની સખતમાં સખત હાર હતી. આનો ખંગ વાળવાને માટે અકબરે પોતાના શ્રેષ્ઠ સેનાપતિ–રાજા ટોડર-મલને જયપૂરના રાજા માનસિંહની મદદ સાથે મોકલ્યો. આ સરદારોએ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



બહુ સાવચેતીથી યુક્તિયુક્ત પગલાં ભર્યાં. જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ કીલ્લાઓ સર કરતા ગયા અને આખરે ખૈબર પાસમાં એ લોકોને પૂરા હરાવ્યા.

દરમિયાન કાશ્મીર સામે મોકલેલી ચઢાઈ આના કરતાં અંશ માત્રમાં વધારે ફતેહમંદ નીવડી. આના સેનાપતિયો શુલીયસની નેળ આગળપહોંચ્યા. પણ તે દેશના મુસલમાન રાજાએ એનું દ્વાર બંધ કર્યું.

જોઇતો સરસામાન આવી પહોંચશે એમ સમજી થોડાક દિવસ મણે વાટ જોઇ પણ વરસાદ અને બરફ પડવા માંડયો અને આગળ પગલું માંડવા શક્તિમાન થાય ત્યાર પહેલાં તો યુઝુફઝઈ લોકોએ ખવરાવેલી હારના સમાચાર પહોંચ્યા. આથી એમનામાં જે કાંઇ ઉત્સાહનો શેષ ભાગ હતો તે પણ ચાલ્યો ગયો અને કાશ્મીરના બાદશાહ સાથે એ નામનો ખંડીયો રાજા થાય એવી સરતે સલાહ કરવાની ઉતાવળ કરી. પછી તેઓ અકબર પાસે આવ્યા. એમની સાહસ શક્તિની ખામી અકબર સમજી ગયો અને તેની નીશાનીમાં તેમને નામનોજ આવકાર આપ્યો. સલામ બંધ કરી, પણ અકબરના મનમાં રીસ ઝાઝો વખત રહેતીજ નહિ. તેણે તેમને તરતજ માફી આપી.

ત્રણ સવારીઓમાં બલુચીઓના સામેની સવારીજ ખરી રીતે ફતેહમંદ નીવડી. આ કટ્ટા લડવૈયાઓ કાંઇ પણ અટકાવ કર્યા વિના અકબરને અધીન થયા. ટોડરમલ અને માનસિંહના પરાક્રમે ખૈબર ઉઘડયો કે તરતજ જયપુરના રાજાના ભત્રિજા અને વારસ માનસિંહને કાબુલનો સૂબો નીમ્યો અને જોઇતા લશ્કરની સાથે તેને ત્યાં મોકલ્યો. બીજા લશ્કરને યુઝફઝાઈના મુલકમાં મોકલ્યું અને પેશાવરમાં જબરૂ સૈન રાખ્યું. અકબર પંડે લાહોર આવ્યો. ત્યાંથી તેણે કાશ્મીર ઉપર એક બીજી સવારી મોકલી. આ સૈન્ય પર્વતમાર્ગોમાં પહોંચ્યાં તે વખત એટલે સન ૧૫૮૭ના ઉનાળામાં શ્રીનગરના વાસ્તવિક રાજા સામે એક બળવો થયો હતો. આથી આ દેશમાં દાખલ થવામાં કે ત્યાં જય મેળવવામાં બાદશાહી લશ્કરને કાંઇ મુશ્કેલી ન અનુભવવી પડી. એટલે એ હવે મુગલ રાજ્યમાં ભળી ગયું અને અકબરના ઉત્તરાધિકારીના

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



રાજ્યાંમાં મુગલ બાદશાહોને માટે એ ગ્રીષ્મનિવાસનું સ્થળ થયું. અહીંયા આગળ આટલું કહી લઇએ કે ખૈબરપાસના મુખ આગળ આવેલા જમરૂદ આગળ પહોંચતાં માનસિંહને ત્યાંના પહાડી લોકની જોડે એક લડાઈ લડીને જય મેળવવો પડ્યો હતો. આખરે એ કાબુલ પહોંચ્યો અને ત્યાં દૃઢ વ્યવસ્થા કરી. પણ કાબુલીઓ અને બીજા પહાડી જાતિના મુખીઓએ અકબરને ફરિયાદ કરી કે રજપૂત રાજાનું રાજ્ય અમને ગમતું નથી તેથી અકબરે એને એજ હોદ્દા ઉપર બંગાળામાં મોકલ્યો; અને ત્યાં આ વખતે એક કડક માણસની બહુ જરૂર હતી: અને કાબુલમાં એક મુસલમાન મોકલ્યો. એજ વખતે પોતાના એ મુલકની મુલાકાત લેવાને પોતાનો ઇરાદો અકબરે જાહેર કર્યો.

પહેલો એણે સિંધનો કબજો સિદ્ધ કર્યો. (૧૫૮૮) પછી વળતા વરસના વસંતમાં એ કાશ્મીર જવા સારૂ ઉપડ્યો. ભીમ્બર આગળ પહોંચતાં તેણે શાહજાદા મુરાદની સાથે જનાનો રાખ્યો અને પોતે લાગલગો શ્રીનગર તરફ ઉપડ્યો. આસપાસના પ્રદેશોની મુલાકાત લેતો તે ત્યાં આગળ ચોમાસું બેઠું ત્યાં સુધી રહ્યો. પોતાનું જનાનખાનુ રોતસ મોકલ્યું. અને પછે પછી કાબુલના રસ્તામાં અટક આગળ તેમને એકઠો થયો. તે રાજધાની આગળ જવાના તમામ પર્વતમાંના રસ્તાઓ ખુલ્લા હતા કેમકે પહાડી લોકોનો વિરોધ શાન્ત પડ્યો હતો. તેથી અકબરે અટક આગળ સિન્ધુ નદી ઓળંગી અને ત્યાંથી સહેલ મારતો મારતો કાબુલ પહોંચ્યો. ત્યાં બાગબગીચાઓ તથા બીજી જોવા લાયક જગાઓ જોતો તે બે મહિના રહ્યો. 'બધી પ્રજાને, સામાન્ય લોકો તેમજ અમીર ઉમરાવોને તેની હાજરીથી લાભ થયો.' તા. ૧૦ મી નવેમ્બર સને ૧૫૮૯ ને દિવસે જ્યારે રાજા ટોડરમલના મરણના સમાચાર એને મળ્યા ત્યારે તે કાબુલમાંજ હતો. તેજ દિવસે એક બીજો વિશ્વાસુ હિંદુ મિત્ર જયપુરવાળો રાજા ભગવાનદાસ પણ મરણ પામ્યો. પછી કાબુલ, ગુજરાત અને જૈનપુરના બંદોબસ્ત માટે અકબરે નવી ગોઠવણો કરી અને પછી હિંદુસ્તાન પાછો આવ્યો.

બંગાળાના રાજ્ય માટે તો એણે ઘણો વખત થયાં ગોઠવણ કર્યાનું ઉપર લખાઇ ગયું છે. રાજધાની તરફ જતાં ૧૫૯૦ ના આરંભમાં તે લા-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

હોર પહોંચ્યો. ત્યાં હતો એટલામાંજ એને એવા સમાચાર મળ્યા કે ગુજરાતના નવા સૂબા–એની માનિતી ધાત્રીના એક પુત્રે કાઠીઆવાડ અને કચ્છ જોડે શત્રુતા બાંધી છે. આના પરિણામમાં આ બે પ્રાન્તો મુગલ રાજ્યમાં જોડાયા અને અફ્ઘાન વંશનો શાહજાદો જેણે પશ્ચિમ હિંદમાં આ બધું તોફાન જગાવ્યું હતું તેણે આપઘાત કર્યો. લાહોર રહ્યાનો એક બીજો લાભ બાદશાહે એ લીધો કે સિંધમાં રાજ્ય મામલો જરા ગેરલાભમાં ફરી જવાથી ત્યાં આગળ પૂર્ણ શાન્તિ પ્રસારવાની આજ્ઞા કરી. આ પ્રાન્તની પૂર્ણ જીત પ્રથમથી ધાર્યા કરતાં વધારે મુશ્કીલ નીવડી. ઘણું સૈન્ય પાછળથી મદદે મોકલવું પડ્યું અને ધારેલું પરિણામ લાવવાને દઢતા અને સાવચેતી બન્નેનો સાથે ઉપયોગ કરવાની જરૂર પડી. આ સવારીને બે વરસ લાગ્યાં. અને તે દરમિયાન કાસ્મીર સામું થયું હતું.

આ વર્ષોમાં બાદશાહે સદર મુકામ લાહોરમાં નાંખ્યો હતો. સિંધમાં પૂર્ણ વિજય થશેજ એમ ધારી એણે પોતાનું ઝાઝું લશ્કર ભીમ્બર તરફ મોકલી પોતે ચીનાબના તટ ઉપર શીકાર કરતો પડ્યો હતો. પણ આ સમાચાર સાંભળીને તરતજ પોતાના લશ્કરને મળવા માટે ઉપડ્યો. રસ્તામાં એણે સાંળભ્યું કે એના લશ્કરના અગ્રરક્ષકો સામો ઉગ્ર અવરોધ છતાં પણ સરજોરીથી એક સાંકડા માર્ગમાં દાખલ થયા હતા. આ બનાવથી લડાઇનું પરિણામ નક્કી થઈ ગયું. કારણકે દ્રોહી રાજાના સીપાહીઓએ આથી પોતાના રાજા ઉપર ક્રોધ લાવી રાત્રે તેના ઉપર તૂટી પડ્યા. તેનું માથું કાપી નાંખ્યું અને **અકબર** સમક્ષ મોકલ્યું. આ માણસના મૃત્યુની સાથેજ બધો વિરોધ બંધ પડ્યો અને **અકબર** શ્રીનગર તરફ ઘોડા ઉપર જઈ ત્યાં આઠ દિવસ થોભ્યો. રાજ્યવ્યવસ્થાનો બંદોબસ્ત કર્યો અને પછી બરમુલના દૂર્ગ માર્ગને રસ્તે રોતસ અને રોતસથી લાહોર આવ્યો. ત્યાં તેને સમાચાર મળ્યા કે બંગાળાના એના પ્રતિનિધિ રાજા માનસિંગે ઓરીસાનો પ્રાંત બાદશાહી રાજ્યમાં અચૂક જોડી દીધો છે. તે પ્રાન્તમાંથી કેદ કરેલા એકસોને વીસ હાથીઓ એણે બાદશાહને નજરાણા તરીકે લાહોર મોકલાવી દીધા હતા.

શહેનશાહતના તંત્રમાં વિંધ્યાચળની દક્ષિણના મુલકને લાવવાનો પ્ર-

અમદાવાદ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



યત્ન વળતા વરસથી શરૂ થયો તે આઠ વરસ લગી ચાલ્યો. બધું જોતાં એ પ્રયત્ન સફળ થયો. દૌલતાબાદ, ખેરવા, નાસીક, અસીરગઢ અને અહમદનગરનાં મજબૂત શહેરોએ બાદશાહી લશ્કર સારૂ લાંબા ઘેરા પછી દ્વાર ઉઘાડયાં. અને જો કે અહમદનગરના તાબાના પ્રાન્તો સને ૧૮૩૭ સુધી છેક વશ થયા નહોતા તોપણ **અકબરે** મેળવેલી આ સ્થિતિનું મહત્ત્વ મુગલને મળ્યું જે એક સૈકા સુધી મુગલના હાથમાં રહ્યું.

દક્ષિણ હિંદુસ્તાનની સવારી ત્રણ બાબતો માટે પ્રખ્યાત થયેલી છે. (૧) હિંદના જુદા જુદા ભાગોમાંથી મોકલેલા સ્વતંત્ર રીતે આ સવારીમાં સામેલ થવા સારૂ એકઠા થયેલા સરદારોમાં તકરાર ઉઠી જેથી બાદશાહને આગ્રેથી પોતાના વિશ્વાસુ પ્રધાન **અબુલફઝલને** મોકલવાની જરૂર પડી અને પછીથી પોતાને પણ જવું પડયું. (૨) શાહજાદો **મુરાદ** જાલના આગળ બેહદ દારૂ પીવાથી મરણ પામ્યો. (૩) આગ્રે પાછા ફરતાં, **અકબરના** જીવતા પુત્રોમાં જ્યેષ્ઠ અને યુવરાજ શાહજાદા **સલીમની** ઉશ્કેરણીથી **અબુલફઝલનું** ખૂન થયું.

**અકબર** છેલ્લાં ચૌદ વર્ષ થયા પોતાનો દરબાર લાહોરમાં ભરતો હતો પણ સને ૧૫૯૮માં દક્ષિણના અગત્ય મામલાએ એને ત્યાં જવાની ફરજ પાડી. અહમદનગર અને આસીરગઢને શરણ થવાની એણે ફરજ પાડી અને શાહજાદા **દાનીઆલને** ખાનદેશ અને વરાડની સૂબાગીરી ઉપર નીમીને અને **અબુલફઝલને** અહમદનગરના તાબાના મુલકો સર કરવાનું કામ પૂરૂં કરવાનો હુકમ આપીને ૧૬૦૧ના વસંતમાં તે આગ્રે આવવા નીકળ્યો.

જે સંજોગોએ **અકબરને** આગ્રે આવવાની જરૂર પાડી તે બહુ દુઃખદાયક હતા. શાહજાદો **સલીમ** છેક નાનપણમાંથી **અકબરને** અત્યંત ચિંતા કરાવતો આવ્યો હતો. આ ચિંતા તે ઉમર લાયક થવા આવ્યો ત્યારે પણ દૂર થઇ નહિ. **સલીમ** જેને પછીનો જમાનો **જહાંગીર** બાદશાહ તરીકે વધારે ઓળખે છે, તે સ્વભાવથીજ ક્રૂર હતો અને પોતાના રાગદ્વેષ ઉપર કાંઇ પણ અંકુશ રાખવાને અસમર્થ હતો. એને **અબુલફઝલ** ઉપર દ્વેષ હતો. એનું ખરૂં કારણ તો એજ કે પોતાના પિતાની સાથે **અબુલફઝલની** લાગવગની તેને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ઇર્ષ્યા થઈ હતી. કહેવામાં એ હતું કે પોતાના પિતા **અકબરને** મતાંધ મુસલમાનોના આગ્રહી ધર્મથી ખસેડનારમાં એજ મુખ્ય પુરૂષ હતો. એક ક્ષણભર **અકબરને** એમ આશા રહી કે **અબુલફઝલને** દક્ષિણમાં મોકલવાથી **સલીમનો** દ્વેષ કાંઇક ઓછો થશે. અને જ્યારે પોતે પણ **અબુલફઝલની** પાછળ જવાનો નિશ્ચય કર્યો ત્યારે **અકબરે સલીમને** પોતાના ઉત્તરાધિકારી તરીકે જાહેર કર્યો અને 'અજમેરનો રાજપ્રતિનિધિ' એ ઇલ્કાબ સાથે મેવાડના રાણા સાથે તાજી થયેલી લડાઈ પૂરી કરવાનું કામ પણ તેને જ સોંપ્યું. વળી **અકબર સલીમના** પક્ષપાત સારી પેઠે જાણતો. અને તેથી જ લગ્નને લીધે એના સંબંધી થયેલા **માનસિંહને** એની સાથે મદદ કરવા સારૂ મોકલ્યો.

આ બે શાહજાદાઓ મેવાડ તરફ ઉપડી ગયા ત્યારે તેમને ખબર મળી કે બંગાળામાં જ્યાં **માનસિંહ** સુબો હતો ત્યાં બળવો થયો છે. આ બળવાને દાબી દેવા માટે **માનસિંહને** તરતજ તે તરફ કુચ કરવાની જરૂર પડી. **સલીમ** હવે સલાહકાર વિનાનો રહ્યો. અને આ વખતે એના હાથમાં પુષ્કળ ફોજ હતી. તેથી પોતાના પિતાની દક્ષિણ તરફની ગેરહાજરીનો લાભ લઇ ગાદીને માટે હિમ્મતથી ધા કરવાનો તેણે ઠરાવ કર્યો. એટલે મેવાડ ઉપરની સવારીનો વિચાર માંડી વાળીને તે પોતાના લશ્કરની સાથે આગ્રે દોડયો અને જ્યારે બાદશાહી કિલ્લાના સુબેદારે પોતાના માલીક તરફ પૂર્ણ વફાદારી બતાવી શહેરના દરવાજા **સલીમ** સામે બંધ કર્યા, ત્યારે તે અલાહાબાદ તરફ ઉતાવળે ચાલ્યો, તે કીલ્લાનો કબજો કર્યો, અયોધ્યા અને બીહારના પ્રાન્તો ઝડપી લીધા અને 'રાજા' નો ઇલ્કાબ ધારણ કર્યો.

આ બનાવોના સમાચારે **અકબરને** દક્ષિણમાંથી પાછો બોલાવી લીધો. **સલીમનું** આ કૃત્ય દાબને ન સહન કરી શકે એવા ઉગ્ર સ્વભાવને લીધે જ થયું છે એમ સમજીને ફરજ પાડવાને બદલે એને સમજાવી ઠેકાણે લાવવાનો **અકબરે** ઠરાવ કર્યો. તદનુસાર તેણે તેને એક પત્ર લખ્યો. જેમાં જો એ એને શરણ આવે તો તેના ઉપર અવિરત પ્રેમ રાખવાની ખાત્રી કરતાં એમને એમ વિરૂદ્ધાચરણ ચાલુ રાખે તો તેથી થવાનાં પરિણામની ચેતવણી આપી. આ કાગળ **સલીમને** મળ્યો ત્યારે **અકબર** થોડા પણ રાજ્યના ચુનંદા લ-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

ડવૈયાના લશ્કર સાથે આગ્રાની લગભગ હતો તેથી સલીમે પોતાની સ્થિતિ કેવળ અરક્ષણીય છે અને જો આમાં આગ્રહ કર્યો તો વખતે ઉત્તરાધિકાર પણ ખોવો પડે એમ સમજીને આનો જવાબ અત્યંત નમ્ર શબ્દોમાં આપ્યો. પણ એની વર્તણુંક તદનુસાર ન રહી. થોડીક વાર પછી ઝાઝું સૈન્ય હજી દક્ષિણમાંજ છે એવા સમાચાર મળ્યા એટલે પોતે ઇટાવા તરફ ચાલ્યો અને પોતાના પિતાને એક ભવ્ય લશ્કરના સરદાર થઈ મળવું એવે ઈરાદે રસ્તામાં લશ્કર એકઠું કરતો ગયો. પણ અકબર છેતરાયો નહિ. એણે એના શાહજાદાને એમાંથી એક ક્રમ લેવાને આજ્ઞા કરી. કાંતો થોડાકજ અનુચરો સાથે આગ્રે આવવું કે અલાહાબાદ પાછા જવું.

શાહજાદા સલીમે પાછલો ક્રમ પસંદ કર્યો. અને એવું મનાય છે કે બંગાળા અને ઓરીસા પ્રાંતો બક્ષીસમાં આપવાનું વચન મળતાં એણે એમ કર્યું. ગમે તેમ પણ સલીમને આ બે પ્રાંતો ઈનામમાં મળ્યા. પોતાનો માર્ગ પસંદ કરવામાં અકબરનું પોતાની સાધારણ સ્થિતિને મુકાબલે આ વખતની સ્થિતિની નબળાઈનું જ્ઞાન; અથવા પોતાના પુત્ર સાથે યુદ્ધમાં ઉતરવાની વૃત્તિનો અભાવ; અથવા પોતાની પુત્ર પ્રત્યેની પ્રીતિઃ આમાંનું શું અને કેટલું કારણભૂત હશે એ કહી શકાતું નથી. વખતે આ ત્રણે ભાવો એકઠા થઇને એને આ નબળાઈના અંશવાળો રસ્તો સુઝાડયો હોય. ગમે તેમ પણ એની રહેમીયતની સારી અસર પોતાના દ્રોહી પુત્ર ઉપર ન થઈ એમ માનવાને એને કારણ મળ્યું. કેમકે ઉત્તમ સ્મરણશક્તિ અને અતિશય દ્વેષવાળા સલીમે દક્ષિણમાંથી અબુલફઝલ થોડાકજ અનુચરોની સાથે પાછો ફરતો હતો એ પ્રસંગનો લાભ લઇ એને આંતરીને મારી નાંખવાને ઓરછાના રાજાને ઉશ્કેર્યો.

પોતાના મિત્રનું ખૂન અકબરને ભારે ઘા જેવું લાગ્યું. સદ્ભાગ્યે આ ક્રૂર કર્મમાં પોતાના શાહજાદાનો હાથ છે એવું એણે કદી પણ જાણ્યું નહિ. ઓરછાનો રાજાજ માત્ર ગુન્હેગાર છે એમ માની તેણે તેની સામે એક સૈન્ય મોકલ્યું. ગુન્હેગાર રાજા જંગલમાં નાશી ગયો અને અકબરના મરણથી પોતાને સંતાવાના પ્રયત્ન કરવાની જરૂર ન રહી ત્યાં સુધી પડકાયો નહિ. સલીમની સાથે પછી અકબરને સલાહ થઈ અને ફરીથી વળી બાદશાહે એને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



મેવાડની ગરબડ શાન્ત પાડવા સારૂ મોકલ્યો. આ ગરબડ મેવાડના રાણા પ્રતાપસિંહે મુગલને વશ થવાની ના પાડયાથી ઊભી થયેલી હતી. સને ૧૫૭૬ માં હલદીઘાટ આગળ તે હાર્યો હતો. ત્યાર બાદ એ જંગલમાં નાશી ગયો હતો. બાદશાહી લશ્કર તેની પાછળ લગોલગ પડયું હતું. નશીબ એને એટલું બધું પ્રતિકૂલ રહ્યે ગયું કે એક પણ વિજય વિના અસંખ્ય પરાભવો પામ્યા પછી પોતાના કુટુંબ અને વિશ્વાસ રાખતા મિત્રોની સાથે મેવાડ છોડી સિંધુ નદી ઉપર એક બીજું રાજ્ય સ્થાપન કરવાનો નિશ્ચય કરવાની તેને જરૂર પડી. એ તો રસ્તે પણ પડી ગયો હતો એટલામાં એના પ્રધાનની એનમૂન સ્વામિભક્તિએ લડાઈ ચાલુ રાખવાનાં સાધનો એના હાથમાં મૂક્યાં અને એક વધારે ચઢાઈ અજમાવી જોવાનો તેણે નિશ્ચય કર્યો. એક પછી એક થયેલા વિજયે નિશ્ચિંત થયેલા શત્રુઓ ઉપર ફરી વળીને તેમને પાછળથી ખૂબ માર માર્યો અને ૧૫૮૬ માં ચિતોડ અને માંડળગઢ સિવાયનો બધો મેવાડ એણે પાછો મેળવ્યો. ચીતોડની સાથે સંબંધ તૂટયાથી પોતે ઉદેપુરમાં રાજધાની સ્થાપી. (જે શહેર ઉપરથી પાછળથી એના રાજ્યનું નામ પડયું) સને ૧૫૯૭માં જ્યારે તે મરણ પામ્યો ત્યારે તે પોતાનું રાજ્ય સાચવી રહ્યો હતો. એના પછી એનો પુત્ર **અ**મર રાણો ગાદીએ બેઠો જે આ વખતે (૧૬૦૨માં) બાદશાહી લશ્કરના પ્રયાસ માત્રની અવગણના કરતો હતો.

**સ**લીમ શાહજાદાને આ વખતે ખરો લાગ મળ્યો. એને સોંપેલું લશ્કર જો ઉત્સાહથી કામ લેવાય તો મેવાડનો પૂર્ણ પરાભવ કરવાને પૂરતું હતું. પણ **અ**કબરે સોંપેલા કામમાં **સ**લીમે એટલી તો નીરસતા બતાવી કે **અ**કબરે એને બોલાવી લીધો અને અલ્લાહાબાદના અર્દ્ધ સ્વતંત્ર રાજ્ય ઉપર એને મોકલ્યો. અહીંયા તે પોતાને અનુકૂળ વિષયલંપટતામાં કાળ ગાળતો. કર્તવ્ય અને માનની તેમજ પોતાના અત્યંત ભક્તિવાળા અનુચરોના જીવને માટેની પણ એની બેદરકારી આખરે એટલી બધી વ્યક્ત થઇ કે હું પાસે હઇશ તો કંઈક અસર થશે એવી આશાએ અલ્લાહબાદ જવા સારૂ **અ**કબર પંડે ઉપડયો. માત્ર બેજ મજલો એ ચાલ્યો એવામાં પોતાની ખુદ જનનીના ભયંકર મંદવાડના સમાચાર મળવાથી એને પાછા ફરવું પડયું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

પણ અકબરે આવા હેતુથી આગ્રા છોડયું છે એ વાત સાંભળતાં જ શાહજાદા સલીમના આચાર વિચારમાં ફેર પડયો. એનો પિતા એની પાસે ન આવી શક્યો તેથી તેણે પોતેજ થોડાજ અનુચરો સાથે પોતાના પિતાના દરબારમાં જવાનો નિશ્ચય કર્યો. ત્યાં તે તેને પગે પડયો. પણ પોતાની રીતભાત સુધારી નહીં; અને તેના પુત્ર શાહજાદા ખુશરૂ સાથેના એના કજીયા અકબરના દરબારમાં નિંદાપાત્ર થઇ પડયા.

ખરેખર બાદશાહને સંતાનનું સુખ ન આવ્યું. એના બે જીંડવાં પુત્રો ન્હાનપણમાં મરી ગયા હતા. ત્રીજો, ભૂલમાં પહેલો કહેવાયો તો આ શાહજાદો સલીમ હતો. ચોથા પુત્ર શાહજાદા મુરાદનું ભવિષ્ય આપણે ઉપર કહી ગયા. પાંચમો દાનીયાલ ઉંચો સારા બાંધાનો અને દેખાવડો હતો; ઘોડા અને હાથીનો શોખીન હતો. હિંદુસ્તાની કવિતા બનાવવામાં હુંશીયાર હતો. પણ તે તેના ભાઇ મુરાદવાળા વ્યસનને વશ હતો અને એજ કારણથી આ વખતે મરણ પામ્યો હતો. અકબરે એને વ્યસનમાંથી મુક્ત કરવા પોતાથી બન્યું એટલું કર્યું અને હવે હું છોડી દઇશ એવું વચન પણ એના તરફથી મેળવ્યું હતું. અકબરને આના મૃત્યુરૂપી મોટો ઘા વાગ્યો. બાદશાહના પૌત્રો દરબારમાં ઘણા હતા. આમાં સર્વથી વધારે પ્રિય શાહજાદો ખુશરૂ હતો, જે પાછળથી શાહજહાનના ઇલ્કાબે સલીમની ગાદીએ બેઠો.

શાહજાદા દાનીયાલના મરણના અને તે મરણના કારણના સમાચારે બાદશાહને બહુ અસર કરી હોય એમ જણાય છે. તે વખતે તે માંદો હતો અને ત્યારબાદ થોડે વખતે એમ જણાયું કે એના મંદવાડનો ફક્ત એકજ અંત આવશે. એના હજુરી સેવકો વગેરેનાં મન ઉત્તરાધિકારનો વિચાર કરવામાં તરતજ રોકાયાં. એના શાહજાદાઓમાં માત્ર સલીમજ જીવતો હતો પણ અલાહાબાદ આગ્રા અને બીજા ઠેકાણાંની એની વર્તણુકથી અમીર ઉમરાવોના મન એની સાથે ઊંચા થયાં હતાં અને એનો પુત્ર શાહજાદો ખુશરૂ અમીરોને મન અકલંકિત કીર્તિવાળો લેખાયેલો હતો. જોધપુરવાળાંના પુત્ર તરીકે શાહજાદો ખુશરૂ રાજા માનસિંહનો અદીને સગો હતો. અને રાજા માનસિંહ રાજ્યનું એક મોટું અંગ હતું. વળી લશ્કરમાં શ્રેષ્ઠ અધિકાર ભોગવતા એક મુસલમાન

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ઉમરાવની શાહજાદી સાથે એની શાદી થઇ હતી અને તે ઉમરાવ વળી અકબરની માનીતી ધાત્રીનો પુત્ર હોવાથી રાજ્યકુંટુંબ સાથે સંબંધવાળો હતો. આ બે ઉમરાવોએ શાહજાદા સલીમનો નિષેધ કરી શાહજાદા ખુશરૂને ગાદી આપવાના ઉપચારો કરવા માંડ્યા.

આ હેતુ પાર પાડવા માટે અકબરનો મંદવાદનો ખાટલો જે મહેલમાં હતો તે મહેલ આગ્રામાં હોવાથી આગ્રાના કિલ્લા ઉપર તેમણે પોતાનાજ લશ્કરનું રક્ષણ મૂક્યું. જો આ વખતે અકબર મરી ગયો હોત તો માંહોમાંહે એક મહા ક્ષોભ ઊભો થયો હોત કારણકે સલીમ પોતાનો હક છોડી દેત નહીં. પણ શાહજાદાએ પોતાની વિરૂદ્ધ થયેલું તરકટ લક્ષમાં લીધું અને તરતજ પોતાના શરીરની સલામતીના ડરથી આગ્રેથી થોડેક દૂર જઇને રહ્યો. અકબરને સારી પેઠે ખબર હતી કે આ મારો છેલ્લો મંદવાડ છે તેથી આવે પ્રસંગે સલીમની ગેરહાજરીથી ખીજવાઇને સર્વ કરતાં ન્યાય ઉપર વિશેષ પ્રેમવાળા અકબરે પોતાના ઉમરાવોને પોતાની પાસે બોલાવ્યા અને શાહજાદા સલીમને પોતાનો ઉત્તરાધિકારી ઠરાવ્યો: તથા એવી પણ આશા બતાવી કે શાહજાદા ખુશરૂને બંગાળાનું રાજ્ય આપવાની ગોઠવણ થશે.

આ પ્રસંગે અકબરનો અપૂર્વ પ્રતાપ સ્પષ્ટ દેખાયો. પોતાના બેઇમાન અને અભક્ત પુત્રને વારસામાંથી બાતલ કરવાને અકબર તરફથી સૂચનમાત્રની જ જરૂર હતી; પણ સલીમના લાભના ઠરાવથી એના શ્રેષ્ઠસત્તાધીશ ઉમંરાવોને તેની ઇચ્છાનો અમલ કરવાની અને નિરુત્સાહ તથા અદૃઢ મનના ઉમરાવોને તેમના ભેગા ભળવાની મરજી થઇ. આ પ્રતાપનો વિરોધ કરવાની રાજા માનસિંહ સાથે ખુશરૂને મદદ કરવા સારૂ એકત્ર થયેલા લશ્કરમાંના સર્વોત્તમ ઉમરાવ ખુશરૂના સસરાની પણ હિમ્મત ચાલી નહીં. પોતાની મદદની ખાત્રી કરવા સારૂ શાહજાદા સલીમને તેણે ખાનગી કહેણ મોકલ્યું. માનસિંહ, જેનો પ્રતાપ આ અણીને વખતે સર્વથી વધારે હતો તેણે પણ હવે એકલો પડ્યો એમ સમજી સલીમે કરેલી વિનંતિ સ્વીકારી અને તેને મદદ કરવાનું વચન આપ્યું. ઉત્તરાધિકારનો સવાલ હવે નિઃસંદેહ થયાથી શાહજાદો સલીમ બાદશાહી મહેલમાં આવ્યો. ત્યાં મરણ પથારીએ પડેલા અકબરે તેને પ્રેમપૂર્વક

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



આવકાર આપ્યો. આ મુલાકાતની વિગત શાહજાદાના લેખ ઉપરથી મળી આવે છે.

"એકએક પ્રેમપૂર્વક મળ્યા પછી અકબરે બધા ઉમરાવોને પોતાની સમક્ષ બોલાવવાની ઈચ્છા બતાવી. કારણકે એનાજ શબ્દોમાં 'તારા અને મારા દુઃખમાં જેમણે આટલાં બધાં વરસ સૂધી ભાગ લીધો છે અને જે મારી કીર્તિના સાથી થયા છે તેમની વચ્ચે કંઇ પણ ગેરસમજણ રહે એ હું સહન કરી શકતો નથી.' જ્યારે અમીરો દાખલ થયા અને સહુ સલામો કરી ઊભા રહ્યા ત્યારે અકબરે તેમને થોડાક શબ્દો કહ્યા અને પછી એક પછી એક દરેક સામું જોઇને વિનંતિ કરી કે તમારૂં કોઇનું મેં કાંઇ ખોટું કર્યું હોય તો માફ કરશો. પછી શાહજાદો સલીમ રોતો રોતો તેને પગે પડયો. પણ અકબરે પોતાના પુત્રની કેડ ઉપર પોતાની તલવાર બાંધવાની અને તેને બાદશાહી પાઘડી અને પોષાક પહેરાવવાની સંજ્ઞા કરી. પોતાના મહેલના સ્ત્રી વર્ગની સંભાળ રાખવાની સલીમને ભલામણ કરી. અને પોતાના જૂના મિત્રો તથા સાથીઓ તરફ માયાથી અને માનથી વર્તવાનું ભાર મૂકીને કહ્યું; પછી માથું નમાવી પોતે મૃત્યુને શરણ થયો."

આવી રીતે મુગલ રાજ્યના ખરા સ્થાપનારે શાન્તિમાં દેહત્યાગ કર્યો. પોતાના પિતાથી તેમજ પિતામહથી તે વધારે ભાગ્યશાળી વધારે દીર્ઘદષ્ટિવાળો વધારે પ્રતિભાવાન હતો અને (એટલું ઉમેરીયે કે) તેને તેમના કરતાં વધારે અનુકૂળ પ્રસંગો પણ મળ્યા હતા. તેનું આયુષ્ય એટલું લાંબુ નીવડયું કે તે પોતાનું વાસ્તવિક સ્વાતંત્ર્ય તેમજ બાપદાદાના ધર્મ અને રીતરીવાજોના ઉપભોગનું અમુલ્ય સુખ નિર્ભયતાથી ભોગવી શકાય એવી સ્થિતિ, એક સર્વોપરિ સત્તાનો અંગીકાર કર્યાથીજ પ્રાપ્ત થશે એવી હિન્દુસ્તાનના લોકોની ખાત્રી કરી શક્યો. અકબરનામાં દુરાગ્રહનો લેશ પણ ન હતો. ઉઝબેક કે અફઘાન, હિંદુ પારસી કે ક્રીશ્ચિયન ગમે તે હો પણ જો તે વફાદાર બુદ્ધિમાન અને પોતાની જાતનેજ નીમકહલાલ નીવડે તો તેને ઊંચો અધિકાર આપતો. જૂદી જૂદી બધી જાતોએ આટલું તો સ્વીકાર્યુંજ કે એના ઓગણપચાસ વરસના રાજ્યમાં હિંદુસ્તાન પરદેશી લોકોના હુમલાઓથી મુક્ત રહ્યું; અને એણે અંદરના બધા વિરોધીઓને, કેટલાકને હથીયારના બળે અને કેટલાકને વધારે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

શાન્તિવાળા ઉપાયોથી મેળવી લીધા અને તેમાં પહેલા ઉપાય કરતાં બીજો તેને વધારે પસંદ હતો. એના મરણ પછી મુહમ્મદ અમીન લખી ગયો છે કે એના સામ્રાજ્યની ચારે દીશાઓમાં બળવાન અને ન્યાયી રાજ્ય ચાલતું. દરેક જાતના અને દરેક વર્ગના લોકો એના દરબારમાં આવતા, તમામ વર્ણોમાં સાર્વત્રિક શાન્તિ સ્થપાયાથી બધા ધર્મના લોકો એના રક્ષણ નીચે નિર્ભયતાથી રહેતા.' રાજ્યકર્તા અકબર આવો હતો. અકબર માણસ તરીકે કેવો હતો તે વર્ણવવાનો આવતા પ્રકરણમાં પ્રયત્ન થશે.

અકબર ૧૬૦૫ના અકટોબરની ૧૫મી તારીખે ત્રેંસઠમુ વર્ષ પૂરૂ થયાને બીજેજ દિવસે મરણ પામ્યો.

## પ્રકરણ ૧૨ મું.

### અકબરનાં ધોરણો અને સામ્રાજ્ય વ્યવસ્થા.

અઈન-ઈ-અકબરીનો કર્ત્તા લખે છે કે નાના મોટાં બધાં રાજ્યનાં ત્રણે અંગની કૃતાર્થતા અને પ્રજાની ઈચ્છાનું સંપાદન, એ બધું, રાજાની વખત ગાળવાની રીત ઉપર આધાર રાખે છે.

આ કસોટીએ જોતાં અકબરે એક મનુષ્ય તરીકે તેમજ રાજા તરીકે મેળવેલી ફતેહનાં ન્યાયસિદ્ધ કારણો પોતેજ આપણને મળી શકે છે. એ પ્રત્યેક કામ જાતે કરતો એટલુંજ નહિ પણ રાજ્યકર્તાની વ્યક્તિતા માત્ર ઉપર આધાર ન રહેતાં લોકોનાં હૃદયમાં ઊંડા મૂળ નંખાય એવી ઇમારત બાંધવાનો જે એના જીવતરનો મુખ્ય હેતુ હતો, તેનાં સાધનો વિષે વિચાર કરવાનો અને તે વિચારોને જાતે જ અમલમાં મૂકવાનો પણ તેના કાર્યક્રમમાં સમાવેશ હતો. આ હેતુ પાર પાડવામાં એણે જે સાધનો યોજ્યાં એનું વિવેચન કરતાં પહેલાં મનુષ્ય જાતની આધ્યાત્મિક સ્થિતિ સંબંધી વિચારોની સાથે એનું મન કેવું અનુકૂળ હતું અને તેથી એના ઉપર શી અસર થઇ હતી તે વિષયે બે શબ્દો બોલવાનું હું ધારૂં છું. આ વિષય ઉપર વિચાર કરવો એ સર્વથી વધારે અગત્યનું છે. કેમકે મતાંધ મુસલમાનોના સિદ્ધાન્ત પ્રમાણે હિન્દુ પ્રજા નિત્ય

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



નરકની અધિકારીણી હતી. તે પ્રજાના આગ્રહો કાર્યસિદ્ધિ પૂર્વે અશક્ય ગણાય એટલે અંશે નરમ પાડવાને સમસ્ત પ્રજાવર્ગના પ્રમાણમાં માત્ર મુઠ્ઠીભર મુસલમાનોનો એક સરદાર સમર્થ થઇ શકે કે નહીં એ વિચારનો આધાર તે સરદારના મનના બંધારણ ઉપર અને પોતાના ધર્મવાળાઓથી ભિન્ન મતનું વિના આગ્રહ ગ્રહણ કરવાની અને તેની નિષ્પક્ષપાત તુલના કરવાની તેની શક્તિની ઇયત્તા ઉપર રહેલો છે. આ બાબતમાં ઉદાર નીતિ પૂર્ણ રીતે વાપરવાને આ વખત કેવળ પ્રતિકૂળ હતો, એટલું તો નિઃસંદેહ છે.

મુસલમાનો વિજેતા હતા એટલુંજ નહિ પણ પોતાનો ધર્મ તલવારથી ફેલાવનારા વિજેતા હતા. તેઓમાંના ખરા ઝનુની લોકો હિંદુ ધર્મ અને તેના અનુયાયિઓ ઉપર અત્યંત ધિક્કારની નજરે જોતા હતા; જે ધિક્કાર તે કાળના એક ઇતિહાસકાર બદૌનીના લેખમાં પાને પાને જોઈ શકાય છે. આ ધિઃકાર માત્ર હિન્દુ ધર્મ ઉપરજ હતો એમ નહીં પણ મહમદીય ધર્મ સિવાયના બીજા બધા ધર્મના આચાર વિચાર ઉપર પણ એવીજ રીતનો ધિઃકાર હતો.

અકબર આજ ધર્મમાં જન્મેલો હતો. પણ જન્મથીજ એનું મન શોધકવૃત્તિનું હતું. અને કોઇ પણ વસ્તુને તે સિદ્ધવત્ માની લેતો જ નહીં. એની કેળવણીના વખતમાં, માત્ર હિંદુ ધર્મના હોવાથી જેમને એના દરબારીઓએ નિરંતરની માનસિક વ્યથામાં નાંખ્યા હતા, એવા રજપુત રાજાઓની પ્રામાણિકતા એકનિષ્ઠતા અને ઘણીવાર તેમના જીવનની ઉદારતા વગેરે તેમના સદ્દગુણો જોવાના ઘણા પ્રસંગો અકબરને મળ્યા હતા. એ સમજ્યો હતો કે આ માણસો અને આમનાજ ધર્મના બીજા માણસો એજ મારી પ્રજાનો ઘણો મોટો ભાગ છે. એણે વળી એમ પણ જોયું કે આમાંના ઘણા વિશ્વાસપાત્ર માણસો દરબારનો ધર્મ સ્વીકારવાથી વ્યવહારિક દૃષ્ટિએ એમને ઘણો લાભ થશે એમ સ્પષ્ટ જાણ્યા છતાં પણ પોતાનાજ ધર્મને ચુસ્ત રીતે વળગી રહ્યા છે. આ કારણથી હું વિજેતા રાજા મુસલમાન છું તેટલા માટે મુસલમાની ધર્મ મનુષ્ય માત્રને માટે ખરો ધર્મ છે એવો સિદ્ધાન્ત ગ્રહણ કરવા એનું વિચારશીલ મન પ્રથમથીજ નારાજ હતું. ધીમે ધીમે એના વિચારો નીચેના વચનમાં શબ્દરૂપે આવ્યા. “ હજી હુંજ જ્યારે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

સુવિનીત નથી ત્યારે બીજાને મારેજ રસ્તે દોરવાને હક્ક મારે શા સારૂ ધારણ કરવો.” જેમ જેમ બીજા વિચારો અને બીજા મતોનું એ લક્ષપૂર્વક શ્રવણ કરવા લાગ્યો તેમ તેમ એની શુદ્ધ શંકાઓ દૃઢ થવા માંડી અને કોઇ ધર્મના કોઇ સંપ્રદાયની તીવ્ર અનુદારતા જોતાં જોતાં સર્વેને માટે સમાન-ભાવના ધોરણ ઉપર તે વધારે ને વધારે સ્થિર થવા લાગ્યો.

આ ફેરફાર કાંઈ એકદમ ન થયો. ઇતિહાસકાર બદૌની જે એક મતાંધ મુસલમાન હતો અને જે આ પ્રતાપી બાદશાહની સ્વધર્મભ્રષ્ટતાને ધિઃકારતો તેણે લખ્યું છે કે—

છેક નાનપણથી તે યુવાવસ્થા સુધીમાં અને યૌવનથી વૃદ્ધવય સુધીમાં બાદ-શાહ ભિન્ન ભિન્ન સ્થિતિઓમાં અને તમામ સંપ્રદાયોના આચારો તથા તમામ ધર્મોના વિચારમાં થઇને પસાર થયા છે. મુસલમાન આચારના ધોરણથી કેવળ વિરૂદ્ધ એવા સંશોધનથી જૂદા જૂદા ગ્રંથોમાંથી જે કાંઇ મળી આવ્યું તે પોતાની સારગ્રહણ કરવાની શક્તિને લીધે તેમણે એકઠું કર્યું છે એ રીતે કેટલાંક મૂળતત્વો ઉપર બંધાયેલા કેટલાક માનનીય વિચારોની એના હૃદય ઉપર છાપ પડતાં અને તેના ઉપર થયેલી જૂદી જૂદી અસરોના પરિ-ણામમાં જેમ કોઈ પાષાણ ઉપર બાહ્યરેખા થાય, તેમ ધીમે ધીમે તેના અંતઃકરણમાં એવો નિશ્ચય થવા લાગ્યો કે બધા ધર્મમાં બુદ્ધિશાળી માણસો અને બધી પ્રજામાં આગ્રહવિનાના વિચારવાળાઓ અને ચમત્કારિક શક્તિ ધરાવનારાઓ થઈ ગયા છે. જ્યારે કંઇક ખરૂં જ્ઞાન આમ બધા ધર્મમાં છે ત્યારે બધું સત્ય કોઈ પણ એક ધર્મમાં અને પ્રમાણમાં નવા, માત્ર એક હજારજ વર્ષ થયાં પ્રચલિત થયેલા, ઈસ્લામ ધર્મમાંજ, શા માટે ભરાઇ રહેલું હોય? એક સંપ્રદાયવાળાએ બીજા જેની ના પાડે તેનો શા માટે સ્વીકાર કરવો પડે અને પોતાને ઉત્તમતા મળી ન હોય તેમ છતાં બીજા કરતાં અમે ઉત્તમ છીએ એવો હક અમુક એકે શા માટે ધરાવવો જોઇએ?

બદૌની આગળ ચાલતાં લખે છે કે અકબર બ્રાહ્મણો અને સંન્યાસીઓ સાથે સંવાદો કરતો અને તેની અસરથી જન્માંતરનો મત તેણે સ્વીકાર્યો હતો તો પણ તેની પેઠે ઇસ્લામનાજ ધર્મમાં જન્મેલા અને ઉછરેલા ફૈઝી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

અને અબુલફ્ઝલ નામના બે ભાઇઓથી પોતાના ધર્મ સંબંધી અભ્યાસના માર્ગ ઉપર ઘણી અસર થઇ હતી, એમાં કાંઇ શક નથી. આ બે પ્રતાપી પુરુષોના સંબંધમાં કાંઇક લખવું જરુરતું છે. તેઓ આરબ કોમના શેખ મુબારક નામના એક શેખના દીકરા હતા. શેખ મુબારકના પૂર્વજો રજપુતાનામાં આવેલા નગર આગળ વતન કરીને રહ્યા હતા. શેખ મુબારકે પોતાના પૂર્વ-જોના ધર્મના પ્રત્યેક અંગ ઉપાંગનું પુર્ણ જ્ઞાન થાય એવી રીતે અભ્યાસ કર્યો હતો. તેનું મન શોધક હતું અને તેનામાં સર્વગ્રાહક બુદ્ધિ હતી. જેમ એને જ્ઞાન થતું ગયું તેમ તેમ તેના વિચારો આગળ વધતા ગયા, અને તેથી જ્ઞાનનું ગ્રહણ તેમજ ધારણ કરવાને જે સમર્થ મનવાળા આ બાળકોને તેણે એવી કેળવણી આપી હતી કે જેથી ગમે તેવા મંડળમાં તેઓ પ્રકાશી શકે. મોટો શેખ ફૈઝી ૧૫૪૭ માં આગ્રા આગળ જન્મ્યો હતો. કેમકે આ વખત તેનો બાપ તે શહેરની પડોસમાં રહેવા આવ્યો હતો. આમ તે અકબરથી પાંચે વર્ષે નાનો હતો. અકબરે વાયવ્ય પ્રાન્તોનો પુર્નવિજય મેળવ્યો ત્યાર પછી થોડી મુદ્દતમાં આશરે વીસ વર્ષની ઉમરના શેખ ફૈઝીએ સાહિત્યશાસ્ત્રીની અવે વૈદ્યકશાસ્ત્રીની શાન્ત અને સાદી જીંદગી ગાળવા માંડી હતી. વૈદ્ય તરીકેના પોતાના ધંધાની કમાણીથી ઉત્તેજિત થયેલી એની સહજ ઉદારતાએ એને ઘણાં સખાવતનાં કાર્યો કરાવવા પ્રેર્યો હતો. અને ગરીબ લોકોની મફત બરદાશ કરવાની તેની રીત પડી ગઇ હતી. ધર્મ વિષયમાં પોતાના પિતાને અનુસ-રીને શીયાપંથના કાંઈક અનભિમત વિચારો તરફ એનું વલણ હતું. એવું કહેવાય છે કે બાદશાહના કાજીને એકવાર પોતાને કાંઇક જમીન બક્ષવાની એણે અરજ કરી. કાજી સુન્ની હતા તેથા તેણે બક્ષીસ આપવાની ના કહી એટલુંજ નહીં પણ પોતાની કચેરીમાંથી તેને તિરસ્કાર કરીને કહાડી મુકયો. દરમિયાન તે વખત અકબર ચીતોડને ઘેરો ઘાલતો હતો. ત્યાં ફૈઝીની મોટી બુદ્ધિ વિષે ચાલતી વાતોથી લોભાઇને તેને તેણે પોતાની છાવણીમાં બોલાવ્યો. ફૈઝીને ઘણા શત્રુઓ હતા અને ખાસ કરીને સુન્ની અથવા જુના મતના મુસલમાનોમાં ઘણા હતા. તેમણે કાંઈક ઈન્સાફ કરવા સારૂ ફૈઝીને બોલાવે છે એવો અર્થ લીધો અને ફૈઝી નાશી ન જાય એવી આગ્રાના સુબાને ચેતવણી આપી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ફૈઝીને તો નાસવાનો વિચાર પણ નહોતો; પણ અકબરની છાવણીમાં તો તેને કેદી તરીકે લઈ ગયા. પ્રતાપી અકબર એને વિનયથી મળ્યો અને એની બહુદેશી બુદ્ધિથી મોહ પામીને પોતાના શાહજાદાઓના ઊંચી વિદ્યાના ગુરુ તરીકે પોતાના દરબારમાં થોડી મુદતમાં રાખ્યો. કોઇ કોઇ વાર એલચીનું કામ પણ એને સોંપવામાં આવતું.

ફૈઝીને મળતો પુષ્કળ વખત એ કાવ્ય રચવા પાછળ ગાળતો. તેત્રીસમા વર્ષમાં રાજકવિના જેવા એક હોદ્દા ઉપર એની યોજના થઈ. સાત વરસ પછી એ મરણ પામ્યો. તે દરમિયાન એ અકબરની કૃપાથી કદી પણ ભ્રષ્ટ થયો નહતો. એના સહવાસમાં અકબર આનંદ માનતો અને એની વાતચીતમાં હર્ષઘેલો થઈ જતો. એવું કહેવાય છે કે એણે એકસોને એક ગ્રંથો રચ્યા છે. ચાર હજાર અને ત્રણસેં ચુનંદા હસ્તલેખવાળો એનો સુંદર ગ્રંથસંગ્રહ બાદશાહી સંગ્રહમાં જોડી દેવામાં આવ્યો.

**શેખફૈઝી** ઉપર **અકબર**ની પૂર્ણ કૃપા હતી, પણ **આઇનઇ–અકબરી**ના કર્તા **શેખ અબુલફઝલ** ઉપર **અકબર**ની કૃપા વિશેષ હતી. **અબુલફઝલ** ૧૫૫૧ માં આગ્રામાં જન્મ્યો હતો. એને પણ એના ભાઇની પેઠે પોતાના પિતાના ઉમદા અને સર્વદેશી શિક્ષણનો સારો લાભ મળ્યો હતો. પ્રભાવવાળા અંતઃકરણે સ્વતંત્ર વિચાર કર્યા પછી સ્વીકારેલા મતોને લીધે પોતાના પિતા ઉપર બહિષ્કાર અને તેથી પણ વિશેષ દુઃખ પડયું હતું. તે તેણે લક્ષમાં લીધું હતું અને મનમાં તો એ વાતથી એને રોષ પણ ઉત્પન્ન થયો હતો. બાળક મન ઉપર આની અસર એ થઇ કે સર્વ ધર્મ માટે સમાન સદ્‌ભાવ રાખવાના ગુણની યોગ્ય તુલના થઈ અને આગળ પાછળના સંજોગોના દબાણને લીધે પોતાના અભ્યાસ ઉપર અપૂર્વ શ્રમ લેવાનું ઉત્તેજન મળ્યું. પંદરે વર્ષે ન્યાય અને કર્ણપરંપરાથી પ્રાપ્ત સર્વ શાસ્ત્રોનો અભ્યાસ એણે પૂરો કર્યો અને વીસ વર્ષનો થયો ત્યાર પહેલાં તો તેણે શિક્ષાગુરુ તરીકે ધંધો ચાલુ કર્યો હતો.

શુભનામવાળા સ્વર્ગસ્થ પ્રોફેસર બ્લોકમાન લખે છે કે " આ વખતે પણ એનું જ્ઞાન કેટલું બહોળું હતું તે જણાવવા એક નીચેનો બનાવ મળી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

આવે છે. ઇસ્પહાનીના **અ**મુલ્ય ગ્રંથનો એક હસ્તલેખ એના હાથમાં કાંઈક આવ્યો. કમનસીબે ઉપરથી નીચે સુધી દરેક પાનાનો અરધો ભાગ અગ્નિથી કોઈ ઠેકાણે ઉકલે નહીં એવો થઈ ગયેલો હતો, અને કોઇક ઠેકાણે કેવળ નાશ પામ્યો હતો. આવા અમુલ્ય ગ્રંથનો ઉદ્ધાર કરવાનો ઠરાવ કરીને **અ**બુલફ્ઝલે બળેલો ભાગ કહાડી નાંખ્યો; દરેક પાને નવા કાગળો નાંખ્યા અને દરેકે દરેક પંક્તિનો ખૂટતો ભાગ પોતે લખવાનું શરૂ કર્યું. આ પ્રયત્નમાં ઊંડા વિચારથી કેટલીક વાર વાંચી ગયા પછી એ વિજયી થયો. થોડાક વખત પછી એજ ગ્રંથની આખી નકલ મળી આવી, અને પછી મુકાબલો કરતાં માલુમ પડયું કે અલબત કેટલેક ઠેકાણે શબ્દો જુદા હતા, કેટલેક પ્રસંગે કારણો પણ નવાંજ આપેલાં હતાં પણ બધું જોતાં **અ**બુલફ્ઝલે ઉદ્ધારેલો ભાગ મૂળની સાથે એટલો બધો અસાધારણ રીતે મળતો આવતો હતો કે એક કઠણ લેખકની લેખપદ્ધતિ અને વિચારપદ્ધતિમાં **અ**બુલફ્ઝલને ઊંડો ખુંપી ગયેલો જોઈ તેના મિત્રોને મ્હોટું આશ્ચર્ય થયું.

**અ**બુલફ્ઝલ સ્વભાવે અભ્યાસી હતો, તેથી તેણે થોડોક વખત **અ**કબરે મોકલેલા દરબારમાં આવવાના તેડાને અનૂકુળ જવાબ ન આપ્યો. પણ ઉપર વર્ણવી તે રીતે **અ**કબરની સાથે જામેલી એના મોટા ભાઈ ફૈઝીની મિત્રતાએ **અ**કબરની મૈત્રીને માટે રસ્તો કર્યો; અને ફૈઝીના ભાઇ તરીકે જ્યારે સને ૧૫૭૪ માં **અ**બુલફ્ઝલને **અ**કબરની સમક્ષ રજુ કરવા તેડાવ્યો ત્યારે તેણે તેને એવો મનોહારી આવકાર દીધો કે 'મસ્ત એકાંતવાસ'ની જીંદગી ગાળવાના પોતાના ઠરાવ બાબત ફરીથી વિચાર કરવાનું **અ**બુલફ્ઝલને મન થયું; આ વખતે તેનું વય માત્ર ત્રેવીસ વર્ષનું હતું પણ આ દેશમાં પ્રાપ્ય, જ્ઞાન મેળવવાનાં તમામ સાધનો તેણે ખુટાડયાં હતાં. એની સ્થિતિ તેના પોતાના શબ્દોમાં નીચે પ્રમાણે હતી. 'મારા મનને કાંઇ વિશ્રાન્તિ મળતી નહતી. અને મારૂં અંતઃકરણ મોંગોલીઆના વિદ્વાનો અથવા લેબેનોન ઉપર રહેનારા સાધુઓ તરફ ખેંચાયું હોય એમ મને લાગતું. ટીબેટના લામાઓને અથવા પોર્ટુગાલના પાદરીઓને મળવાની મને પ્રબળ ઇચ્છા થતી અને પારસીઓના દસ્તુરો કે ઝન્દઅવેસ્તા જાણનારા વિદ્વાનોની સાથે હું

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ખુશીથી બેસવા ઉઠવા ઇચ્છતો, આ સમયથી તે દરબાર સાથે જોડાયો અને એની અને અકબરની વચ્ચે અન્યોન્યને માટે આદરસન્માન અને સદ્ભાવ ઉપર સ્થપાયેલી—જીવિતના આનંદ જેવી શુદ્ધ, મૈત્રી બંધાઇ. અબુલફઝલને અકબર જેવો એક યોગ્યતમ શિષ્ય મળ્યો. શિકારના આનંદને સમયે, રાજ્યની ચિંતાને સમયે કે યુદ્ધના શ્રમને સમયે પણ એના આ પ્રિયતમ મિત્રની અને એને હરાવવા પ્રયત્ન કરતા મુસલમાન ધર્માધ્યક્ષો અને શાસ્ત્રીઓની વચ્ચે થતા વિવાદોનું શ્રવણ કરવાના જેવો બીજો વિશ્રામ અકબરને સારો લાગતો નહતો. આ સંવિવાદો એ એના રાજ્યનો એક અગત્યનો બનાવ હતો. એમના સંબંધી કાંઇક સૂક્ષ્મ વિવેચન કર્યા વિના અકબરનો સ્વભાવ નહીં સમજી શકાય. સર્વેના ઉપર સમાનભાવ અને સર્વે માટે સમાન રાજ્યનીતિ, જેના પ્રવર્તનનો સમય હિંદના ઇતિહાસમાં એક અગત્યના યુગ જેવો થઇ ગયો છે, તે ધોરણોનું ગ્રહણ અકબરે કાંઈ એકદમ કર્યું નહતું. પોતાના રાજ્યના પ્રથમનાં વીસ વર્ષમાં પોતાની સત્તા સ્થિર રાખવાને એને વિજયો મેળવવા પડયા હતા. બિહાર બંગાળ અને ઓરીસા તથા ખાનદેશ અને ગુજરાત સાહત પશ્ચિમ હિંદુસ્તાનના દેશોના પદભ્રષ્ટ કરેલા વંશના પુરુષો લાગ શોધતા બેસી રહ્યા હતા. તેવે વખતે શાન્ત થઇને બેસી રહેવું એ સામા થવાને તેડું મોકલ્યા બરાબર હતું. આગળ વધ્યે જવાની એને ફરજ પડી. પૂર્વનો અનુભવ અને તેની દૃષ્ટિ નીચે રોજરોજ બનતી બીનાઓએ એક સરખી રીતે સાબિત કરી આપ્યું હતું કે જો અંદરની શાન્તિનો હિંદને કોઇ દિવસ અનુભવ કરાવવો હોય તો માત્ર એકજ સર્વોપરિ સત્તા—જરૂરની છે.

આ વીસ વર્ષની દરમિયાન અકબરને ફુરસદ તો ઘણી મળતી હતી. તે પોતાની હજુરના માણસો સાથે જીતાયલા દેશો બધા લોકોના સદ્ભાવથી સ્થિર રહી શકે એવી રાજ્યપદ્ધતિ સ્થાપવાના વિચાર કરવામાં ગાળતો. જુની પદ્ધતિ સાંપ્રતમાં પ્રતિકૂળ છે એમ તો એણે પોતાના મન સાથે નક્કી કર્યું હતું. જુદા જુદા ઇલાકાઓમાં કાયમનું લશ્કર રાખીને હિંદુસ્તાનનો કબજો રાખવો અને દેશના વતનીઓના મનોભાવ અને તેમના

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



પ્રતાપનો અને જગતની બધી પ્રજાઓ કરતાં કાવ્ય અને રસ તરફ જેનું વિશેષ વલણ છે અને મનુષ્યજાત ઉપર અસર કરવામાં સમર્થતર બંધનથી જેઓ વડવાઓના પ્રતાપની વાર્તાઓને હજી વળગી રહે છે તેમના મનોરથોનો કાંઇ પણ હીસાબ ન ગણવો? એ તેને અશક્ય લાગ્યું.

ચાર ચાર સૈકા સુધી અજમાવેલી જૂની રાજ્યપદ્ધતિ તેના પ્રવર્તકનાજ હાથમાં, અથવા તે પ્રવર્તકના નજીકના ઉત્તરાધિકારીના સમયમાં તો જરૂર, ભાગી પડતી. અને આ સમજાયા છતાં અકબરના પૂર્વે કોઇએ એ સિવાય બીજી પદ્ધતિ અજમાવી ન હતી. એના પ્રતાપી દાદાને બીજી પદ્ધાતની જરૂર વિષે કાંઇજ ભાન થયું હતું પણ તે માટે જોઇતો વખત તેને મળી શક્યો ન હતો. કેમકે એને પણ સ્થિર રહેવા માટે પ્રથમતો વિજયો મેળવવાની જરૂર પડી હતી. એનો બાપ તો વળી તેના પહેલાંના અફઘાન બાદશાહોના કરતાં પણ આ ઉખાણો ઉકેલવામાં વધારે નિષ્ફળ થયો હતો. એક વધારે ચાલાક સેનાપતિને હાથે તેની પડતી થઇ, અને તેની પદ્ધતિ કાંઇ પણ ચિન્હ પાછળ રાખ્યા વિના નાશ પામી. હવે કાયમ રહી શકે એવી પદ્ધતિ સ્થાપવાની જરૂરનું ઊંડું ભાન અકબરને થયું. અને ધીમે ધીમે આટલું પણ એને જણાયું હતું કે ચિરસ્થાયિ પદ્ધિતિનો પાયો અન્યોન્યના સન્માન ઉપર, વર્ણના, ધર્મના અને ઇતિહાસના ભેદો વિષયે એક એકની સહિષ્ણુતા ઉપર, તથા બન્નેના સ્વાર્થના એકીકરણ ઉપર રચવો જોઇએ. અને રાજ્યરૂપી કમાનની કુંચીરૂપ પથ્થરના ખરવાથી તેના ઉપર બંધાયેલી આખી કમાન ભાંગી પડશે, એવી સ્પષ્ટ સમજણ સાથે તે કમાન ચણવી જોઇએ. આથી તેણે ઉપર કહ્યું તે મુજબ પોતાના રાજ્યનાં પહેલાં વીસ વર્ષ, પરાભવ પામેલા લોકોના મન ઉપર ઊંડી અસર કરે અને તેમના મનમાં પૂર્ણ વિશ્વાસ અને ખાત્રી થાય એવી રાજ્યપદ્ધતિ શોધી કહાડવાના વિષય ઉપર પોતાના રાજ્યના વિદ્વાનો સાથે ચર્ચા કરવામાં ગાળ્યાં.

અબુલફઝલનું ઓળખાણ થતાં પહેલાં નિરાશ થઇ અકબરે આ કામ લગભગ છોડી દીધું હતું. શાણી સલાહને બદલે મતાંધપણાની અને વિષમભાવ તરફના વલણવાળી શીખામણો એને મળતી હતી. એના પ્રથ-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



મના મંત્રીઓ તરફથી કાંઈ આશા રાખવાની હતી જ નહીં. આ લોકોના લખારાનો અને મુસલમાન મુસલમાનમાં પણ મતભેદને લીધે સીતમ ગુજારવા તરફના તેમનાં વલણ ઉપરથી **અકબરને** કંટાળો છૂટયો હતો. **અબુલ**ફઝલની પ્રશસ્ય ઉદારતા એના લક્ષમાં બરોબર ઉતરી ન હતી ત્યાર પહેલાં પણ પોતાના રાજ્યમાં એક મોટી સત્તારૂપ થઇ પડેલા મતાંધ ધર્માધ્યક્ષો સાથે કોઇ પણ રાજ્યપદ્ધતિનું સ્થાપન કરવા પહેલાં લડાઈ કરવી પડશે એવો તો એને નિશ્ચય થયો હતો. પ્રોફેસર બ્લોકમાન લખે છે કે પોતાની હિંદુ પ્રજાની યોગ્યતા વિષે ઘણો અનુકૂળ અભિપ્રાય એના મનમાં બંધાયાથી ફતેહપુર સીક્રીમાં કોઇ એકાંત સ્થળમાં પથ્થર ઉપર વિચારમાં બેઠે બેઠે પોતાના રાજ્યમાં સમાનભાવે રાજ્ય ચલાવવાનો તેણે નિશ્ચય કર્યો હતો. પણ પોતાના વિદ્વાનો અને ન્યાયશાસ્ત્રીઓના એકાન્ત અભિપ્રાયો ભેદ મટાડવાને બદલે અન્ય પ્રજાને હેરાન કરવાને વારંવાર એને આગ્રહ કરતા તેથી 'હું ભુલું છું તો રાજા તરીકે તપાસ કરવી એ મારી ફરજ છે'. એમ વિચાર કરી તે બાબત ઉપર ચર્ચા કરવા માંડી. આ ચર્ચા પ્રત્યેક ગુરુવારની રાત્રે આજ હેતુથી બંધાયેલા ઇબાદતખાના નામની ફતેહપુર સીક્રીના એક મકાનમાં ચાલતી.

કેટલોક વખત તો **અબુલફઝલ** આમાં ગૌણભાગ લેતો અને મુસલમાન પક્ષવાદીઓને એક બીજાની દલીલોના જવાબ દઇ તોડી નાંખવાને માત્ર ઉશ્કેરતો. આ પક્ષવાદીઓ હિંદુ અને બીજા કાફર લોકોને હેરાન કરવા એ સારી વાત છે એ બાબતમાં એકમત થતાં એક એક ઉપર બેવફાઈના તોહમતો મૂકતા તેથી તેમણે બતાવેલી મતાંધતા અને અનુદારતાથી **અકબરને** કંટાળો છૂટયો. ઇસ્લામના ધર્મમાં ઐકયને બદલે અતિશય વિભાગની પદ્ધતિ તેના જોવામાં આવી. વળી કેટલાક તો રાજ્યમાં મોટા અમલદાર છતાં પણ એક બીજાની સાથે કેવળ અવિનયથી વર્તતા તેથી પણ **અકબરને** કંટાળો છૂટયો હતો અને એક વાર તો "આવી રીતે હવે કોઇ મને નારાજ કરશે તો એને આ મકાન છોડવું પડશે ' એવી ચેતવણી આપવાની પણ એને જરૂર પડી હતી. આખરે એક સ્મરણીય સંધ્યાકાળે **અબુલફઝલે** અણીનો વખત આણી મુકયો. ભાવી વિરોધની ગણત્રી કરીને એણે નીચેની ચર્ચા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



રજુ કરીઃ રાજા પોતાની પ્રજાનો માત્ર ઐહિક નહિ પણ પારલૌકિક વિનેતા તરીકે પણ લેખાવો જોઇએ કે કેમ?

આ મત કુરાન સર્વ મનુષ્યકૃત ગ્રંથોમાં શ્રેષ્ઠ છે એ ઇસ્લામના મુખ્ય ધોરણનો વિરોધી હતો. અબુલફઝલની ચર્ચાનો મુખ્ય મુદ્દો પૂર્વના વાદોમાં મુસલમાન વિદ્વાનોના કુરાનના કેટલાક ભાગોના અર્થમાં મતભેદ થયા છે એટલુંજ નહીં પણ મહમદની નીતિ સંબંધી પણ એમનામાં મતફેર છે, એ વાતમાં સમાયેલો હતો. આથી અબુલફઝલની તકરારથી ઉઠેલું તોફાન ભયંકર હતું. તે દિવસે હાજર હતા તેમાંનો કોઈ પણ વિદ્વાન કે શાસ્ત્રવેત્તા એવો નહતો કે જેણે આ દરખાસ્ત ઇસ્લામના મુખ્ય તત્વને વિરોધ કરનારી છે એમ લેખ્યું નહોય. તેમ એમાંના વધારે સૂક્ષ્મબુદ્ધિ અને શાન્ત મિજાજના વિદ્વાનોએ એમ પણ લેખ્યું હતું કે પ્રથમની તકરારોમાં દર્શાવેલા વિચારો સ્પષ્ટ ન્યાય અને ઉત્કૃષ્ટ ધર્મની અવગણના કરનારા છે.

પણ હવે અકબરની સત્તાનો જેમાં સમાવેશ થયેલો છે તે દરખાસ્ત સ્હામે તેમનાથી વાંધો પણ કેમ લેવાય? આ મુસ્કેલીમાં એ એવા ઠરાવ ઉપર આવ્યા કે જે તેઓના માનવામાં તોડ રૂપે હતો એમ છતાં ખરી રીતે આખા સવાલનું નિરાકરણ કરનાર નીવડયો. એમણે એક એવો લેખ ઘડી કહાડયો કે જેમાં અકબર બાદશાહ એક ઇન્સાફી રાજ્યકર્ત્તા છે એવી ખાત્રી દર્શાવવામાં આવી અને તેને મુજતાહીદ એટલે કે ઇસ્લામ સંબંધી દરેક બાબતમાં પ્રમાણ પુરુષની પદવી આપવામાં આવી. આ કબુલતથી અબુલ ફઝલનો ધારેલો હેતુ સફળ થયો, કેમકે તેની સરત મુજબ ઇન્સાફી રાજાની બુદ્ધિ એ કાયદાનું એકજ મૂળ છે એમ નક્કી ઠર્યું. અને બધા વિદ્વાનો તેમજ ધર્મ શાસ્ત્રીઓનો સમુદાય ધર્મ સંબંધી બાબતોમાં અકબરના ઠરાવને વશ રહેવા બંધાયા.

અબુલફઝલ અકબરનામામાં લખે છે કે આ લેખથી ઘણાં ઉત્તમ પરિણામો આવ્યાં.

(૧) બધા ધર્મના આપ્ત પુરુષો અને વિદ્વાનોને એકઠા થવાની એક જગા જેવો હવે અકબરનો દરબાર થઇ રહ્યો. બધા ધર્મના સદ્વિચારોની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

યોગ્ય તુલના થઇ અને તેમાંના સારાં લક્ષણો તેમની ખામીથી ઢંકાઈ જતાં બચ્યાં (૨) સર્વત્ર સમાનભાવ એટલે સર્વ સાથે શાન્તિ સ્થપાઇ. (૩) અને વિરૂદ્ધ મતના તથા દુષ્ટ વિચારના માણસો બાદશાહના નિઃસ્વાર્થ હેતુઓ જોઇ શરમાઇ ગયા અને ફજેત થયા. અલબત આટલું આપણે કહેવું પડશે કે હિંદુઓને હેરાન કરવાના વિચારવાળા પક્ષના બે મુસલમાન સરદારોએ આ લેખ ઉપર કેવળ કમરજીથી સહી કરી હતી, પણ સહી કરી હતી ખરી; બીજી તરફ અબુલફઝલનો પિતા જેણે ઇસ્લામના તમામ ગ્રંથો અને તેના જૂદા જૂદા વિભાગોના વિચારોનું પૂર્ણ જ્ઞાન મેળવ્યું હતું તેણે બહુ ખુશીથી સહી કરી અને વળી સહીની સાથે એટલું ઉમેર્યું કે આવી ઉત્કર્ષકારક હીલચાલની ભવિતવ્યતા ખરી પડવાની હું ઘણાં વર્ષથી આશા રાખતો હતો.

આ લેખથી અકબરની જીંદગીમાં અને તેના રાજ્યતંત્રમાં એક પરિવર્તન થયું. આ વેળા એ પહેલવહેલો સ્વતંત્ર થયો. પોતાના સહિષ્ણુતાના સમાનભાવના અને પરઅન્તઃકરણના ભાવ માટે આદરભાવ રાખવા સંબંધી પોતાના વિચારોને હવે એ ગતિ તથા બળ આપી શકતો. પોતાની સભામાં હિંદુ પારસી અને ખ્રીસ્તિઓને હવે એ લાવી શકતો. હવે જ હિંદના વતની રાજાઓના હિતાહિતનેજ આગ્રાની કેન્દ્રસત્તાનાં હિતાહિત કરવા સંબંધે પોતાના ચિરસિદ્ધ વિચારો અમલમાં મૂકવાનો પ્રયત્ન પણ કરી શકતો. ખરી રીતે આ લેખ તેના રાજ્યનો મહાન સ્વાતંત્ર્યલેખ છે.

આવી સ્વતંત્રતા આપનાર લેખ એણે શી રીતે મેળવ્યો તે બાબત મેં જરા બહુ વિસ્તારથી લખી છે, એમ જો વાંચનારને લાગે તો વાંચનાર મને ક્ષમા કરશે. કારણકે આ લેખ તે આ સમય પછીના તેના કાયદાઓની કુંચી છે. એનાથીજ ઇસ્લામના અનુદાર બંધનોથી બાદશાહનાં કાર્યો મુક્ત થયાં હતાં. એ લેખે અબુલફઝલનું નશીબ ઉઘાડયું એટલે આથી અકબરની સાથે અબુલફઝલને ચિરસ્થાયી મૈત્રી થઈ. બીજી તરફથી એ સર્વ મતાંધ પુરૂષોનો એકત્ર થયેલા દ્વેષનું પાત્ર પણ થઇ પડયો અને આખરે એમાંથી એનું ખૂન થયું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



આ પ્રમાણે લખેલી સત્તાનો જે પ્રથમ ઉપયોગ એણે કર્યો તે દીવાની અને ફોજદારી ઇન્સાફમાં સફાઇ કરવાનો હતો. એનો મુખ્ય ન્યાયાધીશ જે એક મતાંધ સુન્ની હતો અને જેણે પોતાની સત્તા સીઆ લોકોને તથા બીજા બધા કહેવાતા કાફરોને અને વળી અબુલફઝલના ભાઇ ફૈઝીને હેરાન કરવામાં વાપરી હતી તેને બહારથી પૂરા દમામ સહિત મક્કા કહાડ્યો. બીજા એક મોટા આના જેવાજ મતાંધ અધિકારીને પણ અધિકારથી ભ્રષ્ટ કર્યો અને કાયદામાં ધર્મના ભેદ ન ગણકારતાં સુન્ની સીયા મુસલમાન કે હિંદુ ગમે તે ધર્મના હોય તે બધા માણસોને સરખા ગણવાનો, ફોજદારી કે દીવાની ન્યાયાધીશની સમક્ષ આવેલી વાતમાં ધર્મ તત્વનો કાંઇ પ્રવેશ ન થવા દેવો, એવો નિયમ સર્વના મગજ ઉપર ઠસાવી દીધો.

આ વખતથી રાજ્યના સુધારા સંબંધી અને એકીકરણ વિષયની યોજના કરવામાં અબુલફઝલ અને ફૈઝી એ બે ભાઇઓ બાદશાહના મુખ્ય વિશ્વાસપાત્ર સલાહકાર થયા. એ બન્નેને એણે ફોજમાં દાખલ કર્યા. કારણકે ફોજની નોકરીથી દરબારમાં એમને યોગ્ય માનમરતબો નિર્ભયતાથી મળી શકે તેમ હતું. અકબરની જૂદી જૂદી સવારીઓમાં એઓ ઘણું કરીને તેની સાથે જતા અને જમીન અને મહેસૂલ સંબંધી બાબતમાં સુધારાનું સૂચન કરતા. બાદશાહના વિચારોને ઉદ્દેશીને સલાહ અને ટેકો આપવાને તેઓ હમેશાં હાજર રહેતા.

દરમિયાન અકબર પોતાની પ્રજાના મોટા ભાગને એના માનવા પ્રમાણે અનુકૂળ પડે એવો, તે કાળની ખાસીયતને તથા પોતાની પ્રજાના વિચારને અનુસરતો એક ધર્મ સંબંધી કાયદો તૈયાર કરતો હતો. આ કાયદાનું નામ દિન-ઇ-ઈલાહી-હતું. તેનું મુખ્ય સ્વરૂપ એ હતું. કે-ઇશ્વર એક છે અને અકબર પૃથ્વી ઉપર એનો ખલીફ-એટલે પ્રતિનિધિ છે. ઇસ્લામી ધર્મનાં સ્તોત્રો બહુજ સાંકડા વિચારના અને યોગ્ય ઉદારતાવાળા નહિ માલમ પડવાથી રદ કર્યા અને તેને બદલે પારસીઓના સ્તોત્રોને આધારે વધારે ઉદારતાવાળાં સ્તોત્રો રચાવ્યાં. અને તેનો વિધિ ભાગ હિંદુ શાસ્ત્રમાંથી લીધો. સરકારી દફતરમાં અને બાદશાહી ઉત્સવો સંબંધે જે નવો સંવત્સર ગણાવા માંડ્યો તો પારસીઓનોજ હતો. આ રીતથી મુસલમાન તરફથી કંઇ ઉઘાડે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



વિરોધ થતો ન જણાયો પણ કેટલાક મતાંધ અને મગજમાં ધૂણીવાળા મુસલમાન ભાઈઓ બાદશાહના મુખ્ય સલાહકાર ઉપર પુષ્કળ દ્વેષ કરવા લાગ્યા. વળી તે હિંદુ રાજાઓને તથા અમીરોને લશ્કરમાં તથા દરબારમાં મોટા અધિકાર આપતો તે બાબતમાં તેઓ ઘણી ઈર્ષ્યા બતાવતા. ભગવાનદાસ, માનસિંહ ટોડરમલ, બીરબલ વીગેરે અસાધારણ શક્તિવાળા માણસો હતા તે વાતનો તો તેમને કાંઇ હિસાબજ ન હતો. તેઓ હિંદુ હતા, અને હિંદુ હતા એટલા માટેજ મુસલમાન ઇતિહાસકારોને જ્યારે જ્યારે એમના નામ લખવાં પડયાં છે ત્યારે ત્યારે એમના ધર્મ ઉપર તિરસ્કાર બતાવ્યા વિના તથા પરલોકમાં એમને માટે રાખી મુકેલી દુર્દશાનું સૂચન કર્યા વિના ચાલ્યું નથી.

એ વખતે ગોવામાં વસતા પોર્ટુગીઝ લોકોના ધર્મ સંબંધી કાંઈક વાસ્તવિક જ્ઞાન મેળવવાને પણ અકબરે ઇચ્છા બતાવી હતી. 'ન્યુટેસ્ટામેન્ટ' 'બાઇબલ' નું એક ફારસી ભાષામાં શુદ્ધ ભાષાંતર કરાવવાનો એણે ફરીને હુકમ આપ્યો અને ગોવાના એક 'મીશનરી' પાદરી રોડોલ્ફો એકવેટી-વાને આગ્રાની મુલાકાત લેવાને બોલાવ્યો.

આ પાદરીની મુલાકાત વખતે ઇબાદતખાનામાં એક પ્રસિદ્ધ ધર્મચર્ચા થઇ. આમાં ઘણા વિદ્વાન મુસલમાન ધર્મશાસ્ત્રીઓ, બ્રાહ્મણો, જૈનો, બુદ્ધ, હિંદુ, ચાર્વાકાદિ નાસ્તિક મતવાળાઓ ખ્રીસ્તી–યાહુદી અને ફારસી વિદ્વાનોએ એક પછી એક ભાષણ કર્યાં. આ બનાવ અબુલફઝલે નીચે પ્રમાણે વર્ણવ્યો છે–

"દરેક જણ પોતાના નિશ્ચયો દલીલો સાથે નિ:શંક રીતે રજુ કરતા "અને તીખો વાદવિવાદ લાંબો વખત ચાલતો. દરેક પંથવાળાઓ પોતા-"નાજ ખરાપણાના ગુમાનમાં તણાઇને પોતાના સામાવળીયાના મતો ઉપર "આક્ષેપ કરી તેનું ખંડન કરવાનો પ્રયત્ન કરતા એક દિવસ પાદરી "રોડોલ્ફોના આવવાથી ઇબાદતખાનું દીપી ઉઠયું. આ પાદરી ખ્રીસ્તી ધર્મ-"વેત્તાઓમાં જ્ઞાન તથા ડાહાપણમાં એકકો ગણાતો હતો. ઘણા તકરારી અને "મતાંધ માણસોએ એમના ઉપર આક્ષેપ કર્યા અને આથી આ સભાની "શાન્તવૃત્તિ અને ઇન્સાફ દેખાડી આપવાનો પ્રસંગ આવ્યો. આ વિદ્વાનોએ "જૂની વાતો રજૂ કરી પણ દલીલ કરી સત્ય શોધી કહાડવાને પ્રયત્ન કર્યો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



નહીં. એમની વાતો તોડી નાંખી અને એમને શરમિંદા પાડી નાંખ્યા ત્યારે તેમણે બાઇબલના અન્યોન્ય વિરોધી વચનો ઉપર આક્ષેપ કરવા માંડ્યો. પણ પોતાની વાતો સિદ્ધ કરી શક્યા નહીં. પૂરી શાન્તિથી અને પોતાના સિદ્ધાન્તોની સત્યતા ઉપર પૂરા ભરૂંસાથી પાદરીએ તેમની દલીલોના જવાબ વાળ્યા અને પછી નીચે પ્રમાણે બોલ્યો. ”

“ જો આ વિદ્વાનોનો અમારા પુસ્તક વિષે આવો અભિપ્રાય હોય અને જો કુરાનને તેઓ ઇશ્વરનુંજ ખરૂં વચન માનતા હોય તો એક ભઠ્ઠી સળગાવો અને પછી હું મારૂં બાઇબિલ હાથમાં રાખીને અને ઉલ્મા લોકો તેમના પવિત્ર પુસ્તકને હાથમાં રાખીને તે સત્યશોધક વેદિ ઉપર હીંડીએ તો પછી ખરૂં શું છે તે ખુલ્લું થશે.” કાળા અંતઃકરણવાળા અને નીચ સ્વભાવના વાદીઓ આ વખતે પાછા હઠ્યા અને આનો જવાબ ગુસ્સાભર્યા શબ્દોમાંજ આપ્યો. આ આગ્રહ અને અવિનયથી અકબરના નિષ્પક્ષપાત મનને બહુ ખેદ થયો અને પૂર્ણ વિચાર અને વિવેકથી નીચે પ્રમાણે બોલ્યો:—

“ માત્ર ઉપરના ડોળથી અને અંતઃકરણના નિશ્ચય વિનાના મુસલ-
“ માન ધર્મના શબ્દમાત્રને વળગી રહેવાથી કાંઇ ફાયદો નથી. મારી સત્તાના
“ બળે મેં ઘણા બ્રાહ્મણોને મારા પૂર્વજોનો—એટલે મારો ધર્મ જોરજુલમથી
“ પળાવ્યો છે. પણ સત્યના કિરણનું તેજ પામવાથી હવે મને ખાત્રી થાય
“ છે કે મિથ્યાભિમાનનાં કાળાં વાદળ અને સ્વાભિપ્રાયનું ધુમસ તમારા સહુ
“ ઉપર ઘેરાઈ આવ્યાથી સાબિતીની મશાલ વિના તમારાથી એક ડગલું
“ પણ આગળ ચલાવાનું નથી. શુદ્ધ નિર્મળ બુદ્ધિથી જે માર્ગ આપણે પસંદ
“ કરીયે તે માર્ગે ગયામાંજ લાભ થવાનો. માત્ર સ્વમતના શબ્દો ઉચ્ચારવાથી
“ કે સુન્નત કર્યાથી અથવા રાજ્યસત્તાના ભયથી જમીન ઉપર લાંબા પડીને
“ નમવાથી સર્વશક્તિમાન નિયંતા આગળ કોઇની ગણત્રી થતી નથીઃ કેમકે
“ જમીન ઉપર લાંબા થઇને નમવું એથી કાંઈ ઇશ્વરી આજ્ઞા પૂરેપૂરી પળાઈ
“ જતી નથી. પણ સત્યપરાયણતા રાખવી જોઇએ કેમકે સદાચાર ભવાંમાં
“ રહેતો નથી.”

આ વાદ સંબંધી કે આ ખ્રીસ્તી પાદરીએ સૂચવેલી પરીક્ષા વિષે આ-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



પણે ગમે તે વિચાર બાંધીએ, પણ ઈબાદાત–ખાનામાં ચાલતા વાદ પૂર્ણ શાન્તિથી અને નિષ્પક્ષપાતથી ચાલતા તે આ વાત સારી રીતે બતાવે છે, એટલુંજ નહિ પણ અકબરના મનનું સાચું વલણ આ વાત બતાવી આપે છે, અને તે સારૂ આ આવકાર તેને પાત્ર છે. ખરી રીતે તમામ મત અને ધર્મ-પંથો ઉપર વિચાર કરીને દરેક ઉપર એની અનાસ્થા થઇ હતી. એ બધા મત મતાંતરોને માનવાને બદલે તેણે આ જગતના એક સર્વ શક્તિમાન્ કર્તાને ઓળખી લીધો અને સમાનભાવ સર્વેને સમાન ઈન્સાફ અને પ્રત્યેક માણસને પોતાનું માનસિક સ્વાતન્ત્ર્ય, બીજાની જીંદગી જોખમમાં ન આવે એવી રીતનું નુકશાન ન થાય ત્યાં સુધી–એ ત્રણ નિયમોને અમલમાં મૂકવા સારૂ એ પોતે ઈશ્વરનો આ જગત્‌માં મોટામાં મોટો પ્રતિનિધિ છે, એમ માની લીધું હતું. મુસલમાનોની સાથે એ જરા સખ્તાઈથી વર્તતો, કારણકે રાજ્યપક્ષના ધર્માધ્યક્ષો હમેશાં પરધર્મવાળાઓને હેરાન કરવા તરફ વલણવાળા હોય છે એમ તેણે જાણી લીધું હતું. પણ બધાઓનું કહેવું તે ધીરજથી સાંભળતો અને દરેક ધર્મના સ્વાર્થી ધર્માધ્યક્ષોએ પોતપોતાના ઈશ્વરના મોટા ઉદાર દૂરાવગાહી અને સર્વાભિમત ગુણોનો વિનાશ કરેલો છે, એમ જોવાથી, બધાએ માનેલા ઈશ્વરને, એમના ધર્માધ્યક્ષોને કોરે મૂકીને, એ નમ્યો.

સર્વશક્તિમાન ઇશ્વરનું સૂચક ચિન્હ સૂર્યમાં છે, એમ એ માનતો તેથી એને કેટલાકોએ જરથોસ્તીના ધર્મનો અનુયાયી કહ્યો છે. પારસીઓના ધ-ર્મની સાદાઇને લીધે એ ધર્મ એને ઘણો મનપસંદ હતો એમાં તો કાંઈ શકજ નથી. પોતે ઘડી કહાડેલી યોજનામાં ધર્માધ્યક્ષ મંડળનો અભાવ હતો. સર્વશક્તિમાન પ્રભુએ મને બક્ષેલી ભૂમિમાં હું એનો પ્રતિનિધિ છું એમ સમજીને એણે પ્રત્યેક ધર્મનો સારો અંશ ચુંટી કહાડયો, કે જેથી બીજાને હેરાન કરવાના સાધનરૂપ મટીને ધર્મ બધાને સહાયરૂપ થઇ પડે. એની ધર્મ યોજનાની આ ઉદારતા એના સમકાલીનોને તો એની રાજ્યનીતિની ઉદા-રતા જેવીજ અગમ્ય હતી. એના અભિપ્રાય સર્વમાન્ય થવાને એનો ઉત્તરા-ધિકારી એના જેવોજ વૃત્તિનો હોવાની જરૂર હતી. એ તો ત્રણે કાળમાં અશક્યજ હતું. પરિણામ એવું આવ્યું કે એની રાજ્યનીતિ જે સાંકડી ને-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ળમાંથી એણે મુક્ત કરી હતી તેજ નેળમાં એના મરણ પછી ધીમે ધીમે પાછી ભરાઈ પડી; અને એની ધર્મનીતિ એનીજ સાથેજ શાન્ત થઇ. તેના ઉત્તરાધિકારીમાંના બે ઉદાસીન વૃત્તિના મુસલમાન હતા; તેમના વખત પછી પ્રતાપી અને ડાહ્યા અકબરે જમાવેલી બધી શ્રેષ્ઠતાનો નાશ કરવાને સારૂ ધર્મદ્વેષે પોતાની સત્તા જમાવી; તથા પરિણામે, મોઘલવંશના આત્મારૂપ બનેલું સમાનભાવનું નીતિ ધોરણ શિથિલ પડવાથી, અકબરની, સર્વને સરખો ઇન્સાફ આપવાની અને સર્વને માટે સમાનભાવની અમર્ત્ય નીતિને નવે અવતાર લાવનારી બીજી પ્રજાના રાજ્યને દાખલ થવાનો માર્ગ થયો.

ઉપરના વિસ્તારમાં હું એમ જણાવી ગયો છું કે બીજાની જીંદગી જોખમમાં ન આવતી હોય ત્યાં સુધી અકબર સહુના વિચાર પ્રમાણે સહુને સ્વતંત્રતાથી ચાલવા દેતો. આનું એણે હિંદુઓના સતી થવાના રીવાજના સંબંધમાં એક સ્પષ્ટ દૃષ્ટાંત આપ્યું. આ રીવાજ હિંદુઓમાં એટલા લાંબા વખતથી ચાલતો હતો કે એને અનુસરીને ન વર્તે તો બીચારી વિધવા પોતે જાતેજ પોતાના ઉપર કલંક વ્હોરી લે છે એમ મનાતું. ગમે તેમ હોય પણ મરવું કોઇને વ્હાલું નથી હોતું તેથી પોતાના સદ્‌ગુણની પીછાણવાળી પણ મિથ્યા વિચારના ભોગ થઇ પડવાને નારાજ એવી ઘણી વિધવાઓ પોતાના સ્વામિની ચિતા, ઉપર ચઢવાને સ્પષ્ટ રીતે પોતાની અનિચ્છા દેખાડતી. પછી એમ બનતું કે ધર્માધ્યક્ષો, પરલોકમાં તને ભયંકર દુઃખ પડશે એવી ધમકીઓ આપીને અથવા ધર્મશાસ્ત્ર સંબંધી એના મન ઉપર અસર કરે એવો બોધ કરીને એની અનિચ્છા દૂર થાય એટલે સુધી સમજાવતા. આવા કર્મોથી અકબરના દયાર્દ્ર મનને ધિઃકાર છૂટતો તેથી તેણે એનાથી જેટલું બન્યું તેટલું કરીને આ રીવાજ બંધ પાડવાની કોશીશ કરી. રજપુતાનાના રાજાઓને આ રીવાજ ઉપર ઘણો આદર હતો. કોઇ વિધવા પોતાના મનથી સતી થવા ઇચ્છતી હોય તો આવા, ધર્મના એક કાનુનરૂપ થઇ પડેલા અને લાંબા વખતથી ચાલી આવેલો હોવાથી ઘણું માન પામેલા રીવાજની વચમાં કોઇનાથી આવી શકાતું નહિ. આ રીવાજના અટકાવનો હુકમ કહાડતાં પહેલાં તેને લાગ્યું કે મારાં દાખલ કરવા માંડેલાં ઉદાર ધોરણો અંતઃપુર સુધી પહોંચી જવા જો-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

ઇએ; પણ એણે એવો હુકમ કહાડયો કે કોઇ વિધવા પોતાનો ભોગ આપવા જરા પણ અનિચ્છા બનાવેતો તેને સતી કરતાં અટકાવવી.

માત્ર આવો હુકમ કહાડીનેજ તે બેસી રહ્યો નહીં, એકવાર જ્યારે અંબરના રાજા બીહારીમલ્લનો ભત્રીજો અને પોતાનો વિશ્વાસુ એલચી જયમલ્લ બંગાળાના ઉમરાવો તરફ દૂત કાર્ય ઉપર ગયો હતો ત્યારે પોતે અજમેરમાં હતો. તેવામાં ચૌસા અગાડી જયમલ્લ મરણ પામ્યાના સમાચાર તેને ત્યાંજ મળ્યા. જયમલ્લ ઉપર અકબરની પૂર્ણ કૃપા હતી. કેમકે રજપૂતાનાના સઘળા સરદારોમાં એણે પહેલવેહેલી અકબરને નમતી આપી હતી અને ત્યાર પછી હમેશાં અકબરની ખરી અને વફાદારીથી નોકરી બજાવી હતી. તે જોધપુરના રાજા ઉદયસિંહની કુંવરી વેરે પરણ્યો હતો અને આ સ્ત્રી દૃઢ નિશ્ચયવાળી હતી. જ્યારે પોતાના સ્વામીના મરણના સમાચાર અંબર પહોંચ્યા ત્યારે તેણે સ્પષ્ટ રીતે સતી થવાની ના પાડી. બાદશાહના ફરમાન મુજબ પોતાની મરજી પ્રમાણે વર્તવાનો એને સ્વતંત્ર હક્ક હતો. પણ જ્યારે એ હક્ક એણે સતી થવાની ના કહેવામાં વાપર્યો તેના પુત્ર ઉદયસિંહ વગેરેએ એટલો તો અનિવાર્ય ઘોંઘાટ કરી મૂક્યો કે આખરે તેને સતી કરવા જરૂર પાડવાનો ઠરાવ થયો. આ ખબર અકબરને મળતાંજ આ જુલમ અટકાવવાનો એણે ઠરાવ કર્યો. એની મદદ વખતસરજ પહોંચી. કેમકે અગ્નિ સંસ્કાર થયો તેવામાંજ અકબરનાં માણસો જેમાં જયમલ્લનો કાકો પણ હતો, તે સ્મશાનમાં જઇ પહોંચ્યાં અને એકઠા થયેલા લોકોની મેદની વીખેરી નાંખી કુંવરીને બચાવી લીધી.

પોતાના ઉદાર મનવાળા અને વિદ્વાન મિત્રો ફૈઝી અને અબુલફઝલ ઉપર અકબરની પૂરી પ્રીતિ હતી તો પણ વિદ્યા ઉપર પ્રેમવાળા અને જ્ઞાન મેળવવાની ખરી ઇચ્છાવાળા સર્વેને તે ઉત્તેજન આપતો. ઢોંગ અને દંભને એ ધિઃકારતો. એને થોડાજ વખતમાં માલુમ પડયું કે દરબારના મુસલમાન ઉલ્માઓ આ બે અવગુણથી ભરેલા છે. અને આ વાત શોધી કહાડતાં વાંત તેને તેમના ઉપર કંટાળો છૂટયો અને તેમનો ઢોંગ ખુલ્લો કરવા સારૂં બનતી યુક્તિઓ વાપરવાનો નિશ્ચય કર્યો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



પ્રોફેસર **બ્લૉ**કમાન લખે છે કે **અ**કબર અહંકારી અને મિથ્યાભિમાની મનુષ્યો ઉપર કોઇ દિવસ ક્ષમાની નજરથી જોતો નહીં; અને બધી જાતના મિથ્યાભિમાનમાં વિદ્વત્તાનું મિથ્યાભિમાન તે બહુજ ધિઃકારતો. એ વિદ્યા અને વિદ્વાનો ઉપર અપ્રીતિ રાખતો એવી તેના આવા નિશ્ચયથી નુકસાન પામેલા વર્ગની ફરિયાદનું આજ કારણ છે. ખરૂં જોતાં એમ કંઇ ન હતું. હિંદુસ્તાનમાં ખરી વસ્તુને ઉત્તેજન આપનાર કોઇ બાદશાહ આના જેવો થઇ ગયોજ નથી. આ વિષયમાં હિંદના હાલના રાજ્યકર્તાઓ એનું અનુકરણ કરે તો તે ઘણું ફાયદાકારક થાય. તે વખતમાં ઇતિહાસવેત્તાઓમાં સર્વથી કુશળ અગાધ શક્તિવાળો અને શોધકબુદ્ધિવાળો ખાંન–ઇ–આઝમ–મીરજાં નામનો **અ**કબરની વ્હાલી આયાનો એક પુત્ર ઘણો વખત જુના ઇસ્લામ ધર્મને મજબૂતીથી વળગી રહ્યા હતો અને **અ**કબરના નવા ધર્મને ધિઃકારતો અને ફૈઝી તથા **અ**બુલફઝલની હાંસી કરતો. એણે વળી તેઓ ઢોંગી છે એમ ધારી એમનાં નામ પાડયાં હતાં. પણ આગળ ઉપર એને મક્કાની યાત્રાએ જવાનો પ્રસંગ આવ્યો ત્યારે ત્યાંના ધર્માધ્યક્ષોએ એવો નીચોવી નાંખ્યો કે ઇસ્લામ ધર્મ ઉપરનો તેનો પ્રેમ અજાણ્યેજ શાન્ત થઈ ગયો. આગ્રે આવ્યા પછી તેણે ‘ બાદશાહી–ધર્મ ’ સ્વીકાર્યો. તે કવિતા સારી લખતો અને બોલવાચાલવાની સરળતા તથા બુદ્ધિને માટે વખણાતો એનાં ઘણાં સૂત્રોમાંનું એક આ સૂત્ર આપણને મળ્યું છે.

“ માણસે ચાર સ્ત્રીયો પરણવી જોઈએ. એને કોકની સાથે વાત કરવા
“ જોઇએ માટે ઇરાની સ્ત્રીઃ ઘરકામ સારૂ ખોરાસાનીઃ પોતાનાં બચ્ચાં ઉછે-
“ રવા સારૂ હિંદુઃ અને તર્કીસ્તાનમાં આવેલા મરવાન્હારની સ્ત્રી (બીજી
“ ત્રણેને ચેતવણી આપવા સારૂ માર ખાય એવી ) પરણવી જોઇએ.”

**અ**કબરની નોકરીમાં સમર્થ સરદારો અને ઉદાર પુરૂષોમાં એના પૂર્વના અતાલીક બેરામખાંનો પુત્ર મીરઝાં **અ**બદુરરહીમ હતો. તેણે કેટલાંક વર્ષ સૂધી ‘ ખાનખાનાન ’ એટલે કમાન્ડર–ઈન–ચીફ–નો અધિકાર ભોગવ્યો હતો. પણ તે જેવો રણમાં શૂરો હતો તેવો જ વિદ્વાન હતો. એણે તુર્કી ભાષામાં લખેલી **બા**બરની તવારીખ જેને **અ**બુલફઝલે–‘ વ્યાવહારિક ડાહાપણનો સંગ્રહ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



એવું નામ આપ્યું છે તેનું તે વખતે **અકબરના** દરબારમાં ચાલતી ફારસી ભાષામાં ભાષાંતર કર્યું હતું; અને એક નકલ **અકબરને** ભેટ આપી હતી. એના વખતના બીજા વિદ્વાનોમાં તબાકત–ઇ–**અકબરી** એટલે **અકબરના** રાજ્યનો ઇતિહાસ લખનાર નીઝામ–ઉ–દીન; તરીખી–ઇ–અલ્ફી એટલે એક એક હજાર વર્ષ સુધીના ઇસ્લામ ધર્મના ઇતિહાસના લખનારા અને સર્વને માથે ધર્મચુસ્ત ઇતિહાસકાર–તરીખ–ઇ–બદૌની–એટલે બદૌનીના વખતનો હેવાલ એ પુસ્તકનો લખનાર તથા કાસ્મીરના એક ઇતિહાસને તપાસી જઈ ફરીથી લખનાર, **અબ્દુલકાદીર**–બદૌની, એ હતા.

બદૌની એક પ્રતાપી પુરુષ હતો. એ **અકબરથી** બે વર્ષ મોહોટો હતો. છેક જુવાનીમાંથી તેણે તેના વખતના પ્રખ્યાત અને ધાર્મિક વિદ્વાનો પાસે ભિન્ન ભિન્ન શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. અને સંગીત ઇતિહાસ અને ખગોળ શાસ્ત્રમાં ઊંચી પદવીને પામ્યો હતો. એનો સ્વર મધુર હોવાથી શુક્રવારને માટે દરબારી ઇમાન–તરીકે એની યોજના થઈ હતી. ચાળીસ વર્ષ સુધી બદૌની શેખ મુબારક તથા તેના દીકરાઓ ફૈઝી અને **અબુલફઝલ** સાથે દરબારમાં રહ્યો પરંતુ બદૌની ચુસ્ત મુસલમાન હોવાથી આ બન્નેને ધર્મ-દ્રોહી માનતો તેથી તેમની વચ્ચે જરાપણ ખરી મિત્રતા બંધાઇ ન હતી. **અકબરની** આજ્ઞાથી તેણે મૂળ સંસ્કૃતમાંથી રામાયણ તથા મહાભારતના કેટલાક અંશનું ફારસીમાં ભાષાંતર કર્યું હતું. તેની ઉપર ગણાવી ગયા તે તરીખ–ઇ–બદૌની નામનો ઇતિહાસ ગ્રંથ **અકબરના** ધર્મ સંબંધી વિચારો ઉપર પોતાની ટીકાથી તથા **અકબરના** રાજ્યના પ્રસિદ્ધ માણસોના ટુંકા હેવાલોને લીધે ખાસ કરીને કિમતી છે.

બદૌની **અકબર** બાદશાહની પૂર્વે અગીઆર વર્ષ ઉપર મરણ પામ્યો હતો અને એનો મોટો ગ્રંથ જે તેણે બહુ કાળજીથી છુપાવી રાખ્યો હતો તે જાહાંગીરના રાજ્યનો કેટલોક વખત વીત્યા પછી પ્રસિદ્ધ થયો. **અકબરના** નૂતન ધર્મ ઉપર ધિઃકારવાળા ચુસ્ત મુસલમાનોને તે ગ્રંથ ઉપર બેહદ પ્રીતિ હતી. અને જેમ જેમ એ ધર્મની નૂતનતા શમી ગઇ અને વિચારભેદ માટે ઉપદ્રવ થવા માંડયો તેમ તેમ તે ગ્રંથની કીમત દિવસે દિવસે વધવા માંડી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



અકબરના રાજ્યના વિદ્યાગૌરવમાં પોતાના બુદ્ધિબળથી ઉદ્યોગથી અને પોતાની વિદ્વત્તાથી સહાયતા કરનારા બીજા વિદ્વાનોના સંબંધી કાંઈ નોંધ લેવાની જરૂર નથી. અમર થઇ ગયેલી અઇનમાં બધા નાના મોટા વિદ્વાનોની યાદી રાખવામાં આવેલી છે. પણ વિદ્યા તથા હુન્નરને બાદશાહે પંડે ઉત્તેજન આપ્યું હતું તે સંબંધી બે બોલ લખવા ઉચિત છે. એમ લાગે છે કે પોતાના રાજ્ય બહારથી જે ગ્રંથો મળી આવે તે તથા હિંદુ મૂળ ગ્રંથો અને તેમનાં ભાષાંતરો એકઠા કરવાની અને ફારસીમાં તેમનાં ભાષાંતર કરાવાવની તે નિરંતર કાળજી રાખતો અને બધા ગ્રંથોનો પોતાના પુસ્તકાલયમાં સંગ્રહ કરવામાં ઘણું લક્ષ આપતો. આ ગ્રન્થસંગ્રહ સંબંધી આઇનનો કર્તા લખે છે કે એના ઘણા વિભાગ કરવામાં આવ્યા હતા. “ એમાંના કેટલાંક પુસ્તકો અંતઃપુરમાં અને કેટલાંક અંતઃપુરની બહાર રાખવામાં આવે છે. પુસ્તકાલયના પ્રતિવિભાગના પેટાભાગ પાડેલા છે. જેનું ધોરણ પુસ્તકોના મહત્વ ઉપર અને જે શાસ્ત્ર સંબંધી તે પુસ્તક હોય તે શાસ્ત્રની લેખાતી કિંમત ઉપર રાખવામાં આવેલું છે. ગદ્યાત્મક ગ્રંથો, પદ્યાત્મક પુસ્તકો તેમજ ફારસી ગ્રીક, કાસ્મીરની અને આરેબીક ભાષાનાં પુસ્તકો એ બધાં જૂદા જૂદા વર્ગમાં રાખવામાં આવેલાં છે. આ પ્રમાણેજ તેમની તપાસ પણ રાખવામાં આવે છે. અનુભવી માણસો હમેશાં બાદશાહ પાસે પુસ્તકો લાવે છે અને તેને વાંચી સંભળાવે છે. દરેક પુસ્તક આદિથી અંતસૂધી પોતે સાંભળે છે. વાંચનારાઓ જે જે પાને બંધ કરે ત્યાં ત્યાં પાનાની સંખ્યાના પ્રમાણમાં બાદશાહ પોતાને હાથે નીશાન રાખે છે, અને વાંચેલા પાનાનાં પ્રમાણમાં વાંચનારાઓને રોકડ નાણાં અથવા સોના રૂપાની બક્ષીસો આપે છે. વખણાયેલાં પુસ્તકોમાંનું કવચિતજ કોઈ પુસ્તક બાદશાહના દીવાનખાનામાં વંચાયું નહિ હોય અને પૂર્વકાળની ઇતિહાસની વાર્તાઓ કે પદાર્થ વિજ્ઞાનની જાણવા જેવી વાતો અથવા તત્વશાસ્ત્રના કોઈ ખાસ હૃદયગ્રાહી વિષય એવા નહીં હોય કે જેથી આ પ્રાજ્ઞનો અગ્રણી–બાદશાહ અજાણ્યો હોય.’ ત્યાર પછી તેમાં બાદશાહનાં ખાસ પ્રીતિવાળાં પુસ્તકો કે જેના સંબંધી પૂર્વે કાંઈ કાંઈ લખાઈ ગયેલું છે તેની એક મોટી યાદી આવે છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



અકબરના રાજ્યની તવારીખ ઉપર વિદ્વાનો અને સાહિત્યથી થયેલી અસર બતાવવાને પૂરતો હેવાલ ઉપર અપાઈ ગયેલો છે. ખાસ કરીને ફૈઝી અને અબુલફઝલ એ બે ભાઈઓની અસર જ્યાં સુધી એ જીવ્યા ત્યાં સુધી સર્વોપરિ હતી. અબુલફઝલની કીર્ત્તિ એના મરણ પછી પણ રહેવા પામી, કારણકે એણે આપેલા બોધને લીધે અકબરનો સહજ સ્વભાવ દૃઢ થયો હતો. જે ધોરણો આ બે ભાઈઓ ચાહતા તે ધોરણો અકબરના સ્વભાવને અનુકૂળ હતાં. એ ધોરણો એ હતાં કે સર્વેના અભિપ્રાય માટે ખરી ડહાપણ ભરેલી સહિષ્ણુતા રાખવી, વર્ણ કે ધર્મ ઉપર લક્ષ ન આપતાં સર્વેને ઈન્સાફ આપવો, આ દેશના વતનીઓ ઉપર પડતો બોજો જેમ બને તેમ ઓછો કરવો; અને પોતાના વંશના પુરાતનપણાના અભિમાની અને મુસલમાનને આગંતુક યવન ગણનારા રજપૂતોનાં, આ દેશ આપણે પરાક્રમથી મેળવ્યો છે તેથી તે બધો આપણોજ છે અને આ લોકો આપણા ગુલામ થવાનેજ લાયક છે, એવો હક ધરાવવામાં તત્પર ઉઝ્બેક અને મુગલ સરદારોનાં, વળી અફ્ઘાન વંશની આણમાં ચાર સૈકા સુધી વસતી કરી રહેલી તેથી દેશમાં વતની જેવીજ થઇ ગયેલી બીજી કોમોનાં, તેમજ માયાળુપણાથી અને સારી સંભાવના કર્યાથી હમેશાં આર્દ્રભાવને પામતા આ દેશના મૂળ વતનીઓનાં હિતાહિત એક કરવાં.

એક વર્ગ એવો હતો કે જેનું સમાધાન કરવું અશક્ય હતું. તે વર્ગ તે પોતાનો વારો આવતાં હજી રાજ્ય મળશે એવી આશા રાખનાર અને ઓરીસા. બિહાર અને પશ્ચિમ હિંદુસ્તાનના ઘણા ભાગોમાં મોટાં સૈન્ય રાખી સત્તા ચલાવનાર જે, પૂર્વના મુસલમાન બાદશાહોના વંશજોનો વર્ગ હતો તેઓ અમારો હક અકબર કરતાં વધારે છે એમ માનતા અને પોતાના બાપદાદાઓ તો માત્ર સપાટી ઉપરજ રહેતા, પણ અકબર તો જમીનમાં ઊંડાં મૂળ રોપતો હતો, એ વાત નહીં સમજતાં અકબરના હક્કની સામે થતા અને તેની અવગણના કરતા. આમની સાથે સમાધાની કરવા સારૂ તેણે શા શા પ્રયત્નો કર્યા હતા અને તેમનીજ વર્તણુકથી આખરે એમને કહાડી મૂકવાની અકબરને કેમ જરૂર પડી હતી તે પાછલા પ્રકરણમાં કહી ગયા છીયે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ફૈઝી અને અબુલફૈઝલની સંગતથી દૃઢીભૂત થયેલા અકબરના સહજ ઉદાર નીતિતત્ત્વોની આ બાદશાહે દાખલ કરેલી રાજ્યવ્યવસ્થાની પદ્ધતિ ઉપર શી અસર થઇ તેનો હવે વિચાર કરીએ. આજ પ્રકરણમાં પહેલા 'મેં મારી કારકીર્દિમાં મારે હાથે ઘણા બ્રાહ્મણોને એક વખત મુસલમાન ધર્મ પાળવાની ફરજ પાડી છે' એ મતલબનું અકબરનું વચન લખાઈ ગયેલું છે. અકબર પંડેજ કહે છે એટલે એમ બન્યું હશે પણ આ લેખકને આવી રીતે કોઇને બળથી ધર્મભ્રષ્ટ કર્યાની કંઈ નોંધ હાથ આવી નથી. જ્યારે તે બાળવયનો હતો અને મુખ્ય સત્તા બૈરામના હાથમાં હતી ત્યારે જ એ પ્રમાણે બનેલું હોવું જોઇએ. જે ક્ષણથી એણે સત્તા હાથમાં લીધી એટલે–જે દિવસે સર્વસત્તાધીશ બૈરામખાંને મક્કે જવાની રજા આપી તે જ ક્ષણે તેણે હિંદુ અને મુસલમાનોને કંઇ પણ ભેદ વિના પોતાની નોકરીમાં રાખવાનો નિશ્ચય જાહેર કર્યો હતો. અને આ નિશ્ચયમાંથી એ કદી પણ હઠયો નહિ. પોતાના રાજ્યના સાતમા વર્ષમાં જ્યારે તે પચીસ વર્ષનો હતો ત્યારે અકબરે, પરાભવ પામેલાનાં બૈરાં–છોકરાંને વેચવાની અથવા ગુલામ તરીકે પોતાની પાસેજ રાખવાની, રજા આપવાનો પોતાના વિજયશીલ લશ્કરને તે વખત સુધી ચાલતો આવેલો રિવાજ નાબુદ કર્યો. શત્રુની ગમે તેવી કસુર હોય તોપણ તેમનાં બૈરાં–છોકરાં તથા તેનાં માણસોને તેમને પોતાને અથવા તેમનાં સગાંસંબંધીઓને ઘેર જ્યાં મરજીમાં આવે ત્યાં જવાની પૂરી છૂટ એક બાદશાહી ઢંઢેરાથી મળી. 'મોટા કે નાનો ગમે તે હોય પણ તેને ગુલામ કરવો નહીં.' ઉદાર મનના બાદશાહે એવી દલીલ કરી કે જો ધણીએ ખોટો રસ્તો પકડયો તો તેમાં તેની સ્ત્રીની શી કસૂર ? જો બાપે રાજદ્રોહ કર્યો તો તેમાં છોકરાંનો શો વાંક ?

બીજા પણ દુષ્ટ રીવાજોને સુધારવામાં આજ ઉદાર અને દીર્ઘદૃષ્ટિવાળી નીતિ આટલાજ બળથી ચલાવવામાં આવી. બીજેજ વર્ષે એટલે એના રાજ્યના આઠમાજ વર્ષમાં અત્યંત ઉપજવાળો પણ એના મત પ્રમાણે પોતાની હિંદુ પ્રજાના મનને દુઃખ લગાડે એવો એક વેરો કહાડી નાંખવાનો એણે વિચાર કર્યો. હિંદુ જેવા યાત્રાળુ લોકો આખા જગતમાં કોઇ નથી; એમનાં પ્રત્યેક પવિત્ર મંદિરમાં કોઈ ખાસ દેવ હોય છે અને તેમાં પણ વળી કોઈમાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ખાસ માહાત્મ્ય હોય છે; અને એવાં મંદિરો હિંદુસ્તાનના દરેક પ્રાંતમાં આવી રહેલાં છે. યાત્રાળુઓને કરવાની મુસાફરી ઘણી વાર બહુજ લાંબી અને કંટાળા ભરેલી હોય છે, અને ઘણું કરી પુણ્યનું પ્રમાણ યાત્રાની લંબાઈના પ્રમાણમાં વધતું ઘટતું હોય છે. અકબરની પૂર્વના અફઘાન રાજાઓએ આ યાત્રાઓને એક મોટું અને સદાસર્વદાનું ઉપજનું મૂળ માન્યું હતું અને તેમણે યાત્રાળુઓ ઉપર સહુ સહુના કહેવાતા અથવા નક્કી થયેલા ગજા પ્રમાણે એક વેરો નાંખ્યો હતો.

અબુલફઝલ કહે છે કે આ વેરાની ઘણી ઉપજ હતી તેમાંથી પ્રતિવર્ષ લાખો રૂપીયા ઉપજતા. હિંદુઓના ધર્મ પ્રમાણે અથવા એ ધર્મના આચાર્યો બ્રાહ્મણોના મત પ્રમાણે યાત્રા એ સર્વ હિંદુને માથે એક નિયત કર્તવ્ય હતું. અકબરે વિચાર કર્યો કે તેઓ કેટલી કેટલી અગવડો વેઠતા વેઠતા અને પગે પડતા પડતા સેંકડો ગાઉની મુસાફરી કરે તેટલા માટે રાજ્ય એને લૂટે એ શું? આ બાબતમાં હિંદુ પ્રજાની મનોવૃત્તિ અકબરને કાને તરતજ પહોંચી. આ વેરાને મહેસૂલના સહેલામાં સહેલું મૂળ જેઓ માનતા તેમણે એવી દલીલ રજુ કરી કે યાત્રા કરવી એ એક નિરર્થક વહેમ હિંદુ લોકોમાં ભરાયેલો છે તે તેઓ કોઇ દિવસ છોડવાના નથી, એટલે આ મહેસુલની વસુલાત ચોકસ અને ચાલુ હોવાથી, આવો કર ઘટાડી નાંખવો એ યોગ્યનીતિ નથી. આ વેરો લોકસમૂહના વહેમ ઉપર છે અને હિંદુ લોક ઘેર રહે તો એમાંથી મુક્ત થઈ શકે એટલું તો અકબરે કબુલ રાખ્યું. પરંતુ એણે એવો વિચાર કર્યો કે—યાત્રા એ હિંદુ ધર્મનું એક અંગ છે એટલે કે ઈશ્વરનું ભજન કરવાનો એક રસ્તો છે, તો જેને તે લોક એક ઈશ્વરી આજ્ઞા તરીકે માને છે તેને વશ રહેવામાં જરા પણ વિઘ્ન નાંખવું એ ખોટુંજ છે. આમ સમજી એણે એ વેરો રદ્દ કર્યો.

એજ રીતે મુસલમાન બાદશાહોએ ઇતર ધર્મવાળાઓ ઉપર નાંખેલા જઝીઆ વેરાનું પણ બન્યું. આ વેરો હિંદના અફઘાન બાદશાહોએ એમના મુસલમાન રાજ્યની સ્થાપનાના આરંભમાંજ નાંખ્યો હતો. જેમને આ વેરો આપવો પડતો એને આ વેરા જેવો બીજો એક પણ વેરો કઠણ લાગતો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



નહીં. તેમજ આ વેરા જેવો મનુષ્યજાત ઉપર જોરજુલમ ગુજારવાનો તક પણ બીજો એક વેરો આપતો નહીં. અકબરના પહેલાંના બાદશાહો અહીંના વતનીઓનો સદ્ભાવ પ્રાપ્ત ન કરી શકયા તેનું કારણ આ વેરાને અંગે થતો કામક્રમ પણ હોઇ શકે. તરીખ–ઇ–ફીરોઝશાહીનો કર્તા લખે છે કે જ્યારે દિવાનનો વસુલાતી અધિકારી વેરો ઉઘરાવવા આવે ત્યારે તે વેરો પૂર્ણ નમ્રતાથી અને કંઇ પણ બોલા ચાલ્યા વિના આપવો જોઇએ. અને આ અધિકારીની મરજી એમના મોંમાં થુંકવાની થાય તો વટલાવાનો ભય બીલકુલ ન રાખતાં એમણે એમનાં મોં ઉઘાડવાં જોઇએ કે તે અધિકારી છૂટથી થુંકે. આવા અપમાનનો અને મોંમાં થુંકવાનો હેતુ એજ કે–ઇસ્લામ ધર્મવાળાના રક્ષણ નીચે રહેતી કાફર પ્રજાની પરવશતા સિદ્ધ કરવી; ઇસ્લામનો ધર્મ જે ખરો ધર્મ છે તેનું માહાત્મ્ય વધારવું તથા ખોટા ધર્મો માટે પોતાનો ધિઃક્કાર બતાવવો. આ રીતે વર્તનારા અધિકારીઓ ઇસ્લામ ધર્મના ખરા તત્વથી વિરૂદ્ધ ચાલતા એ સિદ્ધ કરવાની કંઇ જરૂર નથી. દુનીઆમાં કોઇ પણ એવો નથી, કે જેને મતાંધ અનુયાયિઓના ઉન્મત્ત ઉમંગથી ખમવું પડયું ન હોય. મુસલમાન ધર્મને બીજા બધા જેટલું તો ખમવું પડયું હતુંજ, પણ ઉપરના ઇતેખાબથી–એક અસાધારણ પ્રકાશ પામેલા બાદશાહના માણસો પણ ધર્મને બહાને પોતાના ધર્મનાં ખરાં ફરમાનોની વિરૂદ્ધ વર્તન ચલાવીને–પરાભવ પામેલી પ્રજા ઉપર જુલમ ગુજારવા અને તેમનું અપમાન કરવામાં કેટલે દરજ્જે શક્તિવાન થાય છે એ સિદ્ધ થઇ શકે છે.

આવો વેરો ઉઘરાવતાં સત્તાનો દુરુપયોગ થવાનો સ્વતઃસિદ્ધ સંભવ છે એમ અકબર કળી ગયો હતો, એટલું જ નહિ પરંતુ આવો કર કેવળ દુષ્ટ છે એ પણ એ સમજ્યો હતો. ‘ કાફર ’ એ શબ્દજ એ ધિક્કારતો. એ વારે વારે પોકારતો કે ‘હુંજ ખરો છું એવી કોને ખાત્રી છે? ’ સર્વ ધર્મોમાં કંઇક શુભ હોય છે એમ સમજવાથી કોઈ પણ માણસના અંતઃકરણપૂર્વકના ધર્મ ઉપર વેરો નાંખવો એ તેને રૂચ્યું નહીં. એટલે એણે પોતાના રાજ્યના નવમા વર્ષમાં માત્ર ત્રેવીસ વર્ષની ઉમ્મરે પેલા બે તેજસ્વી બંધુ ફૈઝી અને અબુલફઝલ સાથે સંબંધ થયા પહેલાં ત્રણ વર્ષ ઉપરજ વસ્તુની ખરી યોગ્યા-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



યોગ્યતા વિચારનારી પોતાની જ બુદ્ધિથી દોરાઇને, જઝીઆ વેરો રદ્દ કરવાનો હુકમ કહાડયો. તે વખતથી ધર્મમતના સંબંધે ઈશ્વર આગળ સર્વે સરખા થઈને રહ્યા.

હિંદુ જનસમાજની સાથે અકબરનો વ્યવહાર તેમના ધર્મ મત સંબંધે વિષમ લાગતા કરોને રદ્દ કરવા માત્રમાંજ સમાઈ રહેલો ન હતોઃ લોકોના કલ્યાણમાં અને સુખમાં વિઘ્ન રૂપ થઇ પડતા નિષેધોને દૂર કરવામાં જેમ બને તેમ થોડી રાજસત્તા દેખાડીને તે પ્રયત્ન કરતો. સતીના સંબંધમાં એણે જે જે કર્યું તે તે હું ઉપર જણાવી ગયો છું. તેનાજ જેવા વિધવાપુનરૂદ્વાહના સવાલને પણ એણે ઘણું ઉત્તેજન આપ્યું હતું. ઉત્તેજન આપ્યા ઉપરાંત પણ એણે આવાં લગ્નો કાયદેસર છે એવો હુકમ કહાડયો હતો. એજ નીતિથી એણે હિંદુઓમાં મૂળ ઘાલીને રહેલો અને વાતમાં તો હજી ડાહ્યા માણસોથી નિંદાતો, બાળલગ્નનો રીવાજ બંધ કરવાનો હુકમ કહાડયો. તેમજ તેણે યજ્ઞાર્થ પશુવધ અને દિવ્ય પણ અટકાવ્યાં. પોતાના સહધર્મિઓની સાથે પણ એ ઓછો સખત નહતોઃ પણ એમની સાથે એણે અપરોક્ષ આજ્ઞા કરતાં પોતાના વર્તનથી દાખલો બેસાડવાની, સમજણ પાડવાની અને બોધ કરવાની રીત રાખી હતી.

બેહદ ભજન કરવાની, અપવાસો કરવાની, બહુ દાનની તેમજ અતિશય યાત્રાની રીતોને એ મંદ પાડતો પણ મના કરતો નહીં. આનો મુખ્ય આધાર પોતપોતાના સ્વભાવ ઉપર રહેલો છે. પણ અકબર એમ તો જાણતો કે ઘણે ભાગે ધર્મ સંબંધી મોટી મોટી વાતો કરનારા પુરુષો દંભીજ હોય છે. વળી તેને એમ પણ ભરૂંસો હતો કે લાંબા વખત સુધી ભજન કરવા કરતાં અને ધર્મદંભ રાખવા કરતાં બીજી ઘણી રીતે માણસ પોતાની જીંદગીનો શુભ ઉપયોગ કરી શકે છે. સુન્નતના રીવાજની અલબત અકબરથી મના તો થઈ ન શકી પણ અકબરે એવો હુકમ કર્યો હતો કે બાર વર્ષની ઉમર પહેલાં કોઇ છોકરાને સુન્નત કરવી નહીં. હિંદુઓના ધર્મવિચારોને ધ્યાનમાં લઇને તેણે ગૌવધનો નિષેધ કર્યો હતો. બીજી તરફથી તેણે ડુક્કરનો વધ કરવાનું તથા તેનું માંસ આહારમાં લેવાનું ધર્માનુસારી છે એમ ઠરાવ્યું. કુતરાંને હાલ પણ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

જેમ ચુસ્ત મુસલમાનો અપવિત્ર ગણે છે તેમ તે વખતમાં પણ તેઓ અપવિત્રજ ગણતા, પણ અકબરે તેમને પવિત્ર ગણ્યાં હતાં. દારૂનો મુસલમાનોને નિષેધ છે. એના પરિમિત ઉપયોગને અકબરે ઉત્તેજન આપ્યું હતું.

સને ૧૫૯૨ માં દાઢી રાખવાની રીત કહાડી નાંખ્યાથી ચુસ્ત મુસલમાનોને તેણે ઘણું માઠું લગાડયું હતું. હિંદ જેવા ગરમ દેશમાં ચ્હેરો સાફ રાખવાથી થતા ફાયદા ગણાવવાની અત્રે જરૂર નથીજ. આ હુકમ જો કે ફરજીઆત ન હતો તોપણ બાદશાહી કચેરીમાં આ રીત રાખવી ન રાખવી એ એક લાક્ષણિક ચિન્હ થઇ પડયું હતું. ચુસ્ત મુસલમાનને દાઢી કઢાવવા જેવી બીજી કોઈ વસ્તુ વધારે અણગમતી નહીં હોય; તે વખતે તેમજ હતું; હમણાં પણ એમજ છે. તે વખતે બાદશાહે બેસાડેલા દાખલાથી ઘણો બડબડાટ થયો અને ગુપ્ત બેદીલી ફેલાઈ.

અકબરના બીજા શુભ ગુણોમાં પોતાનાં સગાંસંબંધી ઉપરનો પ્રેમ એ પણ ગણવો જોઇએ. અઝીઝ કરીને એનો એક દુધભાઈ એને વારંવાર ગુસ્સે કરતો પણ એને જરા પણ શિક્ષા કરતાં એ કહેતો કે મારી અને અઝીઝની વચ્ચે એક દુધની નદી છે જે મારાથી ઓળંગી શકાતી નથી. આ વચનમાં સમાયલું સત્ય એના સંબંધીઓ સાથેની સર્વ વર્તણુકમાં દેખાતું હતું. જો છેક સુધરે એમ ન હોય અથવા ખુન જેવો કોઇ ગંભીર ગુનો કર્યો હોય તો તો એક જુદી વાત. બાકી એ હમેશાં પોતાના નરમ સ્વભાવથી અને ઉદારતાથી પોતાનાં સંબંધીઓને મેળવી લેતો. ગુન્હેગારોને ક્ષમા કરવી, ફરી અધિકાર ઉપર નીમવા અને તેમના ઉપર વિશ્વાસ રાખવો એ એને ઘણું ગમતું. અને આ ગુણોથી કેટલીકવાર એ ઠગાતો તોપણ આખરે એની અસર સારી થતી. પુત્ર તરીકે એ સારો હતો. પતિ તરીકે પ્રેમાળ અને પિતા તરીકે જરાક હદ ઉપરાંત માયાવાળો હતો.

એના પુત્રો એની આબાદીની અવસ્થામાં જન્મ્યા હતાઃ જે દુર્ભાગ્યથી એમને ઘણું નુકશાન થયું હતું. શાહજાદો દાનીઆલ નાનપણમાં ઘણો તેજ અને ભવિષ્યમાં સારો નીવડે એવો હતો, પણ આસપાસની લાલચોથી અને તેના રક્ષકોએ ન વાર્યાથી, એ નાનપણમાંજ મરણને વશ થયો. શાહજાદા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



મુરાદનું પણ તેમજ થયું. એનો ઉત્તરાધિકારી જહાંગીર ઘણી રીતે તેના પિતાના કરતાં ઉલટોજ હતો. પોતાના પિતાના પ્રિયતમ મિત્ર અબુલફઝલનું એણે ખૂન કરાવ્યું હતું. અને અકબરના રાજ્યના છેવટના ભાગમાં પિતાની હયાતીમાં રાજપદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવાનો માઠો દાખલો એણેજ બેસાડયો હતો. આ દાખલો આગળ ઉપર મોગલવંશમાં નિયમરૂપ થઈ પડયો. આ નાલાયક પુત્ર તરફની અકબરની વર્તણુક–અનુકરણીય હતી, તેની ધીરજ અને ક્ષમાબુદ્ધિ કેવળ અનુપમ જ હતાં. વળી અકબર ક્રૂરતાને ધિક્કારતો અને પોતાની ફરજ બજાવવી એ સર્જનહારની સેવા કર્યા બરાબર ગણતો.

ફરજ સંબંધે નાની મોટી બાબતનો તફાવત એના મનમાં ન હતો. અમુક હુકમ કહાડવો જોઇએ એવો હુકમ આપીને જ એ બેસી રહેતો નહીં. એ હુકમના અમલ ઉપર એ બારીકીથી જોતો. જો ધારેલી મતલબ પાર પડી તો એનો પૂર્ણ ઉપચય કરતો. અને એની પ્રજાની જુદી જુદી કોમો ઉપર એની શી અસર થાય છે તે વિગતવાર તપાસતો. સામા માણસની પોતે કરેલી પરીક્ષા ઉપણ તેને પૂર્ણ વિશ્વાસ હતો. ચહેરા ઉપરથી મનુષ્ય સ્વભાવ જાણવાનું જ્ઞાન એને નિઃસંશય ઘણું સારૂ હતું. અબુલફઝલ લખી ગયો છે કે કેટલાક માણસો ઉપર માત્ર દૃષ્ટિ ફેરવ્યાથી એ એમના સ્વભાવાદિ જાણતો, અને હિંદુ સંબંધી સર્વ બાબત ઉપર આક્ષેપ કરવાની એની રીતને અનુસરીને બદૌની પણ આટલું સ્વીકારે છે કે આવી રીતની પુરૂષ પરીક્ષાની શક્તિ જોગી લોકો તરફથી એને પ્રસાદીમાં મળી હતી.

આટલી ઉદારતા અને વિચારોનો વિકાસ છતાં અકબર વહેમથી મુક્ત ન હતો. તિથિઓની શુભ–અશુભતામાં એને શ્રદ્ધા હતી. બ્લૉકમેન કહે છે કે ઝોરોએસ્ટરના ધર્મના અભ્યાસથી આ શ્રદ્ધા એને પ્રાપ્ત થઇ હતી. કેમકે એ ધર્મનું એ એક ખાસ લક્ષણ છે. એના જે દરબારીઓ ગુપ્ત રીતે એના ધર્મ સંબંધી સુધારાની વિરૂદ્ધ હતા તે એના વિજયોનું માન એના ઉત્તમ ભાગ્યને આપે છે. બદૌની શત્રુનો પરાભવ કરવામાં એનું હમેશના સદ્‌ભાગ્ય સંબંધી કેટલુંક કહે છે. ખરી રીતે તો પોતાના મંત્રીઓની સાથે પુખ્ત વિચારથી બાંધેલા નિયમો અને ધોરણોનો અમલ થવામાં એ પૂર્ણ લક્ષ આપતો, એનાથી જ એને સર્વત્ર વિજય મળતો હતો.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



વગડામાં રમાતી રમતોનો તે ઘણો શોખી હતો. ખાસ કરીને શીકારનો તેને બહુ જ શોખ હતો. પણ સલીમના જન્મ પછી તે શુક્રવારે શીકાર કરતો નહીં. જહાંગીર બાદશાહને પ્રમાણ માનીએ તો અકબરે સલીમની માના નિર્વિઘ્ન છૂટા છેડા થાય તો શુક્રવારને દિવસે કોઇ દિવસ શીકાર નહીં કરૂં એવી બાધા લીધી હતી, અને તે બાધા તેણે જન્મ પર્યંત પાળી હતી. અકબરને ગાનતાનનો ઘણો શોખ હતો, એટલુંજ નહીં પણ તે પોતે પણ સારો ગવૈયો હતો એમ માનવાને આપણી પાસે પુષ્કળ પુરાવો છે. ખ્વારીઝમના પુરાતન સંગીતમાં એ આનંદ માનતો અને અબુલફઝલના કહેવા પ્રમાણે તો એણે પંડે પણ નાના મોટા સહુને આનંદ આપે એવાં બસેં સંગીત કાવ્યો બનાવ્યાં હતાં. એજ પ્રમાણ ઉપરથી આપણે જાણીયે છીએ કે બાદશાહને સંગીતશાસ્ત્રનું કેળવાયેલા ગવૈયાઓ કરતાં પણ વિશેષ જ્ઞાન હતું. પૂર્વ તરફના રાજ્યકર્તાઓ સર્વ કાળમાં સંગીતમાં આનંદ પામતા માલમ પડયા છે. આ અકબરના દરબારમાં પણ હમેશાં પુષ્કળ ગાનતાનની ગમત થતી. એને નૂતન શોધ કરવાની પણ મોટે અંશે ઇશ્વિરી બક્ષિસ હતી. અઇનમાં લખ્યું છે કે એણે એક ગાડી, તોપો સાફ કરવાનું એક ચક્ર, અને હાથીનું એક સાજ શોધી કહાડયું હતું. વળી પોતાના લશ્કરનાં અને તોપખાનાનાં માણસોના પોષાકમાં પણ એણે કેટલાક સુધારા કર્યા હતા.

ખોરાકમાં અકબર બહુ સાદો હતો અને હમેશાં માત્ર એકજ વખત નિયમસર જમતો. તેને માંસાહાર ગમતો નહીં અને મહીનાના મહીના એનાથી દૂર રહેતો. એને લીલા મેવા ઉપર સવિશેષ પ્રીતિ હતી અને તે ઉત્પન્ન કરવાનો એણે ખાસ અભ્યાસ કર્યો હતો. અબુલફઝલ લખી ગયો છે કે લીલા મેવાને એ ઇશ્વિરની મોટામાં મોટી બક્ષીસ માનતો—અને તેણે ઇરાન અને તુરાનમાંથી ફલોદ્યાનપાલકોને આગ્રા અને ફતેહપુર સીક્રીમાં વસવા સારૂ બોલાવ્યા હતા. એક ઠેકાણે એ લખે છે કે 'ટેટી અને દ્રાક્ષ પુષ્કળ થયાં છે અને બહુ સારાં થયાં છે. અને તડબુચ, પીચ, બદામ, પીસ્તાં, નારંગી વગેરે સર્વત્ર મળી આવે છે' વળી તે ઉમેરે છે કે—કાબુલ, કંદહાર, કાસ્મીર, બદક્ષાન અને છેક સમરકંદથી પણ પુષ્કળ મેવો મંગાવતો. અઇનમાં આવાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ફળની એક મોટી યાદી આપેલી છે જે વાંચી હિંદુસ્તાન જાણવાવાળા વાંચનારાને ઘણો આનંદ થશે. તે વખતે પણ હિંદુસ્તાનના મેવામાં આમ્રફળ શ્રેષ્ઠ ગણાતું હતું એ જાણીને કાંઈક વિનોદ થાય છે. આ ફળ, રૂપ રસ અને ગંધ ત્રણેમાં અનુપમ વર્ણવાયું છે, અને કેટલાક ફલોપાસકો તો એને ટેટી અને દ્રાક્ષના કરતાં પણ ચઢીઆતું માને છે.

**અકબર**ના નિત્યનિયમના સંબંધમાં અને આગ્રા અને ફતેહપુર સીક્રીમાં સાધારણ રીતે તે શી રીતે દિવસ નિર્ગમન કરતો તેના સંબંધમાં હવે કાંઈક બોલીએ. એમ લાગે છે કે **અકબર** મોડી રાત સુધી જાગતો અને વાર્તાવિનોદમાં તથા વાદવિવાદોમાં વહાણાં વહી જતાં હતાં. **અબુલફઝલ** કહે છે તે પ્રમાણે આ વિષયમાં સૂર્યોદય પહેલાં એક પ્રહર સુધી તે નિમગ્ન રહેતો, અને પછી ગવૈયા દાખલ થતા. પ્રભાત થતાં પોતે ખાનગી મેહેલમાં જતો. ત્યાં સ્નાન કરી પોષાક ધારણ કરી એકાદ કલાક પછી દરબારી મંડળની સલામ સ્વીકારવા હાજર થતો. પછી રોજકામનો આરંભ થતો. ઘણુંખરૂં મધ્યાન્હ પહેલાં તો કામ ક્યારનું એ પૂરૂં થઈ રહેતું. ઘણુંખરૂં **અકબર** એકવાર ભોજન લેતો અને સવારનું કામ પૂરૂં થાય ત્યારે થાળી આવતી. ભોજનની અમુક ઘડી એમ નિયમ ન હતો. બપોર પછી જરા નિદ્રા લેતો. કોઈ કોઈ વાર પરોઢમાં તે વગડાની રમતો રમતો અને કોઈ વાર સાયંકાળ પછીનો વખત પણ ચોગાન અથવા પોલોની રમતમાં ગાળતો. જેમાં પલાશના દડા વપરાતા. જે વખતે બહુ તાપ પડતો તે વખત આરામ લેવાનો અને સ્વસ્થ થવાનો હતો.

**અકબરે** થોડાં વર્ષ રાજ્ય કર્યું એટલામાં જ એને રજપૂતાનાના રાજ્યવંશોને મૈત્રી કરતાં પણ કાંઇક વધારે ગાઢ સંબંધથી પોતાની ગાદી સાથે જોડી લેવાની જરૂર જણાઇ આવી હતી. રાજસ્થાનના ઊંચા રજપૂતો જે જાતના સંબંધને એક જાતની ભ્રષ્ટતા સમજતા તે સંબંધમાં તેમને ઉતારવા એમના સહજ આગ્રહોનો એણે શી રીતે પરાભવ કર્યો તે વાતની નિરીક્ષા કરતાં આપણને કંઇક રસ આવે છે. એમ જણાય છે કે હુમાયૂએ કેટલેક અંશે રસ્તો કર્યો હતો. કર્નલ ટોડ પોતાના વિદ્વત્તા ભર્યા અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



મોહક ગ્રંથમાં, હુમાયૂ પોતાના રાજ્યના પ્રારંભમાં ચીતોડવાળી કુંવરી કુર્ણાવતીનો ભાઈ થયો હતો અને તેની સેવામાં રહેવા એણે વચન આપ્યું હતું, એ વાત આપણને જણાવે છે. આ તેની સેવા એણે વફાદારીથી બજાવી હતી. તે તેને હમેશાં 'વ્હાલી સદ્‌ગુણી બહેન' એમ કહીને બોલાવતો. વળી તેણે અમ્બરના રાજા બિહારીમલ્લની પણ પ્રીતિ સંપાદન કરી હતી. બિહારીમલ્લ તે આ ગ્રંથમાં આટલી બધી વાર આવી ગયેલા ભગવાનદાસનો પિતા થાય.

આગળ ઉપર અકબર એની કુંવરીને પરણ્યો અને અમ્બરની ગાદી સાથે આ રીતે એનો સંબંધ જોડાયાથી, ભગવાનદાસ અને તેનો ભત્રીજો તથા દત્તકપુત્ર માનસિંહ જે તેનો એક મોટામાં મોટો સેનાપતિ હતો, તેમને પોતાના દૃઢ મિત્ર તરીકે ગણવા શક્તિવાન થયો. ભગવાનદાસ વિષે આગળ લખતાં કર્નલ ટોડ લખે છે કે તે અકબરનો એક મિત્ર હતો. અકબર આવા માણસોનો પોતાની ગાદી સાથે સંબંધ કરવાની કિંમત જાણતો. રજપૂતાનાના રાજાઓની ખરી મનોવૃત્તિઓ જાણવાની એના જેવી બીજા કોઇને પણ તક ન હતી. તેથી આગળ વધતાં એ લખે છે કે 'પરંતુ ભગવાનદાસનું નામ ઇસ્લામીઓ જોડે લગ્ન વ્યવહાર બાંધવાથી રજપૂત શુદ્ધતાને દૂષિત કરવામાં પ્રથમ પુરૂષ તરીકે–અધમ ગણાઇ ગયેલું છે.' આ જાતનો દુરાગ્રહ હમેશાં મજબૂત હોય છે; કુતરાની માફક એકવાર ત્યાગ કરેલી વસ્તુ ઉપર પુનઃ આદર કરે છે.

ભગવાનદાસ અને તેના ભત્રિજા માનસિંહના જેવા પરાક્રમી અને ઉદાર અંતઃકરણના રાજાઓ રજપૂતાનામાં કદી ઉત્પન્ન થયા નથી. અકબરની સાથેના એમના ગાઢ સંબંધથી મુગલના સર્વોપરિપણા વિષયે રજપૂતોના મનનું બીજી કોઈ પણ બાબતથી ન થયેલું સમાધાન થયું હતું. આ સંબંધ વળી ભગવાનદાસની એક કુંવરી વેરે સલીમનાં લગ્નથી સુદૃઢ થયો હતો. આ પરાક્રમી કોમ ઉપર અકબરના રાજ્યની ખરી અસર શી હતી તે કર્નલ ટોડ, જેનો રજપૂતો સંબંધી સદ્‌ભાવ રજપૂતોના પોતાના કરતાં પણ વધારે ઊંડો હતો તેના અકબરના ઇતિહાસના નીચેના ઉપસંહારથી જણાઈ આવે છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

આ ગ્રંથકાર લખે છે કે **અકબર** મુગલ રાજ્યનો ખરો સ્થાપનાર હતો. એજ રજપૂતોની સ્વતંત્રતાનો પ્રથમ વિજેતા હતો. આ હેતુ સાધવામાં એના સદ્દગુણોની એને પ્રબળ મદદ હતી. કેમકે સામાના મનનું સ્વારસ્ય અને તેમને અચૂક રીતે પ્રવૃત્તિમાં દોરનારા હેતુઓ જાણી લેવાની એની ચતુરાઈથી રજપૂતોની આસપાસ નાંખેલી લોઢાની સાંકળોને તેણે સોનાની સાંકળો બનાવી હતી. પછી લાંબા કાળના પરિચયને લીધે, અને ખાસ કરીને જ્યારે બાદશાહે એમના જાત્યભિમાનને સંતોષ પમાડે એવાં કાર્યોમાં અથવા નીચ મનોવિકારને તૃપ્ત કરવામાં પોતાની સત્તા વાપરવા માંડી ત્યારે તેઓ આ સાંકળોથી ટેવાઈ ગયેલા હતાઃ **અકબર** બાદશાહની નીતિનાં તત્વો સમજવાની અશક્તિને લીધે એના વિજયોનો હેતુ એકત્ર કરવાનો હતો, એ વાત ન સમજાતાં, **અકબર**, તેની પહેલાંના અફઘાન અને પઠાણ પાદશાહોના જેવોજ હતો એમ ગણીને, કર્નલ ટૉડ અકબરની જીતો સંબંધે વાંધો ઉઠાવે છે. પણ કર્નલ ટૉડને આટલું ઉમેરવાની જરૂર પડી છે કે આખરે એના રાજ્યલોભે કરેલા ઘા રૂઝાવવામાં એ સફળ થયો અને એની જાતિના કોઇને પણ ન મળેલા એવા પ્રમાણમાં લાખો લોકોની પ્રશંસા પામ્યો.' આ સ્થળે મારે ઉમેરવાની જરૂર નથી કે જો રાજ્યનો મુખ્ય હેતુ લોકોને સુખી કરવાનો હોય અને તે સાધવામાં વિજયથી એકત્રતા કરવાની જરૂર હોય તો સાધન પણ સાધ્યના ગુણથી ગુણી થાય છે. **અકબરે** રજપૂતાનામાં રાજ્ય કરવા સારૂ રજપૂતાના જીત્યું ન હતું. એની જીતોનો હેતુ એ હતો કે બધા રજપૂત રાજાઓ પોતાના સામ્રાજ્યના પ્રતાપથી આખા રાજ્યને મળેલી શાન્તિ અને આબાદીનાં સુખનો, તે પ્રતાપનો તાપનો અનુભવ લેવાની જરૂર વિના, પોતપોતાના રાજ્યોમાં ઉપભોગ કરે.

રજપૂત રાજાઓમાં તે કાળમાં સર્વથી વધારે બળવાન જોધપુરના રાજા ઉદયસિંગની દીકરી **અકબરે** સલીમને અપાવી. આ શાહજાદીને એક કુંવર અવતર્યો, જે **શાહજહાન** નામ ધારણ કરી **સલીમ** પછી બાદશાહ થયો. કર્નલ ટૉડ લખે છે કે આવા સુખકર ફળવાળું આ લગ્ન **અકબરે** જોધપુરના રાજાને ચાર પ્રાન્તો આપીને સાધ્યું, જેથી જોધપુરની ઉપજ બમણી થઇ. પછી તે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



ઉમેરે છે કે મારવાડ અને અમ્બર જેવાં દૃષ્ટાન્તોથી લોભાઇને અને લાલચને જીતવાની સત્તા ઓછી હોવાથી સંખ્યાબંધ બહાદૂર પટાવતો સાથે રાજસ્થાનના નાના નાના રાજાઓ દિલ્હીના સુબારૂપે થઇને રહ્યા અને આ ફેરફારથી એમાંના ઘણાખરાઓના માનમરતબા વધ્યા. મુગલ ઇતિહાસકારે એમને 'એકજ વખતે મુગલ તખ્તના સ્તંભ અને આભૂષણ' તરીકે વર્ણવ્યા છે તે ખરૂં છે.

રજપૂતાનાના રાજાઓ સંબંધે **અકબરની** નીતિના વાજબીપણાને માટે રજપૂત લોકો ઉપર મમતાવાળા આ ગ્રંથકારનો અભિપ્રાય બસ છે.

બાદશાહી કુટુંબમાં થયલાં લગ્નોના વિષયમાં કહેવું જોઇએ કે **અકબરને** બહુ બેગમો કહેવાતી; પણ સપ્રમાણ તો આઠજ કહેવામાં આવી છે. એની પહેલી બેગમ એના કાકા **હીન્ડાલ** મીર્ઝાની શાહજાદી હતી. એનાથી તેને કાંઈ સંતાન થયાં નહીં અને તે ચોરાશી વર્ષની થઈ ત્યાંસુધી જીવી. એની બીજી બેગમ પણ એની ફોઇ જે મીરઝા **નુરૂદ્દીનને** પરણી હતી તેની દીકરી હતી. તે કવિ હતી અને મખ્ફી એ નામ ધારણ કરી લખતી. એની ત્રીજી બેગમ રાજા **ભગવાનદાસની** બહેન અને રાજા **બિહારીમલ્લની** દીકરી હતી. એની સાથે બાદશાહનું લગ્ન ૧૫૬૦ માં થયું હતું. એની ચોથી બેગમ જે પહેલાં **અબદુલવાસીને** પરણી હતી તે પોતાની ખુબસુરતીને માટે પ્રખ્યાત હતી. પાંચમી બેગમ **જહાંગીરની** માતા જોધબાઈ જોધપુરની કુંવરી હતી. ભવિષ્યની રાજમાતા તરીકે એ જનાનખાનામાં સર્વોપરિ હતી. એની છઠ્ઠી સાતમી અને આઠમી બેગમો મુસલમાન હતી.

રાજ્યવ્યવહાર સારૂ પ્રબંધો રચવાની બાબતમાં **અકબરે** મેહેસુલ ઉઘરાવાની રીત ઉપર બહુ લક્ષ આપ્યું હતું. તે ગાદીએ બેઠો ત્યારે **શેરશાહ** જેણે **અકબરના** પિતાને હરાવી પદભ્રષ્ટ કર્યો હતો તેણે દાખલ કરેલી રીત ચાલતી હતી. (૧) જમીનની ખરી માપણી કરવી, (૨) દર વીઘાદીઠ જમીનના નંબરોની સરાસરી ઉપજનો નિર્ણય કરવો, (૩) પ્રત્યેક ખેડુએ એ સરાસરીમાંથી સરકારને આપવાનું પ્રમાણ નક્કી કરવું (૪) અને એ રીતે નક્કી કરેલા ઉપજના ભાગ ઉપરથી સરકારને આપવાનાં નાણાંની રકમ નક્કી કરવી. આ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

ધોરણો ઉપર શેરશાહની રીત રચાઇ હતી. અકબરે ધારેલું કામ આ રીતની દરમિયાન ન આવતાં એનાં ધોરણોને યથાસ્થિત કરવાનું હતું. અને આ હેતુથી એણે પહેલાં વપરાયલાં ભિન્ન ભિન્ન ધોરણોને બદલે એક ધોરણ નક્કી કર્યું.

અઇનકાર લખે છે કે, આ પ્રસસ્ય પ્રબંધથી અધિકારીઓના મતનો અનિશ્ચય ભાગ્યો. પ્રજા જૂદી જૂદી જાતના જુલમથી મુક્ત થઇ, ઉપજ વધી અને રાજ્ય આબાદ થયું. તેમજ, અકબરે માપણી માટે, સુધરેલાં સાધનો વાપર્યાં. આખા રાજ્યની ખેડવાણ જમીનની નવેસરથી માપણી કરી. અઇન-કાર કહે છે કે દરેક વિઘા દીઠ અધમણ દાણા રાજ્યભાગ તરીકે તે લેતો. વરસ જતાં આ ભાગ નાણુંના રૂપમાં તે લેવા લાગ્યો. દરેક પરગણામાં એ રાજ્યના પશુઓ માટે, ખેડુતોને બીમાં આપવા માટે, વખતે દુકાળ પડે તો કામમાં આવે તે માટે, અને ગરીબોને અન્નદાન માટે, દાણાના કોઠારો ભરાવી રાખતો. અને આ કોઠારો વિશ્વાસપાત્રતાને માટે ખાસ પસંદ કરેલા અધિકારીઓને સોંપાતા.

તેના અમલના પ્રથમના ભાગમાં ફળદ્રુપતાના પ્રમાણમાં જમીનના ત્રણ વર્ગ પાડ્યા હતા અને દરેક વર્ગના એકેક વીઘાની ઉપજની નીકળેલી સરા-સરી પ્રમાણે દર નક્કી થતો. પરંતુ જો આવી રીતે નક્કી કરેલા દરથી કોઈ ખેડુ નારાજ થાય તો પોતાની ઉપજની જુદી કીંમત તે ઠરાવી શકતો. એજ રીતે જમીનની જાતના પ્રમાણમાં દરની સમતા સિદ્ધ કરવા સારૂ તથા જમીન ઓળાણ જાય કે એવા બીજા દૈવયોગથી થતા નુકસાનમાંથી ખેડુને બચાવવા સારૂ વળી જમીનના પાંચ વર્ગ પાડ્યા હતા. વળી જમીનની જૂદી જૂદી જાતોનો વિવેકપૂર્વક નિર્ણય થવા સારૂ બીજા નિયમો પણ કાળજીથી રચવામાં આવ્યા હતા અને તે બધાનો હેતુ ખેડુ અને રાજ્ય બન્નેને ઈન્સાફ થાય એવી રીત સ્થાપવાનો હતો.

ધીમે ધીમે જેમ જેમ રાજ્ય સુસ્થાપિત થતું ગયું તેમ તેમ સરકારને આપવાના દર નક્કી કરવાનું વધારે સારૂ ધોરણ દાખલ થતું ગયું. ગામડાંના મુખીઓ પાસે માપણી થઇ તે પહેલાંના છેલ્લાં ઓગણીસ વરસના દાણાના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

ભાવ મંગાવ્યા. આની સરાસરી કહાડી અને ઉપજની કિંમત ચાલતા ભાવ પ્રમાણે નક્કી કરવામાં આવી. પહેલાં તો આ દર વર્ષોવર્ષ ઠરતા પણ તે બહુ અગવડ ભરેલું લાગવાથી દસ દસ વર્ષના ઠરાવ થવા માંડ્યા.

આ મહેસુલની યોજના ખામી વિનાની કરવા **અકબરે** મહેસુલ સારૂ રાજ્યના નવા વિભાગો કર્યા. આ યોજના પ્રમાણે **અકબરે** એક કરોડ દામ એટલે પચીસ હજાર રૂપીયાની ઉપજવાળા તાલુકા બનાવ્યા. આ તાલુકાનો અધિકારી કરોડી કહેવાતો. જ્યારે એક કરોડીના હાથમાં બે લાખ દામ એકઠા થાય ત્યારે તેણે રાજધાનીની તીજોરીના અધિકારીને એટલા દામ મોકલાવી આપવા પડતા. પણ થોડા વખત પછી એમ માલૂમ પડયું કે આવી આંકડાની ગણત્રી ઉપર કરેલા બીજી રીતે અનિયમિત વિભાગોથી કેટલીક ગરબડ થતી અને હિંદુઓને સહુથી વધારે પ્રિય એવા કેટલાક જુના રીવાજોને અડચણ થતી. એટલે થોડી વખત અજમાશ કર્યા પછી આ કૃત્રિમ વિભાગની રીત છોડી દઈ અહીંના લોકની જુની રીત પ્રમાણે, એટલે પ્રદેશની સ્વાભાવિક સ્થિતિ અને તેમાં ચાલતી ગ્રામ યોજનાને અનુસાર, નવેસરથી વિભાગો પાડયા.

**અકબર** ઈજારો આપવાની રીતથી બહુ વિરુદ્ધ હતો કારણ કે તે રીતે બહુ જુલમ ગુજરતો. એના અધિકારીઓને ખાસ કરીને તેણે એવો હુકમ આપેલો હતો કે ગામના મુખી મારફત લોકની સાથે કામ ન પાડતાં જેમ બને તેમ તેમની સાથે સીધો વ્યવહાર રાખવો. આ એક નૂતનતા હતી અને જો કે એનો ઉદ્દેશ શ્રેષ્ઠ હતો તોપણ પ્રત્યેક સ્થળે તે સમી ઉતરતી નહીં. હિંદમાં રીવાજની બહુ કિંમત છે. આ રીવાજે જ ગામના મુખ્ય માણસની સત્તા સ્વીકારી હતી અને વ્યવહારમાં કંઇ નહિ તો એની સાથે રહીને કામ પાડવાની તો જરૂર જ હતી.

જ્યારે બાદશાહે જમીન ધારણ કરનારાઓના હક વગેરેની બાબતમાં તપાસ કરી ત્યારે એને માલૂમ પડયું કે એના પૂર્વના બાદશાહોએ નાલાયક પાત્રોને જમીન બક્ષીસ કરેલી છે એટલુંજ નહીં પણ એના પોતાના અધિકારીઓ જૂદી જૂદી તરેહની લાંચો અને બીજી લાલચોને વશ થઈ અપરાધી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



થયા છે. આ જુલમના સંબંધમાં ફૈઝી એના દરબારમાં દાખલ થયો ત્યાર પછી થોડી જ વારે તેની આંખ ઉઘડી હતી, અને જે લોકો પવિત્રતાનો બહુ ઢોંગ રાખતા હતા તેઓ જ આમાં મોટા અપરાધી છે એ જાણી એને ત્રાસ થયો. આ પછી તરતજ આ બધાને મર્મમાં ને મર્મમાં મક્કે મોકલાવી દીધા અને પછી આખા ખાતાની પૂરી તપાસ થઇ. ચાર વર્ગને રાજ્ય તરફથી મદદ આપવી સારી છે એમ નક્કી થયું હતું. પહેલું તો જે લોકો વિદ્યામાં અને સાહિત્યમાં ભક્તિવાળા હોઇ નિર્ધન હોયઃ આવા લોકોને પોતાના પેટની ચિંતા હેરાન ન કરે એવી ગોઠવણ કરવાનું ઠીક જણાયું હતું. બીજો "જન સંસર્ગ ત્યાગ કરી કામ ક્રોધાદિક મનોવિકારો સાથે યુદ્ધ કરતાં યમનિયમાદિકમાંજ મગ્ન રહેનાર વર્ગ. ત્રીજો નબળા અને ગરીબ લોકો જે મહેનત કરવા અશક્ત હોય તે વર્ગ. અને ચોથો ઊંચા કુળમાં જન્મેલા આબરૂવાળા લોકો જે દુનિયાની ગતિના અજ્ઞાનને લીધે વ્યાપારાદિકથી પોતાનો નિર્વાહ કરવા અશક્ત હોય, તે વર્ગ."

આ વર્ગોના અરજદારોની સ્થિતિની તપાસ કરવા એક પ્રામાણિક પુરુષને અકબરે નીમ્યો હતો. એ 'સદર' એટલે મુખ્ય કહેવાતો અને કાજી તથા ન્યાયાધીશો કરતાં એને ઊંચે દરજ્જે મૂક્યો હતો. ફૈઝીની સૂચનાથી શરૂ કરેલી તપાસને પરિણામે એમ જણાયું કે આ ખાતું લાંચ રૂસ્વતનું ઘર છે ત્યારે છેક સદરથી તે નાનામાં નાના કાઝી સુધી બધા અધિકારીઓને ભ્રષ્ટ કરી જૂદા વર્ગમાંથી અધિકારીઓ નીમ્યા અને તેમનાં કામો નિયમ બંધ કરી દીધાં.

પણ રાજ્યની બજાવેલી મોટી નોકરીઓના બદલામાં ઇનામ આપનાર બાદશાહ તરીકે અકબરે પોતાની નોકરીમાં ચુસ્ત રહેલા અધિકારીઓને જમીનની મોટી મોટી બક્ષીસો આપી હતી. આ પ્રમાણે મનસબદારો એટલે મોટા સેનાપતિઓને પગારને બદલે નોકરી બદલ જમીનો આપી હતી. વળી એના પૂર્વેના રાજાઓમાં સર્વથી વધારે બલવાન રાજા શેરશાહે અફઘાન જાતના પોતાના હજુરીઓને જમીનની બક્ષીસો બહુ ઉડાઉપણાથી આપી હતી. આ લોકોને શા હકથી જમીન આપી હતી તેની તપાસ અક-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



બરે શરૂ કરી અને ઘણાઓ પાસેથી જમીન ખુંચી લઈ અકબરે પોતાના હજુરીઓને આપી.

આ પ્રમાણે વર્તવામાં એના પૂર્વના રાજાઓએ બેસાડેલા દાખલાનેજ એ અનુસર્યો. પણ તે દાખલા સિવાય એને બીજાં કારણ હતાં. એને માલુમ પડ્યું હતું કે ફરમાનમાં જણાવેલા જમીનના ખુંટ કવચિત્‌જ મળતા આવતા. કેટલીકવાર એમ બનેલું કે ફરમાનની ભાષા એવી દ્વિઅર્થી હોય કે ઈનામદાર સદર અને કાઝીને લાંચ રૂશ્વત આપી જેટલી જમીન લેવાય એટલી લઇ શકે. તેથી યોગ્ય તપાસ કર્યા પછી જેટલી જમીન પાછળથી દબાવેલી માલૂમ પડી તેટલી જમીન લઈ લેવાનો રાજ્યના અને લોકોના લાભમાં તેમજ ઈન્સાફની ખાતર એને પૂરેપૂરો હક હતો. વળી તેને માલૂમ પડ્યું હતું કે ઉલમા એટલે વિદ્વાન પંડિતો જેઓ ઇતિહાસપ્રસિદ્ધ સહુ વર્ગોમાં ન્યુ ટેસ્ટમેન્ટના ફેરીસીઝને સહુથી વધારે મળતા આવતા, અને જેઓને એ અંતઃકરણથી ધિઃક્કારતો, તેઓએ પોતાના બાલ્યના વખતમાં, અને ફૈઝીની સૂચનાથી તજવીજો શરૂ થઇ ત્યાર પહેલાં, છૂટથી ગજવાં ભર્યાં છે. આથી તેણે એમના હક્કોની સખત તપાસ કરી અને જ્યારે એમાં દૂષણ માલમ પડતાં અથવા તો અપ્રામાણિક વ્યવહાર થયો છે એમ માનવાનું એને કારણ જણાતું ત્યારે તે ઈનામની જમીન ખુંચવી લેતો અને તેમને બક્કર, સિન્ધ, અથવા બંગાળા, જ્યાંની આબોહવા તે વખતમાં બહુ ખરાબ ગણાતી ત્યાં દેશનીકાલ કરી મોકલી દેતો. આ સુધારાના સમયમાં વળી સદરોની સત્તા એણે ઘણી ઘટાડી નાંખી હતી અને તેમના હાથમાં સોંપેલી ઘણીખરી સત્તા પોતાને સ્વાધીન લીધી હતી.

અકબરે કરેલા દેશના સીમાન્ત સંબંધની રીતના સુધારાના પરિણામ અને સાધારણ વલણ સંબંધે એક પ્રખ્યાત ગ્રંથકાર પોતાનું મત લખે છે કે–"જો કે તેથી વર્તમાન જમાનાના સુખમાં વૃદ્ધિ થઇ તોપણ ક્રમેક્રમે વિશેષ વૃદ્ધિ થાય તેવાં ધોરણો તેમાં ન હતાંઃ તેમજ ગ્રામ્ય પ્રજાને બીજા ધંધાઓમાં પોતાની પ્રવૃત્તિઓ પ્રસારવાથી અથવા પોતાના ધંધામાં જાતમહેનતથી ઉન્નતિ પામવાની આશા રહે એવું કાંઇ ન હતું." કંઇક અવિશ્વાસની સાથે અને ઘણા માનથી આ અભિપ્રાયથી હું જુદો પડવાની હિંમત ધરૂં છું. અકબરે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

પોતાના વર્તમાનમાં જનસુખની વૃદ્ધિ કરી એ તો નિર્વિવાદ છે. મિ. એલ્ફ્ન્સ્ટને સૂચવેલ માર્ગ ઉપર જવામાં તે વખતના હિંદુ જનસમાજના બંધારણનાં અગત્યનાં ધોરણોનો નાશ થવાનો સંભવ હતો. ગામના મુખીને પડતો મૂકી ખેડુતો સાથે પરબારો વ્યવહાર ચલાવવાનો યત્ન કરવામાં અકબર એ સ્થિતિની અણી ઉપરજ આવ્યો હતો. યોગ્ય વખત ગયે એ સમજી ગયો કે લગભગ કાયદા જેટલું જોર ધરાવતા રીવાજો સાથે એણે બહુ બીકથી અને સાવધાનીથી વર્તવું જોઇએ; અને તેથી તેણે પોતાની આજ્ઞા રદ્દ કરી.

મહેસુલ, રાજ્યકોશ અને ચલણની બાબતમાં અકબરનો મુખ્ય સલાહકાર રાજા ટોડરમલ હતો. તેને વિષે પૂર્વના પ્રકરણમાં કેટલુંક કહેવાયલું છે. એ અગાધ શક્તિવાળો અને કસી જોયેલી પ્રમાણિકતાવાળો હતો. મુસલમાન બાદશાહના દરબારમાં રહેલો છતાં એ ખરો હિંદુ રહ્યો હતો અને પોતાના ધર્મની બધી ક્રિયાઓ શ્રદ્ધાથી કરતો. એક વખત અકબર સાથે પંજાબ જતાં વદાય થવાની ઉતાવળમાં એ પોતાના દેવ ભૂલી ગયો. નિત્ય પૂજન કર્યા વિના એ બીજું કાંઇ પણ કામ કરતો નહિ, તેથી તે કેટલાક દિવસ સુધી ખાધા પીધા વિનાજ રહ્યો અને આખરે બહુ મુશીબતે અકબર એને દીલાસો આપી શક્યો.

અકબરના લશ્કરનો મોટો ભાગ ઘોડેસ્વારનું લશ્કર હતું. યુદ્ધરચનામાં હાથીઓ પણ અગત્યની સ્થિતિ ધરાવતા. હાથીઓની હાજરીથી બાદશાહ હાજર છે એમ નિયમસર સમજાતું. ખરી રીતે હાથી ન હોય તો બાદશાહ હોયજ નહિ એવી સમજણ હતી. ગયા પ્રકરણમાં બાદશાહના એક પરાક્રમી શત્રુએ આવી સર્વવ્યાપી સમજણથી કરેલી સુખદ ભૂલનું દૃષ્ટાન્ત આપ્યું છે.

વિંધ્ય પર્વતની ઉત્તરના રાજ્યના અકબરે બાર પ્રાન્તો પાડ્યા હતા. આ બધા ઉપર માત્ર બાદશાહનાજ તાબામાં રહી એકેક સુબો રાજ્ય કરતો. જ્યાં સુધી સદ્વર્તન રાખે ત્યાં સુધી એ અધિકાર એ ભોગવતો અને દરેક બાબતમાં બાદશાહના હુકમો પાળવાને તે બંધાયલો હતો. તેના તાબામાં ફોજદાર નામના સ્થાનિક લશ્કરી અમલદારો રહેતા અને તેમના હાથમાં ચોકીયાત અને લશ્કર બન્નેના અધિપતિનાં કર્તવ્યો હતાં. આ રીતે પોતપો-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

તાના પ્રાન્તોમાં સલાહશાન્તિ જાળવવાનું—લશ્કરી થાણુ ઉપર દેખરેખ રાખવાનું, ત્યાં રહેલી પગારદાર લશ્કરી ટુકડીઓની સરદારીનું કામ કરવાનું, અને સામાન્ય રીતે બંડબખેડા દાબી દેવાનું કામ એ અધિકારીનું હતું.

અકબરના અધિકારીઓની ન્યાયની પદ્ધતિ એના પહેલાના અફ્ઘાન રાજાઓના વખતમાં જે હતી તેજ હતી. પ્રબંધ માત્રનું ધોરણ કુરાન ઉપર હતું. પણ દાખલાઓથી અક્ષરાર્થમાં ફેર થઈ શકતો. વળી જ્યાં કાયદો સખ્તાઈ કરે એવું જણાતું, ત્યાં બાદશાહ અથવા તેના સલાહકારોએ રચેલી સૂચનાઓથી તેમાં પણ ફેરફાર થતા. આ સૂચનાઓનું મુખ્ય ધોરણ ન્યાય ને દયાથી કાયદાને નરમ કરવાનું હતું. મોટા અધિકારીઓને દેહાન્ત દંડ ફરમાવવામાં બહુ કરકસર કરવાની આજ્ઞાઓ આપી હતી. દૂર રહેલા ગુજરાતના સુબાને મોકલાવેલી એક આજ્ઞાપત્રિકામાં એ અધિકારીને ભયંકર રાજદ્રોહ સિવાય બીજા કોઇ પણ ગુનાહમાં બાદશાહની મંજુરી વિના દેહાન્ત દંડની શિક્ષા કરવાનો પ્રતિબંધ કર્યો હતો.

વિંધ્યના દક્ષિણના દખ્ખણ એ નામથી ઓળખાતા મુલકની પ્રથમ ત્રણ સુબાગિરીઓ કરવામાં આવી હતી. પાછળથી જ્યારે બીજા પ્રાન્તો અને જીલ્લાઓ જીતાયા ત્યારે ત્રણની છ સુબાગિરીઓ થઇ. અકબરના દેહાન્ત પછી આ બધી સુબાગિરીઓ સુબાદાર નામના એક મોટા અધિકારીના તાબામાં સોંપવામાં આવી,—જેમાંથી નિઝામનું રાજ્ય ઊભું થયું. એની સાથે પણ એના તાબામાં એક કારભાર કરનાર મહેસુલાતી અધિકારી—દિવાનની પદવીથી નીમેલો હતો.

અકબર બહુ દબદબાવાળો બાદશાહ હતો. પોતાની રીતભાતમાં તો જો કે એ સાદો હતો તોપણ તેને એવી સમજણ પડી હતી કે પૂર્વ તરફના લોકો ઉપર રાજ્ય ચલાવવામાં દબદબો એ એક મુખ્યતત્વ છે. જેનું માથું હાલતાં હુકમ સમજાઇ અમલ થાય અને જેને લોકો દુનિયાં ઉપર ઇશ્વિરના અવતારરૂપ સમજે એવા બાદશાહનો દમામ, વૈભવ અને ભવ્યતા લોકોને સમજાવવાને માટે, તે બધું તેમને દૃષ્ટિગોચર કરવાની જરૂર હતી. આ એક ભાવના છે એમ નથી. હિંદના વતનીઓ જે ભાષા વાપરે છે તે ઉપરથી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



આજ પણ તેમના મનમાં આ વિચાર કેવી રીતે ઘૂમે છે તે જણાઇ આવે છે. એમની દૃષ્ટિમાં સર્વોપરિ સત્તાવાળો પુરૂષ ઇશ્વિરના આસન ઉપર બેસે છે. એની મરજી અનુસાર એમનાં સુખ દુઃખ ઘડાય છે. ઉત્સવના દિવસોમાં એ લોકો એમ ધારે છે કે આ સર્વસત્તાવાન રાજા પોતાની બાદશાહીનો દમામ બતાવશે અને ભવ્યતા પ્રદર્શિત કરનાર ભભકો પોતાની આસપાસ ઉપજાવશે. અકબર આ બધું બરાબર સમજતો અને તે પ્રમાણે વર્તતો.

મહોત્સવના દિવસોમાં એ કેવો ચિત્તગ્રાહક ભભકો રાખતો તે જાણવાને અબ્બન સિવાય બીજાં પણ સાધનો છે. દેશી ઇતિહાસકારો એના પાંચ હજાર હાથીઓની, બાર હજાર અસ્વારીના ઘોડાની, દરબાર ભરવાનાં દીવાનખાનાં, ભોજનશાળા, કસરતશાળાઓ તથા શયનગૃહોની ગોઠવણોની, ઉમદા કાપડના અને જાત જાતના ઉંચા રંગદાર તંબુઓવાળા મુસાફરીના સરંજામની, વાતો લખે છે. તેઓ વર્ણન કરતાં લખે છે કે બાદશાહ પંડે મોટી ધામધુમના દિવસોમાં ચારે તરફથી ખુલ્લા એક ઉમદા તંબુમાં અત્યંત મૃદુ મખમલની બે એકર જમીન ઉપર બીછાવેલી બીછાતના મધ્ય ભાગમાં પોતાના અમીરોની સલામો લેતા બેસતા. પછી લોકોના દેખતાં ગરીબ લોકોમાં વ્હેંચવાને સારૂ કેટલીક વસ્તુઓની સાથે બાદશાહની તુલા થતી. બાદશાહની ઉમરના વરસ જેટલાં ઘેટાં બકરાં અને કેટલાંક પક્ષીઓ તેના ઉછેરનારને અપાતાં. સંખ્યાબંધ નાનાં પ્રાણીઓને પણ છૂટાં કરવામાં આવતાં. અને બાદશાહ પંડે પોતાના હાથે બદામ અને નાનાં ફળો પોતાના માનકારીઓમાં વ્હેંચતો.

ધામધુમવાળે મોટે દિવસે અકબર રત્નોથી ઝગઝગતો પોતાના તખ્ત ઉપર વિરાજતો અને તેની આસપાસ ભભકાદાર પોષાકવાળા એના મુખ્ય અમીરો બેસતા. પછી તેની નજર આગળ થઇને માથે અને છાતી ઉપર માણેક અને બીજાં કિંમતી રત્નોવાળાં આભૂષણોથી અલંકૃત હાથીઓ—ભભકાદાર સરંજામવાળા ઘોડાઓ, ગેંડા, સિંહ, વાઘ, દીપડા, શીકારી ચિત્તા, શીકારી કુતરા, અને બાજ એક પછી એક પસાર થતા; અને અંતે દમામી પોષાકવાળા પોતાના ઘોડેસ્વારો નજર નીચે થઇ ચાલ્યા જતા. આ માત્ર કલ્પનાચિત્ર છે એમ સમજવાનું નથી. હૉકીન્સ, રો, ટેરી, વગેરેએ અક-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



બરના શાહજાદાના વખતમાં આ બધું જોયેલું છે અને એ નામીચા મુસાફ-રોએ આ દેખાવની ભવ્યતા ઉમદા રંગોમાં ચિત્રેલી છે.

મોટી ધામધુમના દિવસેજ આવા દેખાવો જોવામાં આવતા; પણ સાધારણ રીતે તો અકબર સાદો સરળ અને સહૃદય જણાતો હતો. તે હમેશાં સત્યને માટે યત્ન કરતો અને તે બધાના પુરાવા તરીકે એણે સિદ્ધ કરેલાં કાર્યો મોજુદ છે. આ કાર્ય, તે, ચાર સૈકાથી વધારે કાળ સુધી મુસલમાન વિજેતાઓએ છિન્નભિન્ન કરી નાંખેલા અને અંતે અસ્થિર અને ઐક્ય વિનાના થઇ રહેલા, હિંદના રાજ્યના એકીકરણરૂપ હતું. આ ચાર સૈકામાં અફઘાન બાદશાહો કુરાનના સિદ્ધાન્તોને મતાંધ અને અસ્વાભાવિક અર્થો કરી હિંદુ પ્રજાને લૂંટવાના કામમાં વાપરતા. એના પહેલાંના બાદશાહોમાં સહુથી વધારે જ્ઞાનવાળો સુલતાન ફીરૂઝશાહ જેને એક અંગ્રેજ ગ્રંથકાર દયાવાન અને ઉદાર દીલના બાદશાહ તરીકે વર્ણવે છે તે પણ ઇસ્લામના ધર્મનો સ્વીકાર ન કરનારને હેરાન કરતો એમ કબુલ કરે છે. અંતઃકરણ પ્રમાણે આચરણ કરવાથી ગુજારવામાં આવતો જુલમ અકબરના વખત પહેલાં પૂર્ણ જોસમાં હતો અને તે અકબરે પોતેજ નાબુદ કર્યો હતો.

અકબરનું મહાન સાધ્ય આખા હિંદને એક સર્વોપરિસત્તાના હાથ નીચે લાવવાનું હતું. ધર્મનું ઐક્ય અશક્ય છે એમ એને આરંભમાંજ લાગ્યું હતું, અને તેટલા માટે હિતાહિતનું ઐક્ય સાધ્ય ગણાયું હતું. આવું ઐક્ય સંપાદન કરવા સારૂ પહેલાં જયો મેળવવાની જરૂર હતી. બીજી જરૂર સહુની આંતરવૃત્તિને અને સર્વશક્તિમાન પરમાત્માની સેવા કરવાની સહુ રીતોને સરખું માન આપવાની હતી. આ યોજના અમલમાં મૂકવા તેણે મુસલમાન ધર્મક્રિયાઓનો પણ ફેરફાર સાથેજ સ્વીકાર કર્યો. 'ખુદા એક છે અને મહમ્મદ એનો પેગંબર છે' એ મંત્ર જેને આધારે પહેલાં આટલા બધા જુલમો ગુજરાતા હતા, તેને બદલે અકબરે—'ખુદા એક છે અને અકબર એનો આ લોકનો પ્રતિનિધિ છે.' એ મન્ત્ર અખત્યાર કર્યો.

મૂર્તિપૂજક લોકોને ખુદાની એકતાનો ઉપદેશ કરવા પેગમ્બર સાહેબ અવતર્યા હતા એવી અકબરની દલીલ થઇ. મહમ્મદ પેગંબર આવા લો-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



કોને માટે શુભ સમાચાર લઇ આવનાર હતા પણ એ પેગમ્બરે જે ઉપદેશ કર્યો અને જે કુરાનમાં દાખલ થયો તે ખુદાની એકતા તલવારના બળે ઉપદેશવાની આજ્ઞારૂપ મનાયો.

અકબરનો અભિપ્રાય એવો થયો કે આવી રીતની ગેરસમજથી હિન્દુસ્તાનમાં નિષ્ફળતા થઇ. ચાર સૈકા ઉપરાંત સુધી આ નિષ્ફળતા પ્રત્યક્ષ થઈ હતી. આવા ધોરણ ઉપર ચલાવેલું રાજ્યતન્ત્ર બેદીલીમાંજ પરિણામ પામે, એ, એકવીસ વર્ષની ઉમરનો થતાંજ એના સમજવામાં આવી ગયું હતું. એનો હેતુ, સમાધાન કરવાનો, એકતા સંપાદન કરવાનો, પોતાની સમગ્ર પ્રજામાં સ્વાર્થનું હિત સાધી શકે એવું ધોરણ દાખલ કરવાનો હતો. આ ધોરણનું બીજ મુસલમાન ધર્મના ઉપર કહ્યા તે ફેરફારમાં રહેલું છે એમ તેને સમજાયું હતું. મહમદનાં લખાણોના ખોટા અર્થ અને ખોટા ઉપયોગ કર્યાથી કુસંપજ ઉત્પન્ન થાય, તેથી પોતાના યુગને માટે અને પોતાના રાજ્યને માટે પોતેજ પેગમ્બર થવું એવો એણે નિશ્ચય કર્યો. એક સર્વશક્તિમાન પરમાત્માની ઉદાર અને દયાળુ આજ્ઞાઓના વાંચનાર પોતેજ થવું એવી એની ઇચ્છા થઇ.

જ્યાં સુધી એ ધર્મનો આચાર્ય હોય ત્યાં સુધી મુખ્ય ધર્મ તલવારનો ધર્મ નજ હોવો જોઇએ; ઉલટું આખા હિન્દુસ્તાનમાં એ ધર્મની અસર એકતા કરવાની, થવી જોઇજે; પૂર્વના જુલમોનાં સ્મરણો વીસારે નંખાવવાની થવી જોઈએ; અને આંતર વૃત્તિનું સ્વાતન્ત્ર્ય બક્ષીને સંપૂર્ણ સહિષ્ણુતાનો અમલ કરનારી થવી જોઇએ. ચાલતા ધર્મમાં આવો ફેરફાર થયો છે એ વાત સર્વત્ર સ્વીકારાય એટલે પછી હિન્દુસ્તાનના રાજા રજવાડાઓ અને લોકોને રક્ષણ ધર્મનો અંગીકાર કરનાર અને ધર્માન્તર માટે જુલમ ન કરવાનું વ્રત ધારણ કરનાર સમ્રાટની આણ માનવાની આજ્ઞા કરવી એવો અકબરનો ઇરાદો હતો. આ પ્રમાણે જે નવું જીવન અકબર તૈયાર કરતો હતો તેમાં સામીલ થવાને માટે, પોતાના સ્વાર્થને માટે નહિ પણ ચાર સૈકાથી ચાલ્યા આવતા પરદેશીઓના હુમલાઓ, અંદર અંદરના યુદ્ધો, અને બન્નેને પરિણામે થતાં અસંખ્ય જુલમોથી, પ્રજાને બચાવવા સારૂ, આવી આજ્ઞા કરવાનો અકબરનો ઇરાદો હતો.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: અકબર

4/25/2021



અકબરની આજ્ઞા આવચારી કે દુરાગ્રહી લોકોને સંભળાવવામાં આવી ન હતી. ચિતોડ અત્યારે જે ઉદેપુર એ નામથી ઓળખાય છે, તે સિવાયના બધા રજપૂતો અને હિન્દુસ્તાનના સર્વથી વધારે લાગવગવાળા લોકો અકબરની યોજનામાં સામીલ થયા. આમાંના સર્વથી વધારે બળવાન–જયપૂર અને જોધપૂરના મહારાજાઓ, હિન્દુઓ હોવા છતાં અકબરના વિશ્વાસુ સરદારો હતા અને તેને પોતાના તેજસ્વી સીપાઇઓ સાથે મદદગાર થયા હતા. પોતાનાજ દરબારના કેટલાક દુરાગ્રહી લોકો અને બંગાળા, ઓરિસા અને પશ્ચિમ હિન્દુસ્તાનના અપ્રધાન રાજાઓના વંશજો એની સામે થયા હતા. પોતાની હિતકારક યોજનાની સિદ્ધિ માટે આમને બધાને પોતાના વાડામાં લાવવાની જરૂર હતી. પોતે જે સત્તા ભોગવતા તે પોતે એમને સ્વાધીન કરી છે એવું અંગીકાર કરાવવાનો એણે પહેલો યત્ન કર્યો. આ વાત એમણે પહેલી અંગીકાર કરી પણ તે અભિદ્રોહ કરવાનો લાગ જોવાને માટેજ. આ સ્થિતિમાં એમનો પરાભવ કરવા સિવાય બીજો માર્ગ ન હતો. અને તેથી તેણે પરાભવ કર્યો. સમાનભાવ, સારા અને સરખા કાયદા, અને સર્વને ઈન્સાફ, એ એનાં ફળ થયાં.

આમ, મુસલમાનોમાં એ એકજ રાજા હતો કે જેણે જીતેલા પ્રદેશોને એકત્ર કર્યા અને જેટલા જીત્યા તેટલાનું એક સંયુક્ત સામ્રાજ્ય રચ્યું. દક્ષિણ હિન્દુસ્તાન હજી અજીત રહ્યું હતું. ભવિષ્યની પ્રજાના સન્માનને માટે આ અકબરનાં પ્રમાણપત્રો છે. આપણે એનું કાર્ય જોયું. એના ઇરાદાઓની ઊંડી તપાસ કરી, અને તેના હેતુઓની વિશુદ્ધતાનો સ્વીકાર કરીએ છીએ. એના દરબારના દુરાગ્રહી પુરૂષો કહેતા તેમ પરમેશ્વરને ઠેકાણે પૂજાવાની અને તેની માફક મનાવાની એની ઇચ્છા ન હતી. ના, પેગમ્બરે જે ધર્મ પ્રચાર્યો હતો તેનો માત્ર શાસ્ત્રાર્થ કરનાર તરીકેજ મનાવાની–એક સંદેશાના ઊંચા સત્યો, તેની કલ્યાણકારિતાનો, તેની સમાનતાનો, તેની નિષ્પક્ષપાત ઇન્સાફની આજ્ઞાનો, બોધ આપનાર તરીકેજ મનાવાની તેની ઇચ્છા હતી. એના કાયદા સામ્રાજ્યની રચના કરનારા એક રાજ્યકર્તા માટે ભવ્યમાં ભવ્ય હતા.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

'સર્વ ધર્મમાં સારૂં છે, જે સારૂં હોય તે સ્વીકારીએ, બાકીનું છાંડી દઇએ'–આવો એનો સિદ્ધાન્ત હતો. હિન્દુ ધર્મની કોમળતા અને પરોપકાર વૃત્તિમાં, એ ધર્મમાં ઉપદેશેલી કુટુંબ માટે રાખવાની કાળજીમાં, અને બીજાઓને પરાણે પોતાના ધર્મમાં લઇ આવવાની એ ધર્મની પદ્ધતિના અભાવમાં–એને આવો સિદ્ધાન્ત સમજાયો હતો. આજ સિદ્ધાન્ત એને ઝોરોએસ્ટરના સાદા ધર્મમાં પણ સમજાયો હતો. એજ સિદ્ધાન્ત એને ક્રિશ્ચિયાનિટિમાં સમજાયો હતો. સર્વમાં સારનોસદ્‌ભાવ હતો. તેમજ, તે માનતો કે સર્વ મનુષ્યોમાં પણ સદંશ હોય છે. આથીજ તેનામાં ભવ્ય ક્ષમાબુદ્ધિ જામી હતી; જ્યાં સુધી સુધરવાની આશા હોય ત્યાં સુધી શિક્ષા કરવાની અનિચ્છા પણ એમાંથી જન્મી હતી; માફી બક્ષવા ઉપર તેનો પ્રેમ પણ આમાંથીજ ઉદ્‌ભવ્યો હતો. 'બીજી વાર પાપ કરીશ નહિ' એ સૂત્ર એના આચરણનું તત્વભૂત સૂત્ર હતું.

મુગલવંશનો સ્થાપનાર અકબર આવો હતો. એ વંશનું સ્થાપન કરવાને જે ધોરણોએ એને શક્તિવાન કર્યો તે ધોરણો આવાં હતાં. એ ધોરણો એવાં હતાં કે જો તેને વળગી રહેવામાં આવ્યું હત તો એ વંશ કાયમ રહ્યો હોત. એ એજ ધોરણો હતાં કે જેનો અંગીકાર કર્યાથી તેના પાશ્ચિમાત્ય ઉત્તરાધિકારીઓ અત્યારે પોતાનું સામ્રાજ્ય જમાવી શકયા છે, સાચવી રહ્યા છે.

આ લેખમાં અકબર જાણે આજના યુગનો રાજા હોય તેવી રીતે તેનાં પરાક્રમોની પરીક્ષા કરી છે. બે ત્રણ સૈકાનું છેટું છે છતાં આવી સરખામણી અકબર સહન કરી શકે તેમ છે. તે વખતના યુરોપના રાજાઓ પોતપોતાના દેશોમાં બહુ નામાંકિત હતા તોપણ તેમની સાથે મુકાબલો કરવામાં અકબરને હાનિ થવાની નથી. જ્યારે એ હિન્દુસ્તાનમાં શાન્તિની સ્થાપના કરતો હતો ત્યારે મહારાણી એલિઝાબેથ ઇંગ્લંડમાં રાજ્ય કરતી હતી, અને મહારાજા હેન્રિ પાંચમો ફ્રાન્સમાં રાજ્ય કરતો હતો. અકબરની કીર્તિ તેની પાછળ રહેલાં તેનાં સત્કાર્યો ઉપર બંધાયલી છે. કોઇ એમ કહી શકે એમ નથી કે અકબરનો ઉત્તરાધિકારી જહાંગીર જો હુમાયૂં પછી આવ્યો હત તો પોતાને વારસામાં મળેલા કે પોતે જીતેલા પૃથક્ પ્રાન્તોને તે શાન્ત અને એકતંત્ર કરી શકયો હત. એની ઉગ્ર અને ધર્માન્ધ પ્રકૃતિથી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



એ કાર્ય એને માટે અશક્ય હતું. પણ અકબરે નાંખેલા પાયા એટલા તો ઊંડા હતા કે એનાથી આટલી બધી જૂદી પ્રકૃતિવાળો એનો શાહજાદો એના ધોરણે એકતન્ત્ર કરેલા સામ્રાજ્યને જાળવી શકયો.

અકબરે જે સિદ્ધ કર્યું તેનો વિચાર કરીએ, એણે કયા યુગમાં એ સિદ્ધ કર્યું હતુ તે જ્યારે જોઈએ, એ સિદ્ધ કરવા સારૂ એણે જે રીત દાખલ કરી હતી તે ઉપર નજર નાંખીએ, ત્યારે, એક જનસમૂહના દુઃખના દિવસોમાં લાખો લોકના કલ્યાણને નિર્બાધ કરવાની શક્તિ ધરાવનારા, શાન્તિ અને ક્ષમતાના માર્ગમાં તે સમૂહને પુનઃ સ્થાપિત કરવાને માટે, પરમાત્મા વખતો વખત મોકલે છે તેવા એક પ્રતાપી પુરૂષ તરીકે, તેને માનવાની આપણને ફરજ પડે છે.

પુસ્તકાલય.
અમદાવાદ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust